# મહાવીર ચરિત્ર



# મહાવીર ચરિત્ર

: લેખક :

પ્રોફેસર ચિમનભાઈ ભાઈલાલભાઈ શેઠ,

એમ. એ. બી. ટી., એલ. એલ. બી.

નિવૃત્ત પ્રાધ્યાપક અને ઇતિહાસ વિભાગના અધ્યક્ષ,

એલ. ડી. આર્ટસ કોલેજ. અમદાવાદ

" જૈનીઝમ ઇન ગુજરાત"

અને

'તેવીસ તીર્થંકર'ના કર્તા.

## સહયોગ

આ પુસ્તક પ્રોફેસર ચિમનભાઈ ભાઈલાલભાઈ શેઠ અને શ્રી. કીર્તીકરભાઈ ચુનીલાલભાઈ શાહના સહયોગથી પ્રસિદ્ધ થાય છે. લેખક પ્રોફેસર ચિમનભાઇ શેઠે પોતાના પુસ્તક માટે કાંઈપણ વેતન લીધું નથી એટલું જ નહિ પણ પ્રકાશન અંગેનું બધું જ કામ વિના વેતન કર્યું છે શ્રી કીર્તિકરભાઈ ચુનીલાલ શાહે પ્રકાશન અંગેની આર્થિક જવાબદારી સંભાળી છે.

## લેખકના "જૈનીઝમ ઈન ગુજરાત" વિષે કેટલાક અભિપ્રાયો

## મુંબઈ સમાચાર, મુંબઈનો અભિપ્રાય.

# ગુજરાતમાં જૈન ધર્મ

(અંગ્રેજીમાં)

લેખક: પ્રોફેસર ચીમનલાલ ભાઈલાલ શેઠ, એમ. એ., એલ. એલ. બી., બી. ટી.

પૃષ્ઠ સંખ્યા–૨૮૨
કિંમત–પાચ રૂપિયા

પ્રકાશક: શ્રી વિજય દેવસૂર સંઘ, ગોડીજી જૈન મંદિર, પાયધુની, મુંબઈ–૩.

ગુજરાતના ઈતિહાસ વિષે આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલા પણ મૌલિક પુસ્તકો નથી. ત્યારે તેમાં પ્રો. ચીમનલાલ શેઠનું અંગ્રેજી ભાષામાં લખાયેલું ઉપરોક્ત પુસ્તક આવકાર દાયક ઉમેરો કરે છે. આ પુસ્તકના પ્રકાશનથી ગુજરાતના ઈ.સ. ૧૧૦૦થી ૧૬૦૦ સુધીના ઈતિહાસ પરતું સાહિત્ય ખરેખર સમૃદ્ધ બન્યું છે. "ઈતિહાસ એટલે રાજાઓના જીવનની જ કથા નહિ, પણ માનવ જીવનની કથા" એ દૃષ્ટિ બિન્દુ આ પુસ્તકમાં સ્વીકારવામાં આવ્યું છે અને જૈનોએ ગુજરાતના સામાજીક તથા સાંસ્કૃતિક જીવનમાં આપેલા યશસ્વી ફાળાની અહીં સવિસ્તર નોંધ લેવામાં આવી છે. પ્રોફેસર ચીમનલાલે સંસ્કૃત, પ્રાકૃત, જુની ગુજરાતી, ફારસી વગેરેમાં ઉપલબ્ધ એવા સાહિત્યનો અભ્યાસ કરીને આ પુસ્તક લખ્યું છે. અને દરેક વિગત માટે દસ્તાવેજી પુરાવાઓ આપ્યા છે.

ગુજરાતના રાજાઓની ધર્મ સહિષ્ણુતા આપણું ખાસ ધ્યાન ખેંચે છે. કુમારપાળ રાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો હતો. છતાં તે રાજા તરીકેનો પોતાનો ધર્મ ભૂલ્યો ન હતો અને જયારે ભાવ બૃહસ્પતિએ કુમારપાળને વિનંતી કરી કે સોમનાથનું મંદિર સમરાવવાની જરૂર છે ત્યારે કુમારપાળે તે નવું બાંધી આપ્યું હતું. આમાં જૈનાચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યની ઉદારતા પણ તરી આવે છે. તેઓશ્રીએ પણ કહ્યું કે સોમનાથનું મંદિર સમરાવીને તેણે પોતાનો રાજધર્મ બજાવવો જોઈએ.

ગુજરાતના રાજાઓએ ધર્મને નામે કોઈના પર જુલમ ગુજાર્યો નથી. (અજયપાળ એક અપવાદ હતો.) સિદ્ધરાજ જયસિંહના પૂર્વજો શૈવધર્મ

પાળતા હતા. છતાં તેણે સિદ્ધપુરમાં મહાવીર સ્વામીનું અને અણહિલવાડમાં પાર્શ્વનાથ ભગવાનના દહેરાસરો બંધાવ્યા હતા. રાજાઓના પગલે પગલે તેમના મંત્રીઓ પણ ચાલતા હતા. વસ્તુપાળ અને તેજપાળ બન્ને ચુસ્ત જૈન હતા છતાં તેમણે અન્ય ધર્મીઓને ઉપયોગી થાય એવાં ઘણા કાર્યો કર્યાં હતાં. જૈન મંત્રીઓની જેમ જૈનાચાર્યોએ પણ પોતાની લાગવગનો ઉપયોગ એકલા જૈનો માટે નહિ પણ સમાજના બધા વર્ગો માટે કર્યો છે.

ગુજરાતમાં મુસલમાનોના આગમન પછી બ્રાહ્મણોએ સરસ્વતી પૂજન બંધ કર્યું હતું. પણ જૈનાચાર્યોએ વિષમ કાળમાં પણ સરસ્વતીને અપૂજ રહેવા દીધી ન હતી આજે પણ સંસ્કૃત, પ્રાકૃત કે જૂની ગુજરાતીમાં જૈન મુનિઓએ લખેલાં સેંકડો પુસ્તકો ઉપલબ્ધ છે. પ્રોફેસર ચીમનલાલે આ પુસ્તકમાં કાળક્રમ પ્રમાણે તેમનો ઉલ્લેખ કર્યો છે.

આ પુસ્તક ગુજરાતના ઈતિહાસના અભ્યાસીઓને જ નહિ પરન્તુ મધ્યકાલીન હિન્દના અભ્યાસીઓને પણ અતિ ઉપયોગી થઈ પડશે. અંગ્રેજી ન જાણનારાઓને પણ ઉપયોગી થઈ પડે માટે તેનું ગુજરાતી ભાષામાં ભાષાંતર થવું જોઈએ. ગુજરાતના ઈતિહાસ પર આવું અભ્યાસ પ્રચુર પુસ્તક લખવા માટે અમે લેખકને તેમજ તેને બહાર પાડવા માટે શ્રી વિજય દેવસૂર સંઘ જ્ઞાન સમિતિને અભિનંદન આપીએ છીએ.

મુંબઈ સમાચાર, મુંબઈ

## ગૌહતિ યુનિવર્સિટી જર્નલ, ગૌહતિ (આસામ) નો અભિપ્રાય

Jainism in Gujarat (1100 to 1660 A. D) by Chimanlal Bhailal Sheth, M. A., L L B., B. T. Ahmedabad. Published by shri Bigay devsur Sangh, Pydhoni, Bombay-3. 1953 p. p. 282 Rs. 5

In the eight chapters of **Jaiuism in Gujarat**. prof Chimanlal Bhailal Sherh traces the growth of Jainism in Gujarat for five centuries from 1100 A. D. to 3600 A. D. The author has derived his materials from authoritativae primary and secoudary Sources and he has ably established his thesis that Jainism was in a flourishing Condition in Gujarat during the period under review, receiving the patronagc of the rules of Gujarat, their ministers, and the leading citizens of the state, merchant princes, ladies of the airstocracy and the generous public.

The book throws interesting light on the political and cultural history of Gujarat during the ascendancy of Jainism. Jainism was so deeply rooted in the heart of the people that even political disruptions could not disturb the full vigour of the religion. It not only survived the onslaught of Alauddin khilji, emper or of Delhi but it also spread in and around Delhi and the Jain monks and scholars werc honoured by Akbar The great, Moghul Emperor.

The Jain monks were eminent Scholars and they wrote valuable treatises of various types, such as

commentary biography prabandha, poem, kavya, grammar, logic.

This book of Mr. sheth will be useful not only to the students of Jainism but be indirectly helpful to the students of Teachers' Training Colleges in our Country, inasmueh as it adds to our knowledge of the Educatonal activities of the time

**D. C. Dasgupta**
GAUHATI UNIVERSITY
Journal

## પ્રોફેસર કેશવલાલ હિંમતરામ કામદાર, વડોદરાનો અભિપ્રાય

Iread wiih great interest the comprehensive and well-documented narrative of the Jain Contribution to the history and culture of Gujarat and Saurastra written by Mr. Chimanlal B. Sheth in English. The writer has consulted all a vailable literature which is extant in Sanskrit Prakrit anj Gujarati on the subject and he has tried, his utmost to connect it with the relevant persian literature of thc period.

The Treatment is lucid and balanced

**K. H. Kamdar,**
Professor of History and Politics,
Baroda College,

# પ્રસ્તાવના

આ પુસ્તકમાં ચોવીસમા જૈન તીર્થંકર મહાવીર સ્વામીનું જીવનચરિત્ર સંક્ષિપ્તમાં આપવામાં આવ્યું છે. આ લોક કે પરલોકમાં સુખી થવા ઇચ્છનાર માટે ભગવાન મહાવીરનું સમસ્ત જીવન પ્રેરણાદાયી છે.

માતાપિતાનો ભગવાન પર અનહદ સ્નેહ હતો. મહાવીરે પણ માતા-પિતાને સુખ ઉપજે એવાંજ કાર્યો કર્યાં છે. આજે જ્યારે યુવાનોનો એક વર્ગ માતાપિતા પ્રત્યેની પોતાની ફરજ ચૂકે છે અને તેમને ત્રાસ આપે છે ત્યારે મહાવીર કંઈક જુદાજ તરી આવે છે. પોતાના જીવન દ્વારા મહાવીર કહી જાય છે કે સુખી થવા ઇચ્છનારે માતાપિતાની આંતરડી ઠારવી જોઈએ પણ બાળવી ન જોઈએ.

માતાપિતા ઉપરાંત વડીલોનો પણ તે વિનય કરતા. ત્રણ જ્ઞાનના ધણી હતા છતાં જ્યારે તેમને પાઠશાળામાં લઈ જવામાં આવ્યા ત્યારે તેમણે ગુરુનો અનાદર કર્યો નથી.

મહાવીર જન્મથીજ નીડર હતા. બીજા બાળકો જ્યારે સર્પથી ડરીને નાસી ગયા ત્યારે મહાવીરે સર્પને પકડી બાજુએ મૂકી દીધો. એક દેવબાલે જ્યારે તેમને બિવરાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેને મહાવીરે સીધો કરી નાખ્યો. બાળકો બાલમહાવીર જેવા નીડર અને વિવેકી બને એ ઇચ્છવા જોગ છે.

મહાવીરે જીવન પર્યન્ત પારકાના હિતનોજ વિચાર કર્યો છે. સુખી થવાની ગુરૂ ચાવી બતાવતા હોય એમ તેમણે પારકાના હિતનોજ અને બીજાના દૃષ્ટિ બિન્દુથીજ જોવાનો પ્રયત્ન કર્યો છે. મોરાક સન્નિવેશમાં જ્યારે તેમણે તાપસોના આશ્રમમાં ચોમાસુ કર્યું, ત્યારે તાપસો ઝૂંપડીનું ઘાસ ખાવા આવતી ગાયોને લાકડીઓ મારી હાંકી કાઢતા. વીરપ્રભુએ તો ગાયોને પોતાની ઝૂંપડીનું ઘાસ ખાવા દીધું. કુલપતિને જ્યારે આ પસંદ ન પડયું ત્યારે, અપ્રીતિ થાય ત્યાં અને તેવા સ્થાને ન રહેવાનો અભિગ્રહ લઈ ચાતુર્માસની અધવચમાં વિહાર કર્યો. શૂલપાણિ યક્ષના સ્થાનમાં રહેનારાને યક્ષ મારી નાખતો હતો એ જાણવા છતાં તેને પ્રતિબોધ કરવા માટે વીરે ત્યાં રાતવાસો કર્યો અને યક્ષને પ્રતિબોધ્યો. અચ્છંદક નિમિત્તિયાની રોજી રોટી ન જાય

માટે પ્રભુએ તેની વિનંતી ધ્યાનમાં લઈ મોરાક ગામથી વિહાર કર્યો. ચંડકૌશિક લોકોને મારી નાખતો હતો છતાં વીર તેને પ્રતિબોધવા ગયા અને તેનો ઉદ્ધાર કર્યો. તેજોલેશ્યાની વિધિ જાણ્યા પછી ગોશાળો તેમને ઉપસર્ગ કરશે એમ જાણવા છતાં ગોશાળાને તેજોલેશ્યાની વિધિ બતાવી. છ છ માસ સુધી ઘોર ઉપસર્ગ કરનાર સંગમ પર ક્રોધ ન કર્યો એટલુંજ નહિ પણ તેની દયા ચિંતવી.

ભગવાન મહાવીર જગતના મહાન કેળવણીકાર પણ હતા. માતૃભાષા શિક્ષણનું માધ્યમ હોવું જોઈએ એ મત આજે સામાન્ય રીતે સ્વીકારાયેલો છે. પણ આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં જનતા જનાર્દન ન સમજે એવી ભાષામાં (સંસ્કૃતમાં) મોટા મોટા લોકો વાતો કરતા અને લોકભાષામાં વાતો કરનાર ગામડીયો ગણાતો ત્યારે મહાવીરે જનહિતાર્થે પોતાનો ઉપદેશ લોકભાષામાં આપ્યો. ગૌતમ બુદ્ધને વીરની વાત સાચી લાગી અને તેમણે પણ વીરનું અનુકરણ કરી લોકભાષાનો ઉપયોગ કર્યો.

ભગવાન મહાવીરના સમયમાં સમાજ ઊંચ અને નીચ જાતિમાં વહેંચાયલો હતો. ઊંચ જાતિવાળા નીચ જાતિવાળાની ઘૃણા કરતા. વીરને આ પસંદ ન હતું તેથી તેમણે બધીજ જાતિના લોકોને પોતાના સંઘમાં સ્થાન આપ્યું.

ભગવાન મહાવીરે અહિંસા, અવેર, પ્રેમ, સંયમ, તપ, ત્યાગ વગેરેનો સંદેશો જગતને આપ્યો છે. 'એમનું દર્શન કેવળ વ્યક્તિ માટે છે એમ નહિ પણ સમાજ માટે પણ છે. એમનો ધર્મ કેવળ પરલોક માટેજ નહીં પણ આ લોક માટે પણ છે. એમની અહિંસા કાયરની અહિંસા નથી. અહિંસા સાથે અભય અને પરાક્રમ સમન્વિત છે. **એમની વાણીમાં વિશ્વશાન્તિના પથ પ્રદર્શનની ક્ષમતા છે'**

આ પુસ્તકમાં જૈન શાસ્ત્રોને આધારે ભગવાન મહાવીરનું ચરિત્ર આપવામાં આવ્યું છે. છતાં અનુપયોગથી ભૂલ રહી ગઈ હોય તો તે સુધારવા આચાર્ય ભગવાનો અને જૈન ગીતાર્થોને વિનંતી કરૂં છું.

ભગવાન મહાવીરના જીવન ચરિત્રમાંથી પ્રેરણા મેળવી સૌ સુખી થાઓ, પારકાનું હિત કરવાની ભાવનાવાળા બનો અને રાગદ્વેષથી મુક્ત બની મુક્તિ સુખ મેળવો એજ અભિલાષા.

**ચિમનભાઈ શેઠ**

# અર્પણ

**સ્વ. મનસુખરામ ઉત્તમરામના સુપુત્ર સ્વ. નરેશચંદ્ર મનસુખરામને તેમજ સ્વ. પદ્માબેન નરેશચંદ્રને આ ગ્રંથ અર્પણ કરૂં છું.**

આપ ઉભયનો આનંદી સ્વભાવ, સ્વજનો પ્રત્યેનો આદર, અને કુટુંબ માટેની ઘેરી ભલી લાગણીઓ સાથે સમભાવ દષ્ટિ, આ આપના સ્વભાવજન્ય ગુણો સાથે આપમાં જે ધર્મભાવનાનું બીજ જન્મથી જ વવાયું હતું એને આપે ભૂતકાળમાં શ્રદ્ધાપૂર્વક પોષીને વિકસાવી રહ્યાનું અમો નિહાળતા હતા. આ બધી ધાર્મિક પ્રવૃત્તિ અને ધર્માનુરાગવૃત્તિથી આપ જીવનને ધન્ય બનાવી શકયા.

૨. આપે આપબળે પૂણ્યલક્ષ્મી ઉપાર્જન કરી તેનો ધર્મકાર્યમાં તેમજ સામાજીક તથા પરોપકારાર્થે સદુપયોગ કર્યો.

પુજ્ય આચાર્ય દેવ શ્રી સિદ્ધિસૂરીશ્વરજીના સતત સંપર્કમાં આવવાથી તથા આપના ધર્મનિષ્ઠ માતુશ્રીએ આપેલા સુસંસ્કારોથી આપે શુભક્ષેત્રે લક્ષ્મીના દાન કર્યા.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તથા વિદ્યાશાળાના ઉપાશ્રયના વહીવટમાં તેમજ માતર વિ. અનેક જૈન તીર્થોના વહીવટમાં કાર્યક્ષમ ફાળો આપ્યો.

આ બધાં સત્કાર્યોમાં તેમજ આપના દામ્પત્ય જીવનમાં આપ ઉભયનો સંપૂર્ણ સહકાર અને પ્રશંસનીય ફાળો હતો. આપના જીવનમાંથી પ્રેરણા લઈને આપના જેવાંજ અને તેથી પણ વધારે સત્કાર્યો આપના વારસો કરે તેવી મારી શુભેચ્છાઓ.

આપના જીવનકાળમાં આપે કરેલ સત્કાર્યોનું સ્મરણ કરીને તેમાંથી બીજાઓને પ્રેરણા મળે તે હેતુથી આ પુસ્તક આપને સમર્પણ કરૂ છું.

આ પુસ્તક લખવામા મુખ્યત્વે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિએ લખેલા મહાવીર ચરિત્રનો આધાર લેવામાં આવ્યો છે. આ ઉપરાંત જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગરે પ્રસિદ્ધ કરેલો હેમચન્દ્રાચાર્યના ઉપર્યુક્ત પુસ્તકનો ગુજરાતી અનુવાદ, કલ્પસૂત્ર (ખેમાશાહી), ગોડીજી જ્ઞાનસમિતિએ પ્રસિદ્ધ કરેલું મહાવીર ચરિત્ર, પંડિત ધીરજલાલ ટોકરશીનું જૈન ધર્મનું રહસ્ય, આચાર્ય ભુવન-ભાનુ સૂરિના મહાવીરના પૂર્વભવો, હેમચન્દ્રાચાર્ય જૈન સભા, પાટણ તરફથી પ્રસિદ્ધ થયેલું ન્યાય વિશારદ, ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાય વિજયજીનું જૈન દર્શન, પંચ પ્રતિક્રમણ સૂત્ર, તીર્થંકર ચરિત્ર તથા જુદા જુદા લેખકોએ પ્રસિદ્ધ કરેલાં ચોવીસમા તીર્થંકરના ચરિત્રો વગેરે વગેરે અનેક પુસ્તકોનો આધાર લેવામાં આવ્યા છે. જે જે લેખકો અને પ્રકાશકોના પુસ્તકોનો આ પુસ્તક લખવામાં ઉપયોગ કરવામાં આવ્યો છે બધાનો હું આભાર માનું છું.

લેખક

# અનુમણિકા


**વીર સ્તુતિ**- પા. ૧-૨ -**મહાવીર સ્વામીના પૂર્વભવ** ૩-૧૩

નયસારને સમક્તિ-૩ ત્રીજો ભવ મરીચિ ૩-૬, સોળમોભવ - વિશ્વભૂતિ ૬-૮ અઢારમો ભવ - ત્રિપૃષ્ઠ વાસુદેવ ૯-૧૨ ત્રેવીસમો ભવ - પ્રિયમિત્ર ચક્રવર્તી ૧૨-૧૩ પચ્ચીસમો ભવ - નંદન રાજપુત્ર-૧૩

**પ્રભુ શ્રી મહાવીરનો જન્મ બાલ્યાવસ્થા ગૃહસ્થાવાસ અને દીક્ષા** ૧૩-૨૨

ચ્યવન કલ્યાણક પા. ૧૪ વર્ધમાન નામ પાડવાનો માતા પિતાનો વિચાર ૧૫ મહાવીરની માતૃભક્તિ-૧૫ ત્રિશલા માતાને થયેલો શોક-૧૫ માતાપિતાના જીવતાં દીક્ષા ન લેવાનો પ્રભુનો સંકલ્પ-૧૬ મહાવીરનો જન્માભિષેક અને જન્મ મહોત્સવ ૧૬-૧૭ આમલકી ક્રીડા-૧૮ વાર્ષિક દાન-૨૦ દીક્ષાનો વરઘોડો ૨૧-૨૨ દીક્ષા-૨૨

**દીક્ષા લીધા પછી પ્રભુનો પહેલા છ વર્ષનો વિહાર**

ઈન્દ્રે અટકાવેલ ગોવાળનો ઉપસર્ગ-૨૫ સહાયક તરીકે રહેવા ઈચ્છતા ઇન્દ્રને પ્રભુએ કરેલો નિષેધ-૨૬, પ્રભુ મોરાક સન્નિવેશમાં-૨૮. શૂલપાણિ યક્ષના પૂર્વભવનું વૃત્તાન્ત શૂલપાણિ યક્ષે પ્રભુને કરેલા ઉપસર્ગ-૩૧ પ્રભુએ દીઠેલાં દશ સ્વપ્નો-૩૨ સ્વપ્નનો ફલાદેશ-૩૩

**પ્રભુનું બીજું ચોમાસુ** -મોરાક ગામમાં પ્રભુનું પધારવું અને અચ્છંદક નિમિત્તિયાનું વૃત્તાંત ૩૪-૬ ચંડકૌશિકનો પૂર્વભવ ૩૬-૩૭ વીર પ્રભુએ ચંડકૌશિકને આપેલો પ્રતિબોધ ૩૭-૩૮

નાગસેન શેઠને ત્યાં પ્રભુએ કરેલું પારણું-૩૯ રાજાઓએ કરેલો પ્રભુનો સત્કાર-૩૯ સુદંષ્ટ્ર દેવે પ્રભુનું નાવ બુડાડવા કરેલો નિષ્ફળ પ્રયત્ન-૪૦ કંબલ અને સંબલ દેવોનો પૂર્વ વૃત્તાન્ત-૪૦-૪૨ પુષ્ય નામના સામુદ્રિક શાસ્ત્રીનો વૃત્તાન્ત ૪૨-૩ ગોશાળાનો ઉત્પત્તિ-૪૩-૪ ગોશાળો નિયતિવાદ ગ્રહણ કરે છે ૪૪-૫

## વીરનું ત્રીજું ચોમાસુ

ધૂળમાં મળેલી ગોશાળાની ખીર ખાવાની આશા–૪૫–૬ શાપ આપી ગોશાળાએ બાળેલું બ્રાહ્મણનું ઘર–૪૬

## ચતુર્થ ચાતુર્માસ

મુખદોષથી ગોશાળાને મળેલો મેથીપાક ૪૭–૮ શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય શ્રી મુનિચંદ્રસૂરિનું વૃત્તાન્ત ૪૮–૯ ચોરાકમાં પ્રભુને થયેલ ઉપસર્ગ સોમા અને જયન્તીકાએ નિવાર્યો ૪૯–૫૦ પાખંડીઓના મંદિરમાં પ્રભુ અને ગોશાળો ૫૦–૨ ગોશાળાએ ભક્ષણ કરેલ મૃત બાળકનું માંસ–૫૨–૩ હરિદ્રવૃક્ષ નીચે પ્રભુએ સહન કરેલ અગ્નિનો ઉપસર્ગ–૫૩–૪ દુર્વતનના પરિણામે ગોશાળાએ ખાધેલો માર ૫૪ ચોરાકમાં ગોશાળાએ ખાધેલો માર ૫૪–૫૫ કલંબુકામાં પ્રભુની ધરપકડ અને છૂટકારો–૫૫ લાટદેશમાં પ્રભુએ સહન કરેલા ઉપસર્ગો–૫૫

## વીરનું પાંચમું ચોમાસુ

નંદિષેણસૂરિનું વૃત્તાંત –૫૬ કૂપિકમાં પ્રભુની ધરપકડ અને છૂટકારો –૫૬ ગોશાળો પ્રભુથી છૂટો પડયો પણ પરતાયો ૫૭ વૈશાલીમાં પ્રભુને ઉપસર્ગ ૫૭–૮ કટપૂતનાએ પ્રભુને કરેલ ઉપસર્ગ –૫૮ લોકાવધિજ્ઞાનની પ્રભુને થયેલ પ્રાપ્તિ–૫૮

**છઠ્ઠું ચોમાસુ**–૫૮–૫૯

## શ્રી મહાવીર સ્વામીનો બીજા છ વર્ષનો છદ્મસ્થ વિહાર

**સાતમું ચોમાસુ.** દુર્વતનને લીધે ગોશાળાએ ખાધેલો માર–૫૯ લોહાર્ગમાં પ્રભુની ધરપકડ–૫૯–૬૦ ઈશાનેન્દ્રે અને વગ્ગુર શેઠે પ્રભુને કરેલ વંદન ૬૦–૬૧–ગોશાળાને મળેલો મેથીપાક–૬૧

**આઠમું ચોમાસુ** ૬૧

**નવમું ચોમાસુ** વીર વાણી જૂઠી પાડવા ગોશાળાનો નિષ્ફળ પ્રયાસ–૬૨ તાપસે મૂકેલી તેજોલેશ્યાથી ગોશાલાને પ્રભુએ બચાવ્યો–૬૨. ગોશાલ કે તેજોલેશ્યા અને અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન પ્રાપ્ત કર્યું–૬૩ શંખ રાજા તથા આનંદ શ્રાવકે પ્રભુને કરેલું ભક્તિપૂર્વક વંદન–૬૪

**દશમું ચોમાસુ**. શક્રેન્દ્રે કરેલી પ્રભુની પ્રશંસા–૬૪–૫ સંગમદેવની આશંકા પ્રભુને ચલાયમાન કરવા સંગમે કરેલી પ્રતિજ્ઞા–૬૫ સંગમદેવે વીરપ્રભુને કરેલા વીશ ઘોર ઉપસર્ગો–૬૫–૭૦ સંગમે સ્વીકારેલ પરાજય–૭૦ શક્રે સંગમને સ્વર્ગમાંથી હાંકી કાઢયો–૭૧

**અગિયારમું ચોમાસુ.** ચમરેન્દ્રે ગ્રહણ કરેલું પ્રભુનું શરણ–૭૧ પ્રભુનો અભિગ્રહ–૭૨ ચંદન બાળાનો વૃત્તાન્ત–૭૨–૩ ચંદનબાળાએ પ્રભુને કરાવેલ પારણું–૭૪–૫

**બારમું ચતુર્માસ** પ્રભુના કાનમાં ગોવાળિયાએ ખીલા ઠોકયા–સિદ્ધાર્થ અને ખરકવૈદ્યે દૂર કરેલ પ્રભુનો ખીલાનો ઉપસર્ગ–૭૬–૭ પ્રભુની ઉગ્ર તપશ્ચર્યા –૭૭–૮ તપશ્ચર્યાના આહાર પાણી અંગે સમાધાન–૭૮–૯ વીર પ્રભુને કેવળ જ્ઞાન–૭૯

**ચતુર્વિધ સંઘની ઉત્પત્તિ.** વીર પ્રભુની દેશના–૮૦

ઈન્દ્રભૂતિ–પ્રભુએ દૂર કરેલો ગૌતમનો સંદેહ–પાંચસો શિષ્યો સાથે ઈન્દ્ર-ભૂતિની દીક્ષા–૯૦–૩. અગ્નિભૂતિનો સંશય–પાંચસો શિષ્યો સાથે અગ્નિભૂતિની દીક્ષા–૮૩–૪. વાયુભૂતિની દીક્ષા–૮૪ વ્યક્ત, સુધર્મા વગેરે પંડિતોના સંશયો પ્રભુએ દૂર કર્યા–૮૪–૫ અગિયાર ગણધરો–૮૫. ચન્દનાળા વગેરેની દીક્ષા–૮૫. ચતુર્વિધ સંઘની સ્થાપના અને ચૌદપૂર્વ અને અગિયાર અંગનો રચના –૮૫–૬

## મહારાજા શ્રેણિક અને તેમના કુટુંબીજનો

શ્રેણિકનો રાજ્યાભિષેક–૮૭–૮ **અભયકુમાર** સુકા કુવાને કાંઠે ઊભા રહી વીંટી હાર કાઢે છે–૮૮–૯. અભયકુમાર શ્રેણિકને ચેલ્લણા મેળવવામાં મદદ કરે છે–૮૯–૯૦, અંતઃપુર બાળવાની શ્રેણિકની આજ્ઞાનો અમલ કરતો નથી–૯૦–૧ અભયકુમારે ઉજ્જયિનીના ચંડપ્રદ્યોતને પાછો કાઢયો–૯૧. અભયકુમારનુ હરણ–૯૧–૨ અભયકુમારનો છૂટકારો–૯૩ અભયકુમારે ધોળે દિવસે કરેલું ચંડ પ્રદ્યોતનું હરણ–૯૪, અભયકુમારની દીક્ષા–૯૫

**મેઘકુમારની દીક્ષા**–૯૫. મેઘકુમારનો પૂર્વ ભવ–૯૬–૭.

નંદિષેણ–૯૮–૯૯. **શ્રેણકને સમકિત. અનાથી મુન–૯૯. શ્રેણકના**

કુંવરો તથા રાણીઓની દીક્ષા-૯૯-૧૦૦ દુર્ગંધા રાણી-૧૦૦, વધુન્માલિદેવ -૧૦૧. દુર્દુરાંક દેવ-૧૦૧-૨

કુપુત્ર કોણિક-૧૦૩-૪. પદભ્રષ્ટ શ્રેણિક કારાગૃહમાં-૧૦૪ શ્રેણિકનું મૃત્યુ અને કોણિકનો પશ્ચાતાપ-૧૦૪-૫ હલ્લ, વિહલ્લની દીક્ષા-૧૦૫.

**વીરના રાજવંશી ભક્તો**

અંતિમ રાજર્ષિ ઉદાયન-૧૦૫-૮ પ્રસન્નચંદ્ર રાજર્ષિ-૧૦૮-૯ શિવ રાજર્ષિ-૧૦૯-૧૧૦. હસ્તિપાલ રાજા ૧૧૦. આર્દ્રકુમાર-૧૧૦-૧૨. દશાર્ણભદ્ર-૧૧૨.

**વીર પ્રભુના પરમ ભક્તો**

ધન્નાશાલિભદ્ર-૧૧૩-૧૪. આનન્દ શ્રાવક-૧૧૪. કામદેવ-૧૧૫. ચૂલની પિના-૧૧૫.

મૃગાવતી અને જયન્તીની દીક્ષા-૧૧૫-૧૬. ઋષભદત્ત અને દેવાનન્દા-૧૧૬. જમાલિ અને પ્રિય દર્શના-૧૧૭ રૌહિણેય ચોર-૧૧૭-૧૮.

**ગૌતમ સ્વામી**-પંદરસો તાપસોનો પ્રતિબોધ-૧૧૮-૧૦. વીરપ્રભુનો પરિવાર-૧૧૯.

**વીરપ્રભુનું નિર્વાણ**-૧૧૯,
**ગૌતમ સ્વામીને-કેવળજ્ઞાન**-૧૧૯-૨૦.
**દીવાળી-ભાઈબીજ**-૧૨૦-૨૧.
**વીરવાણી**-૧૨૨-૨૪.
**પરિશિષ્ટ-મહાવીર સ્વામી**ના.
**સત્તાવીશ ભવો**-૧૨૫-૨૮.

# શુદ્ધિ પત્રક

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮ | ૧૭ | સશેષ | સરોષ |
| ૧૬ | ૧૫ | આદર્ | આદર્શ |
| ૩૪ | ૧૧ | દ્વાર | દ્વારા |
| ૪૩ | ૨૦ | શગાલની | શૃગાલની |
| ૪૪ | ૧૮ | સિદ્ધાર્થ | સિદ્ધાર્થ |
| ૪૬ | ૬ | ક્ષરી | ક્ષીર |
| ૪૬ | ૧૨ | ભવિતવ્યતઃ | ભવિતવ્યતા |
| ૪૭ | ૮ | મુસાફર | મુસાફર |
| ૫૨ | ૧૦ | શિગદત્તે | શિવદત્તે |
| ૫૮ | ૧ | ઈન્દ્ર | ઈન્દ્રે |
| ૬૦ | ૨૫ | ઈશાનેન્દ્રે | ઈશાનેન્દ્ર |
| ૬૨ | ૧. | નવમું ચોમાસુ | શબ્દો કાઢી નાખો |
| ૬૨ | ૨૩ | થમ્ર | નમ્ર |
| ૬૫ | ૧૩ | સંગમ દેવની આશંકા | શબ્દો કાઢી નાખો |
| ૬૫ | ૨૨ | ઉપસર્થો | ઉપસર્ગો |
| ૬૬ | ૨૩ | દાંતવડા | દાંતવાળા |
| ૮૪ | ૨૦ | જાએ | જુએ |
| ૮૮ | ૨૧ | સુક્રા | સુક્રા |
| ૯૧ | ૬ | સામંમ | સામંત |
| | | રાજાતિ | રાજા |
| ૯૩ | ૩ | વીણ | વીણા |
| ૧૦૫ | ૨૬ | નાગિદેવે | નાગિલદેવે |
| ૧૧૮ | ૨૭ | વંધ્યા | વાંધ્યા |

# કીર્તિકરભાઇ ચુનીલાલ શાહ

(ઈ.સ. ૧૮૯૮-ઇ.સ. ૧૯૭૭)

**જન્મ, માતાપિતા** કીર્તિકરભાઇનો જન્મ ઇ.સ. ૧૮૯૮માં સુરતમાં થયો હતો. તેમના પિતાનું નામ ચુનીલાલ અને માતાનું નામ મણિબહેન હતું. નાની ઉમરમાં તેમણે માતાનું સુખ ગુમાવ્યું હતું. પિતાશ્રી ધંધાર્થે અમદાવાદ આવ્યા ત્યારે કીર્તિકરભાઈ પણ તેમની સાથે આવ્યા હતા.

**તાલીમ :** ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં તેમણે તાલીમ લીધી હતી. અહીં તેઓએ સ્વાવલંબન. આત્મ નિર્ભરતા, સંયમ, ત્યાગવૃત્તિ વગેરે સદ્‌ગુણો કેળવ્યા હતા અને સૌનો પ્રેમ સંપાદન કર્યો હતો. માધ્યમિક શિક્ષણ પુરૂં કરી તેઓ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ લેવા ગયા હતા પણ પ્રતિકુળ સંજોગોને લીધે તેમને કોલેજ છોડવી પડી હતી.

**કર્તવ્ય નિષ્ઠા :** કોલેજ છોડયા પછી તેમણે કેલીકો મીલમાં નોકરી સ્વીકારી હતી અને નિષ્ઠાપૂર્વક કામ કર્યું. તેમની કર્તવ્ય નિષ્ઠાથી મીલ માલિક તેમના ઉપર ખુશ હતા અને તેમને પરદેશ મોકલ્યા હતા. વર્ષો સુધી તેમણે કેલીકો મીલમાં કામ કર્યું હતું.

**સાદાઈ :** નિવૃત્ત થયા ત્યારે લક્ષ્મીદેવીની તેમના પર મહેર હતી પણ તેઓ સાદાઈનેજ વરેલા હતા- ખાદીનો ઝભ્ભો, ખાદીનું ધોતીયું અને ટોપી તેમનો કાયમનો પોશાક હતો તેમને ત્યાં પુત્ર, પૌત્ર કે પૌત્રીનો લગ્ન પ્રસંગ હોય ત્યારે પણ તેમણે પોશાક બદલ્યો નથી. તેમને ત્યાં ત્રણ ત્રણ ગાડીઓ હતી છતાં તેનો ઉપયોગ તેઓ ભાગ્યેજ કરતા અને ઘણી વખત નવરંગપુરાથી જૈન મરચન્ટ સોસાયટી સુધી ચાલીને જતા. આમ લક્ષ્મીનો ઉપયોગ તેમણે પોતાના મોજ શોખ માટે કર્યો નથી.

**જ્ઞાનપિપાસા :**

સાદુ અને સંયમી જીવન જીવનાર કીર્તિકરભાઈએ પોતાની લક્ષ્મીનો ઉપયોગ જનકલ્યાણાર્થે છૂટે હાથે કર્યો છે. તેઓ માનતા કે સારા પુસ્તકો જગતના શ્રેષ્ઠ મૂક ગુરુઓ છે સુગુરુને પણ તેની મર્યાદાઓ છે. તેને ઊંઘ અને આરામ જોઈએ છે તે પોતાના જીવનકાળ દરમિયાન મેળવેલું જ્ઞાનજ આપી શકે છે. તે અમર નથી એટલે પોતે જીવે ત્યાં સુધીજ જ્ઞાનલ્હાણી કરી શકે છે. માંદગીમાં તે જ્ઞાન આપી શકતા નથી. વૃદ્ધાવસ્થામાં તેમની જ્ઞાન આપવાની શક્તિ ઓછી થાય છે. કેટલીક વખત તે શિષ્ય ઉપર ગુસ્સે પણ થાય છે પણ સારા પુસ્તકોને આવી કોઈ મર્યાદાઓ નથી. તેઓ ચોવીસે કલાક જ્ઞાન આપી શકે છે. માનવજાતે હજારો વર્ષોમાં મેળવેલું જ્ઞાન તેમાં સચવાયેલું હોય છે. સુરક્ષિત પુસ્તકો સેંકડો વર્ષો સુધી જ્ઞાન આપી શકે છે વાચકો ઉપર

તેઓ કદાપિ ગુસ્સે થતા નથી. આ બધા કારણોને લીધે તેમણે પુસ્તક પ્રેમ કેળવ્યો હતો. કાલુપુર જ્ઞાનમંદિરમાં એક સારૂં જૈન પુસ્તકાલય છે પણ તેનો લાભ ગૃહસ્થોને મળતો નથી એટલે તેઓ માનતા કે નવરંગપુરામાં એક જનતા ઉપયોગ કરી શકે એવું સારૂં જૈન પુસ્તકાલય હોવું જોઈએ. એતો જ્યારે થાય, ત્યારે ખરૂં, પણ તેમણે પોતાને ઘેર એક સારૂં પુસ્તકાલય વસાવ્યું હતું. અને કેટલાક સારા પુસ્તકોના પ્રકાશક હતા.

**દાનવીર :**

કીર્તિકરભાઈને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હતો. તેથી તેઓ તેમની લક્ષ્મીનો સદુપયોગ કરી શકયા હતા. જીનમંદિર, જીનબિંબ, જીનઆગમ, જીવદયા, સાતક્ષેત્ર વગેરેમાં તેમણે પૈસો વાપર્યો છે. સામાજીક કાર્યો અંગે મારે તેમની સાથે ઘણી વખત જવાનું થતું ત્યારે રસ્તામાં તેમની પાસે કોઈ માગવા આવે તો તેને નિરાશ કરતા નહિ તે વખતે તેમની પાસે પૈસા ન હોય તો મારા પાસેથી લઈને પણ આપતા અને પાછળથી મને આપી દેતા. એમ કહેવાય છે કે તેમણે એક લાખ રૂપિયા કરતાં પણ વધું રકમ જુદે જુદે ઠેકાણે દાનમાં આપી છે. આ બધી શુભ પ્રવૃત્તિઓમાં તેમના પત્ની શારદા બહેન અને સુપુત્રો સુરેન્દ્રભાઈ, અશોકભાઈ નિરંજનભાઇ અને અતુલભાઈનો સાથ સહકાર હતો. અત્રે એક પ્રસંગનો ઉલ્લેખ કરૂં તો અસ્થાને નહિ ગણાય. કીર્તિકરભાઈએ તેમના જણાવ્યા પ્રમાણે, મહેસાણામાં સીમંધર સ્વામીના મંદિરમાં રૂ. ૧૦૦૧ લખાવ્યા હતા અને તે તેમણે પહેલે વર્ષે ટ્રસ્ટીઓને મોકલી આપ્યા હતા. બીજે વર્ષે ટ્રસ્ટીઓનો કીર્તિકરભાઈ ઉપર પત્ર આવ્યો તેમાં તેમણે જણાવ્યું હતું કે તમે દશ વર્ષ સુધી રૂ ૧૦૦૧ આપવાનું કબુલ કર્યું છે તો બીજા વર્ષના રૂ. ૧૦૦૧નો ચેક મોકલી આપો. કીર્તિકરભાઈ મૂંઝવણમાં મૂકાયા. તેમણે તેમના સુપુત્રોને વાત કરી સુરેન્દ્રભાઈ વગેરેએ માની લીધુ કે કર્ણદોષથી કીર્તિકરભાઇએ દશ વર્ષ સુધી આપવાની વાત સાંભળી નહિ હોય અને ટ્રસ્ટીઓની માગણી વ્યાજબી હશે એટલે દશ વર્ષ સુધી હજાર હજાર મોકલવાને બદલે સુરેન્દ્રભાઇએ દશ હજારનો ચેક ટ્રસ્ટીઓને એકી સાથે મોકલી દીધો.

**ધાર્મિક વૃત્તિ :** કીર્તિકરભાઈ ધાર્મિકવૃત્તિના હતા. તેમનો સમય શુભ પ્રવૃત્તિઓમાંજ જતો. સામાયીક, પ્રતિક્રમણ, જીનપૂજા, ગુરુવંદન, દેવવંદન, નવકાર મંત્રનો જાપ વગેરે તેમની રોજની પ્રવૃત્તિ હતી. પરહિત નિરત જીવન તેઓ જીવતા અને બીજાઓને મદદ કરવા માટે હંમેશા તત્પર હતા. સેવાને તેમણે ધર્મ તરીકે સ્વીકાર્યો હતો. સરળતા, ઉદારતા, પરોપકારવૃત્તિ, નિષ્કપટ ભાવ, ધર્મપરાયણતા વગેરે માટે તેઓ જાણીતા હતા.

આજે કીર્તિકરભાઈ નથી પણ તેમના સુકૃત્યોની સુવાસ તેઓ મૂકતા ગયા છે.






સ્વ. નરેશચંદ્ર મનસુખરામ શાહ
જન્મ તારીખ : ૨૩—૭—૧૯૦૪
સ્વર્ગવાસ તારીખ : ૧૭—૧૦—૧૯૭૫



**સ્વ. પદ્માબેન નરેશચંદ્ર શાહ**

જન્મ તારીખ : ૨૫—૧—૧૯૦૮

સ્વર્ગવાસ તારીખ : ૧—૫—૧૯૬૧



સ્વ. કીર્તિકરભાઈ ચુનીલાલ શાહ



સ્વ. મણીબેન ચુનીલાલ શાહ
(સ્વ. કીર્તિકરભાઈના માતુશ્રી)

# શ્રી મહાવીર ચરિત્ર

શ્રીમતે વીરનાથાય સનાથાયાદ્ભુતશ્રિયા
મહાનંદ સરોરાજ મરાલાયાર્હતે નમઃ

**અર્થ** અદ્ભુત લક્ષ્મીવાળા, મહાઆનંદરૂપ સરોવરને વિષે રાજહંસ સમાન અને પૂજ્ય એવા મહાવીર ભગવંતને નમસ્કાર થાઓ.

કૃતાપરાધેઽપિજને
કૃપામંથરતારયોઃ
ઈષદ્બાષ્પાર્દ્રયોર્ભદ્રં
શ્રીવીરજિનનેત્રયોઃ

શ્રી વીર ભગવાનના નેત્રો અપરાધ કરનાર પ્રાણી ઉપર પણ દયાને સૂચવનારી કીકીઓવાળા છે અને (તેથી દયા વડે જ) જરા અશ્રુથી ભીંજાયેલા થઈ ગયા છે. તેવા મહાવીર પ્રભુના બે નેત્રો કલ્યાણ માટે થાઓ.

જયતિ વિજિતાન્ય તેજાઃ
સુરાસુરાધીશ સેવિતઃ શ્રીમાન
વિમલસ્ત્રાસ વિરહિત
સ્ત્રિભુવન ચૂડામણિર્ભગવાન

વિશેષ પ્રકારે બીજાના તેજને જિતનારા દેવ, દાનવના સ્વામી વડે સેવાયેલા, કેવળ જ્ઞાન રૂપી લક્ષ્મીવાળા, નિર્મળ તથા વિશેષ પ્રકારે ભયથી રહિત, ત્રણ ભુવનમાં મુકુટ સમાન એવા (મહાવીર) ભગવંત જયવંત છે.

નમો દુર્વાર રાગાદિ
વૈરીવાર નિવારણે
અર્હતે યોગિના થાય
મહાવીરાય તાયિને

ઘણા જ કષ્ટથી દૂર કરી શકાય એવા રાગ દ્વેષ વગેરે આંતરિક શત્રુઓની સેનાને નિવારનાર, યોગીઓના સ્વામી અને જગતના જીવોનું રાગદ્વેષથી રક્ષણ કરનાર એવા અર્હન્ત ભગવાન મહાવીરને નમસ્કાર હો !

પન્નગે ચ સુરેન્દ્રે ચ.
કૌશિકે પાદ સંસ્પૃશિ,
નિર્વિશેષ મનસ્કાય.
શ્રી વીર સ્વામિને નમઃ

ડંખ મારવાની બુદ્ધિથી પગને સ્પર્શ કરનાર ચંડકૌશિક સર્પના ઉપર અને ભક્તિથી નમન કરવાની બુદ્ધિથી પગને સ્પર્શ કરનાર ઈન્દ્ર ઉપર પણ જે મહાશયનું મન સરખું જ છે તે મહાવીરને નમસ્કાર થાઓ.

વીરઃ સર્વસુરા સુરેન્દ્ર મહિતો,
વીરં બુધાઃ સંશ્રિતાઃ
વીરેણાભિહતઃ સ્વકર્મ નિચયો
વીરાય નિત્યં નમઃ
વીરાત્તીર્થમિદં પ્રવૃત્ત મતુલં,
વીરસ્ય ઘોરં તપો
વીરે શ્રી ધૃતિ કીર્તિ કાંતિ નિચયઃ
શ્રી વીર ભદ્રં દિશ

શ્રી મહાવીર પ્રભુ સર્વ દેવ દાનવ અને ઈંદ્રો વડે પૂજાયેલ છે. વીરપ્રભુને પંડિતો આશ્રય કરી રહેલા છે. વીર પ્રભુ વડે પોતાનો કર્મસમુહ હણાયો છે (એટલે વીર પ્રભુએ પોતાનો કર્મસમુહ હણ્યો છે.) એવા શ્રી વીર પ્રભુને હંમેશા નમસ્કાર થાઓ. પ્રભુ થકી આ અતુલ તીર્થ પ્રવર્ત્યું છે. વીર પ્રભુનું તપ પણ (ઘણું) આકરૂં છે. વીર પ્રભુને વિષે લક્ષ્મી, ધીરજ, કીર્તિ અને કાંતિનો સમુહ છે. એવા હે વીર પ્રભુ! અમને કલ્યાણ આપો (અમારૂં કલ્યાણ કરો).

# શ્રી મહાવીરસ્વામીના પૂર્વ ભવ

## નયસારને સમકિત

પહેલા ભવમાં વીરપ્રભુનો જીવ પશ્ચિમ મહાવિદેહમાં નયસાર નામે ગ્રામપતિ હતો. એક વખત તે પોતાના સ્વામીની આજ્ઞાથી કાષ્ઠ માટે વનમાં ગયો. બપોરે ભોજન સમયે તેને વિચાર આવ્યો. 'અહો ! આ સમયે કોઈ અતિથિ આવી જાય તો બહુ સારૂં' એમ વિચારી ચારે તરફ દૃષ્ટિ ફેરવે છે, તેવામાં સાર્થથી ભૂલા પડેલા સાધુઓને જોયા. સાધુઓને જોઈ તે બહુ ખુશી થયો અને અહો ! હું કેવો ભાગ્યશાળી છું કે ભોજન સમયે આવા સુપાત્ર સાધુઓ મને આવ્યા', એમ વિચારી, રોમાચિંત થઈ તે સાધુઓની અન્ન જળ વડે ભક્તિ કરી. પછી પોતે ભોજન કરી, સાધુઓ પાસે જઈ, નમસ્કાર કરી કહ્યું, "હે, મહાત્માઓ ! પધારો, હું આપને રસ્તો બતાવું છું." એમ કહી સાધુઓ સાથે ચાલ્યો. માર્ગમાં ચાલતાં સાધુઓએ તેને યોગ્ય જાણી એક વૃક્ષ નીચે બેસી ધર્મનો ઉપદેશ આપ્યો, અને તેથી તે સમકિત પામ્યો. નયસાર પોતાના આત્માને ભાગ્યશાળી માનતો સાધુઓને વંદન કરી પોતાના ગામ આવ્યો. આયુષ્ય પુરું થતાં અંતે પંચપરમેષ્ઠીના નમસ્કારપૂર્વક મૃત્યુ પામી બીજે ભવ સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

## ત્રીજો ભવ મરીચિ

દેવગતિનું જીવન પૂર્ણ કરી નયસારનો જીવ ત્રીજા ભવમાં ચક્રવર્તી ભરતનો પુત્ર મરીચિ નામનો રાજકુમાર થયો.

## મરીચિનો ત્રિદંડી વેશ

એક દિવસ ભગવાન આદિનાથ પુરિમતાલ નગરીના ઉદ્યાનમાં પધાર્યા. ચક્રવર્તી ભરત મહારાજા પોતાના પરિવાર સાથે ભગવાનને વંદન કરવા અને ધર્મોપદેશ સાંભળવા આવ્યા. ભગવાનની દેશના સાંભળી મરીચિ સંસારથી વિરક્ત થઈ ગયા અને ભગવાન પાસે દીક્ષા લઈ તેમની સાથે વિચરવા લાગ્યા. એક દિવસ ઉનાળામાં તાપ આદિથી પીડિત થઈ વિચારવા લાગ્યા–"આ સંયમનો ભાર તો બહુજ આકરો છે. હું તેને વહન કરવાને શક્તિમાન નથી. વળી આ છોડીને ઘેર જવું એ પણ ઠીક નથી." એમ વિચારી તેમણે નવીન જાતનો વેશ રચ્યો

"સાધુઓ તો મનદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડથી વિરત થયેલા છે, હું ત્રણ દંડથી વિરત નથી, માટે મારે ત્રિદંડનું ચિન્હ રાખવું. સાધુઓ દ્રવ્યથી મુંડિત થયેલા છે, તેમ રાગ દ્વેષ વર્જેલા હોવાથી ભાવથી પણ મુંડિત થયેલા છે; હું તેવો નથી, માટે હું મસ્તક પર ચોટલી રાખી હજામત કરાવીશ. સાધુઓને સર્વપ્રાણાતિ પાતાદિકથી વિરતિ છે. હું તેવો નથી. માટે હું સ્થુલપ્રાણાતિપાતાદિકથી વિરતિ પામીશ. સાધુઓ શિયળ રૂપ સુગંધીથી વાસિત થયેલા છે. હું નથી માટે હું શરીરે ચંદનાદિ સુગંધી વસ્તુઓનું વિલેપન કરીશ. સાધુઓ મોહરહિત છે, હું તો મોહથી આચ્છાદિત થયેલો છું. માટે હું છત્ર રાખીશ. સાધુઓ પગરખાં વિના ઉઘાડે પગે ચાલનારા છે, હું પગમાં પાવડીઓ પહેરીશ. સાધુઓ સ્નાન કરતા નથી, પણ હું થોડા જળથી સ્નાન કરીશ. સાધુઓ કષાયરહિત છે. હું તો કષાય સહિત છું. તેથી હું રંગેલા ભગવાં કપડાં પહેરીશ." એવી રીતે મરીચિએ પોતાની જ બુદ્ધિથી પરિવ્રાજકનો વેશ નીપજાવ્યો. તેમને આવા વિચિત્ર વેશવાળા જોઈને લોકો ધર્મ પૂછવા લાગ્યા, પણ તેઓની આગળ મરીચિ તો સાધુધર્મની પ્રરૂપણા કરતા અને પોતાની દેશનાશક્તિથી અનેક રાજપુત્રાદિકોને પ્રતિબોધી ઋષભદેવ પ્રભુ પાસે મોકલી દીક્ષા અપાવતાં. મોક્ષની ઇચ્છાવાળા જીવોને તેઓ કહેતા કે "સાચો માર્ગ તો ભગવંત ઋષભદેવનો છે. મારાથી તે પ્રમાણે આચરણ થઈ શકતું નથી તેથીજ મેં આ નવો વેષ ધારણ કર્યો છે."

એક વખત ભગવાન ઋષભદેવ વિચરતા વિચરતા અયોધ્યા આવ્યા. પ્રભુને વંદન કરવા આવેલા ભરત મહારાજાએ પૂછયું, "ભગવન્! આપની આ સભામાં કોઈ ભાવી તીર્થંકર છે?" ઉત્તરમાં પરમાત્માએ કહ્યું- "રાજન્! તમારો પુત્ર મરીચિ આ અવસર્પિણી કાળમાં મહાવીર નામના ચોવીસમા તીર્થંકર થશે, તથા મહા વિદેહ ક્ષેત્રમાં મૂકા નામની રાજધાનીમાં પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થશે; વળી આજ ભરત ક્ષેત્રમાં પોતન નામના નગરના સ્વામી ત્રિપૃષ્ઠ નામના પહેલા વાસુદેવ થશે."

ભગવાનના મુખથી ભાવિ વૃત્તાંત સાંભળી ભરત મરીચિ સમીપ જઈ વંદન કરી બોલ્યા : " મરીચિ, હું તમારા આ ત્રિદંડી વેષને વંદન કરતો નથી. પરંતુ તમે અંતિમ તીર્થંકર થવાના છો એ જાણી તમારા ભાવી તીર્થંકરત્વને વંદન કરું છું. સંસારમાં જે મહાન પદવીઓ ગણાય છે, તે સર્વે તમને મળી ગઈ છે. તમે આ ભરત-વર્ષમાં ત્રિપૃષ્ઠ નામના પહેલા વાસુદેવ, મહાવિદેહમાં પ્રિયમિત્ર નામના ચક્રવર્તી અને આ ભરતવર્ષમાં મહાવીર નામના ચોવીસમા તીર્થંકર થશો. "

## મરીચિનો મદ

ચક્રવર્તી ભરતની વાતથી મરીચિ ઘણા પ્રસન્ન થયા. ત્રણવાર પગ સાથે હાથનું આસ્ફાલન કરીને નાચતા નાચતા બોલવા લાગ્યા, " હું પહેલો વાસુદેવ થઈશ, મૂકા નગરીમાં ચક્રવર્તી થઈશ તથા છેલ્લો તીર્થંકર થઈશ. અહો ! મારું કુળ અતિ ઉત્તમ છે. હું વાસુ-દેવોમાં પહેલો, મારા પિતા ચક્રવર્તીઓમાં પહેલા અને મારા દાદા તીર્થંકરોમાં પહેલા. "

એવી રીતે મરીચિએ જાતિનો મદ કરવાથી નીચ ગોત્રકર્મ બાંધ્યું.

ઋષભદેવ પ્રભુ મોક્ષે ગયા પછી પણ મરીચિ સાધુઓ સાથે વિચરતા હતા અને અનેક માણસોને બોધ આપી શિષ્ય કરવા સાધુ-ઓને સોંપતા.

## મરીચિની માંદગી

એક સમય મરીચિ બિમાર પડ્યા. તેઓ વિશાળ સાધુ–સમુદાય સાથે વિચરતા હતા, છતાં પણ તેમને અસંયમી સમજી શ્રમણોએ તેમની પરિચર્યા ન કરી. હવે મરીચિને પોતાની અસહાય અવસ્થાનું ભાન થયું. આ માંદગીમાં તેમને વિચાર આવ્યો, ' મારે જો શિષ્ય હોય તો તે મારી સારવાર કરે. ' આ સંબંધી તેમણે યોગ્ય વ્યક્તિની પસંદગી કરવાનો નિર્ણય પણ કર્યો.

## મરીચિની ઉત્સૂત્ર પ્રરૂપણા

એક વખત મરીચિ પાસે કપિલ નામનો રાજપુત્ર આવ્યો. તેને મરીચિએ સંસારની અસારતાનો ઉપદેશ આપ્યો. કપિલને સંસાર પર વૈરાગ્ય આવ્યો અને તે ચારિત્ર લેવા તૈયાર થયો ત્યારે મરીચિએ તેને મુનિમાર્ગ સ્વીકારવાનું કહ્યું. પણ કપિલે કહ્યું. " હું આપનો શિષ્ય થવા ઇચ્છું છું. શું આપના મતમાં ધર્મ નથી ? " કપિલના આવા પ્રશ્નથી મરીચિને લાગ્યું કે આ મારે યોગ્ય શિષ્ય છે. મરીચિએ કહ્યું, " અહિં પણ ધર્મ છે, અને ત્યાં પણ ધર્મ છે. " એવી રીતે મરીચિ ઉત્સુત્ર વાકય બોલ્યા એટલે કપિલે તેમની પાસે દીક્ષા લીધી. આવી ઉત્સૂત્ર પ્રરૂપણાને કારણે મરીચિનું સંસાર પરિભ્રમણ અનેક ઘણું વૃદ્ધિ પામ્યું.

## સોળમો ભવ-વિશ્વભૂતિ

સોળમાં ભવમાં નયસારનો જીવ ( મરીચિનો જીવ ) રાજગૃહ નગરમાં વિશ્વનંદી રાજાના ભાઈ વિશાખભૂતિનો પુત્ર વિશ્વભૂતિ રાજકુમાર થયો. તે યુવાવસ્થામાં નગર બહાર ઉદ્યાનમાં રહેતો હતો. અને ભોગવિલાસમાં જીવન વ્યતિત કરતો. એનું આ સુખ પટ્ટરાણીની દાસીઓથી ન સહાયું. તેમણે પટ્ટરાણીને કહ્યું, " રાજયના સુખ વૈભવો તો વિશ્વભૂતિ ભોગવી રહ્યો છે. કુમાર વિશાખનંદી રાજાનો પુત્ર છે, છતાં પણ વિશ્વભૂતિના સુખ વૈભવો આગળ એનાં સુખ કંઈ ગણત્રીમાં નથી. કહેવાને માટે ભલે રાજ્ય તમારૂં હોય, પરંતુ એનો વાસ્તવિક ઉપભોગ તો વિશ્વભૂતિનાજ ભાગ્યમાં લખ્યો છે. "

## વિશ્વભૂતિ રાજકુમાર

દાસીઓની વાતથી પટ્ટરાણીના હૃદયમાં ઈર્ષાગ્નિ પ્રજ્વલિત થયો અને તેણે કોપગૃહનો આશ્રય લીધો. આ સમાચાર મળતાં વિશ્વનંદી રાજા પટ્ટરાણી પાસે ગયો અને તેને શાન્ત કરવાની ઘણી કોશિશ કરી. રાજાએ ઘણી રીતે સમજાવી છતાં પણ જયારે તે શાન્ત ન થઈ ત્યારે આ વાત અમાત્ય સુધી પહોંચી. અમાત્યે રાણીને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ તેને સફળતા સાંપડી નહિ. અ.ખરે અમાત્યે રાજાને

સલાહ આપી. " મહારાજ ! દેવીના વચનનો અનાદર ન કરો. સ્ત્રી હઠ છે ! કદાચ આત્મઘાત પણ કરી બેસે ! "

રાજાએ કહ્યું, " એનો કંઈ ઉપાય નથી. અમારી કુલમર્યાદા છે કે જ્યાં સુધી પહેલાં પ્રવેશ કરેલો પુરૂષ બહાર ન આવે ત્યાં સુધી બીજો પુરૂષ ઉદ્યાનમાં પ્રવેશ નથી કરી શકતો. વિશ્વભૂતિ વસંતઋતુ ગાળવા માટે ઉદ્યાનમાં રહ્યો છે તે બહાર નહિ નીકળે. "

અમાત્યે કહ્યુ, " એનો ઉપાય થઈ શકે છે. "

અમાત્યે અજ્ઞાત મનુષ્યોના હાથથી રાજા પાસે બનાવટી લેખ પહોંચાડયો. લેખ વાંચતાજ યુદ્ધયાત્રા જાહેર કરી. આ વાત વિશ્વભૂતિના કર્ણ સુધી પહોંચી તે તુરત ઉદ્યાનમાંથી નીકળી રાજા પાસે ગયો અને રાજાને રોકી પોતે યુદ્ધયાત્રા માટે ચાલી નીકળ્યો.

જે પ્રદેશમાં શત્રુના ઉપદ્રવની હકીકત જાહેર કરવામાં આવી હતી, ત્યાં વિશ્વભૂતિ સૈન્ય સાથે જઈ પહોંચ્યો, પરંતુ ત્યાં કંઈ ઉપદ્રવ ન દેખ્યો. યુદ્ધની હિલચાલ પણ ન નીહાળી એટલે વિશ્વભૂતિ જેવો ગયો હતો તેવો જ પાછો ફર્યો.

વિશ્વભૂતિ યુદ્ધયાત્રાએ ગયો એટલે રાજકુમાર વિશાખનંદીએ ઉદ્યાનમાં પોતાનું સ્થાન જમાવી દીધું. વિશ્વભૂતિ પાછો ફરી રાજમહેલમાં આવ્યો અને ઉદ્યાનમાં જવા લાગ્યો, ત્યારે દ્વારપાળોએ તેને રોકી કહ્યું, "કુમાર વિશાખાનંદી અંતઃપુર સાથે ઉદ્યાનમાં રહેલ છે તેથી તમે ત્યાં નહીં જઈ શકો."

હવે વિશ્વભૂતિને જણાયું કે યુદ્ધની વાત વાસ્તવમાં મને ઉદ્યાનની બહાર કાઢવાનો પ્રપંચ માત્ર હતો. તેણે ક્રોધિત થઈ દ્વાર પર રહેલ એક કોઠાના વૃક્ષ પર જોરથી મુષ્ટિપ્રહાર કર્યો. આથી નીચે પડેલા કોઠાઓથી જમીન ઢંકાઈ ગઈ, વિશ્વભૂતિએ દ્વારપાલોને કહ્યું, "જો પિતાશ્રીનું ગૌરવ ન જાળવતો હોત તો હું આ પ્રકારે તમારાં માથાં ઉડાવી દેત."

### વિશ્વભૂતિમુનિ

વિશ્વભૂતિને આ અપમાનથી ઘણું ખોટું લાગ્યું. વિરક્ત બની તે ઘેરથી નીકળી ગયો અને આર્યસંભૂત સ્થવિરની સમીપે જઈ દીક્ષા

લીધી. તેને દીક્ષિત થયેલો સાંભળી વિશ્વનંદી રાજા સ્વજનો સાથે મુનિ પાસે આવ્યો અને તેને નમી, ખમાવીને રાજ્ય લેવાની પ્રાર્થના કર . પંતુર વિશ્વભૂતિને રાજ્યની ઇચ્છા ન હતી એટલે રાજામહેલમાં આવ્યો અને વિશ્વભૂતિ મુનિએ ગુરુ સાથે બીજે વિહાર કર્યો.

દીક્ષા લીધા પછી વિશ્વભૂતિમુનિ વિવિધ તપ કરવા લાગ્યો. છઠ્ઠ, અઠ્ઠમથી લઈ માસક્ષમણ સુધીની તીવ્ર તપશ્ચર્યા કરતાં કરતાં દેશ વિદેશોમાં વિહાર કરવા લાગ્યો.

એક સમય વિશ્વભૂતિમુનિ મથુરા ગયો અને માસક્ષમણની સમાપ્તિ કરી, પારણાને દિવસે નગરમાં ગોચરી માટે ફરવા લાગ્યો. તે દિવસે કુમાર વિશાખનંદી પણ લગ્ન કરવા માટે ત્યાં આવ્યો હતો અને પોતાની જાન સાથે રાજમાર્ગ પર જઈ રહ્યો હતો. કાળયોગે વિશ્વભૂતિ મુનિ ત્યાં થઈ ભિક્ષા માટે જઈ રહ્યો હતો. એને દેખી વિશાખનંદીના સેવકોએ કહ્યું, "રાજકુમાર, આપ આ મુનિરાજને ઓળખો છો?"

વિશાખનંદીએ કહ્યું–" ના "

સેવકોએ કહ્યું, "એ વિશ્વભૂતિકુમાર છે."

વિશ્વભૂતિ મુનિને દેખતાં જ વિશાખનંદીની આંખોમાં ક્રોધ ભરાઈ આવ્યો. સરોષ નેત્રોથી એ મુનિને જોઈ રહ્યો હતો. એટલામાં એક ગાયે વિશ્વભૂતિમુનિને શિંગડાના પ્રહારથી ભૂમિ પર પાડી નાખ્યો.

એ દૃશ્ય જોઈ વિશાખનંદી અને એના નોકરો ખડખડાટ હસી પડયા. " એક પ્રહારથી ઘણા કોઠા પાડી નાખવાનું તમારું બળ કયાં ગયું ?" વિશ્વભૂતિમુનિ ગાયને શિંગડાઓથી પકડી ચક્રની પેઠે ઉપર ઘુમાવતાં બોલ્યો : " દુર્બળ સિંહનું બળ પણ શિયાળીઆઓથી નથી ઉલ્લંઘાતુ " વિશ્વભૂતિમુનિના આવા શૌર્યથી વિશાખનંદી અને સેવકો ઝંખવાણા પડી ચાલ્યા ગયા.

વિશ્વભૂતિમુનિ ત્યાંથી પાછા ફર્યા. સાધુ જીવનનું પાલન કરતાં આયુષ્ય પૂર્ણ કરી મહાશુક્ર કલ્પમાં ઉપન્યા.

## ૯

## અઢારમો ભવ

# ત્રિપૃષ્ઠ વાસુદેવ

મહાશુક્ર દેવલોકથી ચ્યવી વિશ્વભૂતિનો જીવ (નયસારનો જીવ) ૧૮મા ભવમાં પોતનપુરમાં ત્રિપૃષ્ઠ નામનો વાસુદેવ થયો. પોતનપુરનો રાજા પ્રજાપતિ, પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો મંડલિક હતો. પ્રજાપતિ રાજાને બે પુત્ર હતા. એક અચલા અને બીજો ત્રિપૃષ્ઠ.

એક સમય પોતનપુરની રાજ્યસભામાં સાંસ્કૃતિક કાર્યક્રમ ચાલતો હતો. રાજા, રાજકુમારો અને સભાજનો એમાં મસ્ત થઈ ગયા હતા. બરાબર તે સમયે અશ્વગ્રીવનો દૂત રાજસભામાં આવ્યો. રાજાએ દૂતનું સ્વાગત કર્યું અને જલસો બંધ કરાવી એનો સંદેશો સાંભળવા લાગ્યો.

રંગમાં ભંગ પાડનાર દૂત ઉપર કુમાર ઘણો ગુસ્સે થયો. તેણે પોતાના નોકરોને કહ્યું, "જ્યારે આ દૂત અત્રેથી ચાલ્યો જાય ત્યારે મને ખબર આપશો." કાર્ય પતાવી જ્યારે દૂત પોતનપૂર જવા નીકળ્યો ત્યારે બન્ને રાજકુમારોએ તેને ખૂબ માર માર્યો.

પ્રજાપતિએ જ્યારે આ વાત જાણી ત્યારે તે ઘણો નારાજ થયો. દૂત, અશ્વગ્રીવને આ ઘટનાના સમાચાર ન આપે તે માટે તેણે દૂતને પાછો બોલાવી તેનું ઘણું સન્માન કર્યું. દૂતે આ વાત પ્રતિવાસુદેવ અશ્વગ્રીવને ન જણાવવા વચન આપ્યું. પરન્તુ એના સાથીઓ તેની પહેલાંજ પ્રતિવાસુદેવ પાસે પહોંચી ગયા એટલે અશ્વગ્રીવને આ ઘટનાના સમાચાર મળી ગયા.

દૂતના અપમાનની વાત જાણી પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ ઘણો નાખુશ થયો અને પોતાના દૂતનું અપમાન કરનાર બન્ને રાજકુમારોને મારી નાખવાનો નિર્ણય લીધો.

એક ભવિષ્યવેત્તાએ પ્રતિવાસુદેવ અશ્વગ્રીવને કહ્યું હતું, "જે મનુષ્ય તમારા ચંડવેગ નામના દૂતને માર મારશે તેમજ શાલિક્ષેત્રના મદાંધ સિંહને વિદારશે તેજ તમને જાનથી મારશે." પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે દૂત મોકલી પોતનપુરના રાજા પ્રજાપતિને કહેવડાવ્યું,

"તમે શાલિક્ષેત્રમાં જઈ ત્યાં ઉપદ્રવ કરતા સિંહને વિદારી શાલિક્ષેત્રની રક્ષા કરો."

પુત્રોને ઠપકો આપતાં પોતનપુરના રાજા પ્રજાપતિએ કહ્યું, "તમોએ દૂતનું અપમાન કરી સંકટ વહોરી લીધું છે. તમારી ઉદ્ધતાઈને લીધે જ શાલિક્ષેત્રનું રક્ષણ કરવાની આજ્ઞા આપણને પ્રતિવાસુદેવ તરફથી મળી છે."

પોતાના સ્વામીની આજ્ઞા પ્રમાણે પ્રજાપતિ શાલિક્ષેત્ર જવા સેના સાથે નીકળ્યો પણ કુમારોએ રાજાને કહ્યું, "આપ અહિં રહો. એ કામ માટે તો અમે જઈશું."

શાલિક્ષેત્રમાં પહોંચ્યા પછી કુમારોએ વનપાલકો તેમજ ખેડૂતોને પૂછ્યું, "બીજા રાજાઓ વગેરે અત્રે આવીને કેવી રીતે રક્ષણ કરે છે?" ખેડૂતોએ કહ્યું, "જયાં સુધી ખેતરોમાં ધાન્ય રહે છે ત્યાં સુધી ચતુરંગી સેનાનો ઘેરો ઘાલી તેઓ અહીં રહે છે અને સિંહથી લોકોનું રક્ષણ કરે છે પણ સિંહનો સફળતાપૂર્વક સામનો કરવાની હિંમત હજી સુધી કોઈએ કરી નથી..'

ત્રિપૃષ્ઠ બોલ્યો, "એટલા લાંબા સમય સુધી હું રોકાવા માગતો નથી. તમે મને સિંહનું સ્થાન બતાવો."

ખેડૂતોએ ત્રિપૃષ્ઠને સિંહની ગુફા બતાવી. રથમાં બેસી ત્રિપૃષ્ઠ ગુફાના દ્વાર પર પહોંચ્યો. લોકોએ જોરથી શોરબકોર કર્યો એટલે સિંહ ગુફાના દ્વાર પર આવ્યો. સિંહને જોઈને કુમારે વિચાર્યું, "આ તો પગે ચાલવાવાળો છે અને હું તો રથમાં બેઠો છું. આ વ્યાજબી ન કહેવાય" તરત જ ઢાલ તલવાર સાથે તે નીચે ઉતરી ગયો. ફરી વિચાર કરવા લાગ્યો, "આ સિંહ કંઈ શસ્ત્રસજ્જ નથી માત્ર નખ જ તેના શસ્ત્રો છે અને હું તો ઢાલ તલવારધારી છું. આ પણ વ્યાજબી ન કહેવાય" તેથી ત્રિપૃષ્ઠે ઢાલ તલવાર પણ છોડી દીધા.

પરાક્રમી ત્રિપૃષ્ઠને આ પ્રમાણે સામના માટે તૈયાર દેખી, સિંહ મેં પહોળું કરીને તેના પર ત્રાટક્યો. પણ કુમારે પોતાના પર ધસી આવતા સિંહના બન્ને જડબાઓને પેચમાં લઈ જીર્ણવસ્ત્રની માફક ફાડી

ફેંકી દીધાં. વનરાજને ઊભોને ઊભો જ ચીરી નાખ્યો. વનરાજના ત્રાસમાંથી છૂટયા એટલે લોકોએ જોરથી હર્ષનાદ કર્યો.

સિંહનું ચામડું લઈને ત્રિપૃષ્ઠે પોતનપુર તરફ પ્રયાણ કર્યું. લોકોએ તમામ હકીકત પ્રતિવાસુદેવ અશ્વગ્રીવને જણાવી એટલે તે અદેખાઈથી બળવા લાગ્યો. કુમારોનું કાસળ કાઢવા તેણે પોતનપુરના રાજા પ્રજાપતિને કહેવડાવ્યું, "હવે તમે વૃદ્ધ થયા છો, તેથી મારી સેવામાં કુમારોને મોકલો. તમારે આવવાની જરૂર નથી." પ્રજાપતિએ કહેવડાવ્યું, "હું પોતે તમારી સેવામાં આવવા તૈયાર છું."

અશ્વગ્રીવને લાગ્યું કે કુમારોનું કાસળ કાઢવાની તેની મેલી મુરાદ બર આવશે નહિ. એટલે તે ઘણો ગુસ્સે થઈ ગયો. તેણે પ્રજાપતિને કહેવડાવ્યું, "તમે મારી આજ્ઞાનો અનાદર કર્યો છે એટલે હું તમારા નગર પર ચડાઈ કરવા માંગુ છું. તમે મારો સામનો કરવા માટે તૈયાર થઈ જાવ."

પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે પોતાના મોટા લશ્કર સાથે પોતનપુર પર ચડાઈ કરી; ત્રિપૃષ્ઠ વગેરે પણ પોતાની સેના સાથે દેશની સીમા પર આવ્યા. ખૂનખાર જંગ ખેલાયો. યુદ્ધભૂમિ લોહીથી ભીની થઈ ગઈ. નિર્દોષ, નિરપરાધી અનેક જીવોનો સંહાર ત્રિપૃષ્ઠને વ્યાજબી ન લાગ્યો. તેણે અશ્વગ્રીવને કહેવડાવ્યું, "આપણે બન્ને યુદ્ધ કરીએ તો ઘણું સારૂં. નિર્દોષ, નિરપરાધી જીવોને મારવાથી શો લાભ?"

અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠનો પ્રસ્તાવ મંજૂર રાખ્યો. બન્ને યુદ્ધ માટે ભેગા થયા, બન્ને યોદ્ધાઓ ઘણા વખત સુધી લડયા છતાં કોઈને વિજય મળ્યો નહિ. છેવટે અશ્વગ્રીવે પોતાનું ચક્ર ત્રિપૃષ્ઠ પર ફેંકયું. પણ સૌ કોઈના આશ્ચર્ય વચ્ચે, ચક્ર પ્રહાર કરવાને બદલે ત્રિપૃષ્ઠને પ્રદક્ષિણા દઈ તેના હાથમાં થંભી ગયું. ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવને પોતાનો પરાજય કબૂલ કરી લેવા સૂચન કર્યું, પણ જ્યારે અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠનું સૂચન સ્વીકાર્યું નહિ ત્યારે ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવનું ચક્ર તેના તરફ ફેંકયું. અશ્વગ્રીવ મરાયો.

અશ્વગ્રીવના મૃત્યુ પછી બીજા રાજાઓએ પણ ત્રિપૃષ્ઠની શરણાગતિ સ્વીકારી. અડધા ભારત વર્ષને કબજે કરી ત્રિપૃષ્ઠે વાસુદેવનું પદ ધારણ કર્યું.

## શય્યાપાલકના કાનમાં સીસું રેડાવ્યું.

એકદા ત્રિપૃષ્ઠ વાસુદેવે પોતાના શય્યાપાલકને આજ્ઞા કરી, "હું સુઈ જાઉં ત્યારે તારે આ ગાયન ગાનારાઓને વિદાય કરવા; વાસુદેવ નિદ્રાધીન થયા, પરંતુ જાગ્યા ત્યારે પણ ગવૈઆઓ ગાતા હતા, તેથી શય્યાપાલકને પૂછયું. "તેં ગાયન બંધ કેમ ન કરાવ્યું ?" શય્યાપાલકે કહ્યું "કાનને સુખ આપતારૂં ગાયન સાંભળવાના લોભે" આ સાંભળી વાસુદેવ ઘણો ગુસ્સે થઈ ગયો. તેણે શય્યાપાલકના બન્ને કાનોમાં તપાવેલું સીસું રેડાવ્યું. શય્યાપાલક તત્કાલ મરણ પામ્યો. તે વખતે ત્રિપૃષ્ઠે દુષ્ટ વિપાકવાળું કર્મ બાંધ્યું. તે ભવમાં બીજા પાપ કર્મ કરીને પણ ઉગ્ર કર્મ બાંધ્યું. તેથી આયુષ્ય પૂર્ણ કરી ત્રિપૃષ્ઠ નરકગતિ પામ્યો.

## ત્રેવીસમો ભવ
## પ્રિયમિત્ર ચક્રવર્તી
## ચોવીસમો ભવ દેવ

મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા નામની નગરી છે. ત્યાં ધનંજય નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામની પટરાણી હતી. પટરાણીની કુક્ષિવિષે ત્રિપૃષ્ઠનો જીવ પુત્ર પણે ઉત્પન્ન થયો. જન્મ પામતા ઉચિત સમયે રાજાએ તેનું પ્રિયમિત્ર એવું નામ રાખ્યું. પ્રિયમિત્ર ઉંમર–લાયક થયો એટલે ધનંજયે તેનો રાજ્યાભિષેક કરી દીક્ષા લીધી. છ ખંડ પૃથ્વી જીતી લઈ પ્રિયમિત્રે ચક્રવર્તીના સુખ ભોગવ્યા.

એક દિવસ ઉદ્યાનપાલકોએ પ્રણામ કરીને નિવેદન કરતા જણાવ્યું કે, "હે દેવ ! આપને વધામણી આપીએ છીએ કે ભગવત પોટ્ટિલાચાર્ય બહુ શિષ્યોના પરિવાર સાથે આપના ઉદ્યાનમાં પધાર્યા છે." સમાચાર સાંભળી ચક્રવર્તી ઘણો રાજી થયો. ગજેન્દ્ર પર આરૂઢ થઈ સર્વ પરિવાર સહિત તે ઉદ્યાનમાં ગયો. પોટ્ટિલાચાર્યનું પ્રવચન સાંભળી ચક્રવર્તીને વૈરાગ્ય આવ્યો અને તેણે દીક્ષા લીધી.

પ્રિયમિત્રે લાંબો સમય ધર્મધ્યાનમાં ગાળ્યો. ગુરુની આરાધનામાં ચિત્ત લગાડયું. જિનેશ્વર પ્રણિત સિદ્ધાંતો ભણ્યો. બહુ વિધતપ કર્યો. પ્રમાદ, ઉન્માદ અને માયા પ્રપંચનો ત્યાગ કર્યો. નિર્મળ ગુણ

સમૂહોનો સંગ્રહ કર્યો. કામ પ્રમુખ સમસ્ત રિપુઓને જીત્યા. પોતાના જીવિતની જેમ બધા પ્રાણીઓની રક્ષા કરી સુખ દુઃખ, મણિ-પાષાણ શત્રુ મિત્રાદિકમાં તુલા-તરાજની જેમ સમાન ચિત્તવૃત્તિ ધારણ કરી. આયુષ્યને અન્તે અનશન કરી પ્રિયમિત્ર શુક્ર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

## પચ્ચીસમો ભવ
## નંદન રાજપુત્ર
## છવ્વીસમો ભવ-દેવ

દેવભવમાંથી ચ્યવી પ્રિયમિત્રનો જીવ (નયસારનો જીવ) પચીસમા ભવમાં આ ભરત ક્ષેત્રની છત્રા નામની નગરીમાં જીતશત્રુ રાજાની ભદ્રા રાણીને ત્યાં નંદન નામનો પુત્ર થયો. યુવાન પુત્ર પર રાજ્યનો ભાર નાંખી પિતાએ પ્રવજ્યા અંગીકાર કરી નંદન રાજાએ લાંબા સમય વિશાળ રાજ્ય ભોગવ્યું. અંતે દીક્ષા ગ્રહણ કરી.

### નંદનઋષિની આરાધના

નંદનઋષિએ સમ્યગદર્શનાદિ ગુણો અને તેને ધારણ કરનાર મહાપુરૂષોનો અત્યંત વિનય કર્યો. મૂળ ગુણો ( મહાવ્રતો ) નું અતિચાર રહિત પાલન કર્યું. શ્રુતાભ્યાસમાં સતત ઉપયોગવંત બન્યા. સંસારથી વિરકત થયા. શક્તિને ગોપવ્યા વિના દાનાદિધર્મોનું પાલન કર્યું. બાર પ્રકારનો તપ કર્યો, પ્રતિદિન અવશ્ય કરવા લાયક કર્તવ્યોનું ભાવપૂર્વક પાલન કર્યું. શ્રી જિનોકત માર્ગના પ્રભાવને વિસ્તાર્યો. સાધર્મિકોનું વાત્સલ્ય કર્યું. જગતના જીવોને સુખી કરવાની ભાવના ભાવિ. જે જે પ્રકારે બીજાઓ પર ઉપકાર થાય, તે પ્રકારે તેમણે ઉદ્યમ કર્યો. વીસ સ્થાનકો વડે તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું.

આયુષ્ય ને અંતે અનશન કરી નંદનઋષિનો જીવ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

## પ્રભુ શ્રી મહાવીરનો જન્મ, બાલ્યાવસ્થા, ગૃહસ્થાવાસ અને દીક્ષા

### ભગવાન મહાવીરનું ચ્યવન કલ્યાણક તથા ગર્ભાપહરણ

છેલ્લા ભવમાં ભગવાન મહાવીરનો જીવ દેવલોકથી ચ્યવીને બ્રાહ્મણ કુંડ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા દેવાનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તેજ સમયે સુખ શય્યામાં સૂતેલી દેવાનંદાએ ચૌદ મહાસ્વપ્નો જોયાં. જાગૃત થયા પછી દેવાનંદાએ નિમિત્ત વિદ્યાના જાણકાર પોતાના પતિ ઋષભદત્તને સ્વપ્ન દર્શનનું ફળ પૂછયું, ઋષભદત્તે કહ્યું, "સ્વપ્નો બહુ સુંદર છે. તમે વેદપારંગત પુત્ર-રત્નને જન્મ આપશો."

સ્વપ્નોનું સુંદર ફળ જાણીને હર્ષિત થયેલી દેવાનંદાએ ૮૨ દિવસ સુખપૂર્વક પસાર કર્યા. પણ ૮૩ મા દિનની રાત્રિએ તેણે નિંદ્રા દરમિયાંન એવું દૃશ્ય જોયું કે "પોતાને પહેલાં આવેલાં ચૌદ મહાસ્વપ્નો ત્રિશલાદેવીએ હરી લીધાં." વાત સાચી હતી તેજ સમયે સુખશય્યામાં સૂતેલા ત્રિશલાદેવીને ચૌદ મહાસ્વપ્નો આવી રહ્યાં હતાં.

આમ કેમ બન્યું ? કારણ એ હતું કે તીર્થંકરો ઘણું ખરૂં ક્ષત્રિય-કુળમાં જ જન્મે છે. ચરમ તીર્થંકર મહાવીરનું બ્રાહ્મણ કુળમાં આવવું એ એક આશ્ચર્ય હતું. આ ઘટનાથી ક્ષોભ પામેલા સૌધર્મેન્દ્રે હરિણૈ-ગમેષી નામના દેવને બોલાવી કહ્યું હતું કે, "તીર્થંકરોનો જન્મ બ્રાહ્મણ કુળમાં થયો નથી, થતો નથી. માટે તમે ચરમ તીર્થંકર મહાવીર સ્વામીને દેવાનંદાની કુક્ષિમાંથી લઈને ત્રિશલાદેવીના ગર્ભમાં મૂકી દો અને ત્રિશલાદેવીના ગર્ભમાં રહેલી પુત્રીને દેવાનંદાની કુક્ષિમાં મૂકી દો." તેથી ઇંદ્રની આજ્ઞા પ્રમાણે હરિણૈગમેષી દેવે ગર્ભોનું પરાવર્તન કરી નાખ્યું હતું. આથી દેવાનંદાના સ્વપ્નો હરાઈ ગયાં હતાં અને ત્રિશલાદેવીને ચૌદ મહાસ્વપ્નો આવી રહ્યાં હતાઃ

સ્વપ્નદર્શન પૂરું થતાં ત્રિશલા ક્ષત્રિયાણી જાગી ગયાં. તેમણે સ્વપ્નોની વાત સિદ્ધાર્થ રાજાને જણાવી. સિદ્ધાર્થ રાજાએ સવારે સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવ્યા. સ્વપ્ન લક્ષણ પાઠકોએ બધી વિગતો સાવધાનીથી સાંભળ્યા પછી કહ્યું, "આ સ્વપ્નોના ફલસ્વરૂપે ત્રિશલાદેવી એક એવા પુત્ર રત્નને જન્મ આપશે કે જે ચક્રવર્તી અથવા તીર્થંકર થશે."

## તિર્યક્ જૃંભક દેવોએ સિદ્ધાર્થ રાજાના ભવનમાં ભરેલા મહાનિધાનો

જે દિવસથી ભગવંત મહાવીર ત્રિશલા રાણીનાઉદરકમળમાં આવ્યા, તે દિવસથી ઈન્દ્રની આજ્ઞાથી તિર્યક્ જૃંભક દેવતાઓ વિવિધ મહાનિધાનો વારંવાર સિદ્ધાર્થ રાજાના ભવનમાં ભરવા લાગ્યા. એટલે તે જ્ઞાતકુળ પણ ધન, ધાન્ય, રાજ્ય, બળ, વાહન. કોષ્ઠાગાર, પ્રીતિ, સત્કાર વગેરેથી અત્યન્ત વૃદ્ધિ પામવા લાગ્યું, તેમજ સિદ્ધાર્થ રાજાને પણ પૂર્વે જેઓ નમ્યા ન હતા એવા રાજાઓ પણ તાબે થયા.

## વર્ધમાન નામ પાડવાનો માતાપિતાનો વિચાર

એકદા ભગવંતના માતાપિતાને આવા પ્રકારનો વિચાર આવ્યો કે, "જ્યારથી આ ગર્ભ ઉત્પન્ન થયો ત્યારથી ધન, ધાન્ય, કનકાદિથી આપણે વૃદ્ધિ પામ્યા છીએ, માટે જ્યારે એ જન્મ પામશે ત્યારે એ પુત્રનું વર્ધમાન એવું ગુણનિષ્પન્ન નામ આપણે પાડીશું.

## મહાવીરની માતૃભક્તિ

તીર્થંકરો ગર્ભમાં આવે છે ત્યારે મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે. તે રીતે ચરમ તીર્થંકર મહાવીર પણ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. તેમણે એકવાર પોતાના જ્ઞાનથી જોયું કે મારા હલનચલનથી માતાને કષ્ટ થાય છે. તેથી તેમણે હલનચલન બંધ કરી દીધું અને સ્થિર થઈ રહ્યા.

## ત્રિશલા માતાને થયેલો શોક

પરન્તુ જિનેશ્વર તેવી રીતે નિષ્પંદ રહેતાં ત્રિશલા ક્ષત્રિયાણી ચિંતવવા લાગ્યાં, "શું મારો ગર્ભ ગળી ગયો કે દેવોએ હરી લીધો? શું ઉદરમાં જ નષ્ટ થયો કે કોઈએ થંભી દીધો હશે? જો એમાંથી કંઈ પણ થયું હોય તો મારે હવે જીવવાનું કાંઈ કામ નથી. કારણ કે મૃત્યુનું દુઃખ સહન થાય પણ આવા ગર્ભના વિયોગનું દુઃખ સહન કરી શકાય તેમ નથી." આ પ્રમાણે આર્ત્તધ્યાન કરતા દેવી કેશ છૂટા મૂકી, કર ઉપર મુખકમળ રાખી રૂદન કરવા લાગ્યા. બધા

આભૂષણો છોડી દીધા. સખીઓ સાથે પણ બોલવાનું બંધ કર્યું અને સૂવું કે જમવું તજી દીધું. આ સમાચાર જાણી સિદ્ધાર્થ રાજા, પુત્ર નંદીવર્ધન અને પુત્રી સુદર્શના વગેરે ખેદ પામ્યા. રાજભવનમાં અશાન્તિ ફેલાઈ ગઈ, મૃદંગનો ધ્વનિ બંધ થયો અને સંગીતનો નિર્ઘોષ વિરામ પામ્યો. તે અવસરે પ્રભુએ જ્ઞાન વડે માતાપિતાને દુઃખ ઉત્પન્ન થયેલ જાણી તેમના સુખાર્થે પોતાના અંગોપાંગ હલાવ્યાં.

## માતાપિતાના જીવતાં દીક્ષા ન લેવાનો પ્રભુનો સંકલ્પ

મારો ગર્ભ હજી અક્ષત છે એમ જાણી ત્રિશલાદેવી હર્ષ પામ્યા. રાજભવનમાં પણ બધા લોકો ઘણા ખુશી થયા. પછી ભગવાન મહાવીર ચિંતવવા લાગ્યા, "માતા પિતાની મારા પર અપાર મમતા છે. હજુ તો તેમણે મારૂં મુખ પણ જોયું નથી, છતાં મારા વિયોગનું આટલું બધું દુઃખ અનુભવે છે. તો જ્યારે હું તેમનો ત્યાગ કરીને દીક્ષા લઈશ ત્યારે તેઓને કેટલું બધું દુઃખ થશે ? તેઓ કદાચ જીવિતનો ત્યાગ પણ કરે.,' એમ ચિંતવતા જનની જનકના સંતોષાર્થે તેમજ ઈતર જનોને પણ જાણે આદર્શ રજુ કરતા હોય તેમ, ગર્ભમાં હતા ત્યારે પ્રભુએ અભિગ્રહ લીધો કે "માતાપિતાના જીવતાં હું પ્રવ્રજ્યા અંગીકાર કરીશ નહિ."

ગર્ભસ્થિતિ પૂર્ણ થયે, ચૈત્ર સુદ તેરસની રળિયામણી રાત્રિએ ચંદ્ર હસ્તોત્તરા નક્ષત્રમાં આવ્યો ત્યારે ત્રિશલાદેવીએ સિંહના લાંછન-વાળા એક અત્યંત સુંદર પુત્રને જન્મ આપ્યો. એ ક્ષણ લોકના મહાન ઉદ્યોતનું કારણ બની. આખુ વિશ્વ એક પ્રકારના અનિર્વચનીય સુખનો અનુભવ કરવા લાગ્યું.

## પ્રભુ મહાવીરનો જન્માભિષેક

પ્રભુ મહાવીરનો જન્મ થતાંની સાથે જ સૌધર્મેંદ્રનું ઇંદ્રાસન કંપ્યું. છપ્પન દિક્ કુમારિકાઓએ આવીને સર્વ સૂતિકર્મ કર્યું અને પોત-પોતાના આચાર પ્રમાણે મંગળક્રિયા કરી. સૌધર્મેંદ્ર વિશાળ દેવ સમૂહ સાથે પ્રભુગૃહે આવ્યા. ત્રિશલાદેવીને અવસ્વાપિની નિદ્રા આપી, તેમની બાજુમાં પ્રભુના પ્રતિબિંબને સ્થાપી, પરમાત્માનો સ્નાનાભિષેક કરવા

માટે મેરુપર્વતના શિખરે ગયા. ત્યાં બાકીના ત્રેસઠ ઇંદ્રો પણ સપરિવાર આવી પહોંચ્યા. આ સમયે પ્રભુના લઘુ દેહને નિરખી સૌધર્મેન્દ્રના મનમાં સંશય ઉપજ્યો કે, 'પરમાત્મા આટલા બધા કળશોનું જળ કેમ સહન કરી શકશે ?' પ્રભુએ ઇંદ્રનો આ સંશય અવધિજ્ઞાન દ્વારા જાણી અરિહંત–તીર્થંકરોની અચિન્ત્ય શક્તિનો સાક્ષાત્કાર કરાવવા માટે ફક્ત પોતાના જમણા પગનો અંગૂઠો મેરુપર્વતના શિખર પર ચાંપ્યો. ક્ષણ માત્રમાં મેરુપર્વત કંપી ઊઠયો, ધરતી ધણધણી ઊઠી, નદીઓના નીર ઉછળવા લાગ્યા, સાગરમાં અતિશય ગર્જારવ થવા લાગ્યો. ઇંદ્ર અચાનક આ પ્રકોપ થવાનું કારણ સમજવા પ્રયત્ન કર્યો તો તેને પરમાત્માની સર્વ બાલચેષ્ટા સમજાઈ પોતાના સંશયનો નાશ કરવા માટે પરમાત્માની આ ક્રીડા જોઈ સૌધર્મેંદ્રે પરમાત્માને ખમાવ્યા અને અપૂર્વ ઉત્સાહથી પ્રભુનો સ્નાનાભિષેક કરી, પુન: માતા સન્મુખ મૂકી, સર્વદેવ ગણ સ્વસ્થાને ગયો.

## પ્રભુનો જન્મ મહોત્સવ

પુત્ર જન્મની ખુશાલીમાં રાજા સિદ્ધાર્થે કારાગૃહમાંથી કેદીઓને છોડી મૂકયા. ત્રીજે દિવસે માતાપિતાએ પ્રસન્ન થઈ પ્રભુને સૂર્ય-ચંદ્રના દર્શન કરાવ્યા. છઠ્ઠે દિવસે મધુર સ્વરે મંગળ ગીત ગાનારી સૌભાગ્યવતી સ્રીઓની સાથે રાજા રાણીએ રાત્રિ જાગરણોત્સવ કર્યો. અગિયારમા દિવસે સિદ્ધાર્થ રાજા અને ત્રિશલાદેવીએ પુત્રનો જાત-કર્મ મહોત્સવ પૂર્ણ કર્યો. બારમે દિવસે રાજાએ પોતાના સગાં-વહાલાં અને જ્ઞાતિબંધુઓને બોલાવ્યા અને તેમનો સત્કાર કર્યો અને પહેલાં કરેલા સંકલ્પ પ્રમાણે પુત્રનું નામ વર્ધમાન પાડયું. 'પ્રભુ મોટા ઉપસર્ગોથી પણ કંપાયમાન થશે નહિ' એવું ધારી ઇંદ્રે જગત્પતિનું મહાવીર એવું નામ પાડયું.

## આમલકી ક્રીડા

પંચધાવથી ઉછરતા વર્ધમાનકુમાર શુક્લ પક્ષના ચંદ્રની જેમ દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યા. માતાપિતાએ રાજકુમારને યોગ્ય વાતાવરણમાં તેમને રાખ્યા હતા. વિનય, વિવેક અને વીરતાથી વિભૂષિત વર્ધમાન પૂર્વભવની પુણ્યપ્રકૃતિને લીધે સૌને પ્રિય થઈ પડચા હતા. એક વાર તેઓ પોતાના મિત્રો સાથે 'આમલકી ક્રીડા' કરતા હતા. આ ક્રીડામાં દૂર ફેંકાયેલો લાકડાનો એક નાનો દડો દાવવાળો લેવા જાય. તેટલીવારમાં બધાએ ઝાડ પર ચડી જવાનું હતું. જેઓ એ રીતે ઝાડ પર ચડી ન શકે અને દાવવાળાને હાથે પકડાઈ જાય, તેના પર દાવ આવતો. દડો ફેંકાતા દાવવાળો તેને લેવાને દોડચો એટલે બધા બાળકો એક પછી એક જુદું જુદું ઝાડ પસંદ કરીને તેના પર ચડી જવા લાગ્યા. વર્ધમાનકુમારે પણ એક ઝાડ પસંદ કર્યું, પણ પાસે જઈ જુએ છે તો તેના મૂળમાં એક ઝેરી સાપ પડેલો હતો. વર્ધમાને જરા પણ ડર્યા વિના સર્પને પકડી લીધો અને થોડે દૂર મૂકી દીધો. કુમારોને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓ વીરના ભારોભાર વખાણ કરવા લાગ્યા.

## વિદ્યાધ્યયન

પ્રભુ આઠ વરસના થયા એટલે પિતાએ તેમને અભ્યાસ કરાવવા માટે નિશાળે મૂકવાનો વિચાર કર્યો. તે વખતે ઇંદ્રનું સિંહાસન કંપાયમાન થયું એટલે ઇંદ્ર અવધિજ્ઞાનથી પ્રભુના માતાપિતાની અદ્ભુત સરલતા જાણી અને 'અરે શું સર્વજ્ઞ પ્રભુને શિષ્યપણું હોય ?' એમ વિચારી તત્કાળ ત્યાં આવ્યો. પ્રભુને નિશાળે લઈ જવામાં આવ્યા. ઇંદ્રે પ્રભુને ઉપાધ્યાયના આસન પર બેસાડચા. પછી પ્રણામ કરી પ્રાર્થના કરી એટલે પ્રભુએ શબ્દપારાયણ (વ્યાકરણ) કહી બતાવ્યું. એ શબ્દાનુશાસન ભગવંતે ઇંદ્રને કહ્યું એટલે તે લોકમાં ઐંદ્ર વ્યાકરણ તરીકે પ્રખ્યાત થયું.

સાત હાથ ઊંચી કાયાવાળા વર્ધમાન અનુક્રમે યૌવન વયને પામ્યા. માતાપિતાની આજ્ઞાથી પ્રભુએ સમરવીર રાજાની પુત્રી યશોદા નામની રાજકન્યા સાથે પાણિગ્રહણ કર્યું. તેનાથી પ્રભુને પ્રિયદર્શના નામની એક પુત્રી થઈ. તે યૌવન વયને પામી ત્યારે જમાલિ નામના રાજકુમારની સાથે પરણી. પ્રભુના અઠ્ઠાવીસમાં વર્ષે માતા-પિતા અનશનપૂર્વક મરી દેવલોકમાં ગયા. મોટાભાઈ નંદિવર્ધનનો રાજ્યાભિષેક થયો. ગર્ભાવાસમાં જ લીધેલો અભિગ્રહ પૂરો થયો એટલે દીક્ષા લેવા માટે તેમણે મોટાભાઈ નંદિવર્ધનની અનુમતિ માગી. મોટાભાઇએ કહ્યું કે, 'ભાઈ, માતાપિતાના વિયોગનું શૂળ હજી શમ્યું નથી. એ દુઃખ હજી મને વિસારે પડયું નથી. એટલામાં વળી તમે દીક્ષાની વાતો કરો છો તેથી મને ઘા ઉપર ક્ષાર નાખ્યા જેટલો સંતાપ થાય છે. આવી સ્થિતિમાં તમારે મને છોડીને જવાની વાત પણ ન ઉચ્ચારવી જોઈએ.' વૈરાગ્ય રંગથી રંગાયેલા પ્રભુએ કહ્યું, 'વડીલબંધુ ! આ સંસારમાં દરેક જીવે અનેકવાર માતા, પિતા, ભાઈ, બહેન, ભાર્યા અને પુત્રના સંબંધ બાંધ્યા. તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો કોઈ કોઈનું નથી. માટે શોક, સંતાપ છોડી દેવો એ જ ઉચિત છે.' રાજા નંદિવર્ધને કહ્યું, 'તમે કહો છો તે સંપૂર્ણ સત્ય છે. પણ તમે મને એટલા બધા પ્રિય છો કે તમારો વિરહ મને સંતાપકારક થઈ પડશે. માટે અત્યારે દીક્ષા લેવાનું મુલતવી રાખી હજુ બે વરસ મારા આગ્રહથી ખમી જાવ તો બહુ સારૂં. 'પ્રભુએ જણાવ્યું કે, 'ભલે તમારો આગ્રહ છે, તો હજી બે વરસ ઘેર રહીશ. પણ હવેથી મારે માટે કોઈપણ પ્રકારનો આરંભ કરશો નહિ. હું પ્રાસુક આહાર-પાણી વડે મારા શરીરનો નિર્વાહ કરીશ'.

વચન આપ્યા પ્રમાણે પ્રભુ બે વર્ષ વધારે કુટુંબીજનો સાથે રહ્યા, પણ તે બે વર્ષ પ્રર્યન્ત પ્રભુ નિરવદ્ય આહાર કરતા. જળ પણ અચિત જ પીતા અને હાથ, પગ, મુખ પણ અચિત જળથી ધોતા. તે વખતથી જ તેમણે જિંદગી પર્યન્ત બ્રહ્મચર્ય પાળ્યું.

## લોકાન્તિક દેવોનો સંકેત

પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થયેલી હોવાથી પ્રભુ પોતે જ દીક્ષા લેવાને તૈયાર હતા, ત્યારે લોકાન્તિક દેવોએ દીક્ષાને એક વરસ બાકી રહ્યું હતું ત્યારે પોતાના શાશ્વત આચાર પ્રમાણે પ્રભુને દીક્ષાનો અવસર આવ્યાનું સૂચવી દીધું. પ્રભુ સ્વયં સંબુદ્ધ છે. તેમને કોઈના ઉપદેશની અપેક્ષા હોતી નથી; પરન્તુ પોતાના આચારને માન આપી લોકાન્તિક દેવો આવો સંકેત સૂચવી જાય છે.

## વાર્ષિકદાન

ભગવાન મહાવીર અવધિજ્ઞાન અને અવધિદર્શન વડે પોતાનો દીક્ષાકાળ બરાબર જાણતા હતા. દીક્ષાકાળ નજીક આવેલો જાણી તેઓએ હીરા, માણેક, મોતી, સુવર્ણ, ધન, ધાન્ય, હાથી, ઘોડા, ઈત્યાદિનો ત્યાગ કરી યાચકો તથા સ્વગોત્રીઓને વહેંચી આપ્યું. દીક્ષા લેવાને એક વર્ષ બાકી હતું ત્યારથી જ તેમણે વાર્ષિક દાન આપવાનું શરૂ કર્યું. વાર્ષિક દાન સંબંધમાં એમ કહેવાય છે કે દાનની એવી તો વૃષ્ટિ થઈ કે દરિદ્રીઓના દારિદ્રય અને યાચકોના દીનતારૂપી દાવાનળ છેક શાન્ત થઇ ગયા. કેટલાક પુરૂષોને નવાં આભૂષણો, વસ્ત્રો અને અશ્વો વગેરે સાથે ઘર તરફ આવતાં જોઈ તેમની પત્નીઓ તેમને ઓળખી પણ ન શકી. પછી જ્યારે પુરુષોએ સોગન ખાધા, ખાત્રીઓ આપી, નિશાનીઓ આપી, ત્યારે જ સ્ત્રીઓને ખાત્રી થઇ કે આ બીજા કોઈ નહિ પણ તેમના પોતાના જ પતિ છે.

વાર્ષિક દાનની વિધિ સમાપ્ત થતાં, પ્રભુએ પોતાના વડીલ-બન્ધુ નંદિવર્ધનને કહ્યું, " હે રાજન્ ! તમે કહેલી મુદત હવે પૂરી થાય છે, તેથી હવે હું દીક્ષા સ્વીકારૂં છું. " આ વાત સાંભળી નંદિવર્ધને પણ અનુમતિ આપી. દીક્ષા મહોત્સવ કરવા માટે આખા ક્ષત્રિયકુંડ નગરને ધ્વજ, પતાકા તથા તોરણોથી શણગાર્યું. પચાસ

ધનુષ્ય લાંબી, પચાસ ધનુષ્ય પહોળી અને છત્રીસ ધનુષ્ય ઊંચી ચંદ્રપ્રભા નામની પાલખી તૈયાર કરાવવામાં આવી.

## દીક્ષાનો વરઘોડો

આવા પ્રકારની પાલખીમાં બેસીને પ્રભુ દીક્ષા લેવા માટે નીકળ્યા. પ્રભુના જમણા પડખે કુળની મહત્તરા સ્ત્રી ભદ્રાસન ઉપર બેઠી હતી અને ડાબે પડખે ધાવમાતા દીક્ષાનાં ઉપકરણ લઇને બેઠી હતી. આ ઉપરાન્ત છત્ર, ચામર, કળશ, પંખા ઈત્યાદિ લઈને અન્ય શૃંગારવાળી સ્વરૂપવતી તરૂણ નારીઓ બેઠી હતી. રાજાને નંદિવર્ધનની આજ્ઞાથી તેના સેવકોએ પાલખી ઉપાડી અને પછી શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર, ચમરેન્દ્ર તથા બલીન્દ્ર ઈત્યાદિ ઈન્દ્રો અને દેવોએ પ્રભુની પાલખી ઉપાડી પુષ્પવૃષ્ટિ કરી. દુંદુભિ વાગી રહી હતી. નોબતો ગગડી રહી હતી. વાજીંત્રો વાગી રહ્યા હતા. અનેક પ્રકારના વાજીંત્રોનો નાદ આકાશતલ અને ભૂતલ પર પથરાઈ રહ્યો હતો. વાજીંત્રોનો કર્ણપ્રિય નાદ સાંભળી નગરવાસી નારીઓ પોતપોતાનાં કાર્ય છોડી ઉતાવળથી દોડતી દોડતી આવી પ્રભુને નીરખવા ઊભી રહી.

પ્રભુના વરઘોડામાં હાથી, ઘોડા, રથ, પાયદળ, સૈન્ય, વીર-પુરુષો, હસાવનારી ટોળીઓ, નૃત્ય કરનારી ટોળીઓ, સ્ત્રીઓ, પુરૂષો, બાળકો, દેશ દેશના રાજા મહારાજાઓ, રાજકુમારો, અમલદારો, ભાટચારણો, કુટુંબીજનો, શેઠીયાઓ, સાર્થવાહો તથા ઇંદ્રો, દેવો, દેવીઓ વગેરે પ્રભુની આગળ પાછળ ચાલતા હતા.

અનેક સ્ત્રી પુરુષોના નમસ્કારો પ્રભુએ પોતાના જમણા હાથથી ગ્રહણ કર્યા. એ રીતે એક પછી એક એમ હજારો ઘરોની પંક્તિઓ ઓળંગીને પ્રભુનો વરઘોડો આગળ ચાલવા લાગ્યો. પુષ્પોની વૃષ્ટિઓ, સુગંધી પદાર્થો, પુષ્પમાળાઓ અને અલંકારોની શોભાવડે દેદિપ્યમાન લાગતા ભગવાન મહાવીર દીક્ષા લેવા માટે જ્ઞાતખંડવન તરફ આગળ વધવા લાગ્યા. ભગવન્તની પાછળ હાથી ઉપર બેઠેલાં,

મનોહર છત્ર વડે શોભતા અને ચામરો વડે વિંઝાતા નંદીવર્ધન રાજા પણ ધીમે ધીમે આગળ ગતિ કરી રહ્યા હતા. દીક્ષાનો વરઘોડો ક્ષત્રિયકુંડ નગરની મધ્યમાં થઈને પસાર થઈ જ્ઞાતખંડવન નામના ઉદ્યાનમાં, જયાં અશોક નામનું ઉત્તમ વૃક્ષ હતું ત્યાં આવ્યો.

પાલખી નીચે ઉતરાવી પ્રભુ પોતે નીચે ઉતર્યા અને પોતાની મેળે જ આભૂષણો અને અલંકારો ઉતારવા લાગ્યા. કુળની મહત્તરા સ્ત્રીએ હંસલક્ષણ સાડીમાં તે લઈ લીધા અને પ્રભુને વંદન તથા નમસ્કાર કરી એક બાજુ ખસી ગઈ.

ઇંદ્રે પ્રભુના સ્કંધ ઉપર એક દેવદૂષ્ય વસ્ત્ર નાખ્યું. પછી પ્રભુએ પંચમુષ્ટિ વડે સર્વકેશનો લોચ કર્યો. શક્રેન્દ્રે તે કેશ દેવદૂષ્ય વસ્ત્રમાં લઈને ક્ષીર સાગરમાં નાખ્યા. પછી તેણે પાછા આવીને સર્વ કોલાહલ અટકાવ્યો એટલે પ્રભુએ સિદ્ધને નમસ્કાર કરી ચારિત્ર ગ્રહણ કર્યું. તુરતજ પ્રભુને ચોથું મનઃપર્યવ જ્ઞાન માગશર વદ દશમને દિવસે ઉત્પન્ન થયું. આ સમયે પ્રભુએ છઠ્ઠ તપ કર્યો હતો અને તેમની ઉંમર ત્રીશ વરસની હતી.

# દીક્ષા લીધા પછી પ્રભુનો પહેલા ૭ વર્ષનો વિહાર

ગૃહસ્થાવાસમાં રાજકુમાર યોગ્ય વૈભવમાં ઊછરેલ વર્ધમાન કુમારે 'મહાવીર' ને ઉચિત ઉચ્ચ કોટિની દુષ્કર જીવનચર્યા શરૂ કરી. રાજસંપત્તિ, રાજકુટુંબ વગેરેને તૃણ સમાન સમજી, તેનો ત્યાગ-કરીને વીરકુમારે શ્રમણપણાનો સ્વીકાર કર્યો.

ચારજ્ઞાન વડે વિભૂષિત શ્રમણ ભગવાન મહાવીર વિહાર માટે બંધુવર્ગની અનુમતિ લઈ જ્ઞાતખંડથી આગળ ચાલ્યા. પ્રેમવશ બન્ધુ-વર્ગ પણ જ્યાં સુધી પ્રભુ દૃષ્ટિગોચર રહ્યા ત્યાં સુધી પ્રભુ સામે એકીટશે જોઈ રહ્યો, અને પ્રભુના વિયોગથી ચિત્તમાં વિષાદ પામી ત્યાંજ ઊભો રહીને ગદ્ગદ્ કંઠે બોલવા લાગ્યો કે,

" હે વીર! તમારા વિના શૂન્ય અરણ્ય સમાન એવા ઘેર અમે કેવી રીતે જઈશું ? હે બન્ધુ! તમારા વિના વાર્તાલાપનો આનન્દ કોની સાથે કરીશું ? કોની સાથે બેસીને ભોજન કરશું ? "

" હે આર્ય 'વીર વીર' કહી તમોને બોલાવીને તમારૂં દર્શન થતાં અતિશય પ્રેમથી અમે હર્ષ પામતા, પણ હવે તમારા વિયોગથી નિરાશ્રિત બનેલા અમે કોને આશ્રયે જઈ શું ? "

" હે બાંધવ! અમારી આંખોને અમૃતના અંજન સરખું અતિ-પ્રિય તમારૂં દર્શન અમોને ક્યારે થશે ? "

ઈત્યાદિ ગદ્ગદ્ કંઠે બોલતો અને આંસુડાં પાડતો બંધુ વર્ગ નિસ્તેજ મુખે ઘેર ગયો.

## દીક્ષાલીધા પછી પ્રભુને થયેલા પ્રતિકૂળ અને અનુકૂળ ઉપસર્ગો

પ્રભુને દીક્ષા મહોત્સવ વખતે ઈન્દ્રાદિ દેવોએ જે ગોશીર્ષ-ચંદનાદિ સુગંધમય ઉત્તમ પદાર્થોથી તથા પુષ્પોથી પૂજ્યા હતા. તે પદાર્થોની સુગંધી ચાર મહિનાથી પણ વધારે સમય સુધી પ્રભુના શરીર પર તેવી જ રહી હતી. આવી અલૌકિક સુગંધીને લીધે દૂર દૂરથી ખેંચાઈને આવેલા ભમરા પ્રભુને ડંખ દેવા લાગ્યા. ચારે તરફ ફેલાઈ રહેલી સુગંધીને લીધે કેટલાક જુવાનીઆ ગંધપુટા માગવા લાગ્યા, પરંતુ મહાવીર તો મૌન રહ્યા. તેથી તેઓ ક્રોધાયમાન થઈ પ્રભુને પ્રતિકૂળ ઉપસર્ગ કરવા લાગ્યા. સ્ત્રીઓ પણ અદ્ભુત સૌન્દર્યવાળા અને સુગન્ધમય શરીરવાળા વીરને ભોગ-પ્રાર્થનાદિ કરવા લાગી પણ પ્રભુ તો મેરૂની પેઠે નિશ્ચલ રહ્યા અને સર્વ ઉપસર્ગોને સમભાવપણે સહન કરતા વિચરવા લાગ્યા.

વિહાર કરતા પ્રભુ તે દિવસે બે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે કુમાર નામના ગામે પહોંચ્યા અને ત્યાં રાત્રિએ કાઉસગ્ગ ધ્યાને રહ્યા.

# ઈન્દ્રે અટકાવેલ ગોવાળનો ઉપસર્ગ

સંધ્યા સમયે એક ગોવાળિયો બે બળદો પ્રભુ પાસે મૂકી ગાયો દોહવા માટે ઘેર ગયો. બળદો તો દૂર જંગલમાં ચરવા ચાલ્યા ગયા. ગોવાળિયો ગાયો દોરીને ઘેરથી પાછો આવ્યો. બળદો ન દેખવાથી પ્રભુને પૂછયું, "હે દેવાર્ય ! અહીંથી મારા બળદો કઈ દિશામાં ગયા તે આપ જાણો છો ?" વીર પ્રભુ તરફથી તેનો કંઈ જ જવાબ મળ્યો નહીં એટલે તેણે વિચાર્યું કે તેમને કાંઈ ખબર નહીં હોય. પછી તે ગોવાળ બળદની શોધ કરવા આખી રાત જંગલમાં ભટક્યો, છતાં બળદનો પત્તો લાગ્યો નહિ. બળદો આખી રાત ચરી ફરતા ફરતા પાછા પ્રભુની પાસે પોતાની મેળે જ આવ્યા અને સ્વસ્થ ચિત્તે વાગોળતા વાગોળતા પ્રભુ પાસે બેઠા. પેલો ગોવાળિયો પણ ભટકી ભટકી ત્યાં આવ્યો, અને બળદોને બેઠેલા જોઈ તેણે વિચાર્યું કે, "અરે ! આને ખબર હતી તો પણ મને નકામો આખી રાત્રિ ભટકાવ્યો." એમ વિચારી ક્રોધથી બળદની રાશ ઉપાડી પ્રભુને મારવા દોડયો. આ સમયે શક્રેન્દ્રને વિચાર આવ્યો કે, 'પ્રભુ પ્રથમ દિવસે શું કરે છે તે જોઉં ?' પ્રભુને માર મારવા તૈયાર થયેલા ગોવાળિયાને જોયો ત્યારે શક્રેન્દ્રે તેને થંભાવી દીધો અને સ્થળ પર આવીને શિક્ષા કરી.

ભગવન્તને વંદન કરી ઈન્દ્રે કહ્યું : "હે પ્રભુ ! બાર વર્ષ સુધી આપને વિવિધ પ્રકારના વિષમ ઉપસર્ગો થવાના છે. આપની આજ્ઞા હોય તો ત્યાં સુધી હું આપની સેવામાં રહી કષ્ટ નિવારણમાં મદદગાર બનું."

## સહાયક તરીકે રહેવા ઈચ્છતા ઈન્દ્રને પ્રભુએ કરેલો નિષેધ

ઈન્દ્રની પ્રાર્થનાના ઉત્તરમાં ભગવન્તે કહ્યું, " હે દેવેન્દ્ર ! આ પ્રમાણે ભૂતકાળમાં કદી થયું નથી અને ભવિષ્યમાં થશે નહિ. તીર્થંકરો, દેવેન્દ્ર, સુરેન્દ્ર અથવા બીજા કોઈની સહાયથી કદાપિ કેવળજ્ઞાન પ્રાપ્ત કરતા નથી. પરન્તુ પોતાના ઉદ્યમ, બળ અને પુરુષાર્થથી કર્મો ખપાવી, ઉપસર્ગો સહન કરી, કેવળ જ્ઞાન પામીને, સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે અને કરશે. બધાં જ સિદ્ધાત્માઓ પોતાના કર્મો પોતે જ ભોગવે છે. ઉપસર્ગો ઘણા જ વિષમ છે અને તે શાન્તિથી કર્મનિર્જરાર્થે ભોગવવાના છે, એમ સમજીને જ મેં સંયમ લીધો છે. " આટલો પ્રત્યુત્તર આપી પ્રભુ શાન્ત થયા.

પ્રભુના આવા વચન સાંભળી ઈન્દ્રને પ્રભુ સાથે રહેવાનો વિચાર બંધ રાખવો પડયો, અને પ્રભુને મરણાંત ઉપસર્ગ થાય તો તે અટકાવવા સિદ્ધાર્થ વ્યંતરને પ્રભુ પાસે મૂકી ઈન્દ્ર સ્વસ્થાને ગયો.

બીજે દિવસે પ્રભુએ કુમાર ગામથી વિહાર કરી કોલ્લાગ સમીપ ગયા અને બહુલ બ્રાહ્મણને ત્યાં પહેલું પારણું કર્યું. તે વખતે (૧) વસ્ત્રની વૃષ્ટિ (૨) સુગંધી જલ અને પુષ્પોની વૃષ્ટિ (૩) દેવ દુંદુભિઓના નાદ (૪) ' અહો દાનમ્, અહો દાનમ્ ' એ પ્રમાણે આકાશમાં દેવોએ કરેલી ઉદ્‌ઘોષણા અને (૫) વસુધારા એટલે સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ એ પાંચ દિવ્યો પ્રગટ થયા.

કોલ્લાગ સન્નિવેશથી વિહાર કરી પ્રભુ મોરાક સન્નિવેશ આવ્યા. ગામની બહાર તાપસોનો આશ્રમ હતો. આશ્રમનો કુલપતિ રાજા સિદ્ધાર્થનો મિત્ર હતો. વીર પ્રભુના પરિચયમાં પણ તે આવ્યો હતો. પ્રભુને દેખતાં જ વંદન કરી આશ્રમમાં રહેવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી

કુલપતિના આગ્રહથી પ્રભુ ત્યાં એક રાત રહ્યા. બીજે દિવસે વિહાર સમયે કુલપતિએ કહ્યું, " કુમાર ! આ આશ્રમ બીજાનો ન સમજતા. થોડો સમય અત્રે રહી આ ભૂમિને પણ પાવન કરો.

ઓછામાં ઓછો આવતો વર્ષા કાળ આ એકાન્ત સ્થાનમાં નિર્ગમન કરજો. "

પ્રભુ તો વિતરાગ હતા, પણ કુલપતિના આગ્રહથી ત્યાં ચોમાસું રહેવાનું કબુલ કરી ત્યાંથી બીજી જગાએ વિહાર કરવા લાગ્યા. ભિન્ન ભિન્ન સ્થળે વિહાર કરી વર્ષાઋતુની શરૂઆતમાં પ્રભુ પાછા તે આશ્રમમાં આવી પહોંચ્યા. કુલપતિએ ભાવપૂર્વક પ્રભુને ઘાસના સંગ્રહવાળી એક અનુપમ ઝૂંપડીમાં સ્થાન આપ્યું.

# પ્રભુ મોરાક સન્નિવેશમાં

આ સમયે જંગલમાં ઘાસની તંગી હતી. તેથી ભૂખી થયેલી ગાયો કુલપતિના તાપસોની ઝૂંપડીનું ઘાસ ખાવા દોડી આવતી, પણ તાપસો લાકડીઓ મારી ગાયોને હાંકી કાઢી મૂકતા. તાપસોએ જ્યારે ગાયોને હાંકી કાઢી, ત્યારે ગાયો જેમાં પ્રભુ રહેતા હતા તે ઝૂંપડીના ઘાસને નિઃશંકપણે ખાવા લાગી. દયાળુ પ્રભુએ જ્યારે ઘાસ ખાતી ગાયોને ન હાંકી ત્યારે તે ઝૂંપડીના સ્વામી તાપસે કુલપતિ આગળ જઈ ફરિયાદ કરી. તેજ વખતે કુલપતિ પ્રભુ પાસે આવી કહેવા લાગ્યો, " હે વર્ધમાન ! પંખીઓ પણ પોત-પોતાના માળાનું રક્ષણ કરવા સાવધાન હોય છે; તમે તો રાજપુત્ર છો, છતાં શું પોતાના આશ્રય સ્થાનનું પણ રક્ષણ કરવા અસમર્થ છો ? આ કેટલું દુઃખદ કહેવાય ? "

સમભાવમગ્ન પ્રભુએ વિચાર્યું કે, " મારે આ સ્થળમાં રહેવાથી તાપસોને અપ્રીતિ થશે. તેથી સકળ પ્રાણીનું હિત ઈચ્છતા મારે અહીં રહેવું યોગ્ય નથી. " આ સમયે પ્રભુએ નીચે પ્રમાણે પાંચ અભિગ્રહ ગ્રહણ કર્યા :–

(૧) જ્યાં અપ્રીતિ થાય ત્યાં અને તેવા સ્થાને રહેવું નહિ.

(૨) જ્યાં રહેવું પડે ત્યાં ઊભા ઊભા કાઉસગ્ગ ધ્યાનમાં રહેવું.

(૩) કેવળ જ્ઞાન ન થાય ત્યાં સુધી પ્રાયઃ મૌન રહેવું.

(૪) હાથમાં ( કરપાત્રમાં ) જ આહાર કરવો.

(૫) ગૃહસ્થનો વિનય કરવો નહિ.

ઉપર પ્રમાણેની પાંચ પ્રતિજ્ઞાઓ લઈ પ્રભુ ચાતુર્માસની અધ-વચમાં ત્યાંથી વિહાર કરી અસ્થિક ગામની ભાગોળે આવ્યા.

પ્રભુએ ત્યાં વસવાને માટે ગામ લોકોને વિજ્ઞપ્તિ કરી એટલે ગામના લોકો બોલ્યા કે અહીં એક યક્ષ છે, તે કોઈને વસવા દેતો નથી. તે યક્ષની મોટી કથા છે તે સાંભળો :–

## શૂલપાણિયક્ષના પૂર્વભવનું વૃતાન્ત

અહીં પૂર્વે વર્ધમાન નામે શહેર હતું. અહીં બન્ને તટમાં કાદવવાળી વેગવતી નામે નદી છે. એક વખત ધનદેવ નામે કોઈ વણિક કરિયાણાના પાંચસો ગાડા ભરીને અહીં આવ્યો હતો. તેની પાસે એક મોટો વૃષભ હતો. તે મોટા વૃષભને આગળ કરીને તેણે બધા ગાડાઓ એ વિષમ નદી ઊતારી દીધા. અતિ ભાર ખેંચવાથી એ વૃષભ મુખમાંથી રૂધિરની ઉલટીઓ કરતો પૃથ્વી પર પડી ગયો. પછી તે વણિકે ગામના બધા લોકોને એકઠા કરી તે બળદની સાક્ષીએ કહ્યું કે, “હું મારા જીવિત જેવા બળદને અહીં થાપણની જેમ મૂકી જાઉં છું. તેનું તમે સારી રીતે પાલણપોષણ કરજો.” આ પ્રમાણે કહીને તેણે તે વૃષભના ઘાસચારા માટે તે ગામના લોકોને ઘણું ધન આપ્યું. તે પાપી ગામ લોકોએ ઘાસચારા માટે દ્રવ્ય લીધું, પણ કુવૈદ્ય જેમ દ્રવ્ય લીધાં છતાં રોગીની સંભાળ ન લે તેમ તેઓએ તે વૃષભના ઘાસચારા વગેરેની સંભાળ જ લીધી નહીં. ક્ષુધા તૃષાથી પીડિત થયેલા તે વૃષભના અંગમાં માત્ર અસ્થિ અને ચર્મ જ રહ્યા. તેણે વિચાર્યું, ‘અહો ! આ ગામજ બધું નિર્દય, પાપીષ્ટ, ચંડાલ જેવું અને ઠગારૂં છે. તેઓએ કરૂણા લાવીને મારું પાલન કરવું તો દૂર રહ્યું, પણ મારા શેઠે મારા ઘાસચારા માટે ધન આપ્યું હતું, તે પણ આ ગામના લોકો ખાઈ ગયા.” આ પ્રમાણે આ ગામના લોકો પર ક્રોધવાળો વૃષભ અકાળ નિર્જરા કરી મૃત્યુ પામ્યો અને શૂલપાણિ નામે વ્યંતર થયો. તેણે વિભંગ જ્ઞાનથી પોતાના પૂર્વ-

જન્મની કથા જાણી અને પોતાનું વૃષભરૂપ શરીર પણ દીઠું, તેથી તેને આ ગામના લોકો પર ઘણો ક્રોધ ચડયો. એટલે તેણે આ ગામમાં મહામારીનો રોગ વિકુર્વ્યો. તેથી મૃત્યુ પામતા ગામલોકોને લીધે અહીં અસ્થિના ઢગલા થઈ ગયા. ગામના લોકોએ મહામારીની શાન્તિ માટે અનેક ઉપાયો કર્યા, પણ જરા પણ શાન્તિ થઇ નહિ એટલે આ ગામના લોકો આ ગામ તજીને બીજા ગામોમાં ચાલ્યા ગયા. પણ શૂલપાણિયક્ષ તેમને ત્યાં પણ મારવા લાગ્યો. પછી સર્વ ગામ લોકોએ વિચાર્યું કે આપણે કોઈ દેવ, દૈત્ય, યક્ષ કે ક્ષેત્રપાલને કોપાવ્યો છે માટે પાછા તેજ ગામમાં જઇએ અને તેને પ્રસન્ન કરવાના ઉપાયો લઈએ. આ પ્રમાણે વિચારી તેઓ એકઠા થઈ પાછા આવ્યા. પછી તેઓ સ્નાન કરી, શ્વેત વસ્ત્ર પહેરી, ઉત્તરાસન ધરી, છૂટા કેશ મૂકી ત્રિક વગેરેમાં, ઉદ્યાનમાં, ભૂતગૃહોમાં તેમજ બીજે સર્વ સ્થાનકે બળિ ઉડાડતા, અંજલિ જોડી આ પ્રમાણે કહેવા લાગ્યા, " હે દેવતાઓ, અસુરો, યક્ષો, રાક્ષસો અને કિન્નરો! અમોએ પ્રમાદથી જે કાંઈ તમારો અપરાધ કર્યો હોય તે ક્ષમા કરજો. મહાન પુરૂષોનો કોપ કદિ નાટો હોય તોપણ તે પ્રણામ સુધી જ રહે છે. માટે જે કોઈ અમારાથી નારાજ થયા હોયતે પ્રસન્ન થાઓ,, " આવી ગામલોકોની દીનવાણી સાંભળી તે વ્યંતર આકાશમાં રહી બોલ્યો, "હે દુષ્ટ ગ્રામજનો! તમે હવે મારી માફી માગવા આવ્યા છો, પ્રણ તે વખતે પેલા ક્ષુધા તૃષાથી પીડિત વૃષભ માટે વણિકે ઘાસચારાનું ધન આપ્યું હતું, તે વડે પણ તમે તેને ઘાસ કે પાણી કંઈ આપ્યું ન હતું. તે વૃષભ મૃત્યુ પામીને હું આ શૂલપાણિ નામે યક્ષ થયો છું. વૈરથી હું તમને સર્વને મારી નાખવાનો છું." આવા વચન સાંભળી તેઓ પુન: ધૂપાદિક કરી, પૃથ્વી પર આળોટી આ પ્રમાણે કહેવા લાગ્યા, " હે દેવ, અમે તમારો અપરાધ કર્યો છે, તથાપિ હવે ક્ષમા કરો. અમે તમારા શરણે આવ્યા છીએ. તેમના આવાં વચન સાંભળી શૂલપાણિ જરા શાન્ત થયો અને બોલ્યો, "આજે મનુષ્યના અસ્થિઓ પડયાં છે. તેનો સંચય કરો અને તેની ઉપર

એક મારૂં ઊંચુ દેવાલય કરાવો. તેમાં વૃષભ રૂપે મારી મૂર્તિ સ્થાપો. યક્ષના વચન પ્રમાણે ગામલોકોએ ભેગા થઈને એક મંદિર બંધાવ્યું અને યક્ષની પૂજા માટે એક પૂજારી નીમ્યો. અહીં અસ્થિનો સંચય છે તેથી આ ગામનું નામ વર્ધમાન છે છતાં અસ્થિક ગ્રામ તરીકે ઓળખાય છે, જે કોઈ આ સ્થાનમાં રાતવાસો રહે છે તેને આ શૂલપાણી યક્ષ મારી નાખે છે, તેથી તમારે પણ અહીં રહેવું યોગ્ય નથી.

## શૂલપાણિયક્ષે પ્રભુને કરેલા ઉપસર્ગ

આ પ્રમાણે કહીને તે ગામના લોકોએ વીરપ્રભુને બીજું સ્થાન બતાવ્યું પણ પ્રભુએ તે ન સ્વીકારતાં યક્ષના સ્થાનની જ માગણી કરી એટલે ગ્રામલોકોએ તે સ્વીકારી. પ્રભુ તે યક્ષના સ્થાનમાં એક ખૂણે પ્રતિમા ધરીને ઊભા રહ્યા. વ્યંતરે વિચાર્યું કે, “ આ કોઈ મરવાની ઇચ્છાએ જ મારા સ્થાનમાં આવ્યો જણાય છે. ગ્રામલોકોએ અને મારા પૂજારીએ વારંવાર વાર્યો છતાં આ ગર્વિષ્ઠ મુનિ અહીંજ રાતવાસો રહ્યો છે, તો હવે હું તેના ગર્વને ઉતારું, ” સૂર્યાસ્ત પછી પૂજારી ગયો એટલે યક્ષે તેના કુકૃત્યો શરૂ કર્યાં પહેલાં અટ્ટહાસ્ય કર્યું. પછી હાથી, પિશાચ તથા સર્પનું રૂપ ધારણ કરી પ્રભુને અનેક ઉપસર્ગો કર્યા; પણ પ્રભુ ઉપર જ્યારે કંઈ જ અસર થઈ નહીં ત્યારે યક્ષે પ્રભુને શિર, નેત્ર, મૂત્રાશય, નાસિકા, દાંત, નખ, વગેરે સ્થળે વેદના ઉત્પન્ન કરી, પણ પ્રભુએ તે સહન કરી. આ પ્રમાણે ઉપસર્ગ કરી જ્યારે તે થાકયો ત્યારે પ્રભુને નમસ્કાર કરી કહેવા લાગ્યો, “ હે દયાનિધિ! તમારી-શક્તિને નહીં જાણતા એવા મેં દુરાત્માએ તમારા અત્યંત અપ-રાધો કર્યા છે તે ક્ષમા કરો. ” પછી યક્ષ પ્રભુના ચરણની પૂજા કરી સ્તુતિ કરવા લાગ્યો.

લગભગ ચાર પહોર સુધી યક્ષે પ્રભુને ઉપસર્ગ કર્યા હતા. તેથી શ્રમ લાગતાં પ્રભુને જરા નિદ્રા આવી તેમાં તેમણે નીચે પ્રમાણે દશ સ્વપ્નો જોયાં.

## પ્રભુએ દીઠેલાં દશ સ્વપ્નો

૧. પોતાના હાથથી તાલપિશાચને મારવો
૨. પોતાની સેવા કરતું એક શ્વેત પક્ષી
૩. પોતાની સેવામાં તલ્લીન બનેલ એક કોકિલ પક્ષી
૪. બે સુગંધિત શ્વેત માળાઓ
૫. સેવા કરવા ઉદ્યત થયેલો ગૌવર્ગ
૬. ખીલેલા કમળોવાળું પદ્મ સરોવર
૭. બે ભુજાથી સમુદ્ર તરી જવો
૮. ઊગતા સૂર્યના કિરણોનું ફેલાવું
૯. પોતાના આંતરડાથી માનુષોત્તર ગિરિનું લપેટાવું
૧૦. મેરૂ પર્વત પર ચઢવું.

સૂર્યોદય થયો એટલે ગ્રામજનો, પૂજારી અને ઉત્પલ નિમિત્તિઓ ત્યાં આવ્યા. પ્રભુને અક્ષત અંગવાળા અને પૂજેલા જોઈ સર્વ હર્ષ પામ્યા. પછી પુષ્પાદિક વડે પ્રભુને પૂજી રણમાં જીત પામેલા વીરોની જેમ તેમણે મોટો સિંહનાદ કર્યો. પ્રભુની અતુલશક્તિથી આનંદિત બનેલ લોકો કહેવા લાગ્યો, 'હે દેવાર્ય! આપના દિવ્ય આત્મબળથી આપે ક્રૂર યક્ષને પણ શાન્ત કરી દીધો. તે આપનો આ ગામ પર મોટો ઉપકાર થયો છે."

ઉત્પલ નિમિત્તિઓ પ્રભુને ઓળખીને વંદન કરી અને લઘુ શિષ્યની જેમ તે પ્રભુના ચરણકમળ પાસે બેઠો. ભગવંતે કાઉસગ પાળ્યા પછી ઉત્પલ પ્રભુને ફરી નમ્યો અને પોતાના જ્ઞાનના સામર્થ્યથી પ્રભુને આવેલાં દશ સ્વપ્નો જાણીને તે બોલ્યો કે, 'હે સ્વામી! તમોએ રાત્રિને અન્તે જે દશ સ્વપ્નો જોયા છે તેનું ફળ તો તમે પોતે જાણો છો, તથાપિ હું ભક્તિવશ થઈને કહું છું:—

## સ્વપ્નનો ફલાદેશ

૧. આપ મોહનીય કર્મનો જલદીથી નાશ કરી શકશો.

૨. શુકલ ધ્યાન આપનો સાથ નહિ છોડે.

૩. વિવિધ જ્ઞાનમય દ્વાદશાંગ સૂત્રની આપ પ્રરૂપણા કરશો.

૪. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આદિ ચતુર્વિધ સંઘ આપની સેવા કરશે.

૫. ચાર પ્રકારનો દેવ સમુદાય આપની સેવામાં હાજર રહેશે

૬. આપ સંસાર સમુદ્ર તરી જશો.

૭. આપને કેવળજ્ઞાન થશે.

૮. સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ સુધી આપનો નિર્મળ યશ ફેલાશે.

૯. સમવસરણમાં સિંહાસન પર બેસીને આપ દેવ અને મનુષ્યોની સભામાં ધર્મ પ્રરૂપણા કરશો.

આ પ્રમાણે નવ સ્વપ્નોનું ફળ તો હું જાણું છું. પણ ચોથા સ્વપ્નમાં બે માળાઓ જોઈ તેનું ફળ જાણતો નથી.

પ્રભુએ શાન્તિથી જણાવ્યું કે, "હે ઉત્પલ! મારા ચોથા સ્વપ્નનું ફળ એ થશે કે, સર્વવિરતિ અને દેશવિરતિરૂપ દ્વિવિધ ધર્મનો હું ઉપદેશ આપીશ."

આ પ્રમાણે ફલાદેશ સાંભળી સર્વેને સંતોષ થયો. પ્રભુએ શૂલપાણી યક્ષના મંદિરમાં તેમજ ગ્રામજનતાએ આપેલ આવાસ-સ્થાનમાં રહી, પ્રથમ ચાતુર્માસ ગાળ્યું. યક્ષ પ્રતિબોધ પામ્યો અને તે સંપૂર્ણ ધર્માનુરાગી ને સમતાધારી બન્યો. ગ્રામલોકોને પણ પ્રભુના દર્શન-ભક્તિનો લાભ મળ્યો.

આ ચાતુર્માસમાં પ્રભુએ અર્ધ અર્ધ માસની આઠ તપશ્ચર્યાઓ પૂર્ણ કરી. ચોમાસુ પૂરું થયે પ્રભુએ વાચાલ સન્નિવેષ તરફ વિહાર કર્યો.

# પ્રભુનું બીજું ચોમાસું

## મોરાક ગામમાં પ્રભુનું પધારવું અને અચ્છંદક નિમિત્તિયાનું વૃત્તાંત

અસ્થિક ગામથી વિહાર કરી પ્રભુ વાચાલ સન્નિવેષ તરફ ગયા. માર્ગમાં મોરાક ગામની સીમમાં આવી એક ઝાડીવાળા ઉદ્યાનમાં પ્રતિમા સ્વરૂપે તેઓ રહ્યા. ત્યાં પ્રભુનો મહિમા વધારવા માટે સિદ્ધાર્થ વ્યંતર પ્રતિમાધ્યાને રહેલા પ્રભુના શરીરમાં પેસીને લોકો આગળ ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાલની વાતો કહેવા લાગ્યો. તેણે કહેલા નિમિત્ત પ્રમાણે દરેક વાત સાચી પડવાથી ગામમાં પ્રભુનો મહિમા વધ્યો. તે ગામમાં અચ્છંદક નામે એક જ્યોતિષી રહેતો હતો. પ્રભુનો મહિમા વધતો જોઈ તેને ઈર્ષ્યા આવી. તેથી પ્રભુના મુખ દ્વાર બોલાતી સિદ્ધાર્થની વાણીને જૂઠી પાડવા તે સત્વર લોકો સાથે ત્યાં આવ્યો. પછી તે અચ્છંદકે બે હાથની આંગળીમાં ઘાસનું એક તરણું બન્ને બાજુથી પકડીને પ્રશ્ન કર્યો કે, 'કહો આ તરણું મારાથી છેદાશે કે નહિ ?' તેના મનમાં એમ હતું કે આ દેવાર્ય જો તરણું છેદાવાનું કહેશે તો નહીં છેદું અને નહિ છેદાવાનું કહેશે તો છેદી નાખીશ, તેથી તેમની વાણી લોકોમાં જૂઠી પડશે. પ્રભુના શરીરમાં સંક્રમેલા સિદ્ધાર્થે કહ્યું કે, 'એ તરણું છેદાશે નહિં'. આ વચન સાંભળી અચ્છંદક આંગળીથી તે તરણું છેદવા તત્પર થયો. હવે આ વખતે ઇન્દ્રે પોતાની સભામાં બેઠા બેઠા વિચાર્યું કે 'હમણાં પ્રભુ કયાં વિચરતા હશે ?' ઉપયોગ મૂકી જોયું તો પ્રભુને મોરાક ગામના ઉદ્યાનમાં જોયા, અને અચ્છંદકની આવી ચેષ્ટા જોઈ ઇન્દ્રે વિચાર્યું કે "પ્રભુના મુખથી નીકળેલી વાણી અસત્ય ન થાઓ." એમ વિચારી તેણે તુરત વજ્રવડે અચ્છંદકની દશે આંગળીઓ કાપી નાખી. તેથી તૃણ છેદાયું નહિ. પોતાનું કહેલું જૂઠું પાડવા તરકટ રચીને આવેલા

અચ્છંદક પર સિદ્ધાર્થ વ્યંતર ઘણો ગુસ્સે થયો, તેથી ગામમાં તેની હલકાઈ કરાવવા લોકોને જણાવ્યું કે–'આ નિમિત્તિઓ ચોર છે.' લોકોએ પૂછયું કે–"સ્વામી, તેણે શું અને કોનું ચોર્યું છે ?" સિદ્ધાર્થ બોલ્યો, "એણે વીરઘોષ નામના નોકરનો દશપલ પ્રમાણ વાટકો ચોરીને વીરઘોષના ઘરની પછવાડે પૂર્વદિશામાં ખજુરી નીચે દાટયો છે. વળી ઇન્દ્રશર્માનો ઘેટો ચોરીને તે ખાઈ ગયો છે : તેની નિશાની એ કે તે ઘેટાનાં હાડકાં પોતાના ઘરની ઓરડી નીચે દાટયાં છે. વળી આપાંખડીનું ત્રીજું પણ એક દુશ્ચરિત છે, પણ મારાથી તે કહી શકાય એવું નથી, તેની સ્ત્રી પાસે જઈ પૂછશો તો તેની સ્ત્રી કહેશે. લોકોએ તુરત જ અચ્છંદકને ઘેર જઈ પૂછયું. અચ્છંદકને પોતાની પત્ની સાથે અણબનાવ રહેતો; વળી તે દિવસે તેણીને તેણે મારી હતી; તેથી અચ્છંદકની પત્ની બોલી કે "એ પાપિષ્ઠનું મોઢું, પણ જોવા યોગ્ય નથી, કારણ કે તે પોતાની બહેનને પણ ભોગવે છે."

આવી રીતે લોકોમાં હલકો પડવાથી અચ્છંદક ઝંખવાણો પડી ગયો અને કોઈપણ માણસ પ્રભુ પાસે ન હતું ત્યારે પ્રભુ પાસે આવી દીનપણે નમીને બોલ્યો કે, "હે સ્વામી ! આપ તો વિશ્વવંદ્ય હોવાથી જ્યાં જ્યાં આપણા ચરણ કમલથી પૃથ્વી પાવન થાય છે ત્યાં ત્યાં પૂજાઓ છો. પણ હે દયાળુનિધિ મારી તો અહીં જ આજીવિકા છે માટે મેં કરેલો અપરાધ માફ કરો અને લોકોમાં થતી લઘુતાથી બચાવો." પ્રભુએ વિચાર્યું કે, અહીં રહેવાથી આને અપ્રીતિ થશે. માટે જગતનું ભલું કરવાને ઇચ્છતા મારે અહીંથી વિહાર કરવો શ્રેયસ્કર છે."

મોરાક ગામથી વિહાર કરી પ્રભુ શ્વતાંબી નગરી તરફ ચાલ્યા. માર્ગમાં ગોવાળિયા મળ્યા તેઓએ કહ્યું કે, "હે સ્વામી ! આપ જે માર્ગે જાઓ છો તે માર્ગે કનકખળ નામે તાપસોનો આશ્રમ આવે છે. ત્યાં હમણાં એક ચંડકૌશિક નામે દૃષ્ટિવિષ

સર્પ રહે છે, તે ઝેરી સર્પે ઘણા માણસોના પ્રાણ હરી લીધા છે, માટે એ સરલ માર્ગ છોડી દઈ આ બીજે માર્ગે જાઓ." આ પ્રમાણે તેઓએ વાર્યા છતાં કૃપાળુ પ્રભુ ચંડકૌશિકને પ્રતિબોધ પમાડવા તે જ આશ્રમે ગયા.

ચંડકૌશિકનો પૂર્વભવ

ચંડકૌશિક પૂર્વભવમાં એક ઉગ્ર તપસ્વી સાધુ હતો. તે સાધુ એક વખતે તપસ્યાને પારણે ગોચરી વહોરવા માટે એક શિષ્ય સાથે ગયા. રસ્તામાં ચાલતા ચાલતા તેમના પગ નીચે એક નાની દેડકી આવી જવાથી ચગદાઇ મરી ગઇ. આ બનાવ શિષ્યના જોવામાં આવવાથી આલોચના માટે ચગદાઈ ગયેલી દેડકી તેણે ગુરુને બતાવી. તે સમયે ગુરુએ માત્ર એટલું જ કહ્યું કે પછી આલોચના લઇશું. બપોરના સમયે દેવવંદન કરતાં શિષ્યે આલોચના લેવા માટે સ્મરણ કરાવ્યું, ત્યારે તે સમયે પણ ગુરુએ જણાવ્યું કે, 'રાત્રિના પ્રતિક્રમણ સમયે લઈ લઈશું. શુદ્ધબુદ્ધિથી શિષ્યે વિચાર કર્યો કે મારા ભદ્રિક ગુરુ આમાં ખોટી રીતે લજ્જિત બને છે. તેમને આલોચના લીધા વગર છૂટકો જ નથી.

સાંયકાળે પ્રતિક્રમણ સમયે આલોચના કર્યા વગર જ્યારે પોતાના ગુરુ બેસી ગયા, ત્યારે શાન્તિથી શિષ્યે ફરી તેમને યાદ આપી. ગુરુને આ સમયે શિષ્ય પર ક્રોધ ચડયો અને તેને મારવા દોડયો. પણ ક્રોધાવેશમાં દોડતાં ઉપાશ્રયમાં વચમાં સ્તંભ (સ્થંભ) આવે છે તેનું ભાન રહ્યું નહિ અને સ્તંભ સાથે તેમનું મસ્તક જોરથી અફળાયું અને આલોચના કર્યા વગર જ તે સમયે જ મુનિરાજ સ્વર્ગે સિધાવ્યા.

સંયમની વિરાધના કરવાથી તે જ્યોતિષી નિકાયમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયેથી કનકખળ નામના સ્થાનમાં પાંચસો તપસ્વીઓના કુલપતિના કૌશિક નામે પુત્ર થયા. બાલવયથીજ તે અતિક્રોધી હોવાથી તેનું નામ ચંડકૌશિક પાડયું.

પિતાના સ્વર્ગવાસ પછી તે તાપસોનો કુલપતિ થયો. તેને પોતાના તપોવન પર હદઉપરાન્તનો મોહ હતો. વનવેલીનું એકાદ પાંદડું કે ફળ ફૂલ કોઈ તોડતું તો તેને ક્રોધપૂર્વક મારવા દોડતો. તેના ત્રાસથી તમામ તાપસો ત્યાંથી અન્યત્ર ચાલ્યા ગયા. ફક્ત એકલો જ તે વનમાં રહેવા લાગ્યો.

એક સમયે શ્વેતાંબી નગરીના કેટલાક રાજકુમારો આ તપોવનમાં આવી ક્રીડા અને કલ્લોલ કરતા હતા. ક્રીડા કરતાં તપોવનમાં થતું નુકશાન ચંડકૌશિકથી સહન થયું નહિ અને કુહાડો લઈ ક્રોધાવેશમાં તેમને મારવા દોડયો. દોડતાં દોડતાં ક્રોધાંધ ચંડકૌશિક માર્ગમાં રહેલા કૂવાનું ભાન ભૂલી ગયો અને તે કુહાડા સહિત કૂવામાં પડયો. પરિણામે આ તીક્ષ્ણ કુહાડો જ તેના ઘાતનું કારણ બન્યો અને ચંડકૌશિક મૃત્યુ પામ્યો. ક્રોધના તીવ્ર અધ્યવસાયથી મરીને તેજ આશ્રમમાં પોતાના પૂર્વભવના નામવાળો દૃષ્ટિ વિષ સર્પ થયો.

### વીરપ્રભુએ ચંડકૌશિકને આપેલો પ્રતિબોધ

વીરપ્રભુ તે આશ્રમમાં આવીને કાઉસ્સગ ધ્યાને સ્થિર ઊભા. પ્રભુને જોઇ ક્રોધથી ધમધમી રહેલો તે ક્રોધી સર્પ સૂર્ય સામી દૃષ્ટિ કરી પ્રભુ સન્મુખ દૃષ્ટિ જવાળા ફેંકવા લાગ્યો, છતાં પ્રભુને નિશ્ચળ જોઇ વધારે ક્રોધ કરી તેણે સૂર્ય સામું જોઇ જોઈને વિશેષ દૃષ્ટિ જવાળા છોડવા માંડી, તો પણ એ જવાળાઓ પ્રભુ પર જલધારા જેવી થઇ ગઇ. આવી રીતે ત્રણ વાર દૃષ્ટિ જવાલા છોડવા છતાં પ્રભુને એકાગ્ર ધ્યાને ઊભા રહેલા જોઈ તે અજ્ઞાની અભિમાની સર્પ વધારે ગુસ્સે થયો અને પ્રભુને ડસવા લાગ્યો, 'મારા તીવ્ર વિષથી આક્રાન્ત થઈને આ પડશે તો હું ચગદાઈ જઇશ. એવા ઇરાદાથી તે સર્પ ડસી ડસીને પાછો હઠી જતો. પ્રભુના પગે જે જે સ્થાને તે કરડતો હતો ત્યાંથી તેનું ઝેર પ્રસરી શકતું નહીં,

માત્ર ત્યાંથી ગાયના દૂધ જેવી રૂધિરની ધારા ઝરતી હતી. સર્પે વિચાર્યું કે –'હું જેના સામે દૃષ્ટિ કરું તેને પણ બાળીને ભસ્મ કરી નાખું છું, પણ આને તો ડંખ મારવા છતાં સફેદ રૂધિર નીકળ્યું ! વળી મારા એકજ ડંખથી ગમે તેવો બલિષ્ટ માણસ પણ ચક્કર ખાઈને પડી જઈ મરણને શરણ થાય; પણ આ તો ઘણા ડંખ મારવા છતાં વ્યાકુળતા રહિત સ્થિર ઊભા છે!" આ પ્રમાણે વિસ્મય પામેલો તે સર્પ પ્રભુ સામે જોઈ રહ્યો પ્રભુની શાન્ત મુદ્રા જોઈ તેના ક્રોધી નેત્રમાં શાન્તિ પ્રસરી જ્યારે તે કંઈક શાન્ત થયો ત્યારે પ્રભુ બોલ્યા કે "બુજ્ઝ બુજ્ઝ ચંડકોશીઆ હે ચંડકૌશિક સમજ સમજ" આ પ્રમાણે પ્રભુના અમૃત સમાન વચન સાંભળી પ્રભુની શાન્ત મુદ્રા અને પર્વત સમાન ધીરતા દેખી ઉહાપોહ કરતાં તે સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતે કરેલા અપરાધનો પશ્ચાતાપ કરતો તે સર્પ તુરત પાછો હઠી ગયો, અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ, 'અહો ! કરૂણા-સમુદ્ર ભગવંતે મને દુર્ગતિરૂપી કૂવામાં પડતો બચાવ્યો.' ઈત્યાદિ શુભ ભાવના ભાવતા તે સર્પે તેજ વખતે અનશન લઈ લીધું. 'વિષ વડે ભયંકર એવી મારી દૃષ્ટિ કોઈ ઉપર ન પડો.' એમ વિચારીને તે સર્પ પોતાનું મસ્તક બિલમાં રાખી સ્થિર રહ્યો. આવી રીતે તે સર્પને સ્થિર દેખી, તે માર્ગે થઈને ઘી, દૂધ વગેરે વેચવા જતી સ્ત્રીઓએ નાગરાજને સંતુષ્ટ થયેલો જાણી, ઘી, દૂધ વગેરેથી તેની ભકિતપૂર્વક પૂજા કરી. સ્ત્રીઓએ તે સર્પને શરીર પર ચોપડેલા ઘીની સુગંધીથી ત્યાં કીડીઓ એકઠી થઈ ગઈ, અને સર્પને તીક્ષ્ણ ચટકા ભરવા લાગી. છતાં પણ પ્રતિબોધ થઈ શુભ ધ્યાનમાં આરૂઢ થઈ નિશ્ચલ રહેલો તે સર્પ જરા પણ ચલાયમાન થયો નહિં. આવી રીતે અતિશય વેદના થવા છતાં પોતાના પાપની નિન્દા કરતો અને શુભ ભાવના ભાવતો જતો, પ્રભુની દૃષ્ટિરૂપી અમૃતવૃષ્ટિવડે સિંચાયેલો તે ચંડકૌશિક સર્પ એક પખવાડીયે મૃત્યુ પામી સહસ્રાર દેવલોકમાં દેવ થયો.

## નાગસેન શેઠને ત્યાં પ્રભુએ કરેલું પારણું

ચંડ કૌશિકને તારી પ્રભુ ત્યાંથી ઉત્તરવાચાલ ગામ આવ્યા. પક્ષોપવાસના પારણાના માટે ગામમાં ગોચરીએ ફરતા, તે ગામના નાગસેન નામના ગૃહસ્થને ઘેર પધાર્યા. તે દિવસે જ શેઠનો પુત્ર પુષ્કળ ધનની પ્રાપ્તિ કરી ઘેર આવ્યો હતો. તેના આનંદોત્સવ નિમિત્તે સગાસંબંધીઓ અને જ્ઞાતિબંધુઓ જમણ જમી રહ્યા હતા. તે સમયે ગુણ નિધાન એવા પ્રભુને પોતાને ત્યાં પધારતા જોયા. પ્રભુને જોતાં જ હર્ષિત થયેલ નાગસેન શેઠ જાતે ઊભા થયા અને પ્રેમપૂર્વક ક્ષીર ભોજનથી પ્રભુને પારણું કરાવતા બોલ્યા કે, "અમારા આજે ધન્ય ભાગ્ય કે આપ જેવા દેવાર્યે મારા ગૃહે પધારી અનુપમ લાભ આપ્યો છે. હે પ્રભુ! આ જગતમાં માણસોને રાજ્ય, ધન-સંપત્તિ, પુત્ર, પરિવાર વગેરે બધું મળી રહે છે, પણ આપ જેવા દેવાર્ય મહાત્માના દર્શન દુર્લભ હોય છે."

આ દાનના સમયે 'અહોદાનં અહોદાન' એવો ગગનભેદી શબ્દ ધ્વનિ સંભળાયો.

## રાજાઓએ કરેલો પ્રભુનો સત્કાર

ઉત્તરવાચાલથી પ્રભુ શ્વેતામ્બી તરફ ચાલ્યા. ત્યાંના પ્રદેશી રાજાએ પ્રભુનો ભાવભીનો સત્કાર કર્યો. તે રાજવી શુદ્ધ શ્રાવક બન્યો હતો. ત્યાંથી પ્રભુ સુરભિપુર વિહાર કરી રહ્યા હતા. ત્યાં માર્ગમાં પ્રદેશી રાજાને ભેટવા જતા પાંચ નૈયક રાજાઓએ પણ પ્રભુનો સત્કાર કર્યો.

સુરભિપુર અને રાજગૃહના વચમાં ગંગાનદી વહેતી હતી. તેમજ વિહાર માટે અન્ય માર્ગ ન હોવાથી ભગવાન નાવમાં બેઠા. બીજા પણ અનેક મુસાફરો નાવમાં બેઠા હતા. ખેમલ નામનો એક નિમિત્તિઓ પણ આ નાવમાં હતો. નાવ આગળ ચાલતાં જ ડાબી બાજુથી ઘૂવડનો ભયંકર ધ્વનિ થયો. આ સાંભળી ખેમલ નિમિ-

ત્તિઓ બોલ્યો, "આ મોટા અપશુકન થયા છે. આથી સમજાય છે કે આપણા સર્વ પર પ્રાણઘાતક સંકટ આવવાનું છે, પરન્તુ આ મહાત્માના પ્રભાવથી આપણે સર્વ બચી જઈશું."

## સુદંષ્ટ્ર દેવે પ્રભુનું નાવ બુડાડવા કરેલ નિષ્ફળ પ્રયાસ

પ્રભુએ ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં જે સિંહને માર્યો હતો, તે સિંહનો જીવ ઘણાં ભવ ભ્રમણ કરી ભુવનપતિમાં સુદંષ્ટ્ર નામે નાગકુમાર દેવ થયો. તેણે પ્રભુને નાવમાં બેઠેલા જોઇ, પૂર્વજન્મનું વૈર સંભારી, વૈરનો બદલો લેવા માટે નાવને બૂડાડવા તૈયારી કરી. હવે જ્યારે સુદંષ્ટ દેવ નાવને ડૂબાડી દેવા આદિ વિઘ્ન કરવા લાગ્યો, ત્યારે કંબલ અને શંબલ નામના દેવોએ આવી સુદંષ્ટ્રને પરાજીત કર્યો અને નાવ કિનારે પહોંચાડયું.

## કંબલ અને શંબલ દેવોનો પૂર્વવૃત્તાંત

પ્રભુનું નાવ બૂડાડવાના સુદંષ્ટ્ર દેવના પ્રયાસને નિષ્ફળ કરનાર કંબલ શંબલનું પૂર્વવૃત્તાન્ત નીચે પ્રમાણે છે :–

મથુરા નગરીમાં જિનદાસ નામે શેઠ હતો. તેને સાધુદાસી નામે સ્ત્રી હતી. તેઓ પરમ શ્રાવક હતા. ગૃહસ્થનું પાંચમું વ્રત લેતી વખતે તેમણે સર્વથા પ્રકારે ઢોર ન રાખવાનું પચ્ચકખાણ કર્યું હતું. તેથી તેઓ એકપણ પશુ રાખતા નહિ. તેઓ ત્યાં રહેતી એક આહીરણ પાસેથી દૂધ વગેરે વેચાતું લેતા. સાધુદાસી તેને યોગ્ય પૈસા આપતી. લાંબા સમયના સંપર્કથી તે બન્ને વચ્ચે ગાઢ પ્રીતિ થઇ. એક વખત તે આહીરણને ઘેર વિવાહનો પ્રસંગ આવ્યો, તેથી તેણે શેઠ શેઠાણીને આમંત્રણ આપ્યું. તેઓએ કહ્યું કે " અમે આવી શકીશું નહિ, પણ વિવાહમાં જે કાંઇ વસ્તુઓ જોઈએ તે લઈ જજો. પછી જિનદાસે વાસણ, વસ્ત્રો, ઘરેણાં, ધૂપ, સુગંધી પદાર્થો, વગેરે ઉત્તમ ઉત્તમ વસ્તુઓ આપી. શેઠે આપેલી સામગ્રીથી આહીરણને ઘેર વિવાહોત્સવ ઘણો સારો થયો. તેથી લોકોમાં તેનાં

વખાણ થવા લાગ્યા. આથી આહિર અને આહિરણ જીનદાસ ઉપર ઘણા ખુશી થયાં. તેઓ અતિમનોહર, મજબૂત અને સરખી વયના શંબલ તથા કંબલ નામના ત્રણ ત્રણ વરસના બે વાછરડા શેઠને આપવા આવ્યા. જિનદાસ અને સાધુદાસીએ વાછરડા પાછા લઈ જવા ઘણું સમજાવ્યા છતાં તેઓ પરાણે તેમને ઘેર બાંધી ચાલ્યા ગયા. જિનદાસે વિચાર્યું કે–"જો આ વાછરડાને છોડી મૂકીશ તો લોકો તેમને ખસી કરી ગાડી, હળ વગેરેમાં જોડી દુઃખી કરશે, માટે ભલે મારે ઘેર જ રહ્યાં." ઈત્યાદિ વિચારી તે દયાળુ જિનદાસ બન્ને વાછરડાનું પ્રાસુક ઘાસ અને પાણીથી પોષણ કરવા લાગ્યો. જિન-દાસ આઠમ, ચૌદશ વગેરે પર્વતિથિએ પોષધ લઈ ધાર્મિક પુસ્તકો વાંચતો. તે સાંભળી બળદો પણ ભદ્રક પરિણામી થયા. પછી જે દિવસે શેઠ ઉપવાસ કરે. તે દિવસે બળદો પણ ઘાસ પાણી વાપરે નહિ. તે દિવસે શેઠ તેમને ઘાસ નીરે, પણ બળદો વાપરે નહિ, ત્યારે જિનદાસે વિચાર્યું કે, "આટલા દિવસ તો મેં માત્ર દયા ને લીધે આ બળદોને પોષ્યા, પણ હવે તો મારા સાધર્મિકો છે. માટે મારે તેમનું બહુમાન કરવું જોઈએ."

એક વખત ભંડીરવણ નામના યક્ષનો યાત્રોત્સવ આવ્યો, તેથી તે દિવસે જુવાનીયાઓએ વાહનોની વાહનક્રીડા કરવા માંડી. તે ઉત્સવમાં જિનદાસનો એક મિત્ર અતિ બલિષ્ઠ અને દેખાવડા તે બળદોને જોઈ જીનદાસને પૂછયા વગર જ લઈ ગયો. જેમણે જન્મથી ધોંસરી પણ જોઈ ન હતી એવા તે અણપલોટ બળદોને પોતાની ગાડીએ જોડી તેણે એકબીજાની સ્પર્ધાથી એવા તો દોડાવ્યા કે વાહનક્રીડા કરનાર સર્વને જીતી લીધા, પણ બહુ દોડવાથી તે સુકોમળ બળદોના સાંધા તૂટી ગયા. જિનદાસનો મિત્ર કામ પતાવી તે બળદોને જિનદાસને ઘેર બાંધી ચાલ્યો ગયો. ભોજન અવસરે જિનદાસ ઘેર આવ્યો અને બળદોને ઘાસ નીર્યું તો ઘાસ ખાધું નહિ, પાણી પાવા લાગ્યો તો પાણી પણ પીધું નહિ. બળદોના

મુખ પહોળા પડી ગયેલા અને શ્વાસ ચડી ગયેલા જોઈ જિનદાસને ઘણું દુઃખ થયું, અને આંખમાં આંસુ લાવી પચ્ચકખાણ કરાવ્યું, નવકાર મહામંત્ર સંભળાવ્યો, વગેરે ધાર્મિક ક્રિયા કરી, જિનદાસે તે બળદોને નિર્યામણા કરાવી. શુભ ભાવના ભાવતા તે બળદો મરીને નાગકુમાર દેવ થયા. તીર્થંકર પ્રભુને ઉપસર્ગ થતો જોઈ તેઓએ વિઘ્ન નિવારણ કર્યું.

કંબલ શંબલના પ્રયત્નોથી નાવ કિનારે આવ્યું એટલે પ્રભુ નાવમાંથી ઊતર્યા અને ગંગાની રેતીમાં ચાલતા પૂણાગ સન્નિવેશની ભાગોળે જઇ, યોગ્ય સ્થાને ધ્યાનસ્થ થયા.

## પુષ્ય નામના સામુદ્રિક શાસ્ત્રીનો વૃત્તાન્ત

ગંગાની રેતીમાં ચાલતાં પ્રભુના પગલાં પડયાં હતાં. પુષ્ય નામનો એક સામુદ્રિકશાસ્ત્રી એ રસ્તેથી રાજગૃહ જઈ રહ્યો હતો. ગંગાના રેતાળ પ્રદેશમાં પડેલ પ્રભુના પાદ ચિન્હો જોઈ તે મનમાં વિચારવા લાગ્યો કે ચોક્કસ આફતથી ઘેરાયેલ કોઈ ચક્રવર્તી આ રસ્તે એકલો પગે ચાલીને ગયો છે. હું જઈને તેની સેવા કરું કારણ કે ભવિષ્યમાં એને ચક્રવર્તીપદ પ્રાપ્ત થતાં મારૂં પણ ભાગ્ય તેની સાથે ખુલી જાય.

ભગવાનની પાદપંક્તિ નજર સમક્ષ રાખી પુષ્ય રાજગૃહી નજીકના પૂણાગ (પુણાગ ૧) ગામની ભાગોળે પહોંચ્યો. ત્યાં તેને ધ્યાનસ્થ પ્રભુ દેખાયા. પ્રભુને દેખતાં જ નિરાશ થઈ તે બોલ્યો, “આજ સુધી હું સમજતો હતો કે સામુદ્રિક શાસ્ત્ર સાચું છે, પણ આજથી ખાતરી થાય છે કે તેમાં વિશ્વાસ રાખવા જેવું નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે ગંગાનદીના રેતાળ પ્રદેશમાં જેવાં પગલાં પડયાં છે, તેવા ચિન્હવાળો પુરુષ અવશ્ય ચક્રવર્તી થાય, પણ આજ હું નજરે જોઈ રહ્યો છું કે આવી રેખાવાળો મનુષ્ય ભિક્ષુક તરીકે ગામે ગામ ભટકી રહેલ છે.”

પુષ્ય નૈમિત્તિકનો સામુદ્રિક શાસ્ત્ર પરથી વિશ્વાસ ઊઠી ગયો અને તે પોતાના ગ્રંથો જળ શરણ કરવાની તૈયારી કરવા લાગ્યો. તેવામાં તેના સાંભળવામાં આવ્યું કે જેના સંબંધમાં પોતે ઉહાપોહ કરી રહ્યો છે તે કોઈ સામાન્ય ભિક્ષુક નથી. પણ ધર્મચક્રવર્તી તીર્થંકર છે. તે ચક્રવર્તી અને દેવ દેવેન્દ્રોને પણ પૂજ્ય છે.

પુષ્ય પોતાની ભૂલ સમજ્યો. પ્રભુને વંદન કરી પોતાના કામે ચાલ્યો ગયો.

## ગોશાળાની ઉત્પત્તિ

આ સમયે મેખલી નામે કોઇ મેખ્ય એટલે ચિત્રકળા જાણનાર ભિક્ષાચર વિશેષ હતો. તેને ભદ્રા (અથવા શુભદ્રા, નામે એક પત્ની હતી. તેઓ બન્ને ચિત્રપટ હાથમાં રાખી ગુજરાન ચલાવતા હતા. ફરતા ફરતા શરવણ નામના એક ગામમાં આવ્યા. તે ગામમાં ઘણી ગાયોવાળા કોઈ બ્રાહ્મણની ગોશાળામા ભદ્રાએ એક પુત્રને જન્મ આપ્યો. તે બાળક ગોશાળામાં જન્મ્યો તેથી તેનું નામ ગોશાળ પાડ્યું. યુવાવસ્થા પામ્યો એટલે તેણે પોતાના પિતાનો ધંધો શીખી લીધો. આ ગોશાળક માતાપિતાને વશ રહેતો ન હતો. જન્મથી જ લક્ષણહીન હતો અને ઉત્કટ વિચક્ષણ હતો. એક વખતે તે માતા-પિતા સાથે કલહ કરી. ચિત્રપટ લઇને ભિક્ષા માટે નીકળી પડયો. ફરતો ફરતો તે રાજગૃહ નગરે આવ્યો. જે પ્રદેશ પ્રભુએ અલંકૃત કર્યો હતો, તે શાળામાંજ તે ગોશાળો સિંહની પાસે શગાલની જેમ એક ખૂણે આવીને રહ્યો. પ્રભુ માસક્ષમણનું પારણું કરવાની ઈચ્છાએ વિજય શ્રેષ્ઠીને ઘેર કરપાત્ર વડે વહોરવા આવ્યા. વિજય શેઠે પ્રભુને ભાવથી પારણું કરાવ્યું. તે વખતે આકાશમાં 'અહો દાનમ્, અહો દાનમ્.' એમ ઉદ્ઘોષણાપૂર્વક દેવોએ પાંચ દિવ્યો પ્રગટ કર્યા. તે હકીકત સાંભળી ગોશાળે વિચાર્યું કે—" આ મુનિ કોઈ સામાન્ય નથી, કારણ કે તેમને અન્ન આપનારના ઘરમાં પણ

આવી સમૃદ્ધિ થઈ ગઈ, માટે હું તો આ ચિત્રપટનું પાખંડ છોડી દઈને આ પ્રભાવી મહાત્માનો જ શિષ્ય થાઉં, કારણકે આવા ગુરુ નિષ્ફળ નહિ થાય. ” તે ગોશાળો આમ ચિંતવતો હતો તેવામાં પ્રભુ પારણું કરીને પાછા તે શાળામાં આવી કાયોત્સર્ગ કરીને રહ્યા. ગોશાળો નમીને બોલ્યો કે “ હે ભગવન્ ! અત્યાર સુધી અજ્ઞાનથી હું આપનો પ્રભાવ જાણી શકયો ન હતો, પણ આજે મને ખબર પડી કે આપ મહાપ્રભાવી મહાત્મા છો; આજથી હું આપનો શિષ્ય થઈને આપની સાથે જ રહીશ, આપ એકજ મારૂં શરણ છો. ” પ્રભુ તો મૌન ધરીને જ રહ્યા. ગોશાળો પોતાની બુદ્ધિથી પ્રભુનો શિષ્ય થઈને રહ્યો.

પ્રભુને બીજા માસક્ષમણનું પારણું નંદ નામના શેઠે કરાવ્યું અને ત્રીજા માસક્ષમણનું પારણું સુનન્દ નામના ગૃહસ્થે કરાવ્યું.

### ગોશાળો નિયતિવાદ ગ્રહણ કરે છે

ચાતુર્માસ પૂર્ણ થયા પછી કારતક સુદ પુનમને દિવસે ગોશાળે હૃદયમાં ચિંતવ્યું કે વીરપ્રભુ મોટા જ્ઞાની છે, એમ સાંભળું છું તો આજે હું તેમના જ્ઞાનની પરીક્ષા કરૂં. પછી તેણે પૂછયું, “ હે સ્વામી ! આજે પ્રત્યેક ગૃહમાં વાર્ષિક મહોત્સવ થાય છે, તો મને આજે ભિક્ષામાં શું મળશે તે કહો.” તે વખતે સિદ્ધાર્થ વ્યંતર પ્રભુના શરીરમાં પ્રવેશી બોલ્યો કે-“રે ભદ્ર, ખાટું થઈ ગયેલું કોદ્રવને કુરનું ધાન્ય અને દક્ષિણામાં ખોટો રૂપિયો મળશે. ” તે સાંભળી ગોશાળો દિવસના પ્રારંભથી જ ઉત્તમ ભોજન માટે શ્વાનની જેમ ઘેર ઘેર ભટકવા લાગ્યો. તથાપિ તેને કાંઈ પણ મળ્યું નહિ. જ્યારે સાયંકાળ થયો ત્યારે કોઇ સેવક તેને પોતાને ઘેર લઈ ગયો. અને ખાટાં થઈ ગયેલાં કુર અને કોદરા આપ્યાં. અતિ ક્ષુધાને લીધે ગોશાળો તેવું અન્ન પણ ખાઈ ગયો. પછી તેને દક્ષિણામાં એક રૂપિયો આપ્યો; તે રૂપિયાની પરીક્ષા કરાવી તો તે પણ ખોટો

નીકળ્યો. એટલે તે લજ્જા પામી ગયો. " પછી જે ભાવી હોય છે તે થાય છે જ." એવા નિયતિવાદને તેણે ગ્રહણ કર્યો.

ચોમાસું પુરું થયા પછી પ્રભુએ નાલન્દાથી વિહાર કર્યો અને રાજગૃહના કોલ્લાગ સન્નિવેશમાં જઈ બકુલ બ્રાહ્મણને ત્યાં માસક્ષમણનું પારણું કર્યું.

નાલન્દાથી ભગવાને વિહાર કર્યો ત્યારે ગોશાળો ભિક્ષા માટે બહાર ગયો હતો. ભિક્ષાચર્યાથી પાછા ફરી તે શાળામાં આવ્યો તો પ્રભુને ન દીઠાં. એણે વિચાર્યું કે ભગવાન વસ્તીમાં ગયા હશે. તે પાછો નગરમાં ગયો અને રાજગૃહને એકેએક મહોલ્લા તથા ગલીમાં શોધ કરી, પણ પ્રભુનો પત્તો ન લાગ્યો.

હવે એણે ધાર્યું કે પ્રભુ કાંઇક બહાર ગયા હશે તેથી તે પોતાને સ્થાને પાછો આવ્યો. ભિક્ષામાં જે કાંઈ પ્રાપ્ત થયું હતું તે અને આજીવિકાની તમામ વસ્તુઓ બ્રાહ્મણોને દાનમાં અર્પણ કરી, પોતે માથુ મુંડાવી એક મુનિની જેમ મહાવીરની શોધમાં નીકળી પડયો. અંતે કોલ્લાગ સન્નિવેશમાં તે ભગવાનને મળ્યો. પ્રભુને વંદન કરી, ગળગળા થઇ હાથ જોડી કહ્યું કે– " હે ભગવાન ! આપ મારા ધર્માચાર્ય અને હું આપનો શિષ્ય." ગોશાળાની પ્રાર્થનાનો સ્વીકાર કરતાં ભગવાને કહ્યું. " બહુ સારૂં." પછી તો ગોશાળકે પ્રભુની સાથે વિહાર કર્યો.

## વીરનું ત્રીજું ચાતુર્માસ

### ધૂળમાં મળેલી ગોશાળાની ખીર ખાવાની આશા

કોલ્લાગથી પ્રભુ સુવર્ણખલ તરફ જઈ રહ્યા હતા. માર્ગમાં એક સ્થળે ગોવાળોની એક ટોળી હાંડીમાં ખીર બનાવતી હતી તે ગોશાળાની નજરે પડી. ગોશાળક બોલ્યો, " જુઓ પ્રભુ અહીં ગોવાળીયાઓ ખીર બનાવી રહેલ છે. આપ જરા સ્થિરતા કરો તો તેનો લાભ મને મળે." ભગવાને કહ્યું, " આ ખીર થશે જ નહિ. વચ્ચમાં જ હાંડી ફાટી ખીર ઢાળાઈ જશે." ગોશાળાએ ગોવાળિયા

ઓને કહ્યું, "સાંભળો છો? આ. ત્રિકાળ જ્ઞાની દેવાર્ય કહે છે "આ ખીરની હાંડી ફુટી જશે."

ગોશાળાની ચેતવણીથી ગોપ ટોળી વધુ તર્ક વિતર્કવાળી બની, અને વાંસની ખપાટોથી હાંડીને સારી રીતે મજબૂત બાંધી દીધી.

ભગવાન તો નિસ્પૃહતાથી આગળ નીકળી ગયા, પરંતુ ગોશાલક ક્ષીરી ભોજનની લાલચે ત્યાંજ થોભી ગયો.

હાંડી દૂધથી ભરેલી હતી. ચોખા પણ એમાં નાખી દીધા હતા. જોઇએ તે કરતાં ઘણા વધારે ચોખા નાખેલા હોવાથી તે ફુલ્યા એટલે હાંડલી ફુટી ગઇ. ગોશાળાની આશાઓ પણ ક્ષીર સાથે ધૂળમાં મળી ગઈ.

આ જોઈ મંખલીપુત્ર બોલ્યો, "થવાનું હોય તે કોઇ પણ ઉપાયે મિથ્યા થતું નથી અથવા ભવિતવ્યતઃ નો યોગ કદાપિ મિથ્યા થતો નથી." પછી ગોશાળો ઉતાવળો ઉતાવળો આગળ વધી પ્રભુને મળ્યો.

### શાપ આપી ગોશાળાએ બાળેલું બ્રાહ્મણનું ઘર

પ્રભુ સુવર્ણખલ પહોંચ્યા. ત્યાંથી વિહાર કરી બ્રાહ્મણ ગામ ગયા. ત્યાં નંદ અને ઉપનદ નામના બે ભાઈઓના બે પાડા હતા. પ્રભુ નંદના પાડામાં ગોચરી ગયા. નંદે પ્રભુને ભક્તિથી ઉત્તમ ભોજન વહોરાવ્યું. ગોશાળો ઉપનંદના પાડામાં ઉપનંદને ઘેર ગયો. ઉપનંદની આજ્ઞાથી એની દાસી વાસી ચોખા ભિક્ષામાં આપવા આવી પરંતુ ગોશાલકે તે લેવાનો ઈન્કાર કર્યો. આ સમયે ઉપનંદે દાસીને કહ્યું કે "જો તે ભિક્ષા ન સ્વીકારે તો એના ઉપર ફેંકીને ચાલી આવ" દાસીએ તે જ પ્રમાણે કર્યું. આથી ગોશાળો ગુસ્સે થયો. શાપ દઈ તેણે બ્રાહ્મણનું ઘર બાળી નાખ્યું.

બ્રાહ્મણ ગામથી વિહાર કરી પ્રભુ ચંપાનગરીમાં પધાર્યા અને ચોમાસુ ચંપામાં કર્યું આ ચાતુર્માસમાં પ્રભુએ બબ્બે માસક્ષમણની બે તપશ્ચર્યા કરી. અને વિવિધ આસનોથી ધ્યાન ધર્યું. પહેલું પારણું ચંપામાં કર્યું અને બીજું ચંપાની બહાર

ચંપાનગરીથી પ્રભુએ કોલ્લાગ સન્નિવેશ તરફ વિહાર કર્યો.

# ચતુર્થ ચાતુર્માસ

## મુખ દોષથી ગોશાળાને મળેલો મેથીપાક

ચંપાથી પ્રભુ કોલ્લાગ સન્નિવેશ પધાર્યા ત્યાં ગામની સીમના એક ખંડેર મકાનમાં વાસ કર્યો અને આખી રાત પ્રતિમા ધારણ કરીને રહ્યા. ગોશાળો વાનરની જેમ ચપળતા કરતો કરતો તેના દ્વાર આગળ બેઠો.

તે ગામના સ્વામીને સિંહ નામે એક પુત્ર હતો. અભિનવ યૌવન વાળો હોવાથી વિધુન્મતિ નામની તેની દાસીની સાથે રતિ ક્રીડા કરવાની ઇચ્છાએ તે શૂન્ય ગૃહમાં પેઠો. તેણે ઊંચે સ્વરે કહ્યું કે “ આ ગૃહમાં કોઈ સાધુ, બ્રાહ્મણ કે મુસાકર હોય તો બોલજો કે જેથી અમે અત્રેથી બીજે સ્થાને જઈએ ” પ્રભુ તો કાયોત્સર્ગમાં રહેલા હતા તેથી મૌન રહ્યા. પરંતુ ગોશાળો આ વચન સાંભળ્યા પછી પણ કપટથી બોલ્યો નહિ જ્યારે કોઈનો પ્રત્યુત્તર મળ્યો નહિ, ત્યારે તે સિંહે દાસીની સાથે ઘણીવાર સુધી ત્યાં ક્રીડા કરી પછી તે ઘરમાંથી નીકળવા ગયો એટલે પ્રકૃતિથી ચપળ અને દુર્મતિવાળા ગોશાળાએ વિધુન્મતિ દાસીનો હાથ પકડ્યો. એટલે દાસીએ બૂમ પાડી કહ્યું, “ સ્વામી કોઈ પુરુષે મને સ્પર્શ કર્યો. તત્કાળ સિંહ પાછો વળી ગોશાળાને પકડીને બોલ્યો કે અરે કપટી ! તે ગુપ્ત રહીને અમારો અનાચાર જોયો તે વખતે મેં બોલાવ્યો તો પણ ઉત્તર આપ્યો નહિ.” આ પ્રમાણે કહીને ગોશાળાને સારો મેથી પાક આપી સિંહ સ્વસ્થાને ગયો. પછી ગોશાળે પ્રભુને કહ્યું, “ હે સ્વામી ! તમારા દેખતા આણે મને માર્યો ” સિદ્ધાર્થ બોલ્યો. “ તું અમારા જેવો આચાર કેમ નથી રાખતો ? દ્વારે રહીને આવી ચપળતા કરે તો તને માર કેમ ન પડે ?”

બીજે દિવસે પ્રભુએ પત્રકાળ નામના ગામ તરફ વિહાર કર્યો. પત્રકાળમાં પણ પ્રભુ પૂર્વની જેમ કોઇ શૂન્ય ગૃહમાં પ્રતિમા ધરીને રહ્યા. ગોશાળો ભય પામીને ઘરના એક ખૂણામાં બેસો રહ્યો. તે ગામના સ્વામીનો પુત્ર સ્કંદ પણ દંતિલા નામની દાસીની સાથે રતિ ક્રીડા કરવા ત્યાં આવ્યો તેણે પણ સિંહની જેમ પૂછ્યું. પણ કોઇએ ઉત્તર આપ્યો નહિ. પછી તે ક્રીડા કરી નીકળ્યો ત્યારે ગોશાળો ઊંચે સ્વરે હસી પડયો. ' અહીં પિશાચની જેમ ગુપ્ત રહીને કોણ હશે છે? ' એમ બોલી સ્કન્દે તેને ઘણો માર્યો. ગોશાળે પ્રભુને કહ્યું કે ' નાથ ! શું સ્વામીનો ધર્મ આવો હોય ! મને નિર્દોષને મારે છે ત્યારે તમે મારૂં કેમ રક્ષણ રક્ષણ કરતા નથી ?" સિદ્ધાર્થ બોલ્યો, " અરે મૂર્ખ ! તેતર પક્ષીની જેમ મુખદોષથી તું આમ અનેક વાર અનર્થ ભોગવે છે."

પ્રભુએ અહીંથી કુમાર સન્નિવેશ તરફ વિહાર કર્યો અને રમણીય ચંપા અરણ્યના ઉદ્યાનમાં આવી ધ્યાનસ્થ બન્યા લગભગ મધ્યાહ્ન થવા આવ્યું હતું. ભિક્ષાનો સમય થઈ ગયો હતો આ સમયે ગોશાલકે પ્રભુને કહ્યું,

" હે ભગવન્ત ભિક્ષાનો સમય થઈ ગયો છે. " પ્રભુએ કહ્યું. " મારે તો આજે ઉપવાસ છે. " પ્રભુ ભિક્ષાર્થે જવાના ન હતા અટલે ગોશાળો એકલો ગામમાં ભિક્ષા લેવા ગયો.

## શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય શ્રી મુનિચંદ્ર સૂરિનું વૃત્તાન્ત

આ સમયે પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય શિષ્ય મુનિ ચંદ્ર નામના આચાર્ય ઘણા શિષ્યોના પરિવાર સહિત તેજ ગામમાં કુંભારની વણાટશાળામાં રહેલા હતા ફરતો ફરતો ગોશાળક વણાટ-શાળામાં જઇ પહોંચ્યો. ત્યાં પાર્શ્વાપત્ય મુનિના તેને દર્શન થયાં. ગોશાલકે તેમને પૂછયું. " તમે કોણ છો ? " પાર્શ્વાપત્ય મુનિ બોલ્યા, " અમે શ્રમણ નિર્ગ્રંથ છીએ. "

ગોશાલક બોલ્યો, "વાહ ! નિર્ગ્રંથ આટલા આટલા પાત્રો અને આટલા આડંબર યુક્ત વસ્ત્રાદિકની સામગ્રી હોવા છતાં આપ કેવી રીતે નિર્ગ્રંથ ? સાચા નિર્ગ્રંથ તો અમારા ધર્માચાર્ય છે, જે તપ જ્ઞાન અને ત્યાગની સાક્ષાત્ પ્રતિ મૂર્તિ છે."

પાર્શ્વાપત્યે કહ્યું, બોલવામાં અને વર્તનમાં જેવો તું ઉધ્ધત અને અવિવેકી દેખાય છે. તેવા જ તારા ધર્માચાર્ય હોવા જોઈએ"

આવા આક્ષેપ કારક વચનો સાંભળી ગોશાળાને ક્રોધ ચડયો, અને શાપ દીધો કે "જો મારા ધર્માચાર્યનું તપ તેજ હોય તો તેના પ્રભાવથી તમારો આશ્રમ બળી જાઓ."

પાર્શ્વાપત્યે કહ્યું, "અમે શાપથી ડરતા નથી, તારા વચનથી અમારૂં આશ્રયસ્થાન બળવાનું નથી."

પ્રભુનું નામ લઇ પોતે શાપ આપવા છતાં જ્યારે સાધુઓનું આશ્રયસ્થાન બળ્યું નહિ, ત્યારે વીલખો થઇ ગોશાળો પ્રભુ પાસે આવીને સર્વ વૃત્તાન્ત નિવેદન કરી બોલ્યો. "હે સ્વામી ! મેં આપના નામથી શાપ આપવાં છતાં તે સાધુંઓનો ઉપાશ્રય ન બળ્યો તેનું શું કારણ ?"

પ્રભુએ કહ્યું. "તેઓ પાર્શ્વનાથ પ્રભુના શિષ્યો છે. તે સાધુઓ કે તેમનુ નિવાસ સ્થાન શાપથી ન બળે."

**ચોરાકમાં પ્રભુને થયેલ ઉપસર્ગ સોમા અને જયન્તિકાએ નિવાર્યો.**

પ્રભુ ત્યાંથી વિહાર કરીને ચોરાક ગામે આવ્યા ત્યાં ચોરને શોધનારા આરક્ષક પુરૂષોએ ગોશાળા સહિત પ્રભુને કાયોત્સર્ગે રહેલા જોયા. તેમણે પૂછયું "તમે કોણ છો ? પરન્તુ મૌનના અભિગ્રહવાળા પ્રભુ કંઈ પણ બોલ્યા નહિ. ઉત્તર ન મળવાથી આરક્ષક પુરૂષોએ ધાર્યું કે જરૂર આ કોઈ જાસુસ છે, તેથી મૌન ધરી રહેલ છે. આમ ધારીને તે ક્રૂર પુરૂષોએ ગોશાળા સહિત પ્રભુને પકડયા અને બન્નેને બાંધીને કૂવામાં નાખ્યા અને વારંવાર ઘડાની જેમ ઊંચા નીચા

૪

કરવા લાગ્યા તે અવસરે સોમા અને જયંતિકા નામે ઉત્પન્ન નિમિત્તીયાની બે બહેનો, કે જેઓ પાર્શ્વનાથ પ્રભુની ઉત્તમ સાધ્વીઓ થઈ હતી, તેઓ તે ગામમાં આવેલી હતી. તેમણે લોકો પાસેથી સાંભળ્યું હતું કે અમુક સ્વરૂપવાળા કોઈ બે પુરૂષોને આરક્ષક લોકો કુવામાં નાખી ઊંચા નીચા કરી પીડા આપે છે. તે સાંભળી તેઓએ વિચાર્યું કે, કદાચ તે ચરમ તીર્થંકર મહાવીરસ્વામી હોય. તેઓ તત્કાળ ત્યાં આવી અને ત્યાં પ્રભુને તેવી સ્થિતિમાં જોયા એટલે આરક્ષકોને કહ્યું. "અરે મૂર્ખો ! તમે શું મરવાને ઈચ્છો છો ? આ સિદ્ધાર્થ રાજાના પુત્ર મહાવીર પ્રભુ છે એમ શું તમે નથી જાણતા ?" સાધ્વીના આવાં વચન સાંભળી, તેઓએ ભય પામી પ્રભુને મુક્ત કર્યા અને અપરાધની વારંવાર માફી માગવા લાગ્યા. બંને સાધ્વીઓ પણ પ્રભુને ભક્તિપૂર્વક વંદન કરી સ્વસ્થાને ગઈ.

પ્રભુએ ચોરાકથી પૃષ્ટ ચંપા તરફ વિહાર કર્યો અને ચોથું ચાતુર્માસ ત્યાં ગાળ્યું. આ ચાતુર્માસમાં લગુડાસન, વીરાસનમાં સતત ધ્યાન ધરતાં પ્રભુએ ચાતુર્માસિક તપ કર્યો. છેલ્લે દિવસે પારણું કરી કૃતાંગલ સન્નિવેશ તરફ વિહાર કર્યો.

### પાખંડીઓના મંદિરમાં પ્રભુ અને ગોશાળો

કૃતાંગલ સન્નિવેશમાં સપત્નીક, સારંભી, પરિગ્રહધારી દરિદ્ર સ્થવીર નામના પાખંડીઓ રહેતા હતા. તેમના ફળિયામાં શિખરબંધ શુશોભિત એક મંદિર હતું. પ્રભુને આ સ્થાન યોગ્ય લાગવાથી તેના એકાન્ત ભાગમાં પ્રભુ ધ્યાનસ્થ થયા અને ગોશાલક શાંતિથી બેસી રહ્યો.

જે દિવસે પ્રભુએ અહીં કાઉસ્સગધ્યાને સ્થિરતા કરી તે દિવસે પાખંડીઓનો ધાર્મિક ઉત્સવ હોવાથી સંધ્યાકાળ થતાં જ સ્ત્રી તથા પુરૂષો એક થઈ વાજાવાજીંત્રો સાથે ગીતગાન તેમજ નૃત્યમાં લીન બન્યા હતા. આ રીતે ઉત્સવમાં એકતાન થવાથી તેઓ દેહભાન પણ ભૂલી ગયા હતા. વાદ્યોનો જોરશોરથી અવાજ થઈ રહ્યો

હતો તેથી ગોશાલક હેરાન થઈ ગયો. પ્રભુ તો પોતાના ધ્યાનમાં લીન હતા. મંદિરના બહારના ભાગમાં મેહુલો ઝરમર વરસી રહ્યો હતો. તેને કારણે વાતાવરણ શાંત બન્યું હતું. ઠંડો પવન પણ સ્ત્રી પુરૂષોને મત્ત બનાવી રહ્યો હતો. ગાનતાન અને નાચમાં મશગૂલ બનેલા લોકો કુટુંબીજનોનું પણ ભાન ભૂલી જવા લાગ્યા. યથેચ્છ મદિરાપાન થવા લાગ્યું. આવી જાતની લીલા જોઈ, અત્યારસુધી મૌન રહેલા ગોશાળાથી બોલી જવાયું કે "આ તે કઈ જાતની ધર્મક્રિયા! જ્યાં રમણી વિષે પ્રેમચેષ્ટા કરાતી હોય અને નાચ અને ગાનતાનમાં મસ્ત બનીને કોણ પરાયું અને કોણ પોતીકું તેનો વિવેક પણ ન જળવાતો હોય તેને તે કેવા પ્રકારનો ધર્મ કહેવો ?"

આવા કર્ણકટુ વચનથી પાખંડીઓ રોષે ભરાયા ને ગોશાલકની ડોક પકડી. માર મારી, મંદિરની બહાર કાઢી મૂક્યો.

બહારના ભાગમાં ઠંડો પવન વાતો હતો. વરસાદ વરસતો હતો. ઠંડીથી ધ્રૂજતો ગોશાળો ઉચ્ચ સ્વરે બોલવા લાગ્યો. "જગતનો માર્ગ જ વિપરીત છે. સાચું બોલવાવાળાઓની મારા જેવી હાલત થાય છે."

મંદિરની બહારના ભાગમાં ઠંડીથી ધ્રૂજતા ગોશાળાની એક વૃદ્ધને દયા આવી. તેણે કહ્યું, "ધ્યાનસ્થ મહાત્માનો આ માણસ ભક્ત દેખાય છે. તેને હવે વધુ હેરાન ન કરતાં અંદર બોલાવી ચૂપચાપ બેસી રહેવા દો."

પછી ગોશાલકને મંદિરના એક ખૂણામાં બેસાડવામાં આવ્યો અને લોકોએ વધુ જોરશોરથી નાચવા કૂદવા માંડયું. ગોશાલકને તેમના આવા અયોગ્ય વર્તનથી ઘણું લાગી આવ્યું, પણ બોલે તો માર ખાય એમ સમજીને તે ચૂપ રહ્યો અને આખી રાત અશાંતિમાં ગાળી.

કૂતાંગલ સન્નિવેશથી વિહાર કરી પ્રભુ ~~શ્રાવસ્તી આવ્યા~~ અને

નગરીની બહાર કાઉસ્સગ ધ્યાને રહ્યા. ભોજન સમયે ભિક્ષા માટે જતા ગોશાળાએ પ્રભુને પૂછયું, "સ્વામી ! આજે મને કેવો આહાર મળશે ?" પ્રભુએ કહ્યું, "આજે તું મનુષ્યનું માંસ ખાઈશ." ગોશાલાએ વિચાર કર્યો કે–"જયાં માંસની ગંધ પણ ન હોય તેવે સ્થાનેથી આજે ભિક્ષા લેવી." આ પ્રમાણે નિશ્ચય કરી સાવધાન થઈ વૈશ્યોને ઘેરજ ભિક્ષા માટે શ્રાવસ્તી નગરીમાં ફરવા લાગ્યો."

## ગોશાળાએ ભક્ષણ કરેલ મૃત બાળકનું માંસ

તે નગરીમાં પિતૃદત્ત નામે વૈશ્ય હતો તેને શ્રીભદ્રા નામે પત્ની હતી. શ્રીભદ્રાને મરેલાં જ બાળક અવતરતાં, તેથી તેણે શિવદત્ત નામના નિમિત્તીયાને આ દોષ નિવારવાનો ઉપાય પૂછયો. શિવદત્તે કહેલું કે–"જયારે તને મરેલ સંતાન જન્મે, ત્યારે તે મરેલા બાળકનું માંસ દૂધપાક સાથે મેળવી દઈ કોઇ ભિક્ષુકને આપજે. તેમ કરવાથી તને જીવતા બાળક અવતરશે." હવે શ્રીભદ્રાને તેજ દિવસે મરેલું બાળક અવતરેલું, તેથી તેણે તે મરેલા બાળકનું માંસ દૂધપાક સાથે મેળવી તૈયાર રાખ્યું હતું. ગોશાળો ફરતો ફરતો ત્યાં આવ્યો. વાટ જોઈને બેઠેલી શ્રીભદ્રાએ તુરત ઊભા થઇ તે દૂધપાક ગોશાળાને આપ્યો. અને "આ સાધુ માંસની ખબર પડતાં શાપ આપશે તો ઘર બાળી નાખશે." એવા ભયથી તેણે ગોશાળો ગયો કે તુરત ઘરનું બારણું ફેરવી નાખ્યું. ગોશાળો તે દૂધપાક શુદ્ધ જાણી ખાઈ ગયો અને પ્રભુ પાસે આવી વૃત્તાન્ત નિવેદન કર્યું પણ પ્રભુએ તે દૂધપાક સંબંધી મૂળ વાત કહી જણાવી, ત્યારે ગોશાળાએ નિર્ણય કરવા મુખમાં આંગળી નાંખી વમન કર્યું, વમન (ઉલટી)માં બરાબર તપાસ કરતાં બાળકનું માંસ જણાયું. દૂધપાક સાથે માંસ ભેળવી પોતાને ઠગનારી તે બાઈ ઉપર ગોશાળાને ગુસ્સો ચડયો, અને શાપ આપી તેનું ઘર બાળી નાખવા તુરત ત્યાં આવ્યો; પણ બારણું ફેરવી નાખેલું હોવાથી ઘર ઓળખી શકયો નહીં. પછી ગોશાળો બોલ્યો કે "જો મારા ધર્માચાર્યનું તપ

તેજ હોય તો આ પાડો બળી જાઓ." સાન્નિધ્યમાં રહેલા વ્યંતરોએ વિચાર્યું કે "પ્રભુનું માહાત્મ્ય અન્યથા ન થાઓ." એમ વિચારી તેઓ એ આખા પાડાને બાળી નાખ્યો.

શ્રાવસ્તીથી પ્રભુ હલદ્દુત (હરદ્ર) ગામે પધાર્યા. હલદ્રુત ગામની બહાર હરિદ્ર નામનું અતિ પ્રખ્યાત પ્રાચીન તેમજ અતિવિશાળ એક વૃક્ષ હતું. તે વૃક્ષની નીચે પરમાત્માએ તેમજ ગોશાલકે રાત્રિની સ્થિરતા કરી અને પ્રભુ ધ્યાનસ્થ બન્યા. અનેક મુસાફરો પણ આ વૃક્ષ નીચે રાતવાસો કરી બીજે દિવસે પ્રભાતે આગળ જતા હતા. માત્ર ગોશાલક અને પ્રભુ બન્ને જણાજ ત્યાં રહ્યા હતા. તેવામાં એક અતિ દુઃખદાયક ઘટના બની.

### હરિદ્ર વૃક્ષ નીચે પ્રભુએ સહન કરેલ અગ્નિનો ઉપસર્ગ

એજ વૃક્ષની નીચે રાતવાસો રહેલા મુસાફરોએ ઠંડી ઊડાડવા માટે રાત્રે તાપણી સળગાવી હતી. પણ સવાર થતાં તેઓ અગ્નિને બુઝાવ્યા વગર જ પોતપોતાને રસ્તે ચાલતા થયા. પવનના સખત ઝપાટાઓને કારણે અગ્નિ આગળ વધ્યો. જે સ્થળે પ્રભુ ધ્યાનારૂઢ થયા હતા ત્યાં વૃક્ષના પાંદડાઓનો મોટો ઢગલો થયો હતો. તેથી આગ વધતી વધતી ત્યાં સુધી આવી પહોંચી. ગોશાલકે અગ્નિને આગળ વધતી જોઈ પ્રભુને કહ્યું કે "હે દેવાર્ય, ભાગો ! ભાગો !" પણ પ્રભુ મહાવીરે તો કર્મનિર્જરાર્થે દેહની મમતા વોસરાવી ઉગ્ર તપશ્ચર્યા આદરી હતી. શું તેઓ કર્મવશ બની આ સમયે નાસી છૂટે ખરા ? કદાપિ જ નહિ.

માઝા મૂકેલ અગ્નિજ્વાળાઓ જેમને માટે કસોટીરૂપ બની છે એવા અનંતજ્ઞાની પ્રભુ તો ત્યાં જ વધુ સુદૃઢ ધ્યાનસ્થ બન્યા. અગ્નિનીજ્વાળાઓ વધતી વધતી પ્રભુના પાદપીઠ સુધી આવી પહોંચી. પરિણામે તેમના બન્ને પગો દાઝી ગયા.

આ પ્રસંગની મહત્તા સમજાવતા સૂત્રકારો જણાવે છે કે ધ્યાનમાં મગ્ન રહેલ પ્રભુના શરીરને અગ્નિજ્વાળાઓ સ્પર્શવા

લાગી, છતાં તે જાણે શીતળ જળના તરંગો ન હોય તેમ માની, આ પરિસહ સહન કરી, પ્રભુ ધ્યાનારૂઢ રહ્યા. આવું દુઃખ પડે છતાં ડગે નહિ તેનું નામ જ ધ્યાનમગ્ન આત્મા કહેવાય.

ગોશાળો તો આ ઉપસર્ગ સહન ન કરી શકવાથી દૂર નાસી ગયો હતો અને અગ્નિ શાંત થતાં પાછો પ્રભુ પાસે આવ્યો.

### દુર્વર્તનના પરિણામે ગોશાળાએ ખાધેલો માર

હલદ્દુતથી વિહાર કરી પ્રભુ નંગલા (અથવા લાંગલ) ગામે પધાર્યા અને વાસુદેવના મંદિરમાં પ્રતિમા ધરીને રહ્યા. ત્યાં કૌતુકી ગોશાળો આંખના વિકારો કરી ગામના બાળકોને બીવરાવવા લાગ્યો. તે જોઈ ભયભીત બની નાસભાગ કરતા બાળકોના પિતાઓ વગેરે આવ્યા અને ગોશાળાને ઘણો માર મારી મુનિ પિશાચ વગેરે તિરસ્કારના શબ્દો કહી છોડી મૂક્યો.

### બળદેવના મંદિરમાં પ્રતિમા ધરી રહેલા પ્રભુ

નંગલા (લાંગલ) થી વિહાર કરી પ્રભુ આવર્ત ગામે પધાર્યા અને ત્યાં બલદેવના મંદિરમાં પ્રતિમા ધરીને રહ્યા. ત્યાં પણ ગોશાળો બાળકોને બિવરાવવા મુખના વિકાર કરવા લાગ્યો; તે જોઈ ભયભીત બની નાસભાગ કરતા બાળકોના પિતાઓ વગેરે આવ્યા. તેઓએ મુખના ચાળા કરતા ગોશાળાને ગાંડો ભિક્ષુક સમજી ન મારવાનો નિર્ણય કર્યો પણ શિષ્યને નિષેધ ન કરતા ગુરુને મારવા તૈયાર થયા. તેવામાં બળદેવની મૂર્તિએજ હળ ઉપાડી તેઓને અટકાવ્યા. તે જોઈ આશ્ચર્યચકિત થયેલા તેઓએ પ્રભુને અલૌકિક મહાત્મા જાણી, પોતાના અપરાધની માફી માગી. પછી પ્રભુને ચરણે પડી તેઓ સ્વસ્થાને ગયા.

### ચોરાકમાં ગોશાળાએ ખાધેલો માર

આવર્તથી વિહાર કરી પ્રભુ ચોરાક ગામે આવ્યા અને કોઈ એકાન્તસ્થળે પ્રતિમા ધરીને રહ્યા. ગોશાળે પ્રભુને કહ્યું કે, "સ્વામી, ગોચરી જવું છે?" પ્રભુએ કહ્યું, "આજે અમારે ઉપવાસ છે."

પછી ક્ષુધાતુર થયેલો ગોશાળો એકલો ઉત્સુકપણે ભિક્ષાને માટે ગામમાં ગયો. ત્યાં એક માંડવામાં ઉત્તમ ભોજન રંધાતું દેખી, ભોજન તૈયાર થવાને કેટલી વાર છે તે તપાસવા ગોશાળો છાનો-માનો નીચો વળી વારંવાર જોવા લાગ્યો. તે ગામમાં ચોરનો ઘણો ત્રાસ હતો. તેથી છુપાઈને વારંવાર જોતાં ગોશાલાને ચોર જાણી લોકોએ પકડીને માર્યો. તેથી ક્રોધાવેશમાં આવેલા ગોશાળાએ શાપ દઈ મંડપ બાળી મૂક્યો.

### કલંબુકામાં પ્રભુની ધરપકડ અને છૂટકારો

ચોરાક ી પ્રભુ કલંબુકા નામના સન્નિવેશમાં પધાર્યા. ત્યાં મેઘ અને કાલહસ્તી નામના બે ભાઈ પર્વતના રક્ષક તરીકે અધિકાર ભોગવતા. કાલહસ્તીએ મૌનધારી પ્રભુ અને ગોશાળાને ચોર જાણી પકડયા, અને પોતાના ભાઈ મેઘને સોંપ્યા. મેઘ પહેલાં સિદ્ધાર્થ રાજાનો નોકર હતો. તેણે પ્રભુને ઓળખ્યા, અને પોતાના ભાઈએ કરેલો અપરાધ ખમાવી પ્રભુને તથા ગોશાલાને છોડી મૂકયા.

### લાટદેશમાં પ્રભુએ સહન કરેલા ઉપસર્ગો

કલબુકા સન્નિવેષથી વિહાર કરી વીર પ્રભુ કિલષ્ટ કર્મોની નિર્જરા કરવા માટે લાટદેશમાં ગયા. તે દેશના લોકો ક્રૂર હતા. તેથી પ્રભુએ ત્યાં ઘોર ઉપસર્ગો સહન કરી ઘણાં કર્મ ખપાવ્યાં. તે દેશમાં વિચરતા પ્રભુ અનુક્રમે પૂર્ણકલશ નામના અનાર્ય ગામ તરફ જતા હતા. રસ્તામાં બે ચોર મળ્યા તેઓ પ્રભુને દેખી, અપ-શુકન થયા જાણી, તરવાર ઉગામી પ્રભુને મારવા દોડયા. તે વખતે ઈન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી, પ્રભુને હણવા દોડેલા ચોરોને જાણી, વજ્ર વડે મારી નાખ્યા.

### વીરનું પાંચમું ચોમાસુ

ત્યાંથી વિહાર કરી પ્રભુ ભદ્રિકાપુરી પધાર્યા. ત્યાં પાંચમું ચોમાસુ રહ્યા અને ચોમાસી તપ કર્યો. તપનું પારણું નગરની બહાર કર્યું.

**નંદિષેણસૂરિનું વૃત્તાન્ત**

ભદ્રિકાપુરીથી પ્રભુ તંબાલ નામે ગામે ગયા. ત્યાં પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય નંદિષેણ નામના બહુશ્રુત વૃદ્ધ આચાર્ય ઘણા શિષ્યોના પરિવાર સહિત આવ્યા હતા. ગોશાળાએ જેમ મુનિચંદ્રસૂરિના શિષ્યોનો તિરસ્કાર કર્યો હતો તેમ આ નંદિષેણસૂરિના શિષ્યોનો પણ તિરસ્કાર કર્યો. રાત્રિના નંદિષેણસૂરિ ઉપાશ્રયની બહાર કાઉસ્સગ કરીને સ્થિર રહ્યા. તે વખતે ચોકી કરવાને નીકળેલા તે ગામના કોટવાળના પુત્રે, ચોર સમજી, તે આચાર્યને ભાલાથી હણ્યા છતાં સૂરિશ્રી શુભધ્યાનથી ચલિત થયા નહિ. તે વેદનાને સહન કરતાં તેજ વખતે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, અને કાળધર્મ પામી દેવલોક ગયા.

**કૂપિકમાં પ્રભુની ધરપકડ અને છૂટકારો**

તંબાલથી વિહાર કરી પ્રભુ કૂપિક નામના સન્નિવેષમાં ગયા. મૌન ધરીને રહેલા પ્રભુને ત્યાંના અધિકારીએ, ગુપ્ત જાસુસ જાણી ગોશાળા સાથે પકડયા. તે ગામમાં વિજયા અને પ્રગલ્ભા નામની બે સંન્યાસિની રહેતી હતી. તેઓ બન્ને પ્રથમ પાર્શ્વનાથ પ્રભુની સંતાનીય સાધ્વીઓ હતી, પણ સંયમ ન પાળી શકવાથી પાછળથી સંન્યાસિની થઈ હતી. વિજયા અને પ્રગલ્ભાએ પ્રભુને ઓળખ્યાં અધિકારીઓને કહ્યું કે–" અરે મૂર્ખો ! આ સિદ્ધાર્થ રાજાના પુત્ર જગત ઉદ્ધારક ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ છે; ઇન્દ્રને પણ પૂજ્ય આ મહાત્માને પકડવાથી તમોને કેવા અનર્થ ભોગવવા પડશે એ શું તમે નથી જાણતા ? માટે તમે હવે તેમને જલ્દી છોડી મૂકો." આવાં વચન સાંભળી ભયભીત બનેલા તેઓએ ગોશાલા સહિત પ્રભુને તુરત છોડી મૂકયા અને પોતાના અપરાધની માફી માગી સ્વસ્થાને ગયા.

કૂપિકથી વિહાર કરી પ્રભુ વૈશાલી (વિશાળા પુરી) તરફ ચાલ્યા. ચાલતા ચાલતા બે રસ્તા આવ્યા, ત્યારે ગોશાળો બોલ્યો,

"હે નાથ ! હું તમારી સાથે નહિં આવું, કારણ કે મને કોઈ મારે છે ત્યારે તમે તટસ્થ રહી જોયા કરો છો; વળી તમને ઉપસર્ગો થાય છે, ત્યારે તેની સાથે મને પણ ઉપસર્ગો થાય છે, કેમકે અગ્નિ સુકાની સાથે લીલાને પણ બાળે છે. વળી લોકો પ્રથમ મને મારે છે અને પછી તમને મારે છે. સારા ભોજનની ઈચ્છા થાય છતાં કોઇ દિવસ ભોજન મળે છે. અને કોઈ દિવસ ભૂખ્યા રહેવું પડે છે. વળી પાષાણમાં અને રત્નમાં, અગ્નિમાં અને જળમાં, તડકામાં અને છાયડાંમાં, અરણ્યમાં અને નગરમાં, હણવા આવનાર અને સેવકમાં નિર્વિશેષ સમદૃષ્ટિ રાખનારા એવા તમારી સેવા મૂઢબુદ્ધિવાળા પુત્રની જેમ કોણ કરે ! એક તાડવૃક્ષની સેવા કરે તેવી નિષ્ફળ તમારી સેવા મેં ભ્રાંત થઈ આજ સુધી કરી. હવે હું તેવી સેવા કરીશ નહિ. "

### ગોશાળો પ્રભુથી છૂટો પડયો પણ પસ્તાયો

એમ કહી ગોશાળો ત્યાંથી છૂટો પડી બીજે માર્ગે ચાલ્યો. અને પ્રભુ વૈશાલીને માર્ગે ચાલ્યા. ગોશાળાને માર્ગમાં પાંચ સો ચોર મળ્યા. તેઓએ, "મામો" કહી વારાફરતી ગોશાળાના ખભા ઉપર બેસી તેને એવો તો ફેરવ્યો કે શ્વાસ માત્ર બાકી રહ્યો ત્યારે છોડયો. આથી ગોશાળો ખિન્ન થઈ વિચાર કરવા લાગ્યો કે. "આ કરતા તો સ્વામી સાથે જ રહેવું સારૂં છે." એમ વિચારી પ્રભુની શોધ કરવા લાગ્યો.

### વૈશાલીમાં પ્રભુને ઉપસર્ગ

પ્રભુ વિચરતા વિચરતા વૈશાલીનગરી પહોંચ્યા. ત્યાં એક લુહારની શાલા ખાલી દેખી લોકોની આજ્ઞા લઈ તેમાં પ્રતિમા ધ્યાને રહ્યા. તે શાલાનો સ્વામી લુહાર છ માસ રોગથી પીડાઈ સાજો થયો હતો. તેથી તેજ દિવસે લોઢું ઘડવાના હથિયાર લઈ પોતાની શાલામાં આવ્યો. ત્યાં પ્રભુને જોઈ અપશુકન થયેલા જાણી

ઘણ વડે પ્રભુને હણવા તૈયાર થયો. તે વખતે અવધિજ્ઞાન વડે ઈન્દ્ર જાણી, તુરત ત્યાં આવી તેજ ઘણ વડે લુહારને મારી નાખ્યો.

**બિભેલિક યક્ષે કરેલી પ્રભુની પૂજા**

વૈશાલીથી વિહાર કરી પ્રભુ ગ્રામક નામના ગામ પાસે આવ્યા. ત્યાં બિભેલક નામના ઉદ્યાનમાં આવેલા બિભેલિક યક્ષના મંદિરમાં પ્રભુ કાયોત્સર્ગ કરીને રહ્યા તે યક્ષને પૂર્વભવે સમકિત થયું હતું. તેથી તેણે અનુરાગ કરીને દિવ્ય પુષ્પ અને વિલેપનાદિથી પ્રભુની પૂજા કરી.

**કટપૂતનાએ પ્રભુને કરેલ ઉપસર્ગ**

ત્યાંથી વિહાર કરી પ્રભુ શાલિશીર્ષ નામના ગામે પધાર્યા, અને ત્યાં ઉદ્યાનમાં મહા મહિનાની કડકડતી ટાઢમાં કાઉસ્સગ ધ્યાને રહ્યા. પ્રભુના ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં એક વિજયવતી નામે અણમાનીતી રાણી હતી. તે વિજયવતી મરીને ઘણા ભવ ભ્રમણ કરી કટપૂતના નામે વ્યંતરી થઇ હતી. તે વ્યંતરીયે પ્રભુને દેખી, પૂર્વ ભવનું વૈર સંભારી વૈરનો બદલો લેવા તાપસીનું રૂપ વિકુર્વ્યું, અને જટામાં હિમ જેવું ઠંડુ જલ ભરી, તે જલ પ્રભુના શરીર પર છાંટવા લાગી. તે જલ વડે પ્રભુને એવો તો શીત ઉપસર્ગ થયો કે જો પ્રભુને બદલે બીજો માણસ હોત તો તે ઠંડીથી ઠરી

**લોકાવધિ જ્ઞાનની પ્રભુને થયેલ પ્રાપ્તિ**

જાત અને તેના પ્રાણ જતા રહેત. આવી આખી રાત્રિ ઉપસર્ગ કરવા છતાં પ્રભુને નિશ્ચલ દેખી તે વ્યંતરી શાન્ત થઈ, અને વૈર છોડી પ્રભુની સ્તુતિ કરવા લાગી. ઉપસર્ગ સમભાવે સહન કરતા, અને છઠ્ઠના તપ વડે વિશુદ્ધ થતા પ્રભુને તે વખતે લોકાવધિ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

**પ્રભુનું છઠ્ઠું ચોમાસું**

શાલિગામથી વિહાર કરી પ્રભુ ભદ્રિકાપુરી આવ્યા. ત્યાં ચોમાસી તપ વડે તથા વિવિધ પ્રકારના અભિગ્રહો વડે આત્માને

ભાવતા છઠ્ઠું ચોમાસું રહ્યા. ત્યાં ગોશાળો પ્રભુને શોધતો શોધતો ફરીફરીને પાછો છ મહિને આવીને મળ્યો પ્રભુએ ચોમાસી તપનું પારણું નગરીની બહાર કરી મગધદેશમાં ઉપસર્ગ રહિતપણે વિચરવા લાગ્યા.

# શ્રી મહાવીરસ્વામીનો બીજા છ વર્ષનો છદ્મસ્થ વિહાર

## સાતમું ચોમાસુ

મગધદેશમાં આઠ માસ ઉપસર્ગ રહિત વિચરી મહાવીરસ્વામી આલંભિકા નગરીએ ચાતુર્માસ કરવા પધાર્યા. ત્યાં ચોમાસી તપ વડે સાતમું ચોમાસુ પૂર્ણ કરી તે નગરીની બહાર પારણું કર્યું

આલંભિકાનું ચાતુર્માસ પૂર્ણ કરી પરમાત્મા કુંડક નામે ગામે આવ્યા ત્યાં વાસુદેવના મંદિર પાસે એકાન્ત સ્થળમાં કાઉસ્સગ ધ્યાને સ્થિર થયા. ગોશાલક પરમાત્માની સાથે જ હતો.

## દુર્વર્તનને લીધે ગોશાળાએ ખાધેલો માર

વાસુદેવના મંદિરમાં પણ અટકચાળીયો ગોશાલક શાન્ત રહી શકયો નહિ. જ્યારે પ્રભુ શાન્ત ચિત્તે કર્મનિર્જરા માટે ધ્યાનસ્થ અવસ્થામાં લીન હતા ત્યારે આ મહાશય મંદિરમાં વાસુદેવની પ્રતિમાને ટેકો દઈ બેઠો.

પૂજાનો સમય થતાં પૂજારી હાથમાં પૂજાની સામગ્રી લઈ મંદિરે આવ્યો ત્યારે તેણે વિચિત્ર દ્દશ્ય જોયું. તેણે આ હકીકત ગામ લોકોને જણાવી. લોકોએ ગોશાળાને દુર્વર્તન માટે સારી રીતે માર માર્યો.

કુંડકથી વિહાર કરી પ્રભુ મર્દન સન્નિવેશ પધાર્યા. ત્યાં પણ ગોશાળાએ પોતાના અટકચાળીયા સ્વભાવ પ્રમાણે બળદેવના મંદિરમાં દુર્વર્તન કરવાથી માર ખાધો.

## લોહાર્ગમાં પ્રભુની ધરપકડ

અસહ્ય ઉપસર્ગોની પરંપરા સહન કરતાં શાંતમૂર્તિ પ્રભુ મહા-

વીર લોહાર્ગલ નગરે પધાર્યા. ત્યાં જીતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. જિતશત્રુ રાજા પર શત્રુ રાજવીઓની વક્ર દષ્ટિ હોવાથી તે સતત ચિંતાશીલ રહેતો. કોઈપણ વ્યક્તિ પોતાનો પરિચય આપ્યા સિવાય નગરમાં પ્રવેશ કરી શકે નહીં એવો કડક બંદોબસ્ત તેણે રાખ્યો હતો.

પ્રભુ મહાવીર અને ગોશાલક રાજધાની નજીક સીમા પ્રદેશમાં પધારતાં ચરપુરૂષોએ તેમનો પરિચય માગ્યો. મૌનધારી પ્રભુએ તેનો કંઈ પણ જવાબ ન દીધો. તેજ પ્રમાણે ગોશાલકે પણ પ્રભુનું અનુકરણ કર્યું, અને તે પણ મૌન જ રહ્યો. આથી પહેરેગીરો તેમને શત્રુના જાસુસ માની, ગિરફતાર કરી રાજદરબારમાં લઈ ગયા.

## ઉત્પલ નિમિત્તિયાએ કરાવેલો છૂટકારો

પ્રભુ અને ગોશાળાને રાજસભામાં લાવવામાં આવ્યા તે સમયે આસ્થિક ગ્રામવાસી નૈમિત્તિક ઉત્પલ ત્યાં હાજર હતો. ભગવાનને જોતાં જ તે રાજસભામાં ઊભો થયો અને બોલ્યો, "આ મહાન વ્યક્તિ કોઈ ગુપ્તચર નથી. તેઓ રાજા સિદ્ધાર્થના પુત્ર ધર્મચક્રવર્તી શ્રીમહાવીર તીર્થંકર છે." ઉત્પલ મારફત પરમાત્માનો પરિચય મળતાં જિતશત્રુએ ભગવાન અને ગોશાલકને સત્કારપૂર્વક મુક્ત કરી એમની પાસે થયેલ અપરાધની ક્ષમા માગી.

## ઈશાનેન્દ્રે અને વગ્ગુર શેઠે પ્રભુને કરેલ વંદન

લોહાર્ગલથી વિહાર કરી પ્રભુ પુરિમતાલ નામના નગરે ગયા. ત્યાં ઉદ્યાનમાં શ્રી મલ્લિનાથ પ્રભુનું મંદિર હતું. તે ઉદ્યાન અને નગરની વચ્ચેના કોઈ પ્રદેશમાં પ્રભુ પ્રતિમાધ્યાને રહ્યા. આ અરસામાં તે નગરનો વગ્ગુર નામનો શ્રાવક શ્રીમલ્લિનાથ પ્રભુની પ્રતિમાની પૂજા કરવા માટે નગરમાંથી ઉદ્યાન તરફ જતો હતો. તે વખતે ઈશાનેન્દ્રે પ્રભુને વંદન કરવા આવેલા. તેણે વગ્ગુર શેઠને પૂજા કરવા જતો જોઈ કહ્યું, "હે વગ્ગુર ! આ પ્રત્યક્ષ જીનેશ્વરનું ઉલ્લંઘન કરી જીનેશ્વરના બિંબને પૂજવા માટે આગળ કેમ જાય છે ? આ

છેલ્લા તીર્થંકર મહાવીર પ્રભુ છે; તેઓ છદ્મસ્થપણે વિચરે છે અને અહીં પ્રતિમાધ્યાને રહ્યા છે.” તે સાંભળી વગ્ગુર શેઠ પ્રભુ પાસે આવ્યો, અને ભક્તિથી પ્રભુને વંદન કર્યું.

**ગોશાળાને મળેલો મેથીપાક**

પુરિમતાલથી વિહાર કરી પ્રભુ ઉન્નાગ નામના સન્નિવેશ તરફ જતા હતા. ત્યાં રસ્તામાં નવપરિણિત યુગલો જોઈ ગોશાલાએ કહ્યું, ‘અહો વિધિરાજ કુશળ છે કે, જ્યાં દૂર પણ વસતું હોય તેને ધ્યાનમાં રાખે છે અને જેને જે યોગ્ય હોય તેને તે બીજું મેળવી આપે છે. અહો ! જુઓ તો ખરા ! આ બંનેના દાંત અને પેટ કેવા મોટા છે. વાંસામાં તો ખુંધ નીકળી છે. વિધાતાએ સરખે સરખી જોડી ઠીક મેળવી દીધી છે. “આ પ્રમાણે વારંવાર મશ્કરી કરતા ગોશાલાને પકડી તે વહુવર સાથેના માણસોએ ખૂબ માર્યો, અને મજબૂત બંધનથી બાંધીને વાંસના જાળામાં ફેંકી દીધો. પરંતુ પાછળથી તેને પ્રભુનો છત્રધર સમજી તેઓએ બંધન છોડી ગોશાલને મુક્ત કર્યો.

**આઠમું ચોમાસું**

પછી પ્રભુ ગોશાળા સાથે ગોભૂમિમાં આવ્યા. ત્યાંથી રાજગૃહ નગરમાં પધારી પ્રભુએ આઠમું ચાતુર્માસ ચોમાસી તપ વડે પૂર્ણ કર્યું અને તપનું પારણું નગરની બહાર કર્યું : પ્રભુએ વિચાર્યું કે–“મારે હજી ઘણાં કર્મ ખપાવવાના બાકી છે. તેથી ચીકણાં કર્મનો ક્ષય કરવા માટે ઉપસર્ગ થાય તેવી ભૂમિમાં વિચરવાની જરૂર છે, અને ઘણા ઉપસર્ગ વજ્રભૂમિમા થશે.” એમ વિચારી પ્રભુ ત્યાંથી વિહાર કરી વજ્રભૂમિમાં ગયા. તે ભૂમિમાં ક્રૂર મ્લેચ્છોએ પ્રભુને ઘણા ઉપસર્ગો કર્યા; પરંતુ આ ઉપસર્ગોમાંથી કર્મનો ધ્વંસ થાય છે.’ એમ વિચારતા પ્રભુ તે મ્લેચ્છોને બંધુથી પણ અધિક માનતા. પ્રભુએ તેજ ભૂમિમાં નવમું ચાતુર્માસ ચોમાસી તપ વડે પુરું કર્યું, તે ઉપરાંત બીજા બે મહિના ત્યાંજ વિચર્યા; ત્યાં ચોમાસામાં નિયત સ્થાન ન મળતાં પ્રભુએ નવમું ચોમાસું અનિયત કર્યું.

**નવમું ચોમાસુ. વીર વાણી જૂઠી પાડવા ગોશાળાનો નિષ્ફળ પ્રયાસ**

વજ્રભૂમિથી વિહાર કરી પ્રભુ સિદ્ધાર્થપુર આવ્યા. ત્યાંથી કૂર્મમાર્ગ તરફ જતાં રસ્તામાં ગોશાળાએ તલનો છોડ જોઈ પૂછ્યું, "હે પ્રભુ! આ છોડવો ફળશે કે નહિં ?" પ્રભુએ કહ્યું કે–"ફળશે, આ છોડને સાત ફુલ લાગ્યા છે, તે સાતે ફુલના જીવ મરીને આજ છોડવાની શીંગમાં સાત તલ થશે." આ પ્રમાણે પ્રભુએ કહેલું વચન જૂઠું પાડવા ગોશાળાએ તે છોડને મૂળમાંથી ઉખેડી ફેંકી દીધો. પણ દૈવયોગે વૃષ્ટિ થવાથી ભીની થયેલી ભૂમિમાં પડેલા તે છોડનું મૂળિયું કોઈ ગાયની ખરીથી દબાઇ જમીનમાં પેસી ગયું, અને ધીરે ધીરે તે છોડવો હતો એવો થઈ ગયો.

**તાપસે મૂકેલી તેજોલેશ્યાથી ગોશાલાને પ્રભુએ બચાવ્યો**

પછી પ્રભુ ત્યાંથી કૂર્મગામ પહોંચ્યા. તે ગામની બહાર વૈશ્યાયન નામનો તાપસ મધ્યાન્હ સમયે બન્ને હાથ ઊંચા કરી. સૂર્ય સામે દૃષ્ટિ રાખી, જટા છૂટી મૂકી, સૂર્ય આતાપના લઈ રહ્યો હતો; અને સૂર્યના સખ્ત તાપને લીધે તેની જટામાંથી ખરી પડતી જૂઓને વીણી વીણીને તે તાપસ પાછો પોતાની જટામાં નાખતો આવું દુઃસહ અનુષ્ઠાન કરી રહેલા તે તાપસની જટામાં ઘણી જૂ (યૂકાઓ) દેખી તે તાપસને 'યુકા શય્યાતર' એ પ્રમાણે કહી ગોશાળો તેની વારંવાર મશ્કરી કરવા લાગ્યો. તેથી તાપસે ક્રોધાયમાન થઇ ગોશાળા પર તેજોલેશ્યા મૂકી, તાપસે મૂકેલી તેજોલેશ્યાથી ગોશાળો ભસ્મીભૂત થઈ જાત, પણ કરુણા સાગર પ્રભુએ તુરત શીઘ્ર શીત-લેશ્યા મૂકી. તેથી જલ વડે અગ્નિની જેમ તે તેજોલેશ્યા શાંત ગઈ. પ્રભુની અલૌકિક શક્તિ જોઈ વૈશ્યાયન વિસ્મય પામ્યો, અને નમ્રતાથી બોલ્યો કે–"હે ભગવન્ મેં આપનો આવો પ્રભાવ જાણ્યો ન હતો, માટે મારા વિપરીત આચરણની ક્ષમા કરો." આ પ્રમાણે તે તાપસ ગયા પછી ગોશાલે પ્રભુને પૂછ્યું કે–"હે ભગવન્ આ તેજોલેશ્યા લબ્ધિ શી રીતે પ્રાપ્ત થાય ?" સર્પને દૂધ પાવા પેઠે

ગોશાલાને તેજોલેશ્યાનો વિધિ શીખવાડવાથી ભવિષ્યમાં અનર્થનું કારણ થશે એમ જાણવા છતાં પ્રભુએ ગોશાલાને વિધિ શીખવાડયો.

ભગવાને કુમારગામથી સિદ્ધાર્થપુર તરફ વિહાર કર્યો. જ્યારે તેઓ પૂર્વે કહેલ તલવાળી જગાએ પહોંચ્યા. ત્યારે ગોશાળો બોલ્યો: "ભગવાન! આપે ભવિષ્યવાણી ભાખી હતી કે આ તલનો છોડ ફળશે પણ તે ફળ્યો નથી."

નજીકના જ ભાગમાં ઉત્પન્ન થયેલ તે તલના છોડને બતાવી ભગવાને કહ્યુ: "આ તેજ તલનો છોડ છે કે જેને તે ફેંકી દીધો હતો."

ગોશાળાને ભગવંતના કથન પર વિશ્વાસ ન આવ્યો. તેણે છોડ પાસે જઈ કળિ તોડી જોઈ તો તેમાંથી સાત તલ નીકળ્યા. નિયતવાદના સિદ્ધાંતોથી આકૃષ્ટ થયેલ ગોશાળો હવે તેનો પાકો સમર્થક બન્યો. તેને ખાતરી થઈ કે ગમે તેટલા ઉપાય કરીએ, છતાં જે બનવાનું છે તેજ બને છે. તે પોતાને સમર્થ વ્યક્તિ માનવા લાગ્યો. તેણે વિચાર્યું કે તેજોલેશ્યાની પ્રાપ્તિ કરી હું ભગવાનથી જૂદો વિચરીશ અને પૃથ્વી પર પૂજાઈશ.

**ગોશાલકે (૧) તેજોલેશ્યા લબ્ધિ અને (૨) અષ્ટાંગનિમિત્તનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.**

સિદ્ધાર્થપૂરની સીમમાંથી ગોશાળો તેજોલેશ્યા સાધવા માટે પ્રભુથી છૂટો પડયો અને શ્રાવસ્તી નગરીમાં ગયો. ત્યાં તેણે એક કુંભારની શાળામાં રહી પ્રભુએ કહેલ વિધિથી છ માસ પર્યન્ત તપ કરી તેજોલેશ્યા સિદ્ધ કરી. એક વખતે શ્રી પાર્શ્વનાથ પ્રભુના છ સાધુઓ ગોશાલાને મળ્યા. તેમની પાસેથી ગોશાલો અષ્ટાંગ નિમિત્તશાસ્ત્ર શિખ્યો. આવી રીતે તેજોલેશ્યા લબ્ધિ અને અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન મળવાથી ગર્વ ધરતો ગોશાળો 'હું સર્વજ્ઞ છુ.' એ પ્રમાણે પોતાની પ્રસિદ્ધિ કરવા લાગ્યો.

**શંખ રાજા તથા આનંદ શ્રાવકે પ્રભુને કરેલું ભક્તિપૂર્વક વંદન**

સિદ્ધાર્થપૂરથી વિહાર કરી પ્રભુ વૈશાલી નગરી પધાર્યા. ત્યાં સિદ્ધાર્થ રાજાના મિત્ર શંખ નામના ગણુરાજે પ્રભુને ભક્તિપૂર્વક વંદન કર્યું. ત્યાંથી વિહાર કરી પ્રભુ વાણિજ નામના ગામે આવી બહારના કોઈ પ્રદેશમાં પ્રતિમા ધરીને રહ્યા. તે ગામમાં આનન્દ નામનો શ્રાવક રહેતો હતો તે હંમેશાં છઠ તપ કરતો અને સૂર્યની આતાપના લેતો હતો. શ્રાવકની ઉત્કૃષ્ટ ક્રિયા કરતા તપસ્વી આનન્દને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું. તે પ્રભુ પાસે આવી વંદન કરી બોલ્યો કે–" હે પ્રભુ આપને ધન્ય છે કેઆવા ઘોર ઉપસર્ગો થવા છતાં આપે સમભાવે સહન કર્યા. હવે આપને થોડાજ વખતમાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થશે. " ઈત્યાદિ પ્રભુની સ્તુતિ કરી આનંદ પોતાને ઘેર ગયો.

**દશમું ચોમાસુ**

વાણિજ ગામથી વિહાર કરી પ્રભુ શ્રાવસ્તી નગરીએ પધાર્યા. ત્યાં દશમું ચોમાસુ વિવિધ તપ વડે પૂર્ણ કર્યું.

**શક્રેન્દ્રે કરેલી પ્રભુની પ્રશંસા**

ચાતુર્માસ પુરું થતાં પ્રભુ નગરીની બહાર પારણું કરી વિચરતા વિચરતા મ્લેચ્છ લોકોથી ભરપૂર દઢભૂમિમાં ગયા. ત્યાં પેઢાલ નામના ગામની બહાર પોલાસ નામના ચૈત્યમાં પ્રભુએ અઠ્ઠમ તપ કરી પ્રવેશ કર્યો. અને એક રાત્રિની પ્રતિમા ધરી રહ્યા. હવે આ વખતે શક્રેન્દ્રે અવધિજ્ઞાનથી પ્રભુને ધ્યાનમગ્ન રહેલા જોઈ તુરત સિંહાસન પરથી ઉતરી જઈ પ્રભુને વંદન કર્યું. પછી ઈન્દ્રે ધૈર્ય ગુણની પ્રશંસા કરતાં પોતાની સુધર્મસભામાં બેઠેલા દેવો સમક્ષ કહ્યું–" સૌધર્મવાસી સર્વ દેવતાઓ શ્રીવીર પ્રભુનો અદ્ભૂત મહિમા સાંભળો. પંચ સમિતિને ધારણ કરનાર, ત્રણ ગુપ્તિઓથી પવિત્ર, ક્રોધ, માન, માયા અને લોભથી પરાભવ નહિ પામેલ, આશ્રવરહિત અને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ કે ભાવમાં કોઈ પ્રકારે પણ બુદ્ધિનો પ્રતિબંધ નહિ કરનાર, એ પ્રભુ એક રૂક્ષ પુગ્દળ પર દષ્ટિને સ્થિર

કરીને અત્યારે મહાધ્યાનમાં સ્થિત થયેલા છે. તેમને એ ધ્યાનમાંથી ચળાયમાન કરવાને દેવતાઓ, અસુરો, યક્ષો, રાક્ષસો, ઉરગો, મનુષ્યો કે ત્રૈલોકય પણ શક્તિવાન નથી. ”

**સંગમ દેવની આશંકા; પ્રભુને ચલાયમાન કરવા સંગમે કરેલી પ્રતિજ્ઞા**

આવાં ઈન્દ્રના વચન સાંભળી તે સભામાં બેઠેલો ઈન્દ્રનો સંગમ નામનો દેવ, પ્રભુની પ્રશંસા ન સહન કરી શકવાથી, ભ્રકુટી ચડાવી, અધર કંપાવતો બોલ્યો કે–“ હે દેવેન્દ્ર! આવા ભોળપણના વિચારો દેવસભામાં બોલી, એક સાધુને દેવો કરતાં પણ મોટી શક્તિવાળો જણાવી, દેવોની અવગણના કરવી આપને ન શોભે. હે સુરેન્દ્ર! અતુલ પરાક્રમી દેવો આગળ વળી એ મનુષ્યમાત્ર સાધુ કોણ છે? હું પોતેજ હમણાં ત્યાં જઈ, ક્ષણવારમાં તે સાધુને ચલાયમાન કરી નાખું છું. ”

**સંગમ દેવની આશંકા**

તે વખતે ઈન્દ્રે વિચાર્યું, “ જો હું અત્યારે આ સંગમને હુકમ કરી જતો અટકાવીશ તો એ દુર્બુદ્ધિ જાણશે કે, તીર્થંકરો પારકાની સહાયથી જ તપ કરે છે; વળી આવો ઉલટો ભાસ ઘણા દેવોના મનમાં ઠસી જશે, માટે અત્યારે આ દુષ્ટને જતો અટકાવવો ઠીક નથી. ” એમ વિચારી સમયને માન આપી ઈન્દ્ર મૌન રહ્યા.

હવે પ્રભુને ચલાયમાન કરવા ઇન્દ્ર સમક્ષ પ્રતિજ્ઞા કરી ક્રોધથી ધમધમી રહેલો તે સંગમદેવ તુરત સભામાંથી ઊઠી પ્રભુ પાસે આવ્યો અને એક રાત્રિમાં જ ભયંકર વીશ ઉપસર્ગો કર્યા.

**સંગમદેવે વીરપ્રભુને કરેલા વીશ ઘોર ઉપસર્ગો**

(૧) ધૂળની વૃષ્ટિ. પ્રભુની ઉપર મહા દુઃખદાયક ધૂળની વૃષ્ટિ કરી. જેમ ચંદ્રને આવરી લે તેમ પ્રભુને સર્વાંગે ઢાંકી દીધા. આથી પ્રભુને શ્વાસોશ્વાસ લેવો પણ મુશ્કેલ થઇ પડયો; છતાં પ્રભુ તિલમાત્ર પણ ધ્યાનથી ચલિત ન થયા.

(૨) તે પછી વજ્રમુખી કીડીઓ ઉત્પન્ન કરી. આ કીડીઓ પ્રભુના અંગમાં એક બાજુથી પેસી બીજી બાજુએ નીકળી, તીક્ષ્ણ મુખાગ્રથી પ્રભુના શરીરને વીંધી ચારણી જેવું બનાવવા લાગી. છતાં અચલ ધ્યાની પ્રભુ પર તેની કોઈ પણ અસર થઈ નહિ.

(૩) ત્રીજા ઉપસર્ગમાં પ્રચંડ ડાંસો વિકુર્વ્યા. આ ડાંસોએ પ્રભુને ડંસી, પ્રભુના શરીરને વીંધી, ચારણી જેવું બનાવવા લાગ્યા. છતાં અચલ ધ્યાની પ્રભુ પર તેની કાંઈ પણ અસર થઈ નહિ.

(૪) પ્રચંડ ચાંચવાળી ધીમેલો વિકુર્વી. પ્રભુના શરીરે આ ધીમેલો એવી રીતે ચોંટી ગઈ કે આખું શરીર ધીમેલમય દેખાવા લાગ્યું. પણ આ મહાયોગી ચલાયમાન થયા નહિ.

(૫) બાદ દુરાત્માએ વીંછીઓ વિકુર્વ્યા. પ્રલયકાળના અગ્નિના તણખા જેવા અને તપાવેલા ભાલા જેવા આ વીંછીઓ પોતાના ભયંકર પુચ્છના કાંટાઓથી ભગવંતના શરીરને ડંખ દેવા લાગ્યા; છતાં પ્રભુ યત્કિંચિત પણ વ્યાકુળ થયા નહિ

(૬) અતિ તીક્ષ્ણ દાંતવાળા નકુળો વિકુર્વ્યા. ઉગ્ર દાઢોથી તેઓ ડંખવા લાગ્યા, છતાં ધ્યાનસ્થ દેવાર્ય તેથી પણ ચલાયમાન થયા નહિ.

(૭) પછી યમરાજના ભુજદંડ જેવા ભયંકર મોટી ફેણોવાળા સર્પોને તેણે મહાકોપથી ઉત્પન્ન કર્યા. તે વિષધારી સર્પો પ્રભુને પગથી તે માથા સુધી વીંટળાઈ પોતાની ફણાઓ ફાટી જાય તેવા પ્રહારથી પોતાની વિષારી દાઢોથી પ્રભુને ડંસવા લાગ્યા પોતાનું સર્વવિષ પ્રભુના શરીરમાં ઠાલવ્યું; છતાં છેવટે સર્પોનો પ્રયત્ન ફોગટ ગયો.

(૮) વજ્ર જેવા દાંતવાળા જંગલી ઉંદરો ઉત્પન્ન કર્યા. તેઓ નખથી, દાંતોથી, મુખથી અને કરથી પ્રભુના અંગને કરડવા લાગ્યા, છતાં તેમનું પણ કંઈ વળ્યું નહિ.

(૯) પર્વત જેવા મોટા ગજેન્દ્ર ઉત્પન્ન કર્યા. તેઓ પ્રભુના શરીર પ્રત્યે દોડીને અને દુર્વાર સુંઢથી પકડીને, પ્રભુના શરીરને

આકાશમાં ઊછાળવા લાગ્યા. પછી આ દુરાશયી હાથી પોતાના બે બાહ્ય દંતુશળો ઊંચા કરી પ્રભુને ઝીલવા લાગ્યા. પછી ધ્યાનસ્થ પ્રભુના શરીરે દંત પ્રહારો કરવા લાગ્યા, છતાં આ હસ્તી ઉપદ્રવથી પણ પ્રભુ ચલાયમાન થયા નહિ.

(૧૦) પછી સંગમે હાથણી વિકુર્વી. પોતાના મસ્તક અને તીક્ષ્ણ દાંતોથી હાથણીએ પ્રભુના શરીરે ઘણા પ્રહારો કર્યા. પ્રભુના શરીર સાથે પોતાનું શરીર ઘસવા છતાં તે પ્રભુને ડગાવી શકી નહિ.

(૧૧) બાદ મગરની જેવા ઉગ્રદાંતોવાળો પિશાચ વિકુર્વ્યો. આ ભયંકર રૂપધારી પિશાચ હાથમાં છરી લઈ પ્રભુને ઉપદ્રવ કરવા દોડ્યો, પણ તેમાં તે ફાવ્યો નહિ અને પ્રભુ નિશ્ચળ રહ્યા.

(૧૨) પછી નિર્દય દેવે સિંહનું રૂપ વિકુર્વ્યું. સિંહે ત્રિશૂળ જેવા નખાગ્રોથી પ્રભુને અવ્યગ્રપણે ઉપદ્રવ કરવામાં કચાશ રાખી નહિ, છતાં દાવાનળમાં દગ્ધ થયેલા વૃક્ષની જેમ સંગમ દેવ નિસ્તેજ બની ગયો.

(૧૩) પછી તેણે ત્રિશલાદેવી અને સિદ્ધાર્થ રાજાનું રૂપ ધારણ કર્યું તેમના મુખે પ્રભુ સમક્ષ હૃદય પીગળાવનારી વૃદ્ધાવસ્થાની દુઃખદ સ્થિતિનું વર્ણન કરાવરાવ્યું પણ તેમના કરૂણાજનક વિલાપની પ્રભુ ઉપર અસર થઇ નહિ અને ભગવન્ત ધ્યાનથી ડગ્યા નહિ.

(૧૪) બાદ વિશાળ જનસમુહવાળી એક છાવણી વિકુર્વી. રસોઈઆને ભાત રાંધવા માટે ચુલો ગોઠવવાની આજ્ઞા આપવામાં આવી; પણ એ પાષાણો મળ્યા નહિ એટલે રસોઈઆએ પ્રભુના બે ચરણોને ચુલા રૂપ બનાવી તેના પર ભાતનું ભોજન મૂકયું અને બે પગ વચ્ચે અગ્નિ પ્રગટાવ્યો. પ્રભુ જવાળાથી તપ્ત થયા: પણ અગ્નિમાં મૂકેલ સુવર્ણ જેમ શુદ્ધ બને તેમ પ્રભુ વધુ દઢ પણે ધ્યાનમાં લીન થયા.

(૧૫) પછી સંગમે એક ચાંડાલ વિકુર્વ્યો. તેણે આવીને પ્રભુના કંઠમાં, બે ભુજામાં તથા જંઘા ઉપર પક્ષીઓના પાંજરાઓ લટકાવ્યા. પક્ષીઓએ ચાંચ અને નખ પ્રહારોથી પ્રભુના શરીરને

ચારણીની જેમ સેંકડો છિદ્રોવાળું બનાવ્યું; પણ ચાંડાલ પ્રભુને ધ્યાનથી ડગાવી શકયો નહિ.

(૧૬) પંદર વાર નિષ્ફળતા મળવાથી ક્રોધી બનેલ સંગમદેવે મહાઉત્પાતિક પ્રચંડ વંટોળીયો ઉત્પન્ન કર્યો. મોટા મોટા વૃક્ષોને ઉખેડતો આ વંટોળીઓ પ્રભુને ઉપાડી ઉપાડી નીચે ફેંકી દેતો અને જોશથી પછાડતો. છતાં જ્ઞાની દેવાર્ય આ ક્ષુદ્ર પરિસહને સહન કરવામાં વીરતા માની તેમાં પણ નિશ્ચલ રહ્યા

(૧૭) પ્રચંડ ઉદ્‌ભ્રામક પવન ઉત્પન્ન કર્યો. મહાન વંટોળીયા જેવા આ વાયુએ ચારે દિશામાંથી પોતાના સુસવાટાથી પ્રભુને હેરાન કરી મૂકયા; છતાં તપસ્વી પ્રભુ તેનાથી લેશ પણ ચલાયમાન થયા નહિ.

(૧૮) એક કાળચક્ર ઉત્પન્ન કર્યું. હજાર લોહભારથી ઘડાયેલ આ કાળચક્ર સંગમે ઉપાડયું અને આકાશમાં ઊંચે ઉછાળી તેણે જોશથી પ્રભુ પર નાખ્યું તેના પ્રહારથી પ્રભુ જાનુ સુધી પૃથ્વીમાં નીચે ઉતરી ગયા. આવા ભયંકર ઉપસર્ગ કરનાર સંગમ પર ક્રોધ ન કરતાં ઉલટા અમિદષ્ટિથી તેના તરફ પ્રભુ જોવા લાગ્યા. અને કર્મ નિર્જરાર્થે સંગમ ઉપકારી છે એમ માનવા લાગ્યા.

ભયંકર કાળચક્રથી પણ પ્રભુ પર જોઈએ તેવી અસર ન થઈ. તેમના શરીરનો નાશ થયો નહિ. તેઓ ધ્યાનથી પણ ચલિત થયા નહિ એટલે સંગમ દેવ વિચારવા લાગ્યો કે—"અસ્ત્ર અને શસ્ત્રને અગોચર એવું પ્રભુનું શરીર દેખાય છે. તેથી આવા પ્રયોગો તેમને માટે નિરર્થક છે, તેથી તેમને અનુકૂળ એવા ઉપસર્ગો કરૂં." આ પ્રમાણે વિચારી તેણે પ્રભુને ચલાયમાન કરવા માટેની પોતાની પદ્ધતિ બદલી.

(૧૯) વૈજ્ઞાનિક દેવોને પ્રભુ પાસે ઉતરતા દેખાડયા. પ્રભુનાં તપ અને ધ્યાનથી પ્રસન્ન થઇ દેવો તેમને વિનવવા લાગ્યા કે,' 'હે તપસ્વી દેવાર્ય ! આપ કહો તો આપને આજ સ્થિતિમાં દહેધારી

પરમાત્મા તરીકે સ્વર્ગમાં લઈ જવા તત્પર છીએ અને તેટલાજ માટે પ્રસન્ન થઈ અમો અહિં આવ્યા છીએ; અથવા આપની ઈચ્છા હોય તો, અનાદિ કાળથી સંચિત થયેલા કર્મોથી ક્ષણ–માત્રમાં દૈવી શક્તિથી મુકત કરી, એકાન્ત પરમાનંદવાળા મોક્ષમાં આપને લઈ જઇએ. અથવા આપની ઈચ્છા હોય તો બધાય મંડળાધીશ રાજાઓના મુગટ આપના ચરણમાં નમાવી ચક્રવર્તીસમ સામ્રાજ્ય ભોક્તા બનાવીયે.

આવી લલચાવનારી વાણીથી નિરંજન નિરાકાર પ્રભુના મન પર લેશ માત્ર અસર થઈ નહિ અને પ્રભુ નિરુત્તર રહ્યા. આથી સંગમ વિચારવા લાગ્યો કે આ મહાતપસ્વી ભગવન્તે મારી બધી શક્તિઓનો પ્રભાવ નિષ્ફળ બનાવી દીધો છે; હવે માત્ર છેવટના ઉપાય તરીકે કામદેવનું અમોઘ શસ્ત્ર બાકી રહેલ છે; તો તેનો પણ ઉપયોગ કરી લઉં. આ પ્રમાણે વિચારી

(૨૦) વીસમા ઉપસર્ગમાં દેવાંગનાઓ ઉત્પન્ન કરી. આજ્ઞાંકિત દેવાંગનાઓએ પોતાની સર્વકામકળાથી કામવિજેતા આ મુનિરાજને ચલાયમાન કરવા સર્વ ઋતુઓની કળાઓ પ્રગટાવી. મધુર વીણાવાદન તેમજ નૃત્ય દ્વારા પ્રભુને ચલિત કરવા પોતાની ૬૪ કળાઓનો ઉપયોગ કર્યો.

દેવોના આવા અપ્રતિમ શસ્ત્રથી મહાન ઉગ્ર તપસ્વી વિશ્વામિત્ર જેવા અનેક ઋષિમુનિઓ ચલાયમાન થઇ ગયા હતા. પ્રતિકૂળ ઉપસર્ગો સહન કરી શકાય, પરન્તુ મોહરાજાના અમોઘ શસ્ત્ર જેવા આવા અનુકૂળ પરિસહો સહન કરવાનું ભગીરથ કાર્ય એતો ભગવાન મહાવીર જેવી અડગ નિશ્ચયી અને ધૈર્યશાળી વ્યક્તિ જ કરી શકે.

દેવાંગનાઓએ અનેક પ્રકારના હાવભાવ, ગીત, નૃત્ય, વાદન વગેરે પ્રકારોથી પરમાત્માને ચલાયમાન કરવા ઉપાયો યોજયા, પણ મેરૂ પર્વતની પેઠે નિષ્કંપ પ્રભુ પર તેની કશી પણ અસર થઈ નહિ.

એવામાં પ્રાતઃકાળ થયો. પ્રભુને અક્ષુબ્ધિત જોઈ હતશક્તિ

સંગમદેવ વિચારવા લાગ્યો કે–પ્રતિકૂળ તેમજ અનુકૂળ ઉપસર્ગોથી આ દેવાર્ય ચલાયમાન ન થયા, તો હવે હું સ્વર્ગમાં જઈ ઈન્દ્રને મારૂં મોઢું શી રીતે બતાવું? માટે હું તેમની પાછળ પાછળ જ ભમતો રહું અને ઉપસર્ગો કર્યા કરૂં જેથી લાંબા સમયે તેઓ અવશ્ય પરાજિત થશે.

સવાર થતાં પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો. પ્રભુ વિહાર કરીને જ્યાં જ્યાં જતા, ત્યાં ત્યાં સંગમદેવ આહારને અનેષણીય કરી નાખતો, તથા બીજા પણ વિવિધ પ્રકારના ઉપસર્ગો કરતો. આવી રીતે છ મહિના સુધી તે દુષ્ટદેવે કરેલા ઉપસર્ગો સહન કરતા પ્રભુએ છ માસ સુધી ઉપવાસ કર્યા. એક વખત વિચરતા વિચરતા પ્રભુ વ્રજ નામના ગામમાં આવ્યા. પ્રભુએ વિચાર્યું કે 'હવે છ મહિને તે દેવ ગયો હશે.' એમ વિચારી છ માસી તપનું પારણું કરવા જ્યારે તે વ્રજ ગામના ગોકુળમાં ગોચરી માટે ગયા, ત્યારે ત્યાં પણ સંગમે આહાર અનેષણીય કરી નાખ્યો. પ્રભુ જ્ઞાનથી તે દેવે કરેલી અનેષણા જાણી તુરત પાછા ફરી તે ગામની બહાર આવી પ્રતિમા ધ્યાને રહ્યા.

### સંગમદેવે સ્વીકારેલ પરાજય

સંગમદેવે અવધીજ્ઞાનથી જોયું, તો પ્રભુના અસ્ખલિત વિશુદ્ધ પરિણામ જોયા. તેણે વિચાર્યું કે–" અહો છ માસ સુધી નિરંતર ઉપસર્ગો કરવા છતાં આ મુનિ ચલિત થયા નહિ. અને હજી પણ ગમે તેટલા ઉપસર્ગ કરીશ તો પણ ચલિત થાય તેમ નથી." એમ વિચારી તે દેવ ખિન્ન મનવાળો થઈ, પ્રભુને નમી કરેલા અપરાધથી લજ્જા પામી, મ્લાનમુખે બોલ્યો, "હે સ્વામી! શક્રેન્દ્રે સુધર્મા સભામાં આપના સત્વની જેવી પ્રશંસા કરી હતી. તેવાજ સત્વશાળી આપને મેં પ્રત્યક્ષ અનુભવ્યા. હે પ્રભુ! મેં આપના ઘણા અપરાધ કર્યા તેની ક્ષમા કરો." આ પ્રમાણે કહી, શક્રની બીકથી પ્રભુને વંદન કરી તે સૌધર્મ દેવલોક તરફ ચાલ્યો.

### શક્રે સંગમને સ્વર્ગમાંથી હાંકી કાઢયો

પરાજીત સંગમદેવને આવતો જોઈ, શક્રે દેવોને કહ્યું કે- "હે દેવો! આ કર્મચંડાળ પાપાત્મા આવે છે. એ નીચ દેવનું મુખ જોવામાં આવે તો પણ મહાપાપ લાગે. તેણે આપણા સ્વામીને ઘણા ઘોર ઉપસર્ગો કર્યા છે. એ પાપી આપણાથી ડર્યો નહિ તેમ પાપથી પણ ડર્યો નહિ; તેથી અપવિત્ર એ દુરાત્માને સ્વર્ગમાંથી જલદી કાઢી મૂકો."

શક્રની આજ્ઞા પ્રમાણે દેવોએ સંગમને સ્વર્ગમાંથી હાંકી કાઢયો. તે મ્લાનમુખે મેરુ પર્વતની ચુલા ઉપર ગયો. ત્યાં શેષ આયુષ્ય સમાપ્ત કરશે.

### અગિયારમું ચોમાસુ

સંગમના ગયા પછી પ્રભુએ ઘરડી ગોવાળણને ત્યાં ગોકુલમાં પારણું કર્યું. વિહાર કરતા કરતા પ્રભુ વૈશાલી આવ્યા. આ નગરમાં તેમણે અગિયારમું ચોમાસુ કર્યું.

### ચમરેન્દ્રે ગ્રહણ કરેલું પ્રભુનું શરણ

વૈશાલીથી વિહાર કરી પ્રભુ સુંસુમારપુર પધાર્યા, અને ત્યાંના ઉદ્યાનમાં પ્રતિમા ધ્યાને રહ્યા. આ વખતે ચમરેન્દ્ર ગર્વ કરી શક્રને જીતવા સૌધર્મ લોકમાં ગયો. તેથી શક્રે કોપ કરી તેના પર વજ્ર છોડયું. વજ્રથી ભયભીત બનેલો ચમરેન્દ્ર તુરત પ્રભુના ચરણ કમળમાં આવી પડયો અને બચી ગયો.

સુંસુમારપુરથી વિહાર કરતાં પ્રભુ કૌશાંબી નગરી પધાર્યા. ત્યાં શતાનીક નામે રાજા હતો. તેને મૃગાવતી નામે રાણી અને સુગુપ્ત નામે પ્રધાન હતો. સુગુપ્તને નંદા નામે પરમ શ્રાવિકા સ્ત્રી હતી. નંદા મૃગાવતીની સખી હતી. તે નગરીમાં (કૌશાંબીમાં) ધનાવહ નામે શેઠ હતો. તેની પત્નીનું નામ મૂલા હતું.

હવે શ્રવણભગવન્ મહાવીર કૌશાંબીમાં પધાર્યા ત્યારે પોષ વદ

એકમ હતી. તે દિવસે પ્રભુએ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી એમ ચાર પ્રકારે ઉગ્ર અભિગ્રહ લીધો તે આ પ્રમાણે :

### પ્રભુનો અભિગ્રહ

"દ્રવ્યથી સૂપડાના ખૂણામાં રહેલ અડદ આપે તો વહોરવા. ક્ષેત્રથી એક પગ ઉંમરામાં અને એક પગ બહાર રાખીને આપે તો વહોરવું. કાળથી–ભિક્ષાચરો ભિક્ષા લઈ ગયા પછીના સમયે મળે તો વહોરવું. ભાવથી કોઈ રાજકુમારી દાસીપણાને પામી હોય, મસ્તક મુડાવ્યું હોય, પગમાં બેડી હોય, રોતી હોય અને અઠ્ઠમ તપ કર્યો હોય–આવા પ્રકારની સતી સ્ત્રી જો વહોરાવે તો વહોરવું."

આ પ્રમાણે પરીષહ સહન કરવા કઠણ અભિગ્રહ સ્વીકારી પ્રભુ તે નગરીમાં ભિક્ષા માટે ફરે છે. તે નગરીનો રાજા, પ્રધાન વગેરે ઘણા ઉપાય કરે છે. પણ ચાર મહિના વ્યતીત થયા, છતાં પ્રભુનો અભિગ્રહ પૂરો થયો નહિ.

### ચંદનબાળાનો વૃત્તાન્ત

આ અરસામાં શતાનીક રાજાએ ચંપાનગરી ઉપર ચડાઈ કરી લશ્કરથી ઘેરી લીધી, તેથી ચંપાનો રાજા દધિવાહન નાસી ગયો. પાછળથી ધણી વગરની ચંપાનગરીને શતાનીક રાજાના સૈનિકોએ લૂંટવા માંડી. શતાનીકના એક સુભટે દધિવાહન રાજાની રાણી ધારિણીને અને તેની પુત્રી વસુમતીને પકડી પોતાના કબજામાં રાખી. તે સુભટે ધારિણીને સ્ત્રી તરીકે રાખવાનું કહેવાથી ધારિણી તુરત પોતાની જીભ કચરીને મરી ગઇ. ત્યાર પછી તે સુભટે વસુમતીને આશ્વાસન આપી, પુત્રી તરીકે રાખવાનું સમજાવી, કૌશાંબીમાં લાવી, બજારમાં વેચવા ઊભી રાખી. તે વખતે તે રસ્તેથી જતા ધનાવહ શેઠે સુભટને ધન આપી વસુમતીને પોતાને ઘેર લઇ જઈ પુત્રી તરીકે રાખી. તે બાલાના વિનયાદિ ગુણોથી અને ચંદન જેવી શીતલ વાણીથી રંજિત થયેલા શેઠે પરિવાર સાથે મળીને તેણીનું ચંદના નામ પાડ્યું.

એક વખતે શેઠ મધ્યાન્હ સમયે દુકાનેથી ઘેર આવ્યો, ત્યારે દૈવયોગે કોઈ નોકર હાજર ન હતો. તેથી ચંદના ઊભી થઈ અને પિતૃભક્તિથી શેઠના પગ ધોવા લાગી. તે વખતે ચંદનાનો ચોટલો છૂટી જવાથી તેના વાળ પાણીથી ભીની થયેલી ભૂમિમાં પડયા; ત્યારે 'આ પુત્રીના કેશ ભૂમિના કાદવથી મેલા ન થાઓ.' એમ ધારી શેઠે સહજ સ્વભાવે તે કેશને ઊંચા કર્યા અને પછી આદરથી બાંધી લીધા. ગોખમાં બેઠેલી શેઠની પત્ની મૂલાએ આ ચેષ્ટા જોઈ વિચાર્યું કે-"આ યુવતી બાલાનો કેશપાશ શેઠે પોતે બાંધ્યો. જેમનો પિતા પુત્રી તરીકે સંબંધ હોય તેમની આવી ચેષ્ટા હોય જ નહીં. તેથી શેઠની બુદ્ધિ આ સુંદર બાળાને પોતાની પત્ની તરીકે રાખવાની જણાય છે. વળી આ બાળા ઉપર શેઠનો સ્નેહ ઘણો છે. તેથી ઘરની ધણીઆણી આજ થશે. અને હું નકામી થઇ અપમાન પામીશ, માટે હવે તો આ બાળાનો મૂળમાંથી ઉચ્છેદ કરવો ઉચિત છે." એમ વિચારી, શેઠ બહાર ગયા ત્યારે મૂલાએ હજામને બોલાવી ચંદનાનું મસ્તક મુંડાવી નાખ્યું. પછી બેડી પહેરાવી, ખૂબ માર મારી, દૂરના એક ઘરમાં પૂરી, બારણે તાળું વાસી, મૂલા પોતાને પિયર ચાલી ગઈ.

સાંજના શેઠ ઘેર આવ્યા ત્યારે ચંદનાની ખબર પૂછી, પણ મૂલાની બીકે કોઈપણ માણસે કહ્યું નહિ. આવી રીતે ત્રણ દિવસ પસાર થઇ ગયા, ત્યારે ચોથે દિવસે શેઠે ઘરના માણસોને આગ્રહ-પૂર્વક પૂછ્યું શેઠના આગ્રહને વશ થઈ એક ઘરડી દાસીએ ચંદનાને જ્યાં પૂરી હતી તે ઘર બતાવ્યું. શેઠે બારણાનું તાળું ખોલી, તે ઘર ઉઘાડી જોયું તો ચંદનાને બેહાલ સ્થિતિમાં જોઈ શેઠને ઘણોજ ખેદ થયો, અને ચંદનાને એક સૂપડાના ખૂણામાં અડદના બાકળા આપી કહ્યું કે "હે પુત્રી ! તું હમણાં આ અડદ વાપર; હું બેડી ભંગાવી નાખવા લુહારને બોલાવવા જાઉં છું" એમ કહી શેઠ લુહારને ઘેર ગયો.

## ચંદનબાળાએ પ્રભુને કરાવેલ પારણું

ચંદનાએ વિચાર કર્યો કે–"જો કોઈ ભિક્ષુ આવે તો તેને આપીને અડદ વાપરું." તે આ પ્રમાણે વિચારે છે તેવામાં પાંચ માસ અને પચીસ દિવસના ઉપવાસવાળા શ્રી વીરપ્રભુ ફરતા ફરતા ત્યાં પધાર્યા. પ્રભુને દેખી ચંદના ઘણી ખુશી થઇ, અને લોઢાની બેડીથી સખત જકડાયેલી હોવાથી ઉમરો ઉલ્લંઘવાને અશક્ત હતી, તેથી એક પગ ઉમરામાં અને એક પગ બહાર રાખી બોલી, "હે પ્રભુ! આ અડદ ગ્રહણ કરો." પરંતુ પ્રભુ તો ધારેલા અભિગ્રહમાં એક રુદન ન્યૂન દેખી પાછા ફર્યા. તેથી ચંદનાને ખેદ થયો કે–"અરે! હું કેવી અભાગણી કે આ અવસરે પધારેલા પ્રભુ કાંઈપણ લીધા વગર પાછા ફર્યા." આ પ્રમાણે ખિન્ન થયેલી ચંદના રોવા લાગી, તેથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ–એમ ચાર પ્રકારે અભિગ્રહ પૂર્ણ થવાથી પ્રભુએ તે અડદના બાકળા ગ્રહણ કર્યા.

પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થવાથી પ્રસન્ન થયેલા દેવોએ ત્યાં વસુધારા વગેરે પાંચ દિવ્યો પ્રગટ કર્યા. તત્કાળ શક્રેન્દ્ર ત્યાં આવ્યો; દેવો નાચવા લાગ્યા. ચંદનાની બેડી તૂટીને તેને ઠેકાણે સોનાના ઝાંઝર થઈ ગયાં. પૂર્વની પેઠે શુશોભિત કેશપાશ થઈ ગયો અને દેવોએ ચંદનાને વસ્ત્રાલંકારોથી સુશોભિત કરી દીધી. દુંદુભીના શબ્દ સાંભળી તત્કાલ ત્યાં શતાનીક રાજા, મૃગાવતી રાણી વગેરે આવ્યા. મૃગાવતી ધારીણીની બહેન થતી હતી. તેણે ચંદનાને ઓળખી. આવી રીતે ચંદનાને માસીનો મેળાપ થયો. ચંદના પોતાની સાળીની પુત્રી હોવાથી રાજા શતાનીક વસુધારા લઈ જવા તત્પર થયો. આ સમયે ઈન્દ્રે કહ્યું, "હે રાજન! આ ધન ચંદનાનું છે. ચંદના જેને આપે તેજ લઈ શકે." ચંદનાએ કહ્યું કે–"મારું પુત્રી તરીકે પાલન કરનાર ધનાવહ શેઠ આ ધન ગ્રહણ કરે." આ પ્રમાણે ચંદનાની ઈચ્છાથી ઈન્દ્રે તે ધન ધનાવહ શેઠને આપીને કહ્યું કે "આ ચંદના શ્રી મહાવીર પ્રભુની પ્રથમ સાધ્વી થશે." પછી રાજા શતાનીકે

ચંદનાને આદરપૂર્વક પોતાને ઘેર લઈ જઈ કન્યાઓના અંતઃપુરમાં રાખી.

**બારમું ચાતુર્માસ**

કૌશાંબીથી વિહાર કરી પ્રભુ સુમંગલ નામના ગામે પધાર્યા; ત્યાં સનત્કુમાર ઈન્દ્રે આવી પ્રભુને વંદન કર્યું. ત્યાંથી વિહાર કરતા કરતા પ્રભુ ચંપાનગરી પધાર્યા ત્યાં સ્વાતિદત્ત નામના બ્રાહ્મણની અગ્નિહોત્ર શાલામાં ચોમાસી તપ સ્વીકારી પ્રભુ બારમું ચાતુર્માસ રહ્યા. તે ચારે મહિના રાત્રિએ પૂર્ણભદ્ર અને યશોભદ્ર નામના બે યક્ષો પ્રભુની સેવા કરવા આવતા.

**પ્રભુના કાનમાં ગોવાળિયાએ ખીલા ઠોકયા.**

વિહાર કરતા કરતા પ્રભુ ષણ્માની નામના ગામે પધાર્યા. અને ત્યાં ગામની બહાર પ્રતિમા ધરીને રહ્યા. પ્રભુના ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવે શૈય્યાપાલના કાનમાં તપાવેલા શીશાનો રસ રેડાવી ઉપાર્જન કરેલું અશાતાવેદનીય કર્મ પ્રભુને આ સમયે ઉદયમાં આવ્યું. તે શૈય્યાપાલનો જીવ ઘણાં ભવભ્રમણ કરી આ ગામમાં ગોવાળિયો થયો હતો. તે ગોવાળિયો પ્રભુને રાત્રિએ ગામની બહાર ઊભા રહેલા જોઈ, પોતાના બળદોને પ્રભુ પાસે મૂકી ગાયો દહોવા ગામમાં ગયો. ગોવાળ ગયા પછી બળદો તો ચરવા માટે અટવીમાં દૂર ચાલ્યા ગયા. હવે પેલો ગોવાળિયો ગાયો દોહીને પાછો આવ્યો, પણ બળદોને ન જોવાથી પ્રભુને પૂછવા લાગ્યો કે—“હે દેવાર્ય! મારા બળદ કયાં છે?” આવી રીતે બે ત્રણ વખત પૂછયું, પરંતુ મૌન રહેલા પ્રભુ તરફથી કંઈ પણ ઉત્તર ન મળ્યો. ત્યારે તે ગોવાળે પ્રભુ ઉપર ક્રોધ કરીને જેના તીર થાય છે તે શરકટ વૃક્ષના કાષ્ટના બે ખીલા બનાવી પ્રભુના બન્ને કાનમાં નાખ્યા. પછી તે બન્ને ખીલાને ઠોકી પ્રભુના કાનમાં એટલા બધા ઊંડા ખોસી દીધા કે કાનની અંદર ગયેલા તે બન્ને ખીલાના અગ્ર ભાગ એકબીજાને મળી ગયા. ત્યાર પછી તે ખીલા-

-ઓને કોઈ ખેંચીને કાઢી શકે નહિ એવા નિર્દય ઈરાદાથી તે દુષ્ટ ગોવાળ બન્ને ખીલાઓના બહાર દેખાતા ભાગને કાપી ચાલ્યો ગયો. આ પ્રમાણે ઘોર ઉપસર્ગ થયા છતાં ધ્યાનમગ્ન પ્રભુ સમભાવથી જરાપણ ડગ્યા નહિ.

**સિદ્ધાર્થ અને ખરકવૈદ્યે દૂર કરેલ પ્રભુનો ખીલાનો ઉપસર્ગ**

ત્યાંથી વિહાર કરી પ્રભુ મધ્યમ અપાપા નગરીમાં આવ્યા અને ત્યાં પારણાને માટે સિદ્ધાર્થ નામના વૈશ્યને ઘેર આવ્યા. સિદ્ધાર્થે ભક્તિથી પ્રભુને પારણું કરાવ્યું. પ્રભુ સિદ્ધાર્થને ઘેર પધાર્યા. તે વખતે ત્યાં સિદ્ધાર્થનો મિત્ર ખરક નામનો વૈદ્ય બેઠો હતો. તે પ્રભુને જોઈ બોલ્યો. "અહો ! આ ભગવંતનું શરીર સર્વ લક્ષણે સંપૂર્ણ છે, પણ કાંઈક મ્લાન જણાતું હોવાથી શલ્યવાળું હોય એમ લાગે છે." સિદ્ધાર્થે કહ્યું કે "જો એમ હોય તો બરાબર તપાસ કરીને કહે કે ભગવંતના શરીરમાં કયે ઠેકાણે શલ્ય છે ?" પછી તે નિપૂણ વૈદ્યે પ્રભુના બધા શરીરની તપાસ કરી, તો બન્ને કાનમાં ખીલા નાખેલા જોયા એટલે તે સિદ્ધાર્થને પણ બતાવ્યા. સિદ્ધાર્થે કહ્યું કે-"હે મિત્ર ! મહાતપસ્વી પ્રભુનું શલ્ય તુરત દૂર કરવું જોઈએ આ શુભ કાર્ય કરવાથી આપણે બન્નેને પુણ્ય થશે; માટે બીજા કાર્ય પડતાં મૂકી સત્વર તું પ્રભુની ચિકિત્સા કર" આ પ્રમાણે તેઓ બન્ને વાતચીત કરે છે તેવામાં તો પોતાના શરીરમાં પણ નિરપેક્ષ પ્રભુ ત્યાંથી ચાલ્યા ગયા, અને બહાર ઉદ્યાનમાં આવી શુભ ધ્યાનમાં પરાયણ થયા. ત્યાર પછી સિદ્ધાર્થ શેઠ અને ખરક વૈદ્ય ઔષધ વગેરે લઇ સત્વર ઉદ્યાનમાં ગયા. વૈદ્યે સાણસી વડે પ્રભુનાં બન્ને કાનમાંથી ખીલા ખેંચી કાઢયા. પ્રભુનાં કાનમાં ઊંડા પેસી ગયેલા અને રૂધિરથી ખરડાયેલા તે ખીલા ખેંચ્યા ત્યારે પ્રભુ મહાવીરે મોટી ચીસ પાડી, તેથી સમગ્ર ઉદ્યાન મહાભયંકર થઈ ગયું. ઔષધથી પ્રભુના બન્ને કાનને તત્કાળ રૂઝાવી, સિદ્ધાર્થ શેઠ અને ખરકવૈદ્ય પોતાને ઘેર ગયા. પછી લોકોએ તે સ્થળે દેવાલય બંધાવ્યું.

આવી રીતે પ્રભુનો ઉપસર્ગોનો પ્રારંભ પણ ગોવાળથી થયો અને ઉપસર્ગોની પૂર્ણતા પણ ગોવાળથી થઈ. અર્થાત્ આ ખીલાનો ઉપસર્ગ છેલ્લો થયો.

વીર પ્રભુને જે જે ઉપસર્ગો થયા તેમાં જઘન્ય ઉપસર્ગોમાં કટપુટનાએ જે શીતનો ઉત્કૃષ્ટ ઉપદ્રવ કર્યો તે ઉત્કૃષ્ટ. મધ્યમ ઉપસર્ગોમાં સંગમે જે કાળચક્ર મૂક્યું તે ઉત્કૃષ્ટ; અને ઉત્કૃષ્ટ ઉપસર્ગોમાં કાનમાંથી ખીલાનો ઉદ્ધાર કર્યો તે ઉત્કૃષ્ટ. આ સમગ્ર ઉપસર્ગોને વીર પ્રભુએ નિર્ભયપણે સહન કર્યા, ક્રોધ રહિતપણે ખમ્યા, દીનતા રહિતપણે અને કાયાની નિશ્ચલતા રાખી સહન કર્યા.

સામાન્ય માણસ ન સહન કરી શકે એવા ઘોર ઉપસર્ગો પ્રભુ કેમ સહન કરી શક્યા ? આના જવાબમાં જ્ઞાની ગ્રંથકારો કહે છે કે "તીર્થંકર દેવોનું શરીર વજ્રઋષભનારાચ સંઘયણવાળું હોય છે. તેમજ તેઓ નિરૂપક્રમ આયુષ્યવાળા હોય છે. તેમનું આયુષ્ય કદાપિ કાળે, કોઈ પણ જાતના આઘાતથી તુટતું નથી. પ્રાણાંત ઉપસર્ગો થવા છતાં પણ નિશ્ચિત નિર્વાણ કાળ પહેલાં તીર્થંકર દેવો મૃત્યુ પામતા નથી."

સાડા બાર વર્ષ પર્યંત પ્રભુએ ઉગ્ર તપશ્ચર્યા કરી. સાથોસાથ અપૂર્વ આત્મવિકાસ સાધ્યો. સાડા બાર વર્ષમાં માત્ર ત્રણસો ઓગણપચાસ (૩૪૯) પારણાં પ્રભુએ કર્યા. તે તપશ્ચર્યાને લગતી સંકલના નીચે પ્રમાણે છે :–

**છદ્મસ્થ કાળમાં પ્રભુએ કરેલ તપશ્ચર્યા અને પારણાંની સંખ્યા**

| તપનું નામ | કેટલા કર્યા | એકંદર તપના દિવસની સંખ્યા | પારણાંની સંખ્યા |
|---|---|---|---|
| પૂર્ણ છ માસી | ૧ | ૧૮૦ | ૧ |
| પંચ દિવસ ઊણુ છ માસી | ૧ | ૧૭૫ | ૧ |
| ચાર માસી | ૯ | ૧૦૮૦ | ૯ |

| | | | |
|---|---|---|---|
| ત્રણ માસી | ૨ | ૧૮૦ | ૨ |
| અઢી માસી | ૨ | ૧૫૦ | ૨ |
| બે માસી | ૬ | ૩૬૦ | ૬ |
| દોઢ માસી | ૨ | ૯૦ | ૨ |
| એક માસી | ૧૨ | ૩૬૦ | ૧૨ |
| અર્ધ માસી | ૭૨ | ૧૦૮૦ | ૭૨ |
| પ્રતિમા / અઠ્ઠમ તપ | ૧૨ | ૩૬ | ૧૨ |
| છઠ્ઠ તપ | ૨૨૯ | ૪૫૮ | ૨૨૮ |
| મહાભદ્ર પ્રતિમા | ૧ | ૪ | ૧ |
| સર્વતો ભદ્ર પ્રતિમા | ૧ | ૧૦ | ૧ |
| | | | ૩૪૯ |

પ્રભુએ બે ઉપવાસ (છઠ્ઠ)થી ઓછો તપ કર્યો નથી. તમામ તપ ચૌવિહારા કર્યા છે.

**તપશ્ચર્યાના આહાર પાણી અંગે સમાધાન**

આ કાળના જીવોના મનમાં વખતે શંકા પણ થાય કે આટલા બધા દિવસ આહાર અને પાણી સિવાય પ્રભુ ટકી કેમ શકે ? અથવા એ પ્રમાણે આંહાર કર્યા સિવાય તપના સમયમાં મન સ્થિર રહી તપ શાન્તિથી થઈ શકે કે કેમ ?

આ પ્રકારે ઊદ્ભવતી શંકાના સમાધાનમાં જ્ઞાની આચાર્ય ભગવંતો જણાવે છે કે, તીર્થંકર તથા ચરમશરીરી આત્માઓના શરીરની રચના અદ્વિતીય પ્રકારની હોય છે. જૈન પરિભાષામાં તેને વજ્રઋષભનારાચ સંઘયણ એવું નામ આપેલું છે.

આ પ્રકારના શારીરિક આત્માઓ પર ગમે તેવું કષ્ટ પડે તો પણ તેમની સહન કરવાની અને મનને સ્થિર રાખવાની શક્તિ ઘણી ઉત્કૃષ્ટ પ્રકારની હોય છે.

તીર્થંકરો જન્મથી જ અવધિજ્ઞાની હોય છે. પૂર્વ ભવોનું તેઓને જ્ઞાન હોય છે. તેથી હવે તેના કરતા વિશેષ પ્રકારના કે તેવા પ્રકારના આહારની તેમના મનમાં જીજ્ઞાસા હોતી નથી. નારકી અને તિર્યંચના ભવમાં પરવશપણે આહાર વગર જીવો દુઃખ ભોગવે છે તેનું જ્ઞાન છે. તેમના પરવશપણામાં ક્ષુધા તથા તૃષાના કષ્ટ આગળ આ સ્વેચ્છાપૂર્વક કરેલા તપનું કષ્ટ તેમને અલ્પ લાગે છે.

આહાર કરવો એ આત્માનો સ્વાભાવિક ગુણ નથી. તેનો તો અનાહારપણાનો સ્વભાવ છે. આહાર તો માત્ર શરીર (પુદગલ)ના પોષણ અર્થે જ કરવાનો છે. તીર્થંકર દેવોના જીવનની મહત્તા તો ત્યાં જ છે કે, "તેઓ જન્મથી જ પુદગલનંદી નહિ પણ આત્માનંદી હોય છે. તેથી તેઓ શરીરને આયુષ્કાળ સુધી નભાવવાની ખાતર જ આસક્તિ રહિતપણે આહાર કરે છે,

પાવાપુરીના ઉદ્યાનથી વિહાર કરી, વીર પ્રભુ જૃંભિય ગામની સમીપ ઋજુવલુકા, (ઋજુપાલિકા) નદીના તટ પર રહેલ દેવાલયની સમીપ, સાલવૃક્ષની નીચે, ગોદોહિકા આસાનથી ધ્યાનમગ્ન બન્યા.

**વીર પ્રભુને કેવળ જ્ઞાન**

નિર્જળ બે ઉપવાસનું પ્રત્યાખ્યાન કરી શુક્લ ધ્યાનનો આરંભ કર્યો. આ ધ્યાનની પહેલી બે શ્રેણીઓ પાર કરી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય–આ ચાર ઘાતી કર્મોનો નાશ કર્યો.

આ સમયે એટલે વૈશાખ સુદ દશમના રોજ ચોથા પ્રહરને સમયે પ્રભુને કેવળજ્ઞાન તેમજ કેવળ દર્શન પ્રાપ્ત થયાં.

## ચતુર્વિધ સંઘની ઉત્પત્તિ

વૈશાખ સુદ દશમને દિવસે પ્રભુને કેવળ જ્ઞાન થયું એટલે ઈન્દ્રોના સિંહાસનો ચલાયમાન થયાં. અવધિજ્ઞાનથી તેઓએ જાણ્યું કે વીરપ્રભુને કેવળજ્ઞાન થયું છે એટલે તેઓ દેવો સાથે આવ્યા.

દેવોએ સમવસરણની રચના કરી. સમવસરણમાં બેસીને પ્રભુએ પહેલી દેશના આપી પણ તે નિષ્ફળ ગઈ. પ્રભુ ત્યાંથી વિહાર કરી અપાપાપુરીના ઉદ્યાનમાં આવ્યા. દેવતાઓએ સુંદર સમોસરણ રચ્યું. ઇન્દ્રે પ્રભુની સ્તુતિ કરી. પછી પ્રભુએ સર્વને સમજાય એવી વાણીથી નીચે પ્રમાણે દેશના આપી :–

**વીર પ્રભુની દેશના**

"આ સંસાર સમુદ્રની જેવો દારૂણ છે અને તેનું કારણ વૃક્ષના બીજની જેમ કર્મ જ છે. પોતાના જ કરેલા કર્મથી વિવેક રહિત થયેલો પ્રાણી કુવો ખોદનારની જેમ અધોગતિને પામે છે અને શુદ્ધ હૃદયવાળા પુરૂષ પોતાના કર્મથી મહેલ બાંધનારની જેમ ઊર્ધ્વગતિને પામે છે. પ્રાણીની હિંસા એ કર્મના બંધનું કારણ છે. માટે જીવ હિંસા કદી ન કરવી જોઇએ. હમેશાં પોતાના પ્રાણની જેમ બીજાના પ્રાણની રક્ષામાં તત્પર રહેવું. આત્મપીડાની જેમ પર જીવની પીડાને પણ હરવાને ઇચ્છતા પ્રાણીએ અસત્ય નહિ બોલતાં સત્ય જ બોલવું. માણસના બહિઃ પ્રાણ લેવા જેવું અદત્ત દ્રવ્ય કદિ પણ લેવું નહિં, કારણ કે તેનું દ્રવ્ય હરવાથી તેનો વધ કરેલો જ કહેવાય. ઘણા જીવોનું ઉપમર્દન કરનારૂં મૈથુન કદિ પણ સેવવું નહીં. પ્રાજ્ઞ પુરૂષે મોક્ષને આપનારૂં બ્રહ્મચર્ય જ ધારણ કરવું. પરિગ્રહ રાખવો નહીં. ઘણા પરિગ્રહને લીધે અધિક ભારથી બળદની જેમ પ્રાણી વિધુર થઈને અધોગતિમાં પડે છે. આ પ્રાણાતિપાત વગેરેના બે ભેદ છે. તેમાંથી સૂક્ષ્મને જો છોડી શકાય નહિ, તો પછી સૂક્ષ્મના ત્યાગમાં અનુરાગી થઈ બાદરનો ત્યાગ તો જરૂર કરવો."

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળી સર્વલોકો આનંદમાં મગ્ન થઈ ચિત્રવત્ સ્થિર થઈ ગયા.

**સોમિલ બ્રાહ્મણને ત્યાં યજ્ઞમાં પધારેલા બ્રાહ્મણો**

હવે તે વખતે અપાપા નગરીમાં સોમિલ નામના ધનાઢ્ય

બ્રાહ્મણે પોતાને ઘેર યજ્ઞ કરવા, યજ્ઞ ક્રિયામાં વિચક્ષણ બ્રાહ્મણોને બોલાવ્યા હતા. તેઓમાં ચૌદ વિદ્યાના પારગામી એવા ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામના ત્રણ બ્રાહ્મણ ભાઈઓ પાંચસો શિષ્યોના પરિવારયુક્ત આવ્યા હતા. વ્યક્ત અને સુધર્મ નામના બે પંડિતો પાંચસો શિષ્યોના પરિવાર સહિત આવ્યા હતા; મંડિત અને મૌર્યપુત્ર નામના બે ભાઈઓ પ્રત્યેક સાડા ત્રણસો શિષ્યોના પરિવારયુક્ત આવ્યા હતા; અકંપિત, અચલ ભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ નામના ચાર પંડિતો ત્રણસો ત્રણસો શિષ્યોના પરિવારયુક્ત આવ્યા હતા. આ અગિયારે પંડિતોને એક એક વિષયનો સંશય હોવા છતાં પોતે સર્વજ્ઞ હોવાનું ખોટું અભિમાન ધરાવતા હતા. તેઓ પોતાના સર્વજ્ઞપણાના અભિમાનની ક્ષતિના ભયથી પોતપોતાના સંદેહ વિષે માંહોમાંહે પૂછતા ન હતા. આ પ્રમાણે તે ૧૧ પંડિતો તથા તેમના ૪૪૦૦ શિષ્યો યજ્ઞમંડપમાં આવ્યા હતા; તે સિવાય શંકર, ઈશ્વર, શિવજી, ગંગાધર વગેરે ઘણા બ્રાહ્મણો યજ્ઞમંડપમાં એકત્ર થયા હતા.

આ અવસરે શ્રી મહાવીર પ્રભુને વંદન કરવા આકાશમાંથી ઉતરતા દેવતાઓને જોઈ તે બ્રાહ્મણો બોલવા લાગ્યા કે, "અહો ! આ યજ્ઞનો પ્રભાવ તો જુઓ ! આપણે મંત્રથી બોલાવેલા આ દેવો પ્રત્યક્ષ થઈ યજ્ઞમંડપમાં ચાલ્યા આવે છે." તે વખતે ચંડાળના ગૃહની જેમ યજ્ઞનો વાડો છોડીને દેવોને સમોસરણમાં જતાં જોઈ લોકો કહેવા લાગ્યા–'હે નગરજનો ! અતિશય સહિત સર્વજ્ઞ પ્રભુ ઉદ્યાનમાં સમોસર્યા છે. તેમને વાંદવાને માટે આ દેવો હર્ષથી જાય છે !"

## ઈન્દ્રભૂતિનું અભિમાન

## પ્રભુએ દૂર કરેલો ગૌતમનો સંદેહ

સર્વજ્ઞ એવા અક્ષરો સાંભળતાં જ કોઈએ આક્રોશ કર્યો હોય તેમ ઇન્દ્રભૂતિ કોપ કરી પોતાના સ્વજન પ્રત્યે બોલ્યો–" અરે !

ધિક્કાર ! ધિક્કાર ! મરુ દેશના લોકો જેમ આંબાને છોડી કેરડાં પાસે જાય તેમ આ લોકો મને છોડીને એ પાંખડી પાસે જાય છે. શું મારી આગળ કોઈ બીજો સર્વજ્ઞ છે? સિંહની આગળ બીજો કોઈ પરાક્રમી હોય જ નહીં. કદિ મનુષ્યો તો મૂર્ખ હોવાથી તેની પાસે જાય, તો ભલે જાઓ. પણ આ દેવતાઓ કેમ જાય છે? તેથી તે પાખંડીનો દંભ કોઇ મહાન લાગે છે. પરંતુ જેવો એ સર્વજ્ઞ હશે તેવા જ આ દેવતાએ પણ જણાય છે. કેમકે જેવો યક્ષ હોય તેવો જ બલિ અપાય છે. હવે આ દેવો અને માનવોને દેખતાં હું તેના સર્વજ્ઞપણાનો ગર્વ હરી લઉં. આ પ્રમાણે અહંકારથી બોલતો ગૌતમ પાંચસો શિષ્યો સાથે સમોસરણમાં આવ્યો. પ્રભુની સમૃદ્ધિ અને તાદૃશ તેજ જોઇ, "આ શું?" એમ ઈન્દ્રભૂતિ આશ્ચર્ય પામી ગયો. એવામાં તો "હે ગૌતમ! ઈન્દ્રભૂતિ! તું અહિં ભલે આવ્યો" આ પ્રમાણે જગદ્‌ગુરૂએ અમૃત જેવી મધુરવાણી વડે કહ્યું. તે સાંભળી ગૌતમ વિચારમાં પડયો કે, શું આ મારા ગોત્ર અને નામ પણ જાણે છે.? અથવા મારા જેવા જગપ્રસિદ્ધ માણસને કોણ ન જાણે. પણ જો મારા હૃદયમાં રહેલા સંશયને તે જણાવે અને તેને પોતાની જ્ઞાન સંપત્તિ વડે છેદી નાખે તો તે ખરા આશ્ચર્યકારી છે એમ હું માનું. આ પ્રમાણે વિચાર કરતા એવા સંશયધારી ઈન્દ્રભૂતિને પ્રભુએ કહ્યું કે 'હે વિપ્ર! જીવ છે કે નહીં?' એવો તારા હૃદયમાં સંશય છે. પણ હે ગૌતમ, જીવ છે, પરંતુ તે ચિત્ત, ચૈતન્ય, વિજ્ઞાન અને સંજ્ઞા વગેરે લક્ષણોથી જાણી શકાય છે. જો જીવ ન હોય તો પુણ્યપાપનું પાત્ર કોણ? અને તારે આ યાગ, દાન વગેરે કરવાનું નિમિત્ત પણ શું?"

**પાંચસો શિષ્યો સાથે ઇન્દ્રભૂતિ દીક્ષા લે છે.**

આ પ્રમાણે પ્રભુના વચન સાંભળી તેણે મિથ્યાત્વની સાથે સંદેહને છોડી દીધો અને પ્રભુના ચરણમાં નમસ્કાર કરી બોલ્યો, "હે સ્વામી, ઊંચા વૃક્ષનું માપ લેવાને નીચા પુરુષની જેમ હું

દુર્બુદ્ધિ તમારી પરીક્ષા લેવા આવ્યો હતો. હે નાથ! હું દુષ્ટ છું, તે છતાં તમે મને સારી રીતે પ્રતિબોધ આપ્યો છે. તો હવે સંસારથી વિરક્ત થયેલા એવા મને દીક્ષા આપી અનુગ્રહિત કરો. વીરપ્રભુએ તેને પહેલા ગણધર થશે એવું જાણીને પાંચસો શિષ્યો સાથે પોતેજ દીક્ષા આપી.

## અગ્નિભૂતિનો સંશય-કર્મ છે કે નહિ ?

ઈન્દ્રભૂતિને દિક્ષિત થયેલો જાણી અગ્નિભૂતિએ વિચાર્યું, "તે ઇન્દ્રજાલિકે જરૂર ઇન્દ્રભૂતિને છેતરી લીધો માટે હું ત્યાં જઇ સર્વજ્ઞ નહિ છતાં પોતાને સર્વજ્ઞ માનનારા તે ધૂતારાને જીતી લઉં અને માયાથી પરાજય કરેલા મારા ભાઈને પાછો લઈ આવું. સર્વ શાસ્ત્રના રહસ્યને જાણનારા અને મોટી બુદ્ધિવાળા ઈન્દ્રભૂતિને માયા વગર જીતવાને કોણ સમર્થ છે? માયા રહિત પુરુષોમાં માયા વિજય મેળવે છે. પણ જો એ માયાવી મારા હૃદયનો સંશય જાણીને તેને છેદી નાખે તો હું પણ ઇન્દ્રભૂતિની માફક શિષ્યો સહિત તેનો શિષ્ય થાઉં" આવું વિચારી અગ્નિભૂતિ પાંચસો શિષ્યો સહિત સમોસરણમાં ગયો અને જિનેશ્વરની પાસે બેઠો. તેને જોતાં જ પ્રભુ બોલ્યા કે-"હે ગૌતમગોત્રી અગ્નિભૂતિ ! તારા હૃદયમાં એવો સંશય છે કે કર્મ છે કે નહીં અને જો કર્મ હોય તો તે પ્રત્યક્ષાદિ પ્રમાણને અગમ્ય અને મૂર્તિમાન છે; એવા કર્મને અમૂર્તિમાન જીવ શી રીતે બાંધી શકે? અમૂર્તમાન જીવને મૂર્તિવાળા કર્મથી ઉપઘાત અને અનુગ્રહ શી રીતે થાય ? આવો તારા હૃદયમાં જે સંશય છે તે વૃથા છે કારણ કે અતિશય જ્ઞાની પુરુષોને કર્મ પ્રત્યક્ષ જણાય છે અને તારા જેવા છદ્મસ્થ પુરુષોને જીવની વિચિત્રતા જોવાથી અનુમાન વડે કર્મ જણાય છે. કર્મની વિચિત્રતાથી પ્રાણીઓને સુખ દુઃખ વગેરે વિચિત્ર ભાવો પ્રાપ્ત થાય છે. તેથી કર્મ છે એવો તું નિશ્ચય રાખજે. કેટલાક જીવ રાજા થાય છે અને કેટલાકને હાથી, અશ્વ, રથ વગેરે વાહન મળે છે તેમજ કેટલાક તેની પાસે જોડા

વગર પગે ચાલનારા હોય છે. કોઈક હજારો પ્રાણીના ઉદર ભરનારા હોય છે અને કોઈ ભિક્ષા માગીને પોતાનું ઉદર ભરી શકતા નથી. દેશકાળ એક સરખાં છતાં એક વેપારીને ઘણો લાભ થાય છે અને બીજાની મૂળ મૂડીનો પણ નાશ થાય છે આવા કાર્યોનું કારણ તે કર્મ છે. કેમકે કારણ વિના કાર્યની વિચિત્રતા થતી નથી.” આ પ્રમાણે પ્રભુએ તેનો સંશય છેદી નાખ્યો એટલે અગ્નિભૂતિએ ઈર્ષા છોડી દઈને પાંચસો શિષ્ય સાથે દીક્ષા લીધી.

## વાયુભૂતિ દીક્ષા અંગીકાર કરે છે

અગ્નિભૂતિએ પણ દીક્ષા લીધી તે વાત સાંભળી વાયુભૂતિએ વિચાર્યું કે “જેણે મારા બન્ને ભાઈઓને જીતી લીધા તે સાચા સર્વજ્ઞ હોવા જોઈએ. માટે ભગવાનની પાસે જઈ, તેમને વંદના કરી, મારૂં પાપ ધોઈ નાંખુ અને હું પણ મારો સંશય છેદાવી નાંખુ.” તેને આવેલો જોઈને પ્રભુ બોલ્યા, “હે વાયુભૂતિ! તને જીવ અને શરીર વિષે મોટો સંશય છે પ્રત્યક્ષાદિ પ્રમાણ વડે ગ્રહણ ન થતો હોવાથી જીવ શરીરથી જુદો લાગતો નથી. તેથી જળમાં પરપોટાની જેમ તે જીવ શરીરમાંથી ઉત્પન્ન થઈ શરીરમાં જ મૂર્છા પામે છે. એમ તારૂં માનવુ છે. પણ તે બરાબર નથી. કારણકે સર્વ પ્રાણીઓને એ જીવ દેશથી તો પ્રત્યક્ષ છે, કારણકે તેની ઈચ્છા વગેરે ગુણો પ્રત્યક્ષ હોવાથી જીવ સ્વયંસિદ્ધ છે. એટલે કે તેનો પોતાનો અનુભવ થાય છે. તે જીવ દેહ અને ઈન્દ્રિયોથી જુદો છે અને ઇન્દ્રિયો જ્યારે નાશ પામે છે ત્યારે તે મરણ પામે છે.” આવી પ્રભુની વાણીથી પોતાનો સંશય છેદાતાં વાયુભૂતિએ સંસારથી વિમુખ થઈ પાંચસો શિષ્યો સાથે દીક્ષા લીધી.

## વ્યક્ત, સુધર્મા વગેરે પંડિતોના સંશયો દૂર કર્યા

ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિએ પ્રભુ પાસે દીક્ષા લીધી એટલે ઈન્દ્રભૂતિ વગેરેને જીતી લીધા છે, તેઓ અમારા સંશયો પણ છેદી નાખશે એમ બીજા પંડિતોએ માન્યું. વ્યક્તને ‘પૃથ્વી,

જલ, તેજ વાયુ અને આકાશ એ પાંચ ભૂતો છે કે નહિં.' એવો સંશય હતો. સુધર્માને 'આ જીવ જેવો આ ભવમાં હોય છે તેવો જ પરભવમાં થાય છે કે ભિન્ન સ્વરૂપે થાય છે.' એવો સંશય હતો. મંડિતને 'આ જીવને કર્મનો બંધ અને કર્મથી મુકિત છે કે નહિં.' એવો સંશય હતો. મૌર્યપુત્રને 'દેવો છે કે નહીં.' એવો સંશય હતો. અચલભ્રાતાને 'પુણ્ય અને પાપ છે કે નહીં." એવો સંશય હતો. મેતાર્યને 'પરલોક છે કે નહીં.' એવો સંશય હતો અને પ્રભાસને મોક્ષ છે કે નહિ એવો સંશય હતો.

**અગિયાર ગણધરો**

વ્યક્ત વગેરે પંડિતો પ્રભુ પાસે આવ્યા એટલે પ્રભુએ તેમના સંશયો છેદી નાખ્યા તેથી તેઓએ તેમના શિષ્ય સમુદાય સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી આ રીતે ગૌતમગોત્રના શ્રીઈન્દ્રભૂતિથી માંડીને પ્રભાસ પર્યન્ત અગિયારે જણાએ ૪૪૦૦ (ચાર હજાર ચારસો) શિષ્યો સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. આ અગિયાર પ્રભુના મુખ્ય શિષ્યો થયા અને તેઓ પ્રભુના ગણધરો તરીકે જાણીતા થયા.

**ચન્દનબાળા વગેરેની દીક્ષા**

પ્રભુને કેવળજ્ઞાન થયું છે એ ચંદનબાળાને ખબર પડી એટલે તે વ્રત લેવાની ઈચ્છાથી પ્રભુના સમોસરણમાં આવી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી નમીને તે દીક્ષા લેવાને તત્પર થઈ ઊભી રહી. તે વખતે બીજી પણ અનેક રાજા તથા અમાત્યોની પુત્રીઓ દીક્ષા લેવા માટે તૈયાર થઈ. પ્રભુએ ચંદનબાળાને આગળ કરીને સર્વેને દીક્ષા આપી અને હજારો નરનારીઓને શ્રાવકપણામાં સ્થાપિત કર્યાં.

એવી રીતે ચતુર્વિધ સંઘની સ્થાપના પછી પ્રભુએ ઈન્દ્રભૂતિ વગેરેને ધ્રૌવ્ય, ઉત્પાદ અને વ્યયાત્મક ત્રિપદી[1] કહી સંભળાવી તે ત્રિપદી વડે તેમણે અગિયાર અંગ અને ચૌદ પૂર્વની રચના કરી એવી રીતે રચતાં સાત ગણધરોની સૂત્ર વાચના પરસ્પર જુદી જુદી થઈ અને અકંપિત તથા અચળભ્રાતા તેમજ મેતાર્ય અને પ્રભાસની

પરસ્પર વાચના સરખી થઈ. શ્રી વીર પ્રભુના અગિયાર ગણધરો હોવા છતાં તેઓમાં બે બેની વાચના સરખી થવાથી ગણ (મુનિ સમુદાય) નવ થયા.

પછી સમયને જાણનાર ઇંદ્ર તત્કાળ સુગંધી રત્ન ચૂર્ણથી પૂર્ણ એવું પાત્ર લઈ ઊભા રહ્યા. એટલે ઈન્દ્રભૂતિ વગેરે એ પણ પ્રભુની અનુજ્ઞા લેવા માટે જરા જરા મસ્તક નમાવી અનુક્રમે પરિપાટીથી ઊભા રહ્યા. પછી દ્રવ્ય, ગુણ અને પર્યાયથી તમને તીર્થની અનુજ્ઞા છે એમ બોલતા પ્રભુએ પ્રથમ ઇન્દ્રભૂતિ–ગૌતમના મસ્તક ઉપર ચૂર્ણ નાખ્યું. પછી અનુક્રમે બીજાઓના મસ્તક પર ચૂર્ણ નાખ્યું. "આ ચિરંજીવી થઈ, ધર્મનો ચિરકાળ સુધી ઉદ્યોત કરશે" એમ કહીને પ્રભુએ સુધર્મ ગણધરને સર્વ મુનિઓમાં મુખ્ય કરી ગણની અનુજ્ઞા આપી. પછી સાધ્વીઓમાં સંયમના ઉદ્યોગની ઘટનાને માટે પ્રભુએ તે સમયે ચંદનાને પ્રવર્ત્તિની પદે સ્થાપિત કરી.

(૧) પ્રત્યેક પદાર્થ ઉત્પન્ન થાય છે. નાશ પામે છે અને દ્રવ્ય રૂપે નિત્ય છે.

# મહારાજા શ્રેણિક અને તેમના કુટુંબીજનો

કુશાગ્રપુર નગરમાં પ્રસેનજિત નામે રાજા રાજ્ય કરતો હતો આ રાજા પાર્શ્વનાથ પ્રભુના શાસનને માન્ય કરનારો અને શ્રાવકવ્રતને ધારણ કરનારો હતો. તેને ઘણી રાણીઓ અને શ્રેણિક વગરે ઘણા પુત્રો હતા.

કુશાગ્રપુરમાં ઘણી વખત આગ લાગતી., તેથી રાજાએ એવી ઉદ્ઘોષણા કરાવી કે જેને ઘેર આગ લાગશે તેને ગામમાં વસવા માટે સ્થાન નહિ મળે. બન્યું એવું કે એક વખત રાજાના મહેલમાં જ આગ લાગી. સૌ કુમારો કિંમતી વસ્તુઓ લઈ બહાર નીકળ્યા. શ્રેણિક ભંભાવાદ્ય લઈ બહાર આવ્યો. પ્રસેનજિત રાજાએ તેને પૂછ્યું, "હીરા, માણેક વગેરે કિંમતી વસ્તુઓ છોડી તેં ભંભા કેમ ઉપાડી" શ્રેણિકે કહ્યું "આ રાજાનું જયચિન્હ છે અને દિગ વિજયમાં મંગળરૂપ છે. આ હશે તો બીજી વસ્તુઓ આપોઆપ આવી મળશે" પ્રસેનજિત આ જવાબથી પ્રસન્ન થયો અને તેણે શ્રેણિકનું ભંભાસાર એવું નામ પાડયું. રાજમહેલ બળવાથી રાજાએ પોતાનો વસવાટ કુશાગ્રપુરથી એક ગાઉ દૂર રાખ્યો. સમય જતાં ત્યાં નગર વસ્યું અને તે રાજગૃહ નામે પ્રસિદ્ધ થયું.

રાજા પ્રસેનજિત શ્રેણિકને પ્રતાપી માનતો હોવાથી તેણે તેની બહુદરકાર ન રાખી. આથી શ્રેણિકને ખોટું લાગ્યું અને તેથી તે નગર છોડી પૂછયા ગાછયા વગર ચાલતો થયો. તે બેના તટ નગર ગયો; ત્યાં ભદ્ર શેઠની નંદા નામની છોકરીને પરણ્યો.

### શ્રેણિકનો રાજ્યાભિષેક

રાજગૃહમાં રાજા પ્રસેનજિતને અકસ્માત રોગની પીડા થઈ આવી તેથી તેણે તત્કાળ શ્રેણિકને શોધી લાવવા માટે ઘણી સાંઢયો મોકલી. સાંઢયોવાળા માણસો ફરતા ફરતા બેના તટે આવી

શ્રેણિકને મળ્યા. તેમની પાસેથી પિતાને થયેલી પીડાની વાર્તા સાંભળી, નંદાને સ્નેહથી સમજાવી, શેઠની રજા લઈ, શ્રેણિક એકલો ત્યાંથી ચાલ્યો. નીકળતી વખતે તેણે "જેમાં ઉજ્વળ ભિંતો છે એવા રાજગૃહ નગરનો હું ગોપાળ છું" એવા નિમંત્રણ મંત્ર જેવા તેને અક્ષરો અર્પણ કર્યા. પછી શ્રેણિક સાંઢ ઉપર ચડી ઉતાવળો રાજગૃહ નગર તરફ ચાલ્યો અને ત્યાં પહોંચ્યો. તેને આવેલો જોઇ પ્રસેનજિત રાજા ઘણો હર્ષ પામ્યો. તત્કાળ હર્ષના અશ્રુજળ સાથે સુવર્ણકળશના નિર્મળ જળથી તેનો રાજ્ય ઉપર અભિષેક કર્યો. પછી પ્રસેનજિત રાજા પ્રાર્શ્વપ્રભુ અને નમસ્કાર મંત્રને સંભારતો સંભારતો, ચાર શરણ અંગીકાર કરી, મૃત્યુ પામીને દેવલોક ગયો. પછી શ્રેણિકે બધી પૃથ્વીનો ભાર ધારણ કર્યો.

### અભયકુમાર

બેનાતટ નગરમાં નંદાએ પુત્રને જન્મ આપ્યો. ભદ્ર શેઠે તેનું નામ અભયકુમાર પાડયું. આ અભયકુમારે મોટો થતાં એક વખત નંદાને પૂછયું, "મારા પિતા કોણ?" માતાએ તેના પિતાનો ગૂઢ ભાવ સૂચક પત્ર બતાવ્યો અને કહ્યું, "તારા પિતા કાંઈ પણ ઓળખ આપ્યા સિવાય ચાલ્યા ગયા છે." બુદ્ધિશાળી અભયકુમાર પત્રનો ભાવ સમજ્યો અને તે નંદાને લઇ રાજગૃહ આવ્યો. પોતાની માતાને પરિવાર સહિત બહાર ઉદ્યાનમાં મૂકી થોડો પરિવાર લઈ નગરમાં આવ્યો.

### અભયકુમાર સુકા કુવાને કાંઠે ઊભો રહી વીંટી બહાર કાઢે છે.

આ સમયે શ્રેણિક રાજાને બુદ્ધિશાળી મુખ્ય મંત્રી જોઈતો હતો. તેની પરીક્ષા માટે રાજાએ સુકા કુવામાંથી વીંટી બહાર કાઢી શકે તે કુશળ બુદ્ધિવાન પુરુષ મારા મંત્રીઓમાં અગ્રેસર થાય એવી ઘોષણા કરાવી. અભયકુમારે કુવાના કાંઠા ઉપર ઊભો રહી તરત જ આર્દ્ર ગોમયનો પિંડ તે કુવામાં રહેલી મુદ્રિકા ઉપર નાખ્યો અને પછી તેની ઉપર એક બળતો તૃણનો પુળો નાખ્યો આથી ગોમય સુકાઈ ગયું. પછી નંદા-

કુમારે નીક કરાવીને કુવાને જળથી ભરી દીધો. પછી પેલું ગોમય તર્યું એટલે તે ચતુર બાળકે તરત હાથવતી તે લઇ લીધું અને તેને ચોંટેલી વીંટી છૂટી પાડી. રક્ષકોએ આવી શ્રેણિકને ખબર આપ્યા એટલે તેણે અભયકુમારને બોલાવી તેની પાસેથી બધી વિગત જાણી લઈ તેને મુખ્ય મંત્રી બનાવ્યો અને તેની માતા નંદાને પટરાણી બનાવી.

## અભયકુમાર શ્રેણિકને ચેલ્લણા મેળવવામાં મદદ કરે છે.

એક વખત વૈશાલીના ચેટક રાજાની કુંવરી સુજ્યેષ્ઠાનું રૂપ દેખી શ્રેણિક મુગ્ધ બન્યો અને દૂત મોકલી ચેટક પાસે સુજ્યેષ્ઠાની માગણી કરી. ચેટકે શ્રેણિકનું કુળ પોતાની સમાન ન હોવાથી તેની માગણીનો તિરસ્કાર કર્યો. શ્રેણિકને સુજ્યેષ્ઠા વગર ચેન ન પડ્યું. અભયકુમારને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે વૈશાલી ગયો અને અંત: પુર નજીક દુકાન માંડી દરરોજ ત્રિકાળ શ્રેણિકના ચિત્રનું પૂજન કરવા લાગ્યો. એક દિવસ દાસીએ તે રૂપ સુજ્યેષ્ઠાને બતાવ્યું સુજ્યેષ્ઠા શ્રેણિકનું રૂપ જોઈ મોહિત થઈ. અભયકુમારે સુજ્યેષ્ઠાને શ્રેણિક સુરંગદ્વારા નિયત દિવસે આવશે તેમ જણાવી તેને આનંદિત કરી. આ પછી અભયકુમારે યુક્તિ કરી સુજ્યેષ્ઠાના આવાસ સુધી સુરંગ કરાવી. શ્રેણિક પોતાના બત્રીશ અંગ રક્ષકો સાથે રથ ઉપર આરૂઢ થઈ સુજ્યેષ્ઠાના આવાસે આવ્યો. સુજ્યેષ્ઠા જતાં જતાં ચેલ્લણાને મળી સર્વ વાત કહી છૂટી પડે છે. તેટલામાં યાદ આવતાં સુજ્યેષ્ઠા રત્નકરંડીયો લેવા ગઈ અને ચેલ્લણા રથ ઉપર બેઠી. તે વખતે રથિકપુત્રોએ રાજાને કહ્યું, "મહારાજા શત્રુના ઘરમાં વધુ વિલંબ કરવો વ્યાજબી નથી." શ્રેણિકે રથ હાંકયો. થોડીવારે સુજ્યેષ્ઠા આવી. તેણે ન જોયો રથ કે ન જોયા શ્રેણિક કે ચેલ્લણા. સુજ્યેષ્ઠાએ બૂમ પાડી, "દોડો, દોડો શ્રેણિક ચેલ્લણાને લઈ નાસી જાય છે." ચેતકરાજાનો રથિક વીરંગક દોડી આવ્યો. તેણે શ્રેણિકના બત્રીશ અંગરક્ષકોને મારી નાખ્યા. શ્રેણિકને મારવા તે

દોડયો, પણ સુરંગ સાંકડી અને વચ્ચે અંગરક્ષકોના રથો પડેલા હોવાથી તે રોકાઇ પડયો. શ્રેણિક તેટલીવારમાં તો કયાંય દૂર નીકળી ગયો. વીરંગક પાછો આવ્યો. તેણે ચેટક રાજાને બત્રીસ રથિકોને માર્યાની અને શ્રેણિક નાસી ગયાની વાત કરી; ચેટક ખેદ પામ્યો. સુજ્યેષ્ઠાને વિરકત ભાવના જાગી. કેટલાક સમય બાદ ચંદન બાળા પાસે જઈ તેણે દીક્ષા લીધી.

દૂર ગયા બાદ રાજા શ્રેણિક, સુજ્યેષ્ઠા ! સુજ્યેષ્ઠા ! કહી બોલાવવા માંડયો. ત્યારે ચેલ્લણાએ કહ્યું, 'રાજન ! હું સુજ્યેષ્ઠાની બહેન ચેલ્લણા છું. સુજ્યેષ્ઠાતો રત્ન લેવા જતાં રહી ગઈ છે. શરૂ આતમાં સુજ્યેષ્ઠા નહિ મળવાથી રાજા ખેદ પામ્યો, પણ ચેલ્લણાનું રૂપ અને લાવણ્ય જોતાં તેને લાગ્યું કે તેનો પ્રયાસ નિષ્ફળ નથી ગયો. શ્રેણિક ચેલ્લણાને ગાંધર્વ વિવાહથી પરણ્યો.

**કુશંકાથી અંતઃપુર બાળવાની શ્રેણિકની આજ્ઞા નો અભયકુમાર અમલ કરતો નથી.**

એક વખત મધ્ય રાત્રિએ ઉંઘમાં ઝબકી ચેલ્લણા બોલી, 'અત્યારે તેને કેમ હશે ?' શ્રેણિકને ચેલ્લણાના આ શબ્દો સાંભળી તેના શિયળ ઉપર શંકા આવી. મનમાં આ રોષ રાખી સવારે અભયકુમારને બોલાવી કહ્યું, "મારા અંતઃપુરમાં બગાડ પેઠો છે. હુ બહાર જાઉં કે તુરત તું સમગ્ર અંતઃપુર સળગાવી દેજે." શ્રેણિક ભગવાનની દેશના સાંભળવા ગયો. દેશના બાદ તેણે ભગવંતને પૂછયું, 'ભગવન' ચેલ્લણા સતી છે કે અસતી ? અને સતી છે તો ઉંઘમાં તે 'તેને કેમ હશે' એ કેમ બોલી ? ભગવાને કહ્યુ, "ચેલ્લણા સતી શિરોમણિ છે. તમે બન્નેએ ગઈ કાલે ખુલ્લા શરીરે કાયોત્સર્ગ સ્થિત મુનિને વાંદ્યા હતા. તે મુનિનું તાઢમાં શું થતું હશે તે ભકિતથી ચેલ્લણાએ કહ્યું કે 'તેને કેમ હશે' શ્રેણિક પર્ષદામાંથી ઊઠયો અને નગરમાં આવતાં અભયકુમારને પૂછયું, 'તેં અંતઃપુર બાળ્યું કે કેમ ?' તેણે જવાબ આપ્યો, "આપની આજ્ઞા પ્રમાણ કરી છે." શ્રેણિક મૂર્છા ખાઈ જમીન ઉપર પડયો અને બોલ્યો, "અવિ-

ચારી એવા મને ધિક્કાર હો અને વગર વિચારે કાર્ય કરનાર તને પણ ધિક્કાર હો." અભયકુમારે કહ્યું, "મેં વગર વિચાર્યું કર્યું નથી. અંતઃપુર સલામત છે. આતો પર્ણકુટિ સળગે છે." શ્રેણિક આનન્દ પામ્યો.

**અભયકુમારે ઉજ્જયિનીના ચંડપ્રદ્યોતને પાછો કાઢયો.**

એક સમય ઉજ્જયિનીનો રાજા ચંડ પ્રદ્યોત સામંમત્ર રાજા-તિઓને સાથે લઈ મગધ ઉપર ચડી આવ્યો. તેની સાથે લડવું તે શ્રેણિક માટે મુશ્કેલ હતું. એટલે અભયકુમારે તેને પોતાની બુદ્ધિથીજ પાછો કાઢવાનું માથે લીધું. તેણે રાજગૃહી નગરીની બહાર જ્યાં જ્યાં લશ્કરને પડાવ નાખવા જેવાં સપાટ સ્થાનો હતા ત્યાં બધે શ્રેણિક રાજાના સોનાના સિક્કા દટાવ્યા. ત્યાર બાદ ચંડ પ્રદ્યોતને છેક રાજગૃહ નગર સુધી આવવા દીધો. તેણે રાજગૃહને ઘેરો ઘાલી પેલી સપાટ જગ્યાએ જ પડાવ નાખ્યો. અભયકુમારે થોડો વખત જવા દઈ ચંડ પ્રદ્યોતને ખાનગીમાં ખબર મોકલી કે "તમારા લશ્કરના બધા માણસો ફુટેલાં છે. તમે તેમના તંબુઓની જમીન ખોદી જોશો તો તમને ખાતરી થશે કે તે બધાઓએ શ્રેણિક પાસેથી લાંચ લીધી છે. અને તેઓ તમને જાનથી મારી નાખવા કબુલ થયા છે" ચંડ પ્રદ્યોતે એક બે તંબુ ખોદાવ્યા તો ત્યાંથી શ્રેણિક રાજાના સિક્કા નીકળ્યા. આથી ભયભીત થઈ ચંડ પ્રદ્યોત બધા લશ્કરને પડતું મૂકી તે પોતાના નગર તરફ વીજળી વેગે નાઠો ચંડ પ્રદ્યોત જતાં તેનું આખું લશ્કર પણ વેરણ છેરણ થઈ ગયું. આમ અભયકુમારની બુદ્ધિથી રાજગૃહી નિર્ભય બની.

**અભયકુમારનું હરણ**

ચંડપ્રદ્યોતને જ્યારે અભયકુમારની બધી યુક્તિની ખબર પડી ત્યારે અભયકુમારને જીવતો પકડી લાવનારને આગળ આવવા બીડું ફેરવ્યું. કોઈએ ન સ્વીકારેલું એ બીડું એક ગણિકાએ ઝડપ્યું. તેણે પોતાની બધી યોજના તૈયાર કરી. પ્રથમ તેણે બીજી બે યુવાન સ્ત્રીઓ સાથે લીધી અને કોઈ સાધ્વીની આદર પૂર્વક ઉપાસના કરી

જૈનધર્મના મુખ્ય મુખ્ય આચાર વિચાર સમજી લીધા. ત્યાર બાદ તે ત્રણે સ્ત્રીઓ શ્રેણિકના નગરમાં આવી અને જુદાં જુદાં જૈનતીર્થો તથા મંદિરોના દર્શનાર્થે પોતે નીકળી છે એવું તેમણે જાહેર કર્યું. પછી અભયકુમાર જે મંદિરમાં દર્શન કરવા જતો હતો ત્યાં જઈ તેમણે વિવિધ રાગરાગિણીથી પ્રભુની સ્તુતિ કરવા માંડી. અભયકુમાર તેમની ભક્તિ ભાવ ભરી ઉપાસના સાંભળી પ્રસન્ન થયો અને તેમને તેમની માહિતી પૂછવા લાગ્યો. પેલી વારાંગનાએ જણાવ્યું કે 'હું ઉજ્જયિનીના એક ધનાઢય વેપારીની વિધવા છું અને આ બે મારી પૂત્ર વધુઓ છે. તેઓ પણ વિધવા થઈ છે. સાધ્વીપણું સ્વીકારતા પહેલાં અમે આ પ્રમાણે યાત્રાએ નીકળ્યા છીએ."

અભયકુમારે પ્રસન્ન થઈ તેમને પોતાને ત્યાં જમવા બોલાવ્યા. બીજે દિવસે તે ગણિકાએ પણ અભયકુમારને ભોજનનું આમંત્રણ આપ્યું. અભયકુમાર આવ્યો એટલે ગણિકાએ તેને જળપાનમાં કાંઈક પીવરાવી બેહોશ બનાવી દીધો. અને તૈયાર રાખેલા રથમાં તેને નાખી ઝટ ઉજ્જયિની પહોંચાડી દીધો. ચંડપ્રદ્યોતે તેને કાષ્ઠના પાંજરામાં પૂર્યો.

અભયકુમારનો મુશ્કેલીના પ્રસંગે ચંડપ્રદ્યોતને પણ ખપ પડતો. તેથી તેણે તેને છોડી પોતાની પાસે રાખ્યો. ચંડપ્રદ્યોત પાસે વખાણવા યોગ્ય ચાર વસ્તુઓ હતી-દેવતાઈ અગ્નિ ભીરૂ રથ, શિવાદેવી રાણી, અનલગિરિ હાથી અને લોહજંઘ દૂત.

એક વખત લોહજંઘ દૂતને ભૃગુકચ્છના માણસો એ ઝેરવાળા લાડવા આપ્યા. લોહજંઘ જમવા બેઠો પણ અપશુકન દેખી તેણે મોદક ખાધા નહિ. આ લાડવા ચંડપ્રદ્યોતે અભયકુમારને બતાવ્યા. અભયકુમારે કહ્યું. "આ લાડવા દૃષ્ટિ વિષ સર્પ યુકત છે.' ચંડપ્રદ્યોતે તેની ખાત્રી કરાવી તો તેમજ નીકળ્યું. ચંડપ્રદ્યોતે અભયકુમારને અહીંથી છૂટા થવાની માગણી સિવાય વરદાન માગવાનું કહ્યું. અભયકુમારે જરૂર પડે માગીશ એમ કહી તેને થાપણ રૂપે રાખ્યું.

એક વખતે ચંડપ્રદ્યોતના પ્રિય હાથી અનલગિરિએ ભાંગફોડ આરંભી. ચંડપ્રદ્યોતે તેને વશ લાવવા અભયકુમારની સલાહ પ્રમાણે સંગીત નિષ્ણાત વત્સરાજને વિનંતી કરી. વત્સરાજે હાથમાં વીણ લઇ વાસવદત્તા સાથે ગાયન ગાયું. તેથી હાથી વશ થયો. રાજાએ અભયકુમારને બીજું વરદાન આપ્યું તે પણ તેણે થાપણ રાખ્યું.

## રાજા ચંડપ્રદ્યોતે અભયકુમારને છોડી મુકયો

ઉજ્જયિનીમાં આગ લાગી અને મરકી થઈ ત્યારે આ બન્ને ઉપદ્રવો અભયકુમારની બુદ્ધિથી શમ્યા. ચંડપ્રદ્યોતે ખુશ થઈ બીજા બે વરદાન આપ્યા પછી અભયકુમારે આ વરદાન સામટા આ રીતે માગ્યા "તમે તમારા પ્રિય અનલગિરિ હાથી ઉપર મહાવત થઈ બેસો; હું પાછળ અંબાડીમાં તમારી રાણી શિવાદેવીના ખોળામાં બેસું. અગ્નિ ભીરૂ રથને ભાંગીને તેના લાકડાની ચિતા સળગાવો. તેમાં આપણે ચારે જણા પ્રવેશ કરીએ." રાજા આ સાંભળી સ્તબ્ધ બન્યો. તેણે અભયકુમારને છોડી મૂકયો. અભયકુમારે કહ્યું, 'મનેતો તમે છેતરી પકડી લાવ્યા હતા. પણ હું તમને ધોળે દિવસે ભર બજારે પકડી જઈશ તે ધ્યાન રાખજો." પછી અભયકુમાર રાજગૃહ આવ્યો અને કેટલોક કાળ નિર્ગમન કર્યો.

અન્યદા અભયકુમાર વણિકનો વેશ લઇ બે ગણિકાની રૂપવતી પુત્રીઓને સાથે રાખી અવન્તી આવ્યો અને રાજમાર્ગ ઉપર એક ઘર ભાડે લઇને રહ્યો. કોઈ સમયે માર્ગે જતાં પ્રદ્યોતે તે બે રમણીઓને જોઈ અને તેમણે પણ વિલાસપૂર્વક પ્રદ્યોત રાજાને નીરખ્યો. બીજે દિવસે તે રાગી રાજાએ તેમની પાસે એક દૂતી મોકલી. દૂતીએ આવીને ઘણી રીતે વિનંતી કરી પણ તેમણે રોષથી તેમો તિરસ્કાર કર્યો. બીજે દિવસે પણ દૂતીએ આવીને રાજા માટે પ્રાર્થના કરી, તે વખતે તેમણે કાંઇક ધીમેથી પણ રોષ પૂર્વક અવજ્ઞા કરીને કાઢી મૂકી. ત્રીજે દિવસે દૂતીએ ખેદ સાથે આવીને તેની માગણી કરી ત્યારે બોલી કે "અમારો સદાચારી ભાઇ અમારી રક્ષા કરે છે. પરંતુ

આજથી સાતમે દિવસે બહાર જનાર છે. તે વખતે રાજાએ અહિં ગુપ્ત રીતે આવવું એટલે અમારો સંગ થશે."

### અભયકુમારે ધોળે દિવસે કરેલું રાજા ચંડપ્રદ્યોતનું હરણ

અભયકુમારે ચંડપ્રદ્યોતના જેવી આકૃતિવાળા એક માણસને બનાવટી ગાંડો બનાવી રાખ્યો અને તેનું નામ પ્રદ્યોત પાડયું. અભયકુમાર રોજ તેને માચામાં નાખી વૈદ્યને ત્યાં લઈ જતો. તે વખતે પેલો ગાંડો માણસ બૂમો પાડતો કે હું પ્રદ્યોત છું. મને આ હરી જાય છે. પકડો ! પકડો ! બચાવો ! બચાવો લોકો આ પરિસ્થિતિથી ટેવાયા સાતમે દિવસે ચંડપ્રદ્યોત ગુપ્તપણે અભયકુમારને ઉતારે આવ્યો અભયકુમારના સુભટોએ તેને બાંધી માચામાં નાખ્યો અને ધોળે દિવસે શહેરની વચ્ચે થઈને લઈ ગયા. ચંડપ્રદ્યોતે ઘણી બૂમો પાડી પણ લોકોએ માન્યું કે 'ગાંડો પ્રદ્યોત બૂમો પાડે છે.' અભયકુમાર ચંડપ્રદ્યોતને રાજગૃહી લઈ ગયો અને શ્રેણિકરાજા સમક્ષ ખડો કર્યો. તત્કાળ શ્રેણિક ખડગ ખેંચીને મારવા દોડયો. અભયકુમારે તેને સમજાવ્યો એટલે તે શાન્ત થયો. પછી વસ્ત્રાભરણથી સન્માન કરીને તેણે પ્રદ્યોતરાજાને હર્ષપૂર્વક વિદાય કર્યો.

### અભયકુમારે કઠિયારા સાધુની મશ્કરી કરતા લોકોને શરમાવ્યા

એક વખત કોઈ કઠિયારાએ સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી. તે ભિક્ષા માગવા નીકળતો ત્યારે લોકો તેની મશ્કરી કરતા. અભયકુમારને આ વાતની ખબર પડી. તેણે રાજમાર્ગમાં રત્નનો ઢગલો કરાવ્યો અને જણાવ્યું કે, 'જે સ્ત્રીનો, સચિત્ત વસ્તુનો કે અગ્નિનો સર્વથા ત્યાગ કરે તે આ રત્નો લઇ જઈ શકે છે.' બધા ટોળે વળ્યા. અભયકુમારે કહ્યું. "સ્ત્રી, સચિત્ત વસ્તુ અને અગ્નિનો ત્યાગ કર્યા છતાં રત્ન લેવા નથી આવતો તે કઠિયારો ભિક્ષુક છે કે ત્યાગ વિના રત્નની આશાએ ભેગા થનારા તમે ભિખારી છો ?' લોકો લજ્જા પામ્યા અને ત્યાર પછી તેની મશ્કરી કરતા બંધ પડયા.

## અભયકુમારની દીક્ષા

અભયકુમારને શ્રેણિક દરરોજ કહેતો કે, 'તું રાજ્ય સ્વીકાર.' અભયકુમાર કહેતો, 'થાય છે, શી ઉતાવળ છે?' એક વખત અભયકુમારે વીરપ્રભુને પૂછયું, 'ભગવંત! છેલ્લો રાજર્ષિ કોણ?' ભગવાને જવાબ આપ્યો, 'વીતાભય નગરનો ઉદાયન રાજા.' આ જવાબ સાંભળી અભયકુમાર વિચાર મગ્ન બન્યો. તે શ્રેણિક પાસે આવ્યો અને કહેવા લાગ્યો. 'મારે રાજ્ય ન જોઈએ. કારણ કે હવે રાજા થનારના નસીબમાં દીક્ષા લખાઇ નથી. રાજા બની હું ભવહારી જવા માગતો નથી. હું તો ભગવાન પાસે જઇ દીક્ષા લઈશ.' શ્રેણિકની સંમતિ મેળવી અભયકુમારે પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી. રૂડી રીતે પાળી, કાળધર્મ પામી અભયકુમાર દેવ થયો.

## મેઘકુમાર

શ્રેણિક ભાગ્યશાળી હતો. અભયકુમાર જેવા તેને ધર્મિષ્ઠ કુંવરો હતા. એક વખત વીર પ્રભુ પૃથ્વી પર વિચરતા વિચરતા રાજગૃહ નગરની બહાર ઉદ્યાનમાં સમોસર્યા હતા. પ્રભુની દેશના સાંભળવા રાજા શ્રેણિક, કુંવર મેઘકુમાર વગેરે ગયા. દેશના સાંભળી મેઘકુમારને વૈરાગ્ય આવવાથી તેણે પોતાની આઠ સ્ત્રીઓને ત્યાગી, કેટલીક મહેનતે માતાપિતાની રજા લઇ, વીર પ્રભુ પાસે દીક્ષા લીધી. પછી ભગવાને મેઘકુમારને સાધુનો આચાર શિખવવા સ્થવિરોને સોંપ્યો. હવે રાત્રિને વિષે અનુક્રમે સંથારાઓ કરતાં, મેઘકુમારનો સંથારો સર્વસાધુઓને છેડે, ઉપાશ્રયના બારણા પાસે આવ્યો. ત્યાં માત્રુ વગેરેને માટે જતા આવતા સાધુઓના પગની ધૂળથી તેનો સંથારો ભરાઈ ગયો, તેથી આખી રાતમાં ક્ષણવાર પણ નિદ્રા આવી નહીં. તેથી તે વિચાર કરવા લાગ્યો, 'અહો! કયાં મારી શુખ શૈય્યા અને કયાં આ પૃથ્વી પર ઓળોટવું?' આવું દુઃખ મારે કયાં સુધી સહન કરવું? માટે હું તો પ્રભાતમાં પ્રભુની રજા લઇ પાછો ઘેર જઇશ' એમ વિચાર કરી, પ્રભાત થતાં જ્યારે પ્રભુ પાસે આવ્યો, ત્યારે પ્રભુએ મિષ્ટ વચનોથી બોલાવ્યો–'હે વત્સ! તેં

રાત્રિએ દુર્ધ્યાન ચિંતવ્યું, પણ તે વગર વિચારનું છે; કારણ કે આ જીવે નારકીના તીવ્ર દુઃખો અનેક સાગરોપમ સુધી ઘણીવાર સહન કર્યાં; તે દુઃખ આગળ આ દુઃખ શા હિસાબમાં છે ? એવો કોણ મૂર્ખ હોય - જે ચક્રવર્તીની ઋદ્ધિ મૂકી દાસપણું સ્વીકારે ? એવો કોણ હોય કે જે ચિંતામણિ મૂકીને પત્થર ગ્રહણ કરે ? હે મેઘ ! નારકીના દુઃખનો પાર આવે છે તો મનુષ્યના દુઃખનો પાર કેમ ન આવે ? તુચ્છ સુખને માટે ચારિત્ર રત્નનો ત્યાગ કરવો એ શું ધીર પુરુષનું કામ છે ? મરવું સારૂં છે. પણ ચારિત્રનો ત્યાગ કરવો એ ઠીક નથી. ચારિત્રનું કષ્ટ જ્ઞાનસહિત છે, માટે તે મહાફલદાયક છે. વળી તેંજ પૂર્વ ભવમાં ધર્મને માટે કષ્ટ સહન કર્યું હતું, તે કષ્ટથી તને આટલું ફળ મળ્યું, તે તારા પૂર્વ ભવની વાત સાંભળ—

### મેઘકુમારનો પૂર્વભવ

તું અહીં ત્રીજે ભવે વૈતાઢય પર્વતની ભૂમિમાં છદંતુશળવાળો, શ્વેતવર્ણવાળો અને એક હજાર હાથણીઓનો સ્વામી હસ્તિરાજ હતો. એક દહાડો ત્યાં વનમાં દાવાનળ લાગ્યો તેથી ભય પામીને તે હાથી ત્યાંથી નાસવા લાગ્યો. નાસતાં નાસતાં તરસ્યો થયો. એટલામાં બહુ જ કાદવવાળા એક તળાવ પાસે પહોંચ્યો. તળાવમાં જવાના સારા માર્ગથી તે હાથી અજાણ હતો, તેથી તેમાં જતાં કાંદવમાં ખૂંચી ગયો; એવી રીતે પાણી અને તળાવના કિનારાથી ભ્રષ્ટ થયો. એટલામાં તેના પહેલાનાં વૈરી એક હાથીએ ત્યાં આવી તેને ઘાયલ કર્યો, તેથી સાત દિવસ સુધી મહાવેદના ભોગવી મરણ પામ્યો. ત્યાંથી મરીને વિંધ્યાચળ પર્વતમાં લાલ રંગવાળો હાથી થયો. એક વખતે દૂર સળગેલો દાવાનલ દેખીને તે હાથીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વ ભવ યાદ આવ્યો; પછી એવા દાવાનળથી બચવા માટે તે હાથીએ ચાર ગાઉનું માંડલું બનાવ્યું. તે માંડલામાં ચોમાસાની આદિમાં તથા અંતમાં જે કંઈ ઘાસ, વેલાઓ ઊગે તે સર્વેને મૂળમાંથી ઉખેડી સાફ રાખે. હવે એક વખતે તેજ

વનમાં દાવાનલ લાગ્યો, તેથી સઘળા વનવાસી જીવો ભયથી તે માંડલામાં આવી ભરાયા. તે હાથી પણ જલદી માંડલામાં આવ્યો. માંડલામાં તલ પણ જગા રહી નહિ. આ સમયે તે હાથીએ પોતાના શરીરને ખંજવાળવા માટે એક પગ ઊંચો કર્યો એટલામાં એક સસલો બીજી જગ્યાએ ઘણી સંકડાશ હોવાથી તે જગાએ આવીને બેઠો. હવે પગથી શરીર ખંજવાળીને જેવો તે પગ નીચે મૂકવા લાગ્યો કે તુરત તેણે તે જગ્યાએ સસલાને જોયો. તેથી દયા લાવીને અઢી દિવસ સુધી એવી જ રીતે પગ ઊંચો કરી રાખ્યો. પછી જ્યારે દાવાનલ શાંત થયો ત્યારે સઘળા જીવો પોતપોતાને સ્થાનકે ગયા; સસલો પણ ચાલ્યો ગયો પણ તે હાથીનો પગ ઝલાઈ જવાથી, પગની બધી રગ બંધાઈ જવાથી જેવો તે પગ નીચે મૂકવા ગયો કે તુરત પૃથ્વી પર પડી ગયો. ત્યાં ત્રણ દિવસ સુધી ભૂખ અને તરસથી પીડિત થઈ, દયામય રહીને, સો વરસનું આયુષ્ય સંપૂર્ણ કરીને, શ્રેણિક રાજાની ધારિણી રાણીને કૂખે તું પુત્રપણે ઉત્પન્ન થયો છે. હે મેઘકુમાર ! તેં તિર્યંચના ભવમાં પણ ધર્મને માટે આવું કષ્ટ સહન કર્યું તેથી તારો રાજકૂળમાં જન્મ થયો, તો ચારિત્રને માટે કષ્ટ સહન કરતાં કેટલું ફળ મળશે તેનો તું વિચાર કર. હે મેઘા તિર્યંચના ભવમાં તો તું અજ્ઞાની હતો. છતાં દયાળુપણે તેં વ્યથાને જરાપણ ગણકારી નહિ, તો અત્યારે જ્ઞાન પામીને પણ જગત્ વંદનીય એવા સાધુઓની ચરણરજથી શા માટે દુભાય છે? સાધુઓની ચરણરજ તો પુણ્યવાન્ જીવને લાગે, માટે સાધુઓના પગ લાગવાથી દુઃખી ન થવું. એ પ્રમાણે પ્રભુનું કહેલું સાંભળી મેઘકુમારને જાતિ સ્મરણ જ્ઞાન થયું; પોતાના પૂર્વના બન્ને ભવ સંભારીને મેઘકુમારને વૈરાગ્ય થયો અને પ્રભુને પ્રણામ કરી બોલ્યો, 'હે સ્વામી ! આપ ચિરકાલ જયવંતા વર્તો. જેમ ઉન્માર્ગે જતા રથને કુશળ સારથી ખરે માર્ગે લાવે, તેમ આપ મને ફરીથી સન્માર્ગે લાવ્યા પ્રભુ ! આપે મારો ઉદ્ધાર કર્યો" એવી રીતે પ્રતિબોધ પામેલો મેઘકુમાર ચારિત્રને વિષે સ્થિર થયો. અને એવો અભિગ્રહ લીધો કે આજથી મારે બે નેત્રો સિવાય શરીરના બીજા અવયવોની શુશ્રૂષા ગમે તેવું સંકટ પડે તો પણ ન કરવી. એવો યાવજ્જીવ સુધીનો અભિગ્રહ કરી, નિરતિચારપણે ચારિત્ર પાળી, તીવ્ર તપ તપી, અંતે એક માસની સંલેખના કરી, વિજય નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો.

# નંદિષેણ

મહારાજા શ્રેણિકના ધર્મિષ્ઠ કુંવર નંદિષેણે એક વખત પ્રભુની દેશના સાંભળી અને તેથી તેને વૈરાગ્ય ભાવના જાગી. મહા મુશ્કેલીથી શ્રેણિક રાજાની અનુમતિ મેળવી તે ભગવાન પાસે દીક્ષા લેવા જાય છે તેવામાં આકાશવાણી થઈ કે 'હે નંદિષેણ, તું દીક્ષા લેવાની ઉતાવળ ન કર. તારે હજી ભોગાવળી કર્મ બાકી છે, તું દીક્ષા પાળી શકીશ નહિ' નંદિષેણે આકાશવાણીની દરકાર ન રાખી અને તેણે ભગવન્ત પાસે જઈ દીક્ષા લીધી. દીક્ષા બાદ તેણે ઘોર તપશ્ચર્યા આરંભી સ્મશાન અને શૂન્ય ગૃહમાં કાઉસ્સગ ધ્યાને રહેવાનું રાખ્યું. ભર ઉનાળામાં આતાપના લેવા માંડી પણ વિકારદશા પજવવા માંડી. આ વિકારદશાથી બચવા તેણે ગળે ફાંસો ખાઇ મરવાના અને અગ્નિમાં પડી દેહ ત્યાગ કરવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ તે સર્વ નિષ્ફળ ગયા. તપત્યાગ શોષિત નંદિષેણ એક વખત એક ઘેર આવી 'ધર્મ-લાભ' બોલ્યા. ઘરમાંથી જવાબ આવ્યો, "મહારાજ ! અમારે અર્થ લાભ જોઇએ. આ ઘર વેશ્યાનું છે." નંદિષેણે એક તૃણ ખેંચી લબ્ધિથી રત્નનો ઢગલો કર્યો. વેશ્યા આશ્ચર્યચકિત થઇ મુનિ સામે નિહાળે છે તેટલામાં મુનિ બહાર નીકળ્યા. વેશ્યા દોડી વચ્ચે પડી અને કહેવા લાગી, "પ્રાણનાથ ! આપ ન જાવ આ ઘર આપનું છે. સુખ ભોગ ભોગવો." નંદિષેણ ચકિત થયા અને વિચાર્યું કે 'દેવવાણી અન્યથા નહિ થાય' તેણે વેશ્યાને કહ્યું. 'ભલે હું અહિં રહીશ પણ રોજ દશ જણને પ્રતિબોધ કર્યા સિવાય ભોજન નહિ લઉં' વેશ્યાએ 'સારૂ' કહી મુનિને પોતાને ઘેર રોકયા.

આ ક્રમ કેટલોક વખત ચાલ્યો. નંદિષેણ વેશ્યાને ત્યાં આવનારમાંથી દશને પ્રતિબોધી દીક્ષા લેવા મોકલતા. એક વખત વેશ્યા વારે ઘડી ભોજન માટે નંદિષેણને બોલાવવા લાગી. નંદિષેણે કહ્યું,

"નવ પ્રતિબોધ પામ્યા છે. આ દશમો કેમે કરી પ્રતિબોધ પામતો નથી. તેને પ્રતિબોધી હમણાં આવું છુ." થોડી વારે વેશ્યા આવી અને કહેવા લાગી કે, "રસોઈ ઠરી જાય છે. જમવા પધારો" નંદિષેણે કહ્યું, "દશમો કોઇ પ્રતિબોધ પામતો નથી એટલે શી રીતે ભોજન કરવા આવું ?" વેશ્યાએ હસીને કહ્યું, 'દશમા આપ બનો' નંદિષેણ ચમકયા. તુરત વેશ્યાનું ઘર છોડી ભગવાન પાસે આવ્યા પાપનું પ્રાયશ્ચિત લીધું અને ફરી દીક્ષા લઈ, શુદ્ધ ચારિત્ર પાળી દેવગતિ પામ્યા.

## શ્રેણિકને સમકિત
## અનાથી મુનિ

એક વખત શ્રેણિક ફરવા નીકળ્યો. ત્યાં મંડિકુક્ષિ ચૈત્યમાં એક રૂપવાન મુનિને દેખી તેમને મળી પૂછયું, 'ભગવંત ! તમારી યુવાવસ્થા છે. સુકોમળ શરીર છે, તે છતાં શા માટે દીક્ષા લીધી ?' મુનિએ કહ્યું, "અનાથ છું. મારો કોઇ રક્ષક નથી." શ્રેણિકે કહ્યું, "અનાથનું રક્ષણ કરનાર હું રાજા છું." મુનિએ કહ્યું, "રાજન્ મારે ઘેર ઘોડાઓ હતા. હાથીઓ હતા. પિતાની સાહ્યબી હતી. બત્રીશ સ્ત્રીઓ હતી. નાના ભાઈ હતા. સેંકડો સેવકો અને મિત્ર હતા છતાં હે રાજન ! મને એક વખત આંખે તીવ્ર વેદના થઈ. માથામાં ઘોર પીડા થઈ. મારી પીડા કોઈ દૂર કરી શકયું નહીં અને હું સમજ્યો કે ખરેખર હું અનાથ છું. મેં નિશ્ચય કર્યો કે આ વેદનામાંથી છૂટું તો દીક્ષા લઇ સ્વશ્રેય સાધું. એ જ રાત્રિએ મારી વેદના અદૃશ્ય થઈ અને મેં સગાવહાલાંની અનુજ્ઞા મેળવી દીક્ષા લીધી." શ્રેણિક બોલ્યો, 'હે મહર્ષિ ! આપ સનાથ છો. હું અનાથ છું, કારણકે તમે તમારો નાથ ધર્મને બનાવ્યો છે" મહારાજા શ્રેણિક અહિં સમકિત પામ્યો.

## શ્રેણિકના કુંવરો તથા રાણીઓની દીક્ષા

શ્રેણિકને ભગવાનના શાસન ઉપર ખૂબ રૂચિ થઈ હતી તેથી

કોઇ પણ દીક્ષા લે તેમાં શ્રેણિક મુદ્દલ અંતરાય નાખતો નહિ પણ તેમાં મદદનીશ બની સહાય કરતો. આથી ભગવાનને કેવળજ્ઞાન થયા પછી સાતમા વર્ષમાં શ્રેણિકના તેવીસ પુત્રો[1] અને તેર રાણીઓએ[2] દીક્ષા લીધી.

## દુર્ગંધા રાણી

શ્રેણિકને ઘણી રાણીઓ પૈકી દુર્ગંધા નામે રાણી હતી. આ દુર્ગંધાએ પૂર્વજન્મમાં મુનિને દાન આપ્યું હતું તેથી રાણી બની હતી અને મુનિના વેશની જુગુપ્સા કરી હતી તેથી જન્મતા દુર્ગંધમય બની હતી. તે વેશ્યાને ત્યાં જન્મી હતી. વેશ્યાએ તેને ત્યજી દીધી અને એક આભિરણે તેને ઉછેરીમોટી કરી હતી. ઉમરલાયક થતા તેનો દુર્ગંધ ચાલ્યો ગયો અને તે લાવણ્યમય રૂપને પામી, શ્રેણિકે એક ઉત્સવમાં તેને દેખી અને તેના રૂપથી લલચાઈ તેને પરણ્યો અને પટરાણી બનાવી. સમય જતાં દુર્ગંધારાણીએ પણ ભગવાન પાસે દીક્ષા લઈ સ્વશ્રેય સાધ્યું.

---

(૧) શ્રેણિકના દીક્ષા લેનારા કેટલાક પુત્રોના નામ—જાલિ, મયાલી, ઉવયાલી, પુરૂષસેન, વારિષેણ, દીર્ઘદન્ત લષ્ટદન્ત વિહલ્લ, વેહારી, દીર્ઘસેન, મહાસેન, ગૂઢદન્ત, શુદ્ધદન્ત, હલ્લ, દ્રુમ, દ્રુમસેન, મહાદ્રુમસેન, સિંહ, સિંહસેન. મહાસિંહસેન, પૂર્ણશેન વગેરે

(૨) નન્દા, નન્દમતી, નદોતરા, નંદસેણિયા. મહયા, સુમરૂતા, મહામરૂતા મરૂદેવા, ભદ્રા, સુભદ્રા, સુમતા સુમના અને ભૂતદત્તા નામની તેર રાણીઓએ દીક્ષા લીધી.

# ભગવાન મહાવીર અને શ્રેણિક

## વિદ્યુન્માલિ દેવ

મહારાજા શ્રેણિકને ભગવાન પર અતિરાગ હતો. તેથી તે અવરનવર સત્સંગનો લાભ લેવા પ્રભુ પાસે આવતા. એક વખત વિદ્યુન્માલિદેવ ભગવાનને વાંદવા આવ્યો, ત્યારે ભગવાને શ્રેણિકને કહ્યું, “આ અંતિમ કેવળી થશે દેવલોકથી આ દેવચ્યવી, તારાનગરમાં ઋષભદત્ત શેઠનો પુત્ર જંબુસ્વામી નામે થશે અને તે સુધર્માસ્વામી પાસે દીક્ષા લઈ કેવળજ્ઞાન પામશે. આ પછી આ અવસરપીણીમાં કેવળજ્ઞાનનો માર્ગ બંધ થશે.”

## દુર્દુરાંક દેવ

એક વખત શ્રેણિક ભગવાન પાસે બેઠો હતો ત્યારે કોઈક કોઢિયો તેમની પાસે આવ્યો અને પરૂથી ભગવાનના ચરણને શંકા રહિત ખરડવા લાગ્યો. શ્રેણિકને આ બેહૂદું લાગ્યું. તે રાતો પીળો થયો. પણ ભગવાનની સમીપે હોવાથી કાંઈ ન બોલ્યો. તેવામાં ભગવાનને છીંક આવી એટલે કોઢિયાએ કહ્યું, ‘મરો’ થોડીવારે શ્રેણિકને છીંક આવી એટલે તે બોલ્યો, ‘ઘણું જીવો’ આજ વખતે તે સભામાં બેઠેલ કાલસૌરિક છીંકયો એટલે તેણે કહ્યું ‘તું જીવ પણ નહિ અને મર પણ નહિ.’ રાજાને તર્ક વિતર્ક થયા. ભગવાને રાજાને કહ્યું કે મને મરણ પામો એમ કહ્યું તેનો અર્થ એમ છે કે “તમે મૃત્યુબાદ નિર્વાણપદ પામવાના છો. માટે જલદી મરશો તો ઉત્તમ પદ પામશો.” તને ‘જીવો’ એમ કહ્યું તેનો અર્થ એ છે કે ‘તુ મર્યા બાદ નરક ગતિ પામવાનો છે માટે તું વધુ જીવ એમાં જ સુખ છે.’ કાલસૌરિકને ‘જીવ નહિ અને મર પણ નહિ’ કહ્યું તેનો અર્થ એ છે કે જીવશે તો પાપ કર્મ કરશે અને મરશે તો નરકના દુઃખ ભોગવશે. માટે તેને માટે બંનેમાંથી એક પણ સારૂં નથી.” શ્રેણિકે પૂછયું, “આ કોઢિયો કોણ હતો?” ભગવાને

કહ્યું, "કોશામ્બીમાં એક રાજા હતો. તેને એક બ્રાહ્મણે ખુશ કર્યો. આથી રાજાએ તેને વરદાન આપ્યું. વરદાનમાં તેણે દરરોજ ભોજન અને એક સોનામહોરની દક્ષિણા માગી. લોભી બ્રાહ્મણ ખાઈ ખાઈ ઓકી નાખતો અને દક્ષિણા લઈ આવતો. આમાંથી તેને કોઢ થયો. ઘરના માણસોએ તેનો તિરસ્કાર કર્યો. બ્રાહ્મણને પસ્તાવો થયો. તેણે તેનો ચેપ તેમને યુક્તિથી લગાડી બહાર ચાલ્યો ગયો. ગામના લોકોએ તેના કુંટુમ્બને કાઢી મૂક્યું. બ્રાહ્મણ રખડતો રખડતો ઔષધ મેળવી સાજો થઇ રાજગૃહનગરમાં આવ્યો તે વખતે ત્યાં દેવોએ સમવસરણ રચ્યું હતું. દ્વારપાળ પોતાની જગ્યાએ આ બ્રાહ્મણને બેસાડી સમવસરણમાં ગયો. તૃષાની વેદનાથી બ્રાહ્મણ મૃત્યુ પામી દેડકો થયો. આ દેડકાએ સમવસરણના સમાચાર સાંભળ્યા અને જાતિ સ્મરણજ્ઞાન પામી સમવસરણ તરફ આવે છે તેટલામાં તારા ઘોડાની ખરી તળે ચગડાઇ દેડકો મૃત્યુ પામી દેવ થયો. આ દેવ કુષ્ઠિનું રૂપ લઈ તારા સમકિતની પરીક્ષા કરવા અહિં આવ્યો હતો "

શ્રેણિકે પૂછ્યું, 'ભગવન ! હું નરકે જઈશ ?' ભગવાને કહ્યું, 'શ્રેણિક ! જેમ કાલ સૌરિક પાસે હિંસા મૂકાવવી, કપિલા બ્રાહ્મણી પાસે દાન અપાવવું કઠિન છે. તેમ તારે માટે નરક ટાળવી અશકય છે. પણ તું ખેદ ન કર આવતી ચોવીસીમાં તું પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થઈશ "

શ્રેણીક સમવસરણથી રાજમહેલ તરફ ગયો. રસ્તામાં એક મચ્છી મારનું કામ કરતા સાધુને દેખ્યા તેમને આવું ન કરવું જોઇએ તેમ સમજાવી તે આગળ ચાલ્યો. ત્યાં સગર્ભા સાધ્વી દેખી. તેણે તેને ગુપ્ત ઘરમાં રાખી. સાધુ અને સાધ્વીનું રૂપ વિકુર્વનાર દુર્દુરાંકદેવ આશ્ચર્ય પામ્યો અને પ્રગટ થઈ શ્રેણિકને કહેવા લાગ્યો, 'શ્રેણિક ઈન્દ્રે કહ્યું હતું તેમ તું ખરેખર દઢ સમકિતી છે " તેણે શ્રેણિકને સુંદર હાર અને બે ગોળા આપ્યા.

## કુપુત્ર કોણિક

શ્રેણિકને અભયકુમાર, મેઘકુમાર અને નંદિષેણ જેવા સુપુત્રો હતા. તેમણે દીક્ષા લઈ સ્વશ્રેય સાધ્યું હતું અને શ્રેણિકને પણ યશ અપાવ્યો હતો. પણ કમનસિબે તેને કોણિક નામે એક કુપુત્ર હતો. પણ જ્યારે તે ચેલ્લણાની કુક્ષિમાં હતો, ત્યારે ગર્ભના પ્રભાવથી ચેલ્લણા રાણીને પતિનું માંસ ખાવાનો દોહદ થયો. તે દોહદ પૂર્ણ ન થવાથી તે ફિક્કી અને ચિંતાતુર રહેવા લાગી. તેણે શરૂઆતમાં ગર્ભને પાડવા ઘણા ઉકાળા પીધા. ઘણા પ્રયોગો કર્યા પણ ગર્ભ ન પડયો. રાજાએ એક વખત ચેલ્લણાને તેનું દુઃખ પૂછયું. તે કાંઈ બોલી ન શકી. પણ દાસીએ ખરી વાત કહી. રાજા આ સાંભળી ખેદ પામ્યા. અભયકુમારે રાજાને આશ્વાસન આપ્યું અને તેના પેટે સસલાનું માંસ બાંધી ચેલ્લણાનો દોહદ પૂર્ણ કર્યો. પૂર્ણ માસે પુત્ર જન્મ્યો. રાણીએ પાપી પુત્રને બહાર મૂકી આવવા દાસીને સોંપ્યો. પાછી ફરતાં દાસી પકડાઈ ગઈ. અને શ્રેણિકને સાચી વાત કહી. શ્રેણિકે ચેલ્લણાને ઠપકો આપ્યો અને કહ્યું, "તારો આ પ્રથમપુત્ર છે. જો આ પુત્રને તું છોડી દઈશ તો તારે સંતાન સ્થિર નહિ રહે" ચેલ્લાણાએ કહ્યું "નાથ! એવી કોઇ અભાગણી સ્રી ભાગ્યેજ હશે કે જે. પોતાના પુત્રને આમ ત્યજે. પણ આપ જાણો છો કે આ પુત્ર ગર્ભમાં હતો ત્યારે તેણે મને તમારા માંસની ઈચ્છા કરાવી. તે મોટો થઈ તમારો શો અનર્થ નહી કરે! આ વિચારે તમારા પ્રેમથી મેં આને ત્યજ્યો છે." રાજાએ પુત્રને મંગાવ્યો. પુત્રની સુંદર કાન્તિ જોઇ રાજાએ તેનું અશોકચંદ્ર એવું નામ પાડયું. આ પુત્રની એક આંગળી ઉકરડામાં કુકડીએ કરડી તેથી તેની વેદનાથી તે બાળક ખૂબ રૂદન કરતો. રાજા તે આંગળીને મુખમાં નાખતો ત્યારે તે રોતો બંધ થતો. આંગળી જતે દિવસે રૂઝાઇ અને બુઠ્ઠી થઈ. છોકરાઓએ બુઠ્ઠી આંગળીને લઇ તેનું કુણંક-કોણિક એવું નામ પાડયું. દિવસો જતાં આ નામ અતિપ્રસિદ્ધ થયું.

ચેલ્લણા રાણીને કોણિક પછી હલ્લ અને વિહલ્લ નામનાં બે પુત્રો થયા. પિતૃદ્વેષી હોવાથી કોણિક ઉપર ચેલ્લણાને હેત આવતું નહિ. આથી તે ખાવાપીવા વગેરે બધી બાબતમાં કોણિકની તરફ અપરમાતા જેવું વર્તન રાખતી. કોણિકને શ્રેણિક તરફ પૂર્વભવનો દ્વેષ હોવાથી તે માનતો કે આ બધું કામ શ્રેણિકની આજ્ઞાથી જ ચેલ્લણા કરે છે.

### પદભ્રષ્ટ શ્રેણિક કારાગૃહમાં

અભયકુમારની દીક્ષા પછી શ્રેણિકને ચેન ન પડયું. તેણે વિચાર્યું કે અભય પછી રાજ્યની ધૂરાવહન કરે એવો કોઈ હોય તો તે કોણિકજ છે. તેણે રાજ્ય કોણિકને આપવા નિરધાર કર્યો અને હલ્લ અને વિહલ્લને સેચનક હાથી અને અઢારસેરનો હાર આપ્યો. પણ કોણિક મહારાજા થવા અધીરો બન્યો- તેણે કાળ વગેરે દશ બંધુઓને એકઠા કરી, મંત્રીઓને ફોડી, શ્રેણિક પોતાની ઇચ્છાએ રાજ્ય આપે તે પહેલાં તો તેણે તેને કેદમાં નાખ્યો અને રોજ સો સો ચાબુક મારવા લાગ્યો. તે શ્રેણિકને પુરતું ખાવાનું પણ આપતો નહિ અને કોઈને તેની પાસે જવા દેતો નહિ, માત્ર ચેલ્લણા પતિ પ્રેમથી જતી અને છૂપી રીતે અડદનો પિંડ શ્રેણિકને પહોંચાડતી.

એક વખત કોણિક જમવા બેઠો હતો. ખોળામાં રાજકુમારી પદમાવતીની કુક્ષિથી થયેલ ઉદાયી રમતો હતો. સામે માતા ચેલ્લણા દીનવદને બેઠી હતી. પુત્રે મૂત્રની ધાર છોડી. તે કોણિકના ભોજનમાં પડી. કોણિકે મૂત્રથી ભિજાયેલું ભોજન કાઢી નાખ્યું અને બાકીનું ખાવા માંડયું. ચેલ્લણા બોલી, 'પુત્ર તારા પિતાને પણ તારા ઉપર આટલો જ પ્રેમ હતો. તું નાનો હતો ત્યારે તારી પાકેલી આંગળી મોમાં રાખી તને શાન્ત કરતા."

### શ્રેણિકનું મૃત્યુ અને કોણિકનો પશ્ચાતાપ

કોણિકને પોતાની ભૂલ સમજાઈ. તે કુહાડો લઈ બાપના

બંધન છેદવા દોડયો. પણ શ્રેણિકે માન્યું કે 'આ મને મારી નાખવા આવે છે.' કોણિક પાસે આવે તે પહેલાં તો શ્રેણિકે આપઘાત કર્યો. કોણિકના શોકનો પાર ન રહ્યો. તેને પિતાનો ઉપકાર અને પોતે કરેલો અપકાર યાદ આવ્યા. રાજગૃહનગર તેને અકારૂં લાગ્યું. પિતાનો શત્રુ કોણિક પિતાના મૃત્યુબાદ તેમના અવશેષો દેખી રોવા લાગ્યો. તેણે રાજધાની ચંપામાં ખસેડી. આ અરસામાં ભગવાન મહાવીર વિહાર કરતા કરતા ચંપામાં પધાર્યા. રાજા કોણિકે ભગવાનનું સુંદર સ્વાગત કર્યું.

કોણિકના મૃત્યુ પછી તેનો પુત્ર ઉદાયી ગાદીએ આવ્યો. તે ધર્મિષ્ઠ હતો. પર્વતીથીએ પોષધ કરતો અને ભગવાન મહાવીરની દેશના સાંભળવા તલસતો

**હલ્લ વિહલ્લની દીક્ષા**

શ્રેણિકના મૃત્યુ પછી હલ્લ વિહલ્લને મોટાભાઈ કોણિક સાથે બન્યું નહિ એટલે તેઓ વૈશાલી ગયા. કોણિકે વૈશાલી પર ચઢાઈ કરી, વૈશાલીનો રાજા ચેટક તેની સામે ફાવ્યો નહિ. રકતપાત જોઈ હલ્લવિહલ્લને વૈરાગ્ય આવ્યો અને તેમણે વીરપ્રભુ પાસે જઇ દીક્ષા લીધી.

**રાજર્ષિ ઉદાયન, પ્રસન્નચંદ્ર રાજર્ષિ, શિવરાજર્ષિ હસ્તિપાળ રાજા વગેરે વીરના રાજવંશી ભકતો**

**અંતિમ રાજર્ષિ ઉદાયન.**

ચંપાનગરીમાં કુમારનંદી નામે એક સોની રહેતો હતો. તેને પાંચસો સ્ત્રીઓ હતી. આ સોની અતિવિષયલંપટ હતો. તેને પંચ શૈલની હાસા પ્રહાસા નામની બે દેવીઓએ આકર્ષ્યો સોની મૃત્યુ પામી પંચશીલનો અધિપતિ દેવ થયો. એક વખત ઉત્સવમાં આ દેવે પોતાના પૂર્વ ભવના મિત્ર નાગિલદેવને જોયો. તેની ઘણી ઋદ્ધિ દેખી તે દુભાયો. નાગિત્રલદેવે તેને સલાહ આપી કે "ભગવાન મહાવીરની પ્રતિમા કરાવી કોઇ સારે ઠેકાણે મૂકાવ કે જેથી ભવાંતરે તે

દેખી કલ્યાણ થાય.” પંચશીલ અધિપતિ વિદ્યુન્માલિએ ભગવાન મહાવીરની પ્રતિમા કરાવી અને એક લાકડાની પેટીમાં પધરાવી સમુદ્ર વચ્ચે તોફાને અટવાયેલ વહાણવટીને આપી. તેણે તોફાન શાન્ત કર્યું વહાણ વીતભય નગરમાં આવ્યું. વહાણવટીએ તે પેટી બજાર વચ્ચે રાખી. કેટલાક બ્રાહ્મણો અને ધર્માચાર્યોએ પેટીને ઉઘાડવા પોતાના ઈષ્ટદેવની સ્તુતિ કરી. પણ પેટી ન ઉઘડી આ આશ્ચર્યને જોવા રાણી પ્રભાવતી જાતે આવી તેણે દેવાધિદેવ તીર્થંકર ભગવાનની સ્તુતિ કરી એટલે પેટી તુરત ઉઘડી ગઈ અને તેમાં અમ્લાન પુષ્પમાળા ધારણ કરતી ગોશીર્ષ ચંદનની ભગવાન મહાવીરની પ્રતિમા દેખાઇ. લોકોએ ભગવન્તની પ્રતિમાને વન્દન કર્યું. પ્રભાવતી પ્રતિમાને પોતાનાં મહેલમાં લઈ ગઈ અને એક સુંદર ચૈત્ય કરાવી તેમાં પ્રતિષ્ઠિત કરી.

ઉદાયન રાજા મૂળ તો તાપસ ભકત હતો, પણ ભગવાનની પ્રતિમા આવ્યા પછી તે જૈનધર્મી બન્યો હતો. એક વખત ભગવન્તની પ્રતિમા આગળ પ્રભાવતી નાચ કરતી હતી. અને રાજા વીણા વગાડતો હતો, તેવામાં નૃત્ય કરતી પ્રભાવતીનું માથું રાજાના જોવામાં ન આવ્યું. રાજાનો હાથ થંભ્યો; વીણાના સૂર અટકયા. પ્રભાવતી ઊભી રહી અને કહ્યું. “આપે વીણા કેમ બંધ કરી.” રાજાએ કહ્યું, “તારૂં મસ્તક ન જોયું એટલે મારા હાથ અટકયા” પ્રભાવતી સમજી ગઈ કે હવે હું લાંબુ નહિ જીવું. રાજા પાસે તેણે દીક્ષાની અનુમતી માગી. ઘણી આનાકાની બાદ રાજાએ દીક્ષાની અનુમતી આપી કહ્યું, “તું દેવલોકમાં જાય તો મને જરૂર પ્રતિબોધ કરજે” આ પછીતે પ્રભાવતી દીક્ષા પાળી દેવલોક ગઇ. દેવલોકમાંથી આવી તેણે રાજાને પ્રતિબોધ કર્યો. આથી રાજા જૈન ધર્મમાં વધુ દૃઢ બન્યો.

પ્રભાવતીના પરલોકગમન બાદ પ્રતિમાનું પૂજન એક કુબડી દાસી કરતી હતી. એક વખત ગંધારનો એક શ્રાવક પ્રતિમાના દર્શને આવ્યો. તેણે દાસીને એક ગુટિકા આપી. આ ગુટિકાથી દાસી

ખુબ સ્વરૂપવાન બની; તેના રૂપની પ્રશંસા ચંડપ્રદ્યોતને કાને પહોંચી તે નીલગિરિ હાથી ઉપર બેસી ત્યાં આવ્યો અને દૈવી પ્રતિમાને સ્થાને તેના જેવી બીજી પ્રતિમા મૂકી પ્રતિમા સહિત દાસીને લઈ ઉજ્જયિની ચાલ્યો ગયો.

બીજે દિવસે ઉદાયનને આ વાતની ખબર પડી. તેણે ચંડ-પ્રદ્યોતને કહેવરાવ્યું કે " તારે દાસી રાખવી હોય તો ભલે રાખ પણ પ્રતિમાજીને પાછાં મોકલી આપ " ચંડપ્રદ્યોતે આની દરકાર ન કરી ઉદાયને ઉજ્જયિની ઉપર ચઢાઈ કરી ચંડપ્રદ્યોતને જીવતો પકડયો અને તેના કપાળ ઉપર દાસીપતિ એવું નામ લખાવ્યું આ પછી ઉદાયને પ્રતિમાને ઉઠાવી વીતભયનગરે લઈ જવા પ્રયત્ન કર્યો, પણ પ્રતિમાજી ન આવ્યાં એવામાં આકાશ વાણી થઈ કે " રાજન ! શોક ન કર વીત ભય પટ્ટન થોડા સમયમાં ધૂળથી પૂરાઈ જશે માટે પ્રતિમાજીને અહિંજ રહેવાદે. રાજા પ્રતિમાને ત્યાંજ રહેવા દઇ, ચંડપ્રદ્યોતને કેદી તરીકે સાથે લઈ પાછો ફર્યો. માર્ગમાં ચોમાસું બેસતાં વચ્ચે મુકામ કર્યો. આ છાવણીનું સ્થળ જતે દિવસે દશપુર નામે પ્રસિદ્ધ થયું.

એક વખત ઉદાયન રાજાના રસોઈઆએ ચંડપ્રદ્યોતને પૂછયું " આજે શું જમશો ? " ચંડપ્રદ્યોતે કહ્યું ' રોજ નહિ ને આજે કેમ આવો પ્રશ્ન ?' રસોઈઆએ કહ્યું " રોજતો રાજા માટે જે ભોજન તૈયાર થાય તે તમને મોકલીએ છીએ પણ આજે પર્યુષણ પર્વ હોવાથી અંતઃપુર પરિવાર સહિત રાજાને ઉપવાસ છે. " ચંડપ્રદ્યોતે કહ્યું 'મારે પણ આજે ઉપવાસ છે.' આ વાતની ખબર ઉદાયનને પડી. તેને લાગ્યુકે " પર્યુષણ પર્વનુ મુખ્ય કૃત્ય વૈરવિરોધની ક્ષમાપના અને આ કૃત્ય ચંડપ્રદ્યોતને કેદી તરીકે રાખી હું કંઈ રીતે પૂર્ણપણે સાચવી શકયો ગણાઉં ? " તેણે ચંડપ્રદ્યોતને તુર્ત છૂટો કર્યો : દાસીપતિ શબ્દ પર રાજપટ્ટ બાંધી તેનું કપાળ ઢંકાવ્યું ચડંપ્રદ્યોતને રાજ્ય પાછું સોંપ્યું અને તેની ક્ષમા માગી સાધર્મિક ગણી ભક્તિ કરી. આ પછી ઉદાયન વીતભયનગરે અને ચડંપ્રદ્યોત ઉજ્જયિની પાછો ફર્યો.

ચડંપ્રદ્યોતે પડાવવાળા સ્થળે વસેલ દશપુર નગર વીતભયનગરની પ્રતિમાના ખર્ચ પેટે આપ્યું અને વિદ્યુન્માલિ દેવે ભરાવેલ પ્રતિમાના ખર્ચ માટે સેંકડો ગામો આપ્યાં.

એક વખત વીર પ્રભુ વીતભયનગરના બહાર મૃગવનમાં આવી સમવસર્યા. ઉદાયન રાજા હર્ષિત થઈ દેશનામાં ગયો અને ભગવાનને કહ્યું "અભીતિ કુમારને રાજ્ય ઉપર સ્થાપન કરી હું આપની પાસે દીક્ષા લેવા ઈચ્છુ છું." ભગવાને કહ્યું 'જેવી તમારી ઈચ્છા વિલંબ ન કરો'

રાજમહેલ તરફ વળતાં રાજાને વિચાર આવ્યો કે 'હું પ્રિય-પુત્રને ગાદી સોંપીશ તો તે ભોગ સુખમાં રક્ત બની સંસારમાં રખડશે. આના કરતા આ રાજ્ય ગાદી ભાણેજ કેશી કુમારને સોંપું તેજ ઠીક કહેવાય." રાજમહેલ ગયા પછી તેણે કેશીકુમારનો રાજ્યાભિષેક કરી તેને રાજ્ય સોંપી પ્રભુપાસે જઇ દીક્ષા લીધી. આથી અભીતિકુમારને ખોટું લાગ્યું. અને તે વીતભય છોડી કોણિકને આશ્રયે જઈ રહ્યો.

ઉદાયન રાજર્ષિએ દીક્ષાબાદ ઉગ્ર તપશ્ચર્યા આરંભી. સુકા લુખા આહારને લઈ રાજર્ષિના શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થયો વૈદ્યોએ દહિં ખાવાની સલાહ આપી. ફરતા ફરતા ઉદાયન રાજર્ષિ ગોવાળોના સ્થાનોમાં વિચરી વીતભય નગરમાં આવ્યા. મંત્રીઓએ કેશીને ભરમાવ્યું કે "ઉદાયન દીક્ષાથી કંટાળી રાજ્ય મેળવવા પાછા આવ્યા છે તેથી તેમને ઝેર આપી મારી નાખવા જોઈએ" કેશીએ કોઇ ગોવાલણ દ્વારા ઉદાયનને દહીમાં ઝેર અપાવ્યું ઝેરની અસર થતાં રાજર્ષિએ અણસણ કર્યું અને ભાવનામાં મનવાળી કેવળ જ્ઞાન પામ્યા. નગરદેવતા કેશીનો આ અપરાધ સહન ન કરી શકી અને ધૂળ વરસાવી આખા નગરને દાટી દીધું. માત્ર એક કુંભાર કે જેને ત્યા ઉદાયન રાજર્ષિ ઉતર્યા હતા તેને બચાવી લીધો.

## પ્રસન્ન ચંદ્ર રાજર્ષિ

ઉદાયનની માફક પ્રસન્ન ચંદ્ર રાજર્ષિને પણ પ્રભુના શાસન પર પ્રેમ હતો. એક વખત વીર પ્રભુ પોતનપુર પધાર્યા. ભગવાનની

દેશના સાંભળી, બાલપુત્રને રાજગાદી પર બેસાડી, ત્યાંના રાજા પ્રસન્નચંદ્રે ભગવાન પાસે દીક્ષા લીધી. ઉગ્ર તપશ્ચર્યા કરતા પ્રસન્નચંદ્ર રાજર્ષિ એક વખત સૂર્ય સન્મુખ દૃષ્ટિ રાખી આતાપના લેતા હતા. તે વખતે શ્રેણિકના સુમુખ અને દુર્મુખ સેવકોના વાર્તાલાપે પ્રસન્ન-ચંદ્રનું ચિત્ત ચલિત થયું. દુર્મુખ બોલ્યો, 'આ તેજ મુનિ છે જે નાના છોકરાને રાજ્ય સોંપી ચાલી નીકળ્યો હતો. અત્યારે તેનું રાજ્ય મંત્રિઓ પડાવી લે છે.' 'આ સાંભળીને પ્રસન્નચંદ્રને મંત્રિઓ ઉપર ક્રોધ ચઢયો અને તેમની સાથે મનથી યુદ્ધ કરવા લાગ્યા. આ પછી થોડીવારે શ્રેણિક તે માર્ગે આવ્યો તેણે મુનિને વાંદ્યા અને દેશના બાદ પ્રભુને પૂછયું કે 'ભગવન્ત! આ અવસ્થામાં પ્રસન્નચંદ્ર મુનિ મૃત્યુ પામે તો કઈ ગતિ પામે ?' ભગવાને જવાબ આપ્યો, 'નરકગતિ' શ્રેણિકે ફરી પૂછયું, 'ભગવંત હું પૂછું છું કે અત્યારે પ્રસન્નચંદ્ર મૃત્યુ પામે તો કઈ ગતિએ જાય ?' ભગવાને જવાબ આપ્યો, 'સર્વાર્થસિદ્ધ વિમાનમાં.' ફરી શ્રેણિકે પૂછયું, 'ભગવાન ! આમ પરસ્પર વિરોધી ઉત્તરો કેમ ?'

ભગવાને કહ્યું, 'તેં જ્યારે પ્રથમ પ્રશ્ન કર્યો ત્યારે પ્રસન્નચંદ્ર મનથી ભયંકર યુદ્ધ કરતા હતા. તેથી તે નરક યોગ્ય હતા. જ્યારે તેં બીજીવાર પ્રશ્ન કર્યો ત્યારે તેમને તેમની ભૂલ બદલ પસ્તાવો થયો હતો.' એવામાં થોડીવારે દેવદુંદુભી વાગી; ભગવાને કહ્યું, 'ધ્યાન શ્રેણિમાં આગળ વધતા પ્રસન્નચંદ્રને કેવળ જ્ઞાન થયું છે તેનો દેવો મહોત્સવ કરે છે'

## શિવ રાજર્ષિ

હસ્તિનાપુર નગરમાં શિવરાજા અને ધારિણી નામે રાણી હતાં. તેમને શિવભદ્ર નામે પુત્ર હતો. શિવરાજાએ પુત્રને રાજ્ય સોંપી તાપસ દીક્ષા લીધી હતી. તાપસપણામાં ઉગ્ર તપશ્ચર્યા કરવાથી સપ્તદ્વીપ સમુદ્રનું અવધિજ્ઞાન થયું. તેથી શિવરાજર્ષિ સાતદ્વીપ સમુદ્ર છે તેમ કહેવા લાગ્યા. વીર પ્રભુ હસ્તિનાપુર પધાર્યા ત્યારે શિવરાજર્ષિ પ્રભુ

પાસે આવ્યા. ભગવાને અસંખ્યદ્વીપ સમુદ્રની વાત સમજાવી શિવરાજર્ષિએ પ્રભુ પાસે દીક્ષા લીધી અને ઉગ્ર તપશ્ચર્યા કરી અંતે શિવગતિ પામ્યા.

## હસ્તિપાલ રાજા

વીરપ્રભુએ બેંતાલીસમું ચાતુર્માસ હસ્તિપાલરાજાની સભામાં કર્યું. દેશનાના વિરામબાદ હસ્તિપાલ રાજાએ ભગવાનને કહ્યું 'હે પ્રભુ! મેં આજે સ્વપ્નમાં હાથી, કપિ, ક્ષીરવાળું વૃક્ષ, કાકપક્ષી, સિંહ, કમળ, બીજ અને કુંભ જોયા. આનું ફળ શું થશે?'

ભગવાને સ્વપ્નનું ફળ કહ્યું. સ્વપ્ન ફળ વિચારી હસ્તિપાલ રાજાપ્રતિ બોધ પામી, દીક્ષા લઈ, મુક્તિ પામ્યા.

## આર્દ્ર કુમાર

### આર્દ્ર કુમારને જાતિસ્મરણ જ્ઞાન

આર્દ્રકુમાર આર્દ્રકપુરના રાજાનો પુત્ર હતો. એકવાર તે કુમારે પોતાના પિતાને પોતાના મંત્રી દ્વારા શ્રેણિક રાજાને અમૂલ્ય ભેટો મોકલતો જોયો, એટલે કુતુહલથી તેણે પણ તે રાજાના પુત્ર અભયકુમારને કાંઈક ભેટ મોકલી. શ્રેણિકરાજાના પુત્ર અભય કુમારે ખુશ થઈ આદ્રકુમારની ભેટ બદલ આદીશ્વર ભગવાનની સુવર્ણ પ્રતિમા મોકલાવી અને કહ્યું કે એકાંતમાં આ ભેટણું જોજો. પ્રતિમાના દર્શન થતાં આદ્રકુમારને જાતિ સ્મરણ જ્ઞાન થયું અને તેથી તે નગર છોડી દીક્ષા લેવા ચાલી નીકળ્યો.

### આર્દ્ર કુમારની દીક્ષા

આ અરસામાં આકાશવાણી થઈ, હે આર્દ્રકુમાર! તમારા ભોગાવલી કર્મ બાકી છે, માટે તમે દીક્ષા ન લેશો આમ વારંવાર સાંભળવા છતા આર્દ્રકુમારે દીક્ષા અંગીકાર કરી. ભવિતવ્યતાના યોગે એકદા તે વસંતપુરમાં કાઉસગ ધ્યાને રહ્યા. આ બગીચામાં શેઠની પુત્રી પોતાની સખીઓ સાથે બાળક્રીડા કરતાં વૃક્ષનું ઠુંઠુ માની સાધુનો પગ પકડી 'આ મારો વર' એમ બોલી ઊઠી કે તુર્ત નજીકમાં

રહેતા દેવે સોનયાનો વરસાદ વરસાવ્યો. રાજા લોભથી તે દ્રવ્ય લેવા આવ્યો. દેવતાએ આ દ્રવ્ય શ્રેષ્ઠી પુત્રીનું છે એમ કહી, રાજાને રોકી, શેઠને અપાવ્યું. આર્દ્રકુમાર અનુકુળ ઉપસર્ગવાળું સ્થાન દેખી ત્યાંથી વિહાર કરી ગયા. વખત જતાં બાળા ઉંમરલાયક થઈ ત્યારે પિતા તેને યોગ્ય વર શોધવા લાગ્યા. પુત્રીએ કહ્યું, "હું તો નાનપણથી તે મુનિને વરી ચૂકી છું અને દેવતાએ આપેલું તેનું દ્રવ્ય તમારી પાસે છે, માટે બીજા વરનો વિચાર કરશો નહિ." પિતાએ કહ્યું, 'ભલે તેમ રાખીએ પણ તે મુનિને તું કઈ રીતે ઓળખીશ?' પુત્રીએ કહ્યું, "હું તેમના પગ અને પગની રેખા ઉપરથી બરાબર ઓળખી કાઢીશ અને તેમ છતાં નહિ મળે તો કુંવારી રહીશ." પિતાએ આખરે તે કાર્યની સિદ્ધિ માટે ભિક્ષાદાન આપવા તેને રોકી.

બારવર્ષ બાદ આર્દ્રકુમાર મુનિ શેઠને ઘેર ભિક્ષા લેવા આવ્યા. શેઠની પુત્રીએ પગના ચિન્હથી તેમને ઓળખ્યા. મુનિતો આહાર લઇ ચાલી નીકળ્યા પણ બાળા પરિવાર સાથે તેમની પાછળ ગઈ. આર્દ્રકુમારે મુનિવેશ ત્યજી દીધો. શ્રેષ્ઠીપુત્રી સાથે લગ્ન કરી ગૃહવાસ સ્વીકાર્યો. તેમને એક પુત્ર થયો. પુત્ર પાંચ વર્ષનો થયો એટલે આર્દ્ર-

### આર્દ્રકુમારનો ગૃહવાસ

કુમારે દીક્ષા લેવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. ચતુર સ્ત્રી રેંટીયો કાંતવા માંડી. માતાને કાંતતી દેખી પુત્રે પૂછયું, 'આ શું કરે છે?' માતાએ જવાબ આપ્યો, "તારા પિતા આપણને છોડી ચાલ્યા જાય છે. તું કમાઈ શકે એમ નથી આથી રેંટીયો કાંતી હું તારૂં અને મારૂં ભરણપોષણ કરીશ." બાળકે માતાના કાંતેલા સૂતરના દોર લઈ પિતાની આસપાસ વીંટયા અને બોલી ઊઠયો. 'હવે શી રીતે જશો?' આર્દ્રકુમારે જોયું કે તેની આસપાસ બાળકે સૂતરના બાર આંટા કર્યા છે. આથી બાર વર્ષ રહેવાનો નિશ્ચય કર્યો

### આર્દ્રકુમારે ફરીથી દીક્ષા લીધી.

બાર વર્ષ પુરાં થતાં ફરી દીક્ષા ગ્રહણ કરી. મહાવીર ભગવંતની વાત સાંભળી, તેમની પાસે જવા ચાલી નીકળ્યા. રસ્તામાં ગોશાળક

અને શાકય મુનિઓ મળ્યાં તેમની સાથે વાદ કરી, આર્દ્રકુમારે તેમને નિરૂત્તર કર્યાં. માર્ગમાં તાપસોને પ્રતિબોધ કરી સ્વશિષ્ય બનાવ્યા.

વિહાર કરી આર્દ્રકુમાર ભગવાન પાસે આવ્યા અને તાપસ શિષ્યો સાથે તેમણે ભગવાન પાસે દીક્ષા લીધી અને સ્વશ્રેય સાધ્યું

## દશાર્ણ ભદ્ર

દશાર્ણ દેશમાં દશાર્ણ નામે નગર છે. ત્યાં દશાર્ણ ભદ્ર નામે રાજારાજ્ય કરતો હતો. એક વખતે તે રાજા સાયંકાળે પોતાની સભામાં બેઠો હતો તેવામાં ચર પુરૂષોએ આવીને કહ્યું, "પ્રાતઃ કાળે આ તમારા નગરની બહાર વીર પ્રભુ આવી સમવસરશે" સેવકોની આવી વાણી સાંભળી તેણે સભા સમક્ષ કહ્યું, "પ્રાત કાળે હું એવી સમૃદ્ધિથી પ્રભુને વંદન કરીશ કે જેવી સમૃદ્ધિથી પૂર્વે કોઇએ પણ તેમને વાંદયા નહિ હોય."

પ્રાતઃકાળે રાજાએ નગરના અધ્યક્ષ વગેરેને બોલાવી આજ્ઞા કરી, "મારા મહેલથી પ્રભુના સમોસરણ સુધી મોટી સમૃદ્ધિથી મારે જવા-લાયક માર્ગ શણગારો" રાજ સેવકોએ રાજાની આજ્ઞા પ્રમાણે બધું કામ પાર પાડયું. ધામધુમથી રાજા સમવસરણમાં આવ્યો અને ત્રણ પ્રદક્ષિણા દઇ પ્રભુને વંદન કરી, સમૃદ્ધિથી ગર્વિત થઈ, પોતાને યોગ્ય એવા સ્થાન પર બેઠો.

દશાર્ણપતિને સમૃદ્ધિનો ગર્વથયેલો જાણી તેને પ્રતિબોધ કરવા ઈંદ્રે સમૃદ્ધિથી પ્રભુને પ્રણામ કર્યા. ઈન્દ્રની પારાવાર સમૃદ્ધિ જોઈ દશાર્ણપતિનો ગર્વગળી ગયો તેણે વિચાર્યું, "ઈંદ્રે સમૃદ્ધિથી મને જીતી લીધો પણ સંયમ લઈ હું તેનો અને કર્મ શત્રુઓનો પરાજય કરીશ" એવું વિચારી તેણે દીક્ષા લીધી અને સારી રીતે વ્રતનુ પાલન .કર્યું

# વીર પ્રભુના પરમભકતો

## ધન્ના શાલિભદ્ર

રાજગૃહ નગરમાં ગોભદ્ર નામે શેઠ હતો. તેને ભદ્રા નામની શેઠાણી હતી અને શાલિભદ્રનામે પુત્ર હતો શાલિભદ્ર ઉમર લાયક થયો ત્યારે ગોભદ્ર શેઠે તેને બત્રીશ કન્યાઓ પરણાવી- શેઠ મૃત્યુ પામી દેવલોક ગયા. શાલિભદ્ર માતાની દેખરેખ નીચે સુખ ભોગવવા લાગ્યો. એક વખત કોઈ પરદેશી વેપારી રત્નકંબળ લઈ રાજગૃહી આવ્યો. રાજાએ ઘણી કિંમતી રત્નકંબળ ખરીદી નહિ, પણ જ્યારે ચેલ્લણાએ રત્નકંબળની હઠ લીધી ત્યારે શ્રેણિકે વેપારીને પાછો બોલાવ્યો અને કહ્યું, ' એક રત્નકંબળ આપ. ' વેપારીએ કહ્યું ' એ સોળે કાંબળો ભદ્રા શેઠાણીતે આપી છે. " રાજાએ સેવકને શેઠાણી પાસે મોકલ્યો અને કિંમત આપી એક રત્નકંબળ લઈ આવવા કહ્યું. સેવક શેઠાણી પાસે ગયો. શેઠાણીએ કહ્યું, " મેં તો તે કંબળોના પગ લુંછણીયા કરાવી પુત્રવધૂઓને સોંપ્યા છે. " સેવકે રાજાને આ વાત કહી. રાજા શાલિભદ્રને મળવા આતુર થયો. તે તેને ઘેર આવ્યો, ભદ્રાએ રાજાને ચોથેમાળ બેસાડી અતિઆતિથ્ય કર્યું અને ઉપરનામાળ બિરાજતા શાલિભદ્રનેદાસી દ્વારા કહેવડાવ્યું કે રાજા તને મળવા આપણા ઘેર પધાર્યા છે. શાલિભદ્રે કહ્યું, " તેને જે આપવું હોય તે આપી વિદાય કરો. " ભદ્રા જાતે ઉપર ગઈ અને સમજાવ્યું કે, " રાજા આપણા સ્વામી છે અને આપણે તેની પ્રજા છીએ. " શાલિભદ્ર નીચે આવ્યો. રાજાને નમ્યો અને તુર્ત ઉપર ચાલ્યો ગયો. પણ તેના મનમાંથી રાજા આપણા સ્વામી છે તે વાત ન ગઇ. તેણે વિચાર્યું. " મારે માથે સ્વામી, એટલી મારા પુણ્યમાં ખામી. "

આ અરસામા ધર્મ ઘોષસૂરિ રાજગૃહીમાં સમવસર્યા તેમની

દેશના સાંભળી શાલિભદ્રને પરાધીનતા દૂર કરવાનો સાચો માર્ગ દીક્ષા છે એ સમજાયું. તેણે માતાની રજા માંગી; માતાએ ખૂબ આનાકાની બાદ એક એક દિવસે થોડી થોડી વસ્તુઓનો ત્યાગ અને એક એક સ્ત્રીના ત્યાગમાં અનુમતિ આપી.

આજનગરમાં ધન્ય નામે બુદ્ધિશાળી શાહુકાર રહેતો હતો. તેને શાલિભદ્રની બહેન સુભદ્રા આપી હતી. ભાઈના ત્યાગના સમાચાર સાંભળ્યા એટલે સુભદ્રા રૂદન કરવા લાગી ધન્યે મશ્કરીમાં કહ્યું આમતે કાંઈ દીક્ષા લેવાય. દીક્ષા લેવી હોય તો એકી સાથે બધું છોડવું જોઈએ સુભદ્રાએ ગુસ્સે થઈ કહ્યું "બોલવું સહેલું છે, પણ કરવું મુશ્કેલ છે" ધન્યે કહ્યું 'એમ તો આજથી બધાનો ત્યાગ' એમ કહી ધન્ય શાલિભદ્ર પાસે આવ્યો અને કહ્યું "ચાલો આપણે બન્ને દીક્ષા લઈએ" પછી ધન્ય અને શાલિભદ્ર તે અરસામાં પધારેલા વીર પ્રભુ પાસે જઈ દીક્ષા લઈ તપ કરી વૈભારગિરિ ઉપર અણશણ કરી, મૃત્યુ પામી દેવ થયા.

### આનન્દ શ્રાવક

## ગૃહસ્થ અવસ્થામા આનન્દને અવધિજ્ઞાન

## આનંદની સંપત્તિ

વાણિજ્ય ગ્રામમાં આનંદ નામે એક ગૃહપતિ રહેતો હતો. તેને શિવાનંદા નામે ભાર્યા હતી આનંદ ગૃહપતિએ ચારકરોડ સોનૈયા ભંડારમાં, ચાર કરોડ વ્યાજમાં અને ચાર કરોડ વેપારમાં રોકયા હતા. દસ હજાર ગાયોનું એક ગોકુળ એવા દશ ગોકુળો તેની પાસે હતા. ભગવાનના આગમનના સમાચાર સાંભળી આનંદ ગૃહપતિ સમવસરણમાં આવ્યો. દેશનાબાદ તેણે બારવ્રત સ્ત્રી સહિત સ્વીકાર્યાં. આનંદ ગૃહપતિએ ગૃહસ્થ અવસ્થામાંજ અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું. શ્રાવકની અગિયાર પ્રતિમાઓ વહન કરી. આમ આનંદ શ્રાવક વીશ વર્ષ શ્રાવક ધર્મપાળી, મારણાન્તિક સંલેખના પૂર્વક મૃત્યુ પામી સૌધર્મ કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો.

## વીર પ્રભુનો બીજો શ્રાવક કામદેવ

ચંપાનગરીમાં કામદેવ નામે બુદ્ધિશાળી કુલપતિ રહેતો હતો. તેને ભદ્ર નામે ભાર્યા હતી. તેણે છ કોટી ધન વ્યાજમાં, છ કોટિ નિધાનમાં અને છ કોટિ વ્યાપારમાં રોકયું હતું. તેની પાસે છ ગોકુળ હતા. વીર પ્રભુને ચંપામાં પધારેલ જાણી કામદેવ તેમની દેશના સાંભળવા ગયો. દેશના સાંભળી વૈરાગ્ય વાસિત બન્યો અને બાર વ્રત લીધાં. કામદેવ શ્રાવક શ્રાવક ધર્મ સુંદર રીતે આરાધી મૃત્યુ પામી દેવલોકમાં ગયો.

## પ્રભુના ત્રીજા શ્રાવક ચૂલની પિતા

બનારસમાં ચુલની પિતા નામે એક ધનાઢય શ્રાવક રહેતો હતો. તેની પાસે ચોવીસ કરોડ સોનૈયા અને આઠ ગોકુળ હતા. તેની પત્નીનું નામ શ્યામા હતું. પ્રભુ સમવસર્યા જાણી તે પર્ષદામાં ગયો અને દેશના સાંભળી તેણે બાર વ્રત સ્વીકાર્યાં. સુંદર ગૃહસ્થ ધર્મ પાળી તે દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

## ભગવાનના ચોથા અને પાંચમા શ્રાવક સુરાદેવ અને ચુલ્લ શતક

બનારસમાં સુરાદેવ નામે એક ગૃહસ્થ હતો. તેને ધન્યા નામે ભાર્યા હતી. તેની પાસે અઢાર કરોડ સોનૈયા અને છ ગોકુળ હતાં. તેણે ભગવન્ત પાસે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો.

આલંભિકાના વસવાટ દરમિયાન ચુલ્લ શતક નામના ગૃહસ્થે ભગવાન પાસે બાર વ્રત સ્વીકાયાં. ચુલ્લશતક પાસે અઢાર કરોડ સોનૈયા અને છ ગોકુળ હતાં.

## મૃગાવતી અને જયન્તીની દીક્ષા

કૌશામ્બીમાં શતાનિક નામે રાજા હતો. તેને મૃગાવતી નામની રાણી હતી. એક વખત અવન્તીના ચંડપ્રદ્યોતે દૂતદ્વારા મૃગાવતીની માગણી કરી શતાનીકે ચંડ પ્રદ્યોતના દૂતને તરછોડયો. ચંડપ્રદ્યોત કૌશામ્બી ઉપર ચઢી આવ્યો લડાઇ દરમ્યાન શતાનિક અતિસારના રોગથી મૃત્યુ પામ્યો. મૃગાવતીને રાજ્ય સાચવવાની અને પુત્રને

સંભાળવાની બેવડી જવાબદારી માથે આવી પડી મૃગાવતીએ યુક્તિ રચી ચંડપ્રદ્યોતને કહેવરાવ્યું કે, 'હું તમારી છું પણ મારી એક વિનંતી છે કે ઉદાયન કુમાર મોટા થાય અને રાજ્ય સંભાળે ત્યાં સુધી થોભી જાવ.' કામીચંડપ્રદ્યોતે મૃગાવતીનું કથન સાચુ માન્યું. ધનધાન્યથીકૌશામ્બીને પૂર્ણ કરી, ચંડપ્રદ્યોત અવન્તી ચાલ્યો ગયો. આ અરસામાં શ્રમણ ભગવાન મહાવીર કૌશામ્બી પધાર્યા. મૃગાવતી ઉદયનકુમાર તથા મૃગાવતીની નણંદ જયન્તી દેશના સાંભળવા ગયા દેશનાબાદ જયન્તીએ દીક્ષા લીધી.

ભગવાન જ્યારે ફરી કૌશામ્બી આવ્યા ત્યારે મૃગાવતીએ ચંદનબાળા પાસે દીક્ષા લીધી. એક વખત સૂર્ય ચંદ્ર મૂળ વિમાને ભગવન્તને વંદન કરવા આવ્યા ચંદનબાળા ચાલી ગઈ. મૃગાવતી સૂર્ય ચંદ્ર જતાં અંધારું થતા ઉપાશ્રયે આવી: ચંદનબાળાએ ઠપકો આપ્યો કે આવી રીતે મોડા આવવું શોભે નહિ. મૃગાવતીને પશ્ચાતાપ કરતાં કેવળજ્ઞાન થયું. રાત્રે સર્પ જતો દેખી તેણે કહ્યું, 'આ સર્પ જાય છે' ચંદનબાળાએ પૂછ્યું. 'તને શી રીતે ખબર પડી ?' મૃગાવતીએ જબાબ આપ્યો, "કેવળજ્ઞાનથી" ચંદનબાળા પણ પશ્ચાતાપ કરવા લાગ્યા અને તેમને પણ કેવળ જ્ઞાન થયું.

## ઋષભદત્ત અને દેવાનન્દા

## ઋષભદત્ત અને દેવાનન્દાની દીક્ષા અને મુક્તિ

એક વખત વીર પ્રભુ બ્રાહ્મણકુંડ ગામની બહાર બહુશાલ ઉદ્યાનમાં પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. ઋષભદત્ત અને દેવાનન્દા પણ ત્યાં આવ્યા. ભગવાનને જોતાં દેવાનન્દાના સ્તનમાંથી દૂધની ધારા વછૂટી. ગૌતમે ભગવાનને પૂછ્યું. 'આ સ્ત્રી કોણ છે ? અને આપને જોતાં કેમ આવી શૂન્યમનસ્ક થઈ ઊભી છે ?, 'ભગવાને કહ્યુ, 'આ સ્ત્રી મારી માતા દેવાનન્દા છે. તેની કુક્ષીમાં મેં જન્મ ધારણ કર્યો હતો. અને બ્યાસી દિવસ રહ્યો હતો પછી ભગવાને દેશના આપી. દેશના સાંભળી ઋષભદત્ત અને દેવાનન્દાએ દીક્ષા લીધી અને શુદ્ધ ચારિત્ર પાળી બંને જણ મુક્તિ પામ્યા.

## જમાલિ અને પ્રિયદર્શના

બ્રાહ્મણકુંડ ગ્રામથી પ્રભુ ક્ષત્રિયકુંડ ગ્રામ પધાર્યા. નંદિવર્ધન જમાલિ, પ્રિયદર્શના વગેરે દેશના સાંભળવા આવ્યા. દેશના સાંભળ્યા બાદ જમાલિએ પાંચસો રાજપુત્રો સાથે દીક્ષા લીધી અને પ્રિયદર્શનાએ હજાર સ્રીઓ સાથે ચંદનબાળા પાસે દીક્ષા લીધી. થોડાજ સમયમાં જમાલિ અગિયાર અંગ ભણ્યો અને હજાર શિષ્યોનાં પરિવારવાળો થયો.

## જમાલિએ કરેલી નવીનમતની શરૂઆત

પાછળથી જમાલિએ નવીન મતની શરૂઆત કરી અને પ્રભુથી જુદો પડયો શરૂઆતમાં પ્રિયદર્શનાએ જમાલિનો મત સ્વીકાર્યો પણ પછી તેણે જમાલિનાં મતનો ત્યાગ કરી, પ્રાયશ્ચિત લઈ, શુદ્ધ ચારિત્ર પાળી, દેવગતિ મેળવી.

## રૌહિણેય ચોર

રાજગૃહી નગરીની નજીકના વૈભાર પર્વત પર લોહખૂર નામે એક ચોર રહેતો હતો. તેને રૌહિણેય નામે પુત્ર હતો. મરણ સમયે લોહખૂરે પુત્રને કહ્યું, ‘ મહાવીરનો ઉપદેશ તું કોઈ દિવસ ભૂલેચૂકે સાંભળીશ નહિ. ” રૌહિણેયે પિતાની વાત કબુલ રાખી. લોહખૂર મૃત્યુ પામ્યો.

થોડા દિવસ બાદ એક વખત રૌહિણેય રાજગૃહી લૂંટવા ગયો માર્ગમાં ભગવન્તનું સમવસરણ આવતા તેણે કાને બે હાથ ધર્યા. પરંતુ માર્ગમાં કાંટો વાગતાં કાન ઉપરથી હાથ લઈ લેવા પડયા. આ વખતે તેણે સાંભળ્યું કે “ દેવોના ચરણ પૃથ્વીને અડતા નથી. તેમનાં નેત્ર અનિમેષ હોય છે, તેમણે પહેરેલી પુષ્પની માળાઓ કરમાતી નથી ”

રૌહિણેયનો ત્રાસ ખૂબ વધ્યો. શ્રેણિકે તેને પકડવાનું કામ અભયકુમારને સોંપ્યું. અભયકુમારે રાજગૃહીની આસપાસ સૈનિકો

ગોઠવી તેને પકડયો. પણ આ રૌહિણેય છે તેની ખાત્રી કર્યા સિવાય તેને શિક્ષા શી રીતે કરવી? અભયકુમારે યુક્તિ રચી. રૌહિણેયને સાતમાળ વાળા મહેલમાં મોકલ્યો. જ્યારે તે ઊંઘમાંથી જાગ્યો ત્યારે તેણે પોતાની આસપાસ દેવ દેવી દેખ્યાં તેઓ કહેવા લાગ્યાં તમે અમારા નાથ છો અને દેવલોકમાં જન્મ્યાં છો. અમારા દેવલોકની વિધિ એવી છે કે 'દેવલોકનાં સુખ ભોગવતાં પહેલાં તેણે પૂર્વ ભવના પુણ્ય પાપ કહેવાં પડે છે." રૌહિણેયને ભગવાનનું સાંભળેલું વચન યાદ આવ્યું. તેણે દેવો તરફ નજર કરી તો દેવો કૃત્રિમ જણાયા. તે તુર્ત અભયકુમારની માયા સમજી ગયો. તે બોલ્યો "દેવો! મેં મારો આખો જન્મારો સુકૃતથી જ પસાર કર્યો છે. પાપનું નામ પણ જાણ્યું નથી." અભયકુમાર વિલખો પડયો. શ્રેણિકે રૌહિણેયને છોડી મૂકયો. રૌહિણેય સીધો ભગવાન પાસે ગયો અને તેમના પગમાં પડી કહેવા લાગ્યો કે 'અરૂચીથી એક વખત સાંભળેલા આપના વચને મારી પ્રાણ રક્ષા કરી. તો આ જન્મ ભક્તિથી કરેલ પરિચર્યા શું શું ન કરે?" શ્રેણિકને લૂંટેલી બધી વસ્તુ આપી દઇ તેણે પ્રભુ પાસે દીક્ષા લીધી અને સંયમ રાજ્યનો ભોકતા બન્યો.

## ગૌતમ સ્વામી–પંદરસો તાપસોનો પ્રતિબોધ

ગૌતમસ્વામી એક વખત ખેદપૂર્વક વિચારવા લાગ્યા કે મારી પછી દીક્ષા લેનારા કેટલાએ કેવળજ્ઞાન પામ્યા અને હુ છદમસ્થ રહ્યો. એ વખતે પ્રભુની દેશનામાં તેમણે સાંભળ્યું કે 'જે અષ્ટાપદ પર્વત ઉપર લબ્ધિ વડે જઈ જીનેશ્વરને વંદન કરે તે તેજ ભવે મુકિત પામે" આથી ગૌતમસ્વામી ભગવાનની અનુમતિ મેળવી અષ્ટાપદ સમીપ આવ્યા. અહિં અષ્ટાપદની પહેલી મેખલામાં પાંચસો તાપસો ચતુર્થભકત તપ કરતા બીજી મેખલામાં પાંચસો તાપસો ઉગ્ર તપ કરતાં હતાં; ત્રીજી મેખલામાં પાંચસો તાપસો અઠમનો તપ કરતા હતાં. ગૌતમસ્વામી અષ્ટાપદ પર ચઢયા જીનેશ્વર ભગવંતને વંદયા અને વંદન

બાદ અશોકવૃક્ષ નીચે બેસી દેશનાના પ્રસંગમાં તેમણે પુંડરિકનો પ્રસંગ કહ્યો.

પાછા વળતાં તાપસોએ ગૌતમ સ્વામીને પ્રણામ કર્યા. ગૌતમ સ્વામીએ પંદરસોએ તાપસોને પ્રતિબોધ પમાડી દીક્ષા આપી અને લબ્ધિથી ક્ષીરાન્ન દ્વારા પારણું કરાવ્યું. દીક્ષા આપી ભગવાન પાસે લાવે છે એટલામાં પંદરસો તાપસોને કેવળજ્ઞાન થયું. ગૌતમ સ્વામીએ પ્રભુ પાસે આવી પ્રદક્ષિણા દઈ ભગવાનને વાંદ્યા. પંદરસો તાપસોને કેવળીપર્ષદામાં જતા દેખી તેમને કહ્યું, 'ભગવાનને વંદન કરો.' પ્રભુએ કહ્યું, ,'કેવળીની આશાતના ન કરો. તમારા બધા શિષ્યોને કેવળ જ્ઞાન થયું છે."

## વીર પ્રભુનો પરિવાર

શ્રમણ ભગવાન મહાવીરને કેવળ જ્ઞાનની ઉત્પત્તિથી માંડીને ચૌદ હજાર મુનિઓ, છત્રીસ હજાર સાધ્વીઓ, ત્રણસો ચૌદ પૂર્વધરો, તેરસો અવધિજ્ઞાનીઓ, સાતસો વૈક્રિય લબ્ધિવાળા, સાતસો કેવળીઓ, સાતસો અનુત્તર વિમાને જનારા મુનિઓ, પાંચસો મનઃપર્યવ જ્ઞાનીઓ, ચૌદસો વાદીઓ, એકલાખ ઓગણસાઠ હજાર શ્રાવકો અને ત્રણલાખ અઢાર હજાર શ્રાવિકાઓનો પરિવાર થયો.

## વીરપ્રભુનું નિર્વાણ

પ્રભુ પોતાનો નિર્વાણ કાળ નજીક જાણી અપાપા નગરીએ પધાર્યા, ત્યાં દેવતાઓએ સમવસરણ રચ્યું. પ્રભુએ સોળ પહોર અખંડધારાએ દેશના આપી. તે દેશના સઘળા શ્રાવક પોષધ કરીને સાંભળતા હતા. સંધ્યા સમય પહેલાં પ્રભુએ ગૌતમ સ્વામીને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા સારૂ પાર્શ્વવર્તી ગામે મોકલ્યા હતા. અહીં અમાવાસ્યાની પાછલી બે ઘડી રાત રહી ત્યારે વીર પ્રભુ એકાકી નિર્વાણ પામ્યા.

## ગૌતમસ્વામીને કેવળજ્ઞાન

પ્રભાત થતાં ગૌતમ સ્વામી દેવશર્માને પ્રતિબોધી પાછાવળ્યા

માર્ગમાં કેટલાક દેવોને શૂન્યચિત્ત દીઠા. ઉપયોગથી વીરનિર્વાણ જાણ્યું ત્યારે વજ્રહતની પેઠે મૂર્છા પામ્યા. પછી સાવધ થઈ વિલાપ કરવા લાગ્યા કે "હે પ્રભો ! તમે ત્રણલોકના સૂર્યઅસ્ત પામ્યા તેથી મિથ્યાત્વરૂપ અંધકાર પ્રસરવા માંડશે. હે પ્રભુ ! મારા મનના સંદેહ હું કોને પૂછીશ ? હે વીર ! તમે મને આ વખતે શા માટે દૂર મોકલ્યો ? શું હું તમારા કેવળજ્ઞાનમાં ભાગ પડાવત ?" પછી ગૌતમે વિચાર્યું, "શ્રી વીતરાગ તો નિઃસ્નેહી હોય, એ સત્ય મને કેમ ન સૂઝ્યું ? મારો જ અપરાધ થયો કે મેં તે વખતે શ્રુતનો ઉપયોગ ન દીધો. એ નિર્મોહીને તે વળી મારા પર શાનો મોહ હોય ? ખરેખર હું પોતે જ મોહમાં પડયો છું. મારા આ એક પક્ષી સ્નેહને ધિક્કાર છે. મારે એવા સ્નેહનો આ ક્ષણે જ ત્યાગ કરવો જોઈએ. વસ્તુતઃ મારૂં કોણ છે ? હું એકલો છું; મારે કોઈજ નથી તેમ હું પણ કોઈનો નથી." આવી રીતે સમભાવના વિષે આરૂઢ થતાં શ્રી ગૌતમ સ્વામીને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું.

મોક્ષ માર્ગમા પ્રવર્તેલા સાધકોને સ્નેહ એ વજ્રની સાંકળ સમાન છે. જ્યાં સુધી વીરપ્રભુ જીવતા રહ્યા ત્યાં સુધી તેમના પર સ્નેહ ધરાવનાર શ્રી ગૌતમસ્વામી કેવળી ન થઈ શકયા. પરંતુ એકંદરે ગૌતમસ્વામીને બધું સવળું પડી ગયું એ એક આશ્ચર્યની વાત છે. તેમનો પ્રચંડ ગર્વ–પાંડિત્યનું અભિમાન તેમને પ્રભુ પાસે ખેંચી ગયું. અને ત્યાં બોધ પામ્યા, એટલે એક રીતે અહંકારજ તેમને પ્રતિબોધમાં સહાયક નીવડયો. તેમનો રાગ પ્રભુભક્તિમાં પરિણમ્યો અને પ્રભુના વિરહમાંથી ઉદભવેલો ખેદ કેવળ જ્ઞાન પ્રાપ્ત કરાવવામાં સાધનભૂત થયો.

## દિવાળી–ભાઈબીજ

ભગવાનના મામા ચેડારાજા વગેરેએ ભગવાન નિર્વાણ પામ્યા તેથી ભાવ ઉદ્યોત ગયો જાણી, દીવા પ્રમુખ દ્રવ્ય ઉદ્યોત કર્યો, ત્યારથી દિવાળીનું પર્વ શરૂ થયું. કાર્તિક સુદ એકમને દિવસે

દેવોએ શ્રી ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો ત્યારથી તે દિવસ પણ લોકોમાં આનંદ ઉત્સવમય ગણાયો. પ્રભુના મોટાભાઈ નંદિવર્ધન રાજા પ્રભુનું નિર્વાણ થયેલું સાંભળી અતિ ખિન્ન થયા. એ ખિન્નતા ટાળવા તેમની બહેન સુદર્શનાએ તેમને સમજાવી કાર્તિક સુદ બીજનેદિવસે આદર સહિત પોતાને ઘેર બોલાવી ભોજન કરાવ્યું ત્યારથી ‘ ભાઈબીજ ’ નામનું પર્વ પ્રવર્ત્યું.

પ્રભુ ગૃહસ્થપણામાં ત્રીસવર્ષ અને વ્રતમાં બેંતાલીશવર્ષ–એમ બોંતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી અઢીસો વર્ષે મોક્ષે ગયા.

## વીર વાણી

જેમ મને દુઃખ પ્રિય નથી તેમ સર્વ જીવોને દુઃખ પ્રિય નથી એમ સમજીને જે પોતે હિંસા કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને હિંસા કરનારની અનુમોદના ન કરે તે સાચો શ્રમણ છે.

o o o

તપ જ્યોતિ (અગ્નિ) છે. જીવાત્મા અગ્નિ કુંડ છે, મન, વચન, કાયાની પ્રવૃત્તિ કડછી છે અને પોતાના કર્મો (પાપોને) બાળવાનાં છે. આજ યજ્ઞ છે, જે, પવિત્ર સંયમરૂપ હોઈ શાન્તિ દાયક તથા સુખકારક છે.

o o o

જેમ પાણીમાં પેદા થયેલ કમળ પાણીથી લેપાતું નથી, તેમ જે કામવૃત્તિથી (વૈષયિક વાસનાથી) લેપાતા નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

o o o

જે રાગ-દ્વેષ-ભય આદિથી મુક્ત હોઈ સુશોધિત-તપ્ત સુવર્ણની જેમ નિર્મલ ઉજ્વલ છે. તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

o o o

ધર્મ જલાશય છે અને બ્રહ્મચર્ય શાન્તિતીર્થ છે, જે નિર્મળ અને પ્રસન્ન છે. ત્યાં સ્નાન કરવાથી આત્મા શાન્ત, નિર્મળ તથા શુદ્ધ થાય છે.

o o o

જે માણસ દર મહિને લાખો ગાયોનું દાન આપે છે તેના કરતાં કાંઈ ન આપવાવાળો પણ સંયમનું આચરણ કરે તે શ્રેષ્ઠ છે. સંયમ : ખલુ જીવનમ્

હે પુરૂષ, તુંજ તારો મિત્ર છે. બહારના મિત્રની શોધ છોડી તું તારાજ આત્માને નિગ્રહમાં રાખ. તે રીતે તું દુઃખથી મુક્ત થઈ શકીશ.

o ૮ o

આત્મા પોતે પોતાના સુખ દુઃખનો કર્તા અને વિકર્તા (નાશ કરવાવાળો) છે. સન્માર્ગગામી આત્મા પોતાનો મિત્ર છે. દુર્માગ-ગામી આત્મા પોતાનો શત્રુ છે.

o o o

હજારો દુર્જય સંગ્રામોમાં લાખો યોદ્ધાઓને જીતનાર કરતાં એક માત્ર પોતાના આત્માને જીતનાર ચડી જાય છે. બહારના બધા વિજયો કરતાં આત્મવિજય શ્રેષ્ઠ છે.

o o o

પોતાના આત્મા સાથે યુદ્ધ કર. બાહ્ય યુદ્ધ કરવાથી શું, પોતાને–આત્માને જીતવાથી પરમ સુખ પ્રાપ્ત થાય છે.

o o o

કર્મથી બ્રાહ્મણ છે, કર્મથી ક્ષત્રિય છે, કર્મથી વૈશ્ય છે અને કર્મથી શૂદ્ર છે,' જે ગુણકર્મમાં ઉચ્ચ છે તે ઉચ્ચ છે, અને જે, ગુણ–કર્મમાં નીચ છે તે નીચ છે. કહેવાતો શૂદ્ર પણ સચ્ચરિત હોય તો ઉચ્ચ છે અને કહેવાતો બ્રાહ્મણ પણ દુશ્ચરિત હોય તો નીચ છે

o o o

વાસનાઓ, તૃષ્ણાઓ ભારે શલ્યરૂપ છે, ઝેર જેવી છે. ભયંકર સર્પ જેવી છે. કામભોગોને ઝંખ્યા કરતો છતાં તેને પામી ન શકતો મનુષ્ય દુર્ગતિને પામે છે.

o o o

કામભોગો ક્ષણવાર સુખ આપનારા છે અને લાંબા સમય સુધી દુઃખ આપનારા છે. કામભોગોને મેળવતાં અને ભોગવતાં ય દુઃખ વધારેમાં વધારે છે, સુખ નજીવું છે. કામભોગો આત્માની પૂર્ણ સ્વતંત્રતાના ભારે શત્રુઓ છે અને અનર્થની ખાણ છે.

o o o

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. ધર્મ એટલે અહિંસા, સંયમ અને તપ. આવો ધર્મ જેના મનમાં વસ્યો છે તે વંદનીય છે.

o o o

અહિંસાનો અર્થ ન મારવું એટલો જ મર્યાદિત નથી, કિંતુ બધાય જીવો પ્રત્યે સહાનુભૂતિ, પ્રેમ, કરૂણા અને મન-વચન-કાયાથી બધાનું ભલું કરવાની ભાવનાનો અહિંસા શબ્દમાં સમાવેશ થાય છે.

o o o

સદા અપ્રમત્ત અને સાવધાન રહીને અસત્યને ત્યાગી, હિતકારી સત્ય વચન જ બોલવું. સત્યમાં દઢ રહો સત્યરત મેધાવી વ્યક્તિ બધા પાપોનો નાશ કરે છે. સત્ય એટલે અનેકાન્ત. એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન દષ્ટિબિન્દુઓથી સંગત થઈ શકતા જુદા જુદા-વિરૂદ્ધ દેખાતા-ધર્મોનો પ્રામાણિક સ્વીકાર એ સ્યાદ્વાદ અથવા અનેકાન્તવાદ છે.

# મહાવીર સ્વામીના સત્તાવીશ ભવો.

## દોહા

શ્રી શુભવિજય સુગુરૂ નમી, નમી પદ્માવતી માય, ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧. સમકિત પામે જીવ તે, ભવ ગણતીએ ગણાય, જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨. વીર જિનેશ્વર સાહિબો, ભમિયો કાળ અનંત; પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩.

---

પહેલે ભવે એક ગામનો રે, રાય, નામે નયસાર
કાષ્ઠ લેવા અટવી ગયો રે, ભોજનવેળા થાય રે,
પ્રાણી ! ધરિયે સમકિત રંગ,
જિમ પામિયે સુખ અભંગ રે પ્રાણી ! ધરીએ રે આંકણી ૧

મન ચિંતે મહિમાંનીલો રે, આવે તપસી કોય,
દાન દઈ ભોજન કરૂં રે, તો વંછિત ફળ હોય રે ! –પ્રા. ૨

મારગ દેખી મુનિવરા રે, વંદે દોઈ ઉપયોગ
પૂછે કેમ ભટકો ઇહાં રે, મુનિ કહે સાથ વિજોગ રે –પ્રા. ૩

હરખભેર તેડી ગયો રે પડિલાભ્યા મુનિરાજ,
ભોજન કરી કહે ચાલીએ રે, સાથ ભેળા કરું આજ રે–પ્રા ૪

પત્રવટીએ ભેળા કર્યા રે, કહે મુનિકલ્પ એ માર્ગ
સંસાર ભૂલા તમો રે, ભાવ મારગ આપવર્ગ રે–પ્રા ૫

દેવગુરુ ઓળખાવિયા રે, દીધો વિધિ નવકાર
પશ્ચિમ મહાવિદેહમાં રે પામ્યો સમકિત સાર રે–પ્રા ૬

શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મઝાર
પલ્યોપમ આયુ ચ્યવી રે, ભરત ધરે અવતાર રે–પ્રા ૭

નામે મરીચી યૌવને રે, સંયમ લીધો પ્રભુ પાસ
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડી શુભ વાસરે–પ્રા ૮

## ઢાળ બીજી

નવો વેષ રચી તણી વેળા, વિચરે આદીશ્વર ભેળા
જળ થોડે સ્તાન વિશેષે, પગ પાવડી ભગવે વેષે ૧

ધરે ત્રિદંડી લાકડી સહોટી, શીર મુંડણને ધરે ચોટી
વળી છત્ર વિલેપન અંગે, ધૂલથી વ્રત ધરતો રંગે ૨

સોનાની જનોઈ રાખે. સૌને મુનિ મારગ ભાખે.
સમોસરણે પૂછે નરેશ, કોઇ આગે હોશે જિનેશ ૩

જિન ભાખે ભરતને આમ, તુજ પુત્ર મરીચી નામ
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા ૪

ચક્રવતીં વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે
મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા ૫

તમે પુન્યાઈવંત ગણાશો, હરિ, ચક્રી, ચરમ જિન થાશો
નાવિ વંદુ ત્રિદંડિક વેશ, નમું ભક્તિએ વીર જિનેશ ૬

એમ સ્તવના કરી ઘર જાયે, મરિચી મન હર્ષ ન માએ,
મારે ત્રણ પદવીની છાપ, દાદા જિન, ચક્રી બાપ. ૭

અમે વાસુદેવ પ્રથમ થઇશું. કુલ ઉત્તમ મ્હારું કહીશું
નાચે કુલમદશું ભરાણો, નીચ ગોત્ર નિહાં બંધાણો ૮

એક દિન તનુ રોગે વ્યાપે કોઈ આજી પાણી ન આપે
ત્યારે વંછે ચેલા એક, તવ મળીયો કપિલ અવિવેક ૯

દેશના સુણી દીક્ષા માગે, કહે મરીચી લીયો પ્રભુ પાસે
રાજ પુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે ૧૦

તુમ દરશને ધર્મનો વ્હેમ, ચિંતે મરીચી એમ
મુજ યોગ્ય મલ્યો એ ચેલો, મૂળ કડથે કડવો વેલો ૧૧

મરિચી કહે ધર્મ ઉભયમાં, દીયે દીક્ષા જોબન વયમાં
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર ૧૨

લાખચોરાશી પૂરવ આય, પાળી પંચમ સર્ગ અધાપ
દશ સાગર જીવિત ત્યાંહી, શુંભવીર અત્ર સુખમાંહી ૧૩

## ઢાળ ત્રીજી

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ કૌશિક નામે બ્રાહ્મણ વેશ
એંસી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી ૧

કાળ બહુ ભમિયો સંસાર, જુણાવુરી છઠ્ઠો અવતાર
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય ૨

સૌધર્મે મધ્ય સ્થિતિએ, આઠમ ચૈત્ય સન્નિવેશે થયો.
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લખ સાઠે મૂઓ ૩

મધ્યસ્થિતિએ સુર સર્ગ ઈશાન, દશમે મંદિર પુર દ્વિજ ઠાણ
લાખ છપ્પન પૂર્વાયુ પૂરી. અગ્નિભૂતિ ત્રિદંડિક મરી ૪

ત્રીજે સર્ગે મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપુરી
પૂરવલાખ ચુમ્માળીસ આય, ભારકાજ ત્રિદંડિક થાય ૫

તેરમે ચોથે સર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી.
ચૌદમે ભવ રાજગૃહી થાય, ચોત્રીસ લાખ પૂરવને આય ૬

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો.
સોળમે ભવ ક્રોડ વરસ સમાય, રાજકુમાર વિભૂતિ થાય ૭

સંભૂતિ મુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર
માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮

ગાયે હણ્યા મુનિ પડયા વસ્યા, વિશાખાનંદિ પિતરીયા હસ્યા
ગૌશૃંગે મુનિ ગર્વે કરી ત્રયણુ ઉછારી ધરતી ધરી ૯

તપ બળથી હોજો કે બળધણી, કરી નિયાણું મુનિ અણસણી
સત્તરમ મહા શુક્ર સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા ૧૦

## ઢાળ ચોથી

અઢારમે ભવે સાત સુપન સૂચિત સતી,
પોતનપુરીએ પ્રજાપતિ રાણી મૃગાવતી,
તસ સુત નામે ત્રિપૃષ્ઠ વાસુદેવ નિપજ્યા
પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા —૧

વીશમે ભવ થઈ સિંહ ચોથી નરકે ગયા.
તીહાંથી ચ્યવી સંસારે ભવ બહુલા થયા.
બાવીશમે નરભવ લહી પુણ્ય દશા વર્યા
ત્રેવીશમે રાજ્યધાની મૂકાએ સંચર્યા. ૨

રાય ધનંજય ધારણી રાણીયે જનમિયા
લાખ ચોરાશી પૂરવ આયુ જીવીયા.
પ્રિય મિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી.
કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી. ૩

મહાશુક્રે થઈ દેવ ઇણે ભરતે ચવી
છત્રિકા નગરીયે જિત શત્રુ રાજવી
ભદ્રા માય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી
નંદન નામે પુત્રે દીક્ષા આચરી
અગિયાર લાખ ને એંશી હજાર છસ્સેવળી
ઉપર પીસ્તાળીશ અધિક પણ દિન રૂપી
વીસ સ્થાનક માંસખમણે જાવજીવ સાધના
તીર્થંકરનામ કર્મ તિહાં નિકાચતા
લાખ વરસ દીક્ષા પર્યાય ને પાળતા
છવ્વીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા
સાગર વીશનું જીવિત સુખભર ભોગવે
શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે

### ઢાળ પાંચમી

નયર માહણકુંડમાં વસે રે, મહ પ્રણય ઋષભદત્ત નામ
દેવાનંદ તસ શ્રાવિકારે, પેટ લીધો પ્રભુ વિસરામ રે
બ્યાશી દિવસને અંતરે રે સુર હરિણગમેષી આય.
સિદ્ધરાજ રાજા ઘરે રે, ત્રિશલા કૂખે મૂકાય રે
નવ માસાંતરે જનમીયાં રે, દેવદેવીઓ ઓછવ કીધ.

પરણી યશોદા જોવને રે, નામે મહાવીર પ્રસિધ્ધ રે. ના૦ ૩. સંસાર લીલા ભોગવી રે. ત્રીશ વર્ષે દીક્ષા લીધ; બાર વરસે હુઆ કેવળી રે શિવ વહુનું તિલક શિર દીધ રે. શિ૦ ૪. સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા રૂષભદત્ત પ્યાર; સંયમ દેઇ શિવ મોકલ્યાં રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ભ૦ ૫. ચોત્રીશ અતિશય શોભતા રે. સાથે ચઉદ સહસ અણગાર; છત્રીશ સહસ તે સાધવી રે બીજો દેવ દેવી પરિવાર રે. બીજો૦ ૬. ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ, બ્હોંતર વરસનું આવખું રે, દીવાળીયે શિવપદ લીધ રે. દીવા૦ ૭. અગુરૂ લઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ, મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખ નો હોય નાશ રે. તન૦ ૮ તુમસુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ, તો અમને સુખીયા કરો રે, અમે ધરીયે તમારી આશ રે. અમે૦ ૯. અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ, લાલચ લાગી સાહેબા રે, નવિ. ભજીયે કુમતિનો લેશ રે. નવિ૦ ૧૦. મ્હોટાનો જે આશરો રે તેથી પામીયે લીલ વિલાસ, દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભ વીર સદા સુખવાસ રે. શુભ૦ ૧૧.

## કળશ

ઓગણીશ એકે (૧૯૦૧) વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો, મેં શુણ્યો લાયક વિશ્વનાયક, વર્દ્ધમાન જિનેશ્વરો, સંવેગ રંગ તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો, શુભ વિજય પંડિત ચરણસેવક વીરવિજય જય જય કરો. ૧.

---

papu PRINTERS